સ્વ. ત્ર્યંબક સ્મારક ગ્રંથમાળા

પૂજ્ય રામકૃષ્ણ

ॐ

स्व० त्र्यंबक- वर्ष १ लुं.

स्मारक ग्रंथमाला. पुस्तक १ लुं.

રાજા રામકૃષ્ણ

અથવા

રમાણીની રણભૂમિ.

(સચિત્ર-ધાર્મિક-ઐતિહાસિક નવલકથા)

પ્રયોજક,

(સ્વ૦) ત્ર્યંબકલાલ જીવરાજ જોશી

પ્રકાશક,

લાભશંકર જીવરાજ જોશી

વ્યવસ્થાપક:–સ્વ૦ ત્ર્યંબક સ્મારક ગ્રંથમાળા.
ખાડીઆ, દેસાઇની પોળ,–અમદાવાદ.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૧૦૦.

ટંકશાળમાં ધી અમદાવાદ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ
કંપની લિમીટેડમાં શાહ મોહનલાલ ચીમનલાલે
છાપ્યું. અમદાવાદ.

સંવત ૧૯૭૮. ઈ. સ. ૧૯૨૨.

કિંમત છૂટક રૂ. ૩-૪-૦.

ગુજરાતીઓ [illegible]

(પદ—"ભારતી ભૈયારે શંખ સુણ્યો ન હજી શું ?"—એ ચાલ.)

દુઃખમાં શૂરા રે, ઓ ગુજરાતી વીરા !
આવો, પૂરા રે, ખમવા દુઃખના ચીરા !—(ધ્રુવ)
કડકડ ફૂટે ક્રોડ કડાકા, પર્વત ફૂંકે ફાટે
ઝગઝગ જ્વાળા વ્યોમ જળાવે. ઊભા રહો દૃઢ વાટે ! દુઃખમાં.

નથી પડવું યાહોમ કરીને આજે અંધ શૂરાનું;
નથી અબળને દમવું; આ છે જડચેતનનું લ્હાણું ! દુઃખમાં.

સત્યજ પ્રભુના પ્રાણ અમારા, સત્યજ અંગ અમારાં;
સત્યજ રક્ત વહો અમ નસમાં, સત્યજ વ્રત અમ ન્યારાં ! દુઃખમાં.

માયા સૌ ઘર બાર તજીને સુખની ડોળી દફની;
આદમ શૌર્યનો શ્વેત સજ્યાં પટ, ના કાયરની કફની: દુઃખમાં
પાય પડયા, વિનવ્યા કંઇ કંઇ, શું હૃદયહીણને રટવું ?
હવે પડયા, રગડાયા રણ ત્યાં ના હઠવું ના હઠવું ! દુઃખમાં.

ભારત દુઃખ શિરે અમ લેતાં, હૈયાં કેમ ન ફુલે ?
ઓ ભારત ! નિધિ પાર ઉતરજે અમ શબડગને પૂલે ! દુઃખમાં.


વાટે ઘાટે છાતી ફાટે, થાય સ્મશાની દુનિયા;
નવલખ આંખે વ્યોમ રૂવે પણ પાછું જૂએ ન મરણીઆ દુઃખમાં.
એજ અલખની ધૂન અમારી, મૂગે મુખે દુઃખ સ્હેવું.
બેડીની જડ જડતાં આર પણ આખર તોરી એવું: દુઃખમાં.

કીર્તિ અમોલી ભારત કેરી આજ અમારે હાથે.
ઓ વીરા ! જગને ભુલવવી આ ગરવી ગુજરાતે ! દુઃખમાં.

ધર્મ ક્ષેત્ર એ, કર્મ ક્ષેત્ર ઓ, રણક્ષેત્ર અનેરૂં !
જયજય કોને ભાગ્ય અદલ એ પુણ્યજ ભારત કેરૂં ? દુઃખમાં.

દુઃખમાં ગાજો પૂરા રે, સત્ય પ્રેમ રસ પીરા દુઃખમાં.

ખબરદાર.



સ્વર્ગસ્થ-લેખક

ત્ર્યંબકલાલ જીવરાજ જોશી

(રે. માળીલા, તાબે અમરેલી.)

જન્મ સંવત ૧૯૫૪.   મૃત્યુ સંવત ૧૯૭૬.

A 2638–Lakshmi Art, Bombay, 8.



વિશ્વવંદ્ય મહાત્મા ગાંધીજી.

M. Vadilal & Co., Ahmedabad

અર્પણ-પત્રિકા.

વિશ્વવંદ્ય—

મહાત્મા ગાંધીજી,

આપનામાં સત્ય ટેક અને સ્વદેશ ભક્તિ જે આખા વિશ્વને વિદિત છે, તેથી મુગ્ધ થઈ મારા અનુભવનો આ-અંતિમ ગ્રંથ આપના ચરણકમળમાં રજૂ કરૂં છું.

દાસાનુદાસ

લાભશંકરના વંદન.

જલદી નામ નોંધાવો. જલદી નામ નોંધાવો.

સ્વ૦ ત્ર્યંબક સ્મારક ગ્રંથમાળા.

(આ ગ્રંથમાળા ઇ૦ સ૦ ૧૯૨૨ ની શરૂઆતથી ચાલુ થઈ છે.)

૧. આ ગ્રંથમાળાના ગ્રાહક થનારને પ્રથમ એકજવાર દાખલ ફીનો રૂ૦ ૧) આપવો પડશે.

૨. આ ગ્રંથમાળાના ગ્રાહકોને એક વર્ષમાં રૉયલ ૧૬ પેજી આશરે એક હજાર સુધી પાનાંનાં પુસ્તકો આપવામાં આવશે; જે એક કાગળપર અને સુંદર છપાઇવાળાં રહેશે.

૩. આ ગ્રંથમાળાનું વાર્ષિક લવાજમ પોષ્ટેજ સાથે કાચા પુંઠાનું રૂ૦ ૪ ચાર અને પાકાં પૂઠાંનું રૂ૦ ૫) રાખ્યું છે. વી. પી. રજીષ્ટર ખર્ચના ચાર આના જૂદા૦ પાકાં પૂંઠાંના પુસ્તકો લાયબ્રેરીમાં કાયમ રાખી શકાય તેવાં સળંગ છીંટની બાંધણીનાં રહેશે. અને કાચી બાંધણી સારી મજબુત કાગળનાં પુંઠાની રહેશે.

૪. આ ગ્રંથમાળાનું વર્ષની શરૂઆતનું પહેલું પુસ્તક એક વર્ષના લવાજમ માટે વી પી. થી દર વર્ષે મોકલવામાં આવશે. અને બીજાં પુસ્તકે બહાર પડેથી બુક પોષ્ટથી પોષ્ટ કર્યાના દાખલાની પોષ્ટની છાપ લઇને મોકલવામાં આવશે. પોષ્ટમાં ગેરવલ્લે ગયેલા પુસ્તક માટે જવાબદારી અમારી ગણાશે નહીં.

૫. આ ગ્રંથમાળાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે, ઐતિહાસિક તથા સામાજિક ઉંચા વિચારવાળી નવલકથાઓ, પૃથ્વીપરના શ્રેષ્ઠ મનુષ્યોનાં જીવનચરિત્રો અને ઉપયોગી નૈતિક તથા ધાર્મિક અને વૈદકીય વગેરેના ગ્રંથો બહાર પાડી ગ્રાહકોને તેનો લાભ બને તેટલો ઓછી કીમતમાં આપવો.

૬. આ ગ્રંથમાળાનું પહેલું પુસ્તક ' રાજા રામકૃષ્ણ ' નામે ૪૦૦ પૃષ્ઠની બંગાળાના ઇતિહાસની સુંદર નવલકથા અપાય છે. હવે પછી " સિરાજદ્દૌલા " નામનો ઇતિહાસ અપાશે–જે હાલ છપાયછે.

ॐ तत्सत् परमात्मने नमः

પ્રસ્તાવના.

—(*)—

मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वंदे परमानंद माधवम् ॥

ઉલ્લંઘે ગિરિ પાંગળો, મુંગો ગાયે છંદ;
જે કરૂણાથી તે નમું, માધવ પરમાનંદ.

આ પુસ્તકના મુખ્ય નાયક રાજા રામકૃષ્ણ છે, તેને અર્ધ બંગાળાના બંગેશ્વરી મહારાણી ભવાનીએ દત્તકપુત્ર તરીકે ગ્રહણ કરી, પોતાનું નાટોરનું રાજ્ય સુપ્રત કર્યું હતું. રામકૃષ્ણનું ધાર્મિક જીવન, યોગમાં પૂર્ણ પ્રીતિ અને પરમાત્મામાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. તે વખતે કેટલાક 'ઇસ્ટ–ઇન્ડિયા–કંપની'ના અમલદારોનાં અસહ્ય અત્યાચારોથી કંટાળી, પોતે પોતાનું સર્વસ્વ ત્યાગી યોગમાં લક્ષ્ય ખેંચ્યું હતું.

તે ઉપરાંત મહારાજા નંદકુમાર અને નવાબ મીરજાફરનું એક સત્ય ચિત્ર આપણને મળી આવે છે. જે પરથી આપણને ભાન થાય છે કે, 'કરણી તેવી પાર ઉતરણી' જેઓ દેશદ્રોહી બની પોતાના દેશનું અનિષ્ટ ઇચ્છી, કેવી કેવી વિપત્તીઓ સહન કરી, સ્વમાન ગુમાવી, અંતે દુઃખોને યંત્રણા સહન કરી સદાને માટે પોતાનાં કરેલાં કૃત્યો મૂકી, ભારતના ઇતિહાસમાં પોતાનું નામ વગોવી ગયાં.

તેમજ ત્યાં તેમના વખતમાં હમેશાં સાધુ સંન્યાસીઓ એકઠાં થતાં, ત્યાં હંમેશાં હોમકુંડો સળગ્યા કરતાં ત્યાં હમેશાં મહાત્માઓ તત્ત્વકથાનાં વિવેચનો કરતાં અને કોઈ કોઈ ચક્ષુ મીંચી પરમાત્માના ધ્યાનમાં મશગુલ રહેતાં. ટુંક મુદતમાં કેવું પરિવર્ત્તન ! કેટલો ફેરફાર ! !

હિન્દમાતાના જે સંતાનોને પ્રથમ અન્નપૂર્ણાદેવી પ્રસન્ન હતી, તેજ માતાના સંતાનોને આજે હાય અન્ન! હાય નોકરી!! હાય ગુલામી. એવી એવી અનેક ચિંતાઓ રાખી ઉમેદવારીની આશાઓમાં કાંતો પારકાપર આધાર રાખી દેશ દેશાંતરમાં ભટકતાં ફરવું પડે છે. હાય ભારત! આજ ત્હારી આ દશા! એક દિવસ ત્હારો એવો પણ હતો કે, ભારતવર્ષ આખી દુનિયામાં શ્રેષ્ટ ગણાતું ત્હેનીજ આવી દુર્દશા!!

મારા અલ્પ પ્રાણીની પરમાત્મા પ્રત્યે નમ્ર પ્રાર્થના છે કે, 'આજ સુધીમાં ત્હેં ભારતભૂમિમાં અનેક મહાન નર અને નારી રત્નો ઉત્પન્ન કર્યાં છે. એવાં એવાં અનેક રત્નો ફરી ફરી ઉત્પન્ન કરી ભારત દેશનું ગોરવ વધાર!'

આ પુસ્તક મૂળ બંગાળી ભાષાના વિદ્વાન લેખક 'દુર્ગાદાસ લાહિડી'નું 'રાજા રામકૃષ્ણ' એ નામે પુસ્તકનો અનુવાદ છે. મારા સ્વ૦ બન્ધુએ આ પુસ્તકનું નામ 'રમણીની રણભૂમિ' એ રાખ્યું હતું પરંતુ સમયાનુસાર મારે આ નામ કાયમ રાખવું પડ્યું છે. આ સ્થળે મૂળ લેખક મહાશયનો મારા સ્વ૦ બન્ધુનાવતી આભાર માનું છું.

વાચકબન્ધુ! આપની પ્રત્યે મારી નમ્ર વિનંતી છે કે, આપે મારા બન્ધુના અવસાન પછી દરેક પુસ્તકમાં જેવી રીતે પ્રોત્સાહન આપ્યું છે, તેવીજ અમારી ગ્રંથમાળામાં આપનું નામ નોંધાવવા કૃપા કરશો. હવેનાં મારા પ્રથમના કાર્યમાં વિશેષ પ્રોત્સાહન મળશે તો તે સાથે આપને ખાત્રી આપુંછું કે, મારાથી બને તેમ સારાં અને જીવનમાં વિશેષ ઉપયોગી થઇ શકે તેવાં પુસ્તકો તૈયાર કરી-કરાવી આપને બને તેટલી ઓછી કિંમતે લાભ આપવા મહેનત ક-

રીશ. આ પછી હું અને મારા મિત્ર મહાશંકરભાઈ મળી, ગ્રંથમાળાનું બીજું પુસ્તક 'સિરાજુદ્દૌલા' તૈયાર કરી ગ્રાહકોને આપીશું.

પ્રુફોમાં કોઇ કોઇ સ્થળે ભૂલો રહી ગઇ હોય તો તે દરગુજર કરવા કૃપા કરશો. કારણ કે તે અહીંથી સુધારી મોકલાતાં હતાં.

અંતે તે મારા બન્ધુના અપૂર્ણ પુસ્તકો જેટલાં જલ્દી બની શકે તેટલાં તૈયાર કરાવી વાચકવર્ગમાં લાભ લેતાં કરી શકો, તે માટે અનંતનામી પરમ કૃપાળુ પરમાત્માને વંદન કરી અહીંજ વિરમું છું. અસ્તુ !

રામનવમી
કાલબાદેવી.
મુંબાઇ.

વિનીત.
લાભશંકર જીવરાજ જોશી.

(૧) ગ્રંથમાળાનાં પુસ્તકો નીચેને શીરનામે મળશે.

કે. માણીલાલની કું૦

C/o ઝવેર બાગ, કાલબાદેવી મુંબાઇ

(૨) પેઇન્ટર નવરોજી,

C/o તાર ઑફિસ પાસે

કાલબાદેવી મુંબાઇ.

છપાય છે! (ગ્રંથમાળાનું બીજું પુસ્તક) છપાય છે!!

સિરાજદ્દૌલા.

આ પુસ્તકમાં બંગાળાના છેલ્લા સ્વાધીન નવાબ 'સિરાજદ્દૌલા' નાં અધઃપતનનો સંપૂર્ણ ઇતિહાસ આવેલો છે. કાળી કોટડીના બનાવને અંગ્રેજ ગ્રંથકારોએ કેવો કાળો ચિતર્યો છે, જે બનાવ કદી બન્યો નહોતો તે બનાવ હોલ્વેલ સાહેબની કલ્પનાશક્તિએ કેવો મર્મભેદક બનાવી ચિતર્યો છે, સિરાજ જંગલી, ઉતાવળીઓ, બુદ્ધિ વગરનો નહોતો. પણ તે વખતમાં કોઇ પણ સારા રાજા કરતાં ઉતરે તેવો નહોતો એ વાત ઐતિહાસિક પુરાવાથી સાબીત કરવામાં આવી છે.

હાલના હિંદના સંક્રાન્તિ સમયમાં આ પુસ્તક ટેકસ્ટ બુક તરીકે વપરાવું જોઇએ. રૉયલ સોળપેજી, પૃષ્ઠ આશરે ૫૦૦, ગ્લેઝ કાગળ પાકું પૂઠું. છૂટક કિંમત રૂ. ૪—૦—૦

વ્યવસ્થાપક, સ્વ૦ ત્ર્યબક સ્મારક ગ્રંથમાળા, ખાડિયા દેસાઇની પોળ. ઘર નં. ૩૩૮૪ અમદાવાદ.	લખો. લાભશંકર જીવરાજ જોશી.

અનુક્રમણિકા.

પ્રથમ ખણ્ડ.

દ્વિતીય ખણ્ડ.

તૃતીય ખણ્ડ.

ચતુર્થ ખણ્ડ.

પંચમ ખણ્ડ.

ષષ્ટ ખણ્ડ.

ઘરનો શણગાર ? જીવનના સાચા મિત્રો !

ઉમદા જ્ઞાન આપનારાં નવાં નવાં પુસ્તકો.

ગાજા રામકૃષ્ણ... ...	૩ા	ભારત લોકકથા ભા. ૧ થી ૯	૧૮
કરૂણા કુમારી	૩ા	એમ. એ. બનાકે... ...	૨ા
ગોહીલ વીર હમીરજી ...	૨ા	ત્રિલાયતિ વિલાસમાં ફેશ-	
દક્ષિણનો વાઘ	૩	નબાબ ખલાસ... ...	૨ા
વીર અને વીરપૂજા ...	૨ા	સાધુ કે શયતાન... ...	૨ા
સોનેરીશીર	૨	ચુડેલનો વાંસો	૪
રસમંદીર	૩ા	નવો જમાનો અમૃત કે ઝેર	૪
રીચમંડવિલાનોવારસ...	૨ા	વેરની વસુલાત	૩ા
બુલબુલ...	૩ા	જુનું નર્મગદ્ય	૪
પ્રેમ પીંજર કે ખૂનીખંજર	૨ા	કમલાના પત્રો	૨
કલંદરની કટાર ભા.૧-૨-૩	૯	જુલ્મી જાલીમ	૩
ઝેરીઝમાનો ભા. ૧-૨-૩-૪	૧૧	શ્રીમતિ વિજયા	૩
પ્રેમની ખુમારી ભા. ૧–૨	૬	શ્રીધરીગીતા	૧ા
બંસરી બાલા	૩	પંચરત્નગીતા	૧ા
કુસુમકુમારી	૧ા	ગટુલાલજીની ગીતા ..	૧ા
મડમ કે મધુરી ...	૨	કાવ્યમાધુર્ય	૨ા
કબીર કાવ્ય	૩ા	મુંબઇના તોલમાપ ...	૪
નારાયણ ગદ્યગંગા ...	૩ા	ડીટેકટીવ હારમાળા	૩
ઝાંશીની રાણી	૩	ભાગવત મોટું	૧૦
રતિસુંદરી	૨ા	સ્વરાજ્યને પંથે	૨ા

ગોરા ભા. ૧–૨ ...	૬।।	મધુરાણી	૩।।
પૃથુરાજ ચહુઆણ ...	૩	ભજનસાગર	૩
પતિવ્રતા સતિઓ ...	૩	ગોરૂં વિલાયત	૫
કુમુદ કુમારી	૩	નખરાબાજ નશીબ	૪
ગુજરાતની જુની વાર્તાઓ	૩	માઠી ચત્રીત્રી	૪
ગુલઝાર	૩	બેસ્તાનનું બુલ બુલ	૫
વેલી કુસુમ	૨।।	ગુલવાડીનુ ગુલાબ	૪
મુરાદેવી ભા. ૧–૨–૩	૬	સરસ્વતી	।।
દગાબાજ દુનીઆ ...	૨।	સુશિક્ષિત સ્ત્રી	૧
ભયંકર ભદ્ર ભા. ૧–૨	૬।।	કર્મબંધન	૧।।
સયતાનસદનડીટેકટીવવાર્તા	૨	નોકરીનો ઉમેદવાર	૧।।
રાજા દેવીદાસ	૩	મંદરીકા	૩
નાદીરનો દોરદમામ ...	૨।।	પૃથુકુમાર	૨।।
રતિશાસ્ત્ર કીંવા કોકશાસ્ત્ર	૩।।	સંસારી કે સંન્યાસી	૧।।
મહાકાળીનું ખડ્ગ ...	૭।।	આજકાલનું હિંદુસ્તાન	
કલ્યાણી	૨।।	ભાગ ૧ થી ૩	૯
રજપુતોની રંગભૂમી ...	૭।।	લતા લલીતા ભાગ ૧ થી ૫	૮।।
કંલકીત કુમારીકા ...	૨।।	કુંજકીશોરી	૨।
મિરાતે આલમગીરી	૩	તરૂણ તપસ્વીની ભાગ ૧–૨	૬।।
સત્ય ધર્મજ્ઞાન શિક્ષા	૨	અબલાની આત્મકથાઓ ...	૨।।
કુમુદચંદ્ર ભાગ ૧...	૧।।	રાક્ષસોની રતીક્રીડા	૨।।
દશ લાખનો દસ્તો ...	૨।।	કાશ્મીરનો કેસરી	૧।।।
કમનશીબ લીલાભાગ૧-૨	૫।।	ન્યાયના ખુનમાં નીતિ ...	૨।।

અમૃતમાં ઝેર	૧॥	સંસાર કે નરકાગાર	૧॥
સ્ત્રીમય સંસાર... ...	૧॥	મધુમાલતી ભાગ ૧–૨ ...	૪
કલંકીત કાઉન્ટેસ ...	૩	ગેબી ખૂન	૨॥
વિશ્વ લીલા	૨	વસંત વીજય ભાગ ૧ થી ૪	૧૨
બે ભેદી ઉર્ફે મરમભર્યો	૨	કામરૂદેશની કુટીલ કામની. ...	૨.
ડીટેકટીવ.	૪	પીશાચીની કે પ્રેમદા	૧॥
પ્રેમદાદેવી	૨	ભેદક ખૂન	૧
રાજયોગી ભા. ૧–૨	૮	પદ્મલતા	૨॥
પીશાચમંદીરભા.૧–૨	૨॥	ભયંકર પ્રાયશ્ચિત...	૨
કરન ઘેલો	૨	કુતરો કે કાળ	૨
દીવાને સાગર ...	૩॥	અંગના કે દેવાંગના	૧॥
સૌંદર્યવિજયભા.૧થી૫	૧૨॥	જવાનીનો ભોગ ભાગ ૧–૨ ...	૩॥
કલાપીનો કેકારવ ...	૫	મહારાજા પ્રતાપાદીત્ય	૨
કલાપીનો વિરહ ...	૨॥	મૃગલોચની ભાગ ૧ થી ૧૦ ...	૨૨॥
પંચામૃત	૧॥	કુંદન કુસુમ ભાગ ૧ થી ૮	૧૦
સ્ત્રીધર્મ ગીતા ...	૨॥	કબીર કાવ્ય	૩॥
અનંત જીવ... ...	૩	ભેદી ખજાનો	૨॥
અઠંગઠગઠાકુગીર ભા. ૧-૨	૫	ચુડેલનો ચમત્કાર	૩
મહારાજ લઇંમલકેશ	૨॥	બહાદુર બાળા	૩
બેંગીકેસઅનેવારંટલીલા	૨	ભાગ્યચક્રનો મહામંત્ર	૨॥
વિવિધ સુખાભાસ...	૪	કાળ રાત્રીનું ખુનીખંજર	
કીશોરસીંહભાગ૧થી૩	૮	ભાગ ૧–૨	૬
સતિ મંડળ ભાગ૧–૨	૮	પંદર લાખ પર પાણી	૧॥

સ્વર્ગની સીડી ...	૩	લક્ષ્મીકાંત	૧ાા
સ્વર્ગનાં રત્નો ...	૧ાા	કુસુમકાંત	૧ાા
મહાભારત દુર્ગાનું ...	૨ાા	બેગમ મહાલ ભાગ ૧-૨ ...	૪
ધનવાન	૭	રણઘેલા રજપુતો ભાગ ૧-૨	૫ાા
મહાકાળીની મૂર્તિ...	૪	નીતી દર્પણ	૨ાા
ચંદ્રકાન્ત ભાગ ૧ થી૩	૧૫	ધર્મનો જય	૧ાા
સરસ્વતિચંદ્રભાગ૧થી૪	૧૨ા	રાણી વ્રજસુંદરી	૨ાા
રાજરંગ	૪	સંસાર સેત્રંજ ભાગ ૧ થી ૩	૫
આપણો ધર્મ ...	૪	બેરીસ્ટરની બૈરી	૨ાા
અમરચરિત્રભાગ૧થી૩	૧૦	સન્મીત્ર કે સેતાન	૧
બ્રહ્માનંદ કાવ્ય ..	૨ાા	તીલક્ષણ વેર	૨ાા
તીલકગીતા રહસ્ય	૫	સંતમ સેતાન ભાગ ૧ થી ૩	૬
સારંગધર સંહિતા...	૪	અંધકાર પર પ્રકાશ	૨ાા

મળવાનું ઠેકાણું—

મોહનલાલ પિતાંબર ઠક્કર બુકસેલર.

કાલબાદેવી રોડ, બદામના ઝાડની સામે, મુંબઇ નં. ૨.

ॐ तत्सत् प मात्मन नमः

રાજા રામકૃષ્ણ

ખણ્ડ ૧ લો

विहाय कामान् यः सर्वान् पुमांश्चरति निस्पृहः ।
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ॥

—श्रीमद्भगवद्गीता ।

“સર્વ કામ (=આસક્તિ) છોડીને જે પુરૂષ નિઃસ્પૃહ થઇને વ્યવહારમાં વર્તે છે, અને જેને મમત્વ અને અહંકાર નથી તે પુરૂષને શાન્તિ મળે છે.”

ॐ तत्सत् परमात्मने नमः

રાજા રામકૃષ્ણ

અથવા

રમણીની રણભૂમિ

પ્રથમ ખણ્ડ

विहाय कामान् यः सर्वान् पुमांश्चरति निस्पृहः ।
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ॥ "

—श्रीमद् भगवद् गीता

" જે પુરુષ-પ્રવર યાવતીય કામ્ય વસ્તુનો પરિત્યાગ કરીને અપ્રાપ્ય વિષયમાં સ્પૃહા-રહિત, અહંકાર શૂન્ય અને મમતા વિહીન થઈને વિચરણ કરે છે, તેજ કૈવલ્યરૂપ પરમ ધનનો અધિકારી થાય છે."

પ્રથમ પરિચ્છેદ.

બંધન-મોચન

" बालो युवाश्च वृद्धश्च यः करोति शुभाशुभम् ।
तस्यां तस्यामवस्थायां भुङ्क्ते जन्मनि जन्मनि ॥
—व्यासवाक्य ।

——:o:——

" અહા ! બાંધ નહિ ! બાંધ નહિ ! છોડી દે-છોડી દે ! "

" હું પાળીશ ને ! "

" બંધનમાં મહા દુઃખ છે ! બંધન મુક્ત કરી દે. જોતો નથી, પંખી કેટલું બધું રડે છે ? "

" હું એની સંભાળ રાખીશ, પાંજરામાં પાળીશ. સારૂં સારૂં ખાવાનું આપીશ અને ઘણાજ સ્નેહથી ચાહીશ ! "

" નાદાન બાળક ! પંખી અનંત આકાશના ખુલ્લા વાયુની ગોદમાં વિચરણ કરે છે; બંધનથી તેને કેટલું કષ્ટ થાય છે, તે તું શું સમજે ? છોડી દે-છોડી દે. "

" છોડી દઉં શા માટે ? મેં તો પંખીને ખરીદ્યું છે. કષ્ટ શા માટે આપીશ ? મેં તો એને માટે સુંદર પાંજરૂં તૈયાર કરાવ્યું છે ! એ પાંજરામાં જ એને રાખીશ, નિત્ય મીઠાં મીઠાં ફળો ખાવા આપીશ ! ઘણાજ યત્નથી, ઘણાજ સંભાળથી એનું લાલન પાલન કરીશ. એને કશું દુઃખ થવા દઇશ નહિ. "

"પણ પંખી તો તારા સ્નેહને ચહાતું નથી. વળી જો એ પંખી ઉડવા માટે કેવું આકુલ વ્યાકુળ થઇ રહ્યું છે! તું એકવાર એને છોડી દે જોઇએ! એ હમણાં જ ઉતાવળું થઇને ઉડી જશે!"

"એક બે દિવસ મારી પ્રીતિ મળવાથી જ, પંખી મારૂં પ્યારૂં થઇ પડશે."

આમ કહીને બાળકે પોતાનું મન પંખીના પગે દોરી બાંધવામાં પરોવ્યું.

બાળકનું નામ ગોપાળ હતું. ગોપાળ કેવળ નામનો ગોપાળ નહોતો, રૂપ-માધુર્યમાં પણ જાણે સાક્ષાત્ ગોપાલ-મૂર્તિ હતો! તેના શરીરમાંથી સુંદરતા ખીલીને બહાર નીકળતી હતી. તેનાં વિશાળ નયનો, એ સુંદરતાનાં શિરોમણિ થઇ પડયાં હતાં. ગોપાળના પોશાકમાં પીતાંબર હતું; શરીરનો બીજો ભાગ ખુલ્લો હતો. ગોપાળના પગમાં સોનાનો તોડો, હાથમાં વીંટી અને કમરપર કંદોરો શોભી રહ્યો હતો. મસ્તકપર કાળો કેશરાશિ ડોલી રહ્યો હતો. તેનું લલાટ, વક્ષ આદિ સર્વ સુલક્ષણ સંપન્ન જણાતાં હતાં. એ સુલક્ષણસંપન્ન બાળક શા માટે પંખીને પકડીને દુઃખ દેતો હશે!

એક સંન્યાસી એ રસ્તેથી જતો હતો. બાળક એકાગ્રમનથી પંખીને બાંધી રહ્યો છે, એ જોઇને તે કાંઇક ચલિત થયો. તેથી તે બાળકને સમજાવીને પંખીને છોડી દેવા માટે આગ્રહ કરવા લાગ્યો.

ગોપાલે સંન્યાસીના આગ્રહને સાંભળ્યો નહિ. તે એક મનથી પંખીને બાંધવામાં રોકાયો. પંખી તરફડીને પોકાર કરવા લાગ્યું.

સંન્યાસીએ ફરીવાર કહ્યું:-"તું મારી વાત સાંભળ! પંખીને છોડી દે. અહા! જો જોઇએ, પંખી કેવું તરફડી રહ્યું છે!"

પંખીને બાંધવા જતાં, સંન્યાસીની વાતથી ગોપાલનું મન વારંવાર તેના તરફ દોરાતું હતું; તેથી તેના બાંધવાના કામમાં ખલલ પડતી હતી. આ વખતે તેણે તેને કાંઇક નારાજ થઇને કહ્યું કે:–"પંખી આટલું બધું તરફડી રહ્યું છે, પણ એને પાંજરામાં પૂરવાથી તરતજ શાન્ત થઈ જશે અને એનો તરફડાટ પણ મટી જશે."

સંન્યાસીએ કહ્યું:–"એ વાત કદાપિ માની શકાય કે? વિચારી જો જોઇએ, કે તને જો કોઇ આવી રીતે બાંધીને લઇ જાય, તારાં માતા પિતાની પાસે તને પાછો આવવા ન દે, પાંજરામાં પૂરી રાખે, તો તને તે વખતે કેવું દુઃખ થાય વારૂ? બંધનમાં પંખીને પણ એવું જ દુઃખ થાય છે! તને પકડી લઇ જાઇને, માણસની વસતિમાં, મનુષ્યના સહવાસમાં અને મનુષ્યના ઘરબાર કે કુટુંબમાં રાખવા છતાં પણ તારૂં મન કેવું વ્યાકુળ થાય, એનો વિચાર કર જોઈએ. વળી પંખીને ઉન્મુક્ત આકાશ–રૂપ તેના વિચરણ–સ્થાનનો પરિત્યાગ કરીને ક્ષુદ્ર પિંજરમાં સંપૂર્ણ વિપરીત ધર્માવલંબી મનુષ્યની પાસે રહેવું પડશે, તેથી તેનું દુઃખ કેટલું બધું વધી જશે, એનો અનુભવ શું તું કરી શકીશ કે?"

ગોપાળ કાંઇક ચલિત થયો; પરંતુ પંખીનો પરિત્યાગ કરવાને રાજી થયો નહિ.

સંન્યાસીએ કહ્યું:–"સારૂં, તારા પંખીને હું બાંધી દઉં છું. પરંતુ તને હું પકડીને મારી સાથે લઇ જઇશ. માતા, પિતા, અને સગાં વહાલાંને છોડીને મારી પાસે રહેવામાં તને જો કાંઈ દુઃખ નહિ થાય તો પછી આ પંખીને છોડી દેવાનું હું કહીશ નહિ."

આમ કહીને સંન્યાસીએ ગોપાળને પકડી લઇ જવાનો ભાવ દર્શાવ્યો.

ગોપાલે કહ્યું:-"આપની સાથે હું શા માટે આવું ?"

"તો પછી પંખી તારી સાથે શા માટે આવે ?"

"મેં ખરીદ્યું છે, સુંદર પાંજરૂં પ્રસ્તુત કરાવી રાખ્યું છે! હું એને ઘણી સંભાળથી મીઠો મેવો ખવડાવીશ !"

"હું પણ તને સંભાળથી રાખીશ, તારા પર પૂરી પ્રીતિ દર્શાવીશ અને મીઠો મેવો પણ ખવડાવીશ. છતાં તું મારી સાથે આવવાનું કબૂલ કેમ નથી કરતો ?"

"મારો પોતાનો દેશ, પોતાનું ગામ, મારાં માતા પિતા આદિ સર્વનો પરિત્યાગ કરીને હું શી રીતે બીજાની સાથે જઇ શકું વારૂ ? મારી સ્વતંત્રતાને છોડીને હું શા માટે બીજાની પાસે બંધનમાં બંધાવા જાઉં વારૂ ?"

સંન્યાસીએ કહ્યું:-"પંખીને પણ પોતાનો દેશ, પોતાનાં માતપિતા અને પોતાની સ્વતંત્રતા છે તે સુખનો પરિત્યાગ કરીને, તે પણ શી રીતે તારા બંધનમાં બંધાઇ શકે વારૂ ! તે તો ખુલ્લા આકાશમાં વિહાર કરનાર વિહંગમ છે ! તેની સ્વાભાવિક ગતિ તેને આપોઆપ અનંત આકાશ માર્ગે ખેંચીને લઈ જશે ! તું તેને સોનાના પાંજરામાં પૂરીશ કે લોખંડના પાંજરામાં પૂરીશ, પણ તે એકવાર પણ તેનો વિચાર કરશે નહિ, તેના તરફ જોશે પણ નહિ, તારા મીઠા મેવાની લાલચથી તે કદાપિ લલચાશે નહિ ! ! તું શું જોતો નથી કે, અનેક યત્નથી અને ઘણી સંભાળથી રાખવા છતાં પણ, એકવાર પાંજરાનું દ્વાર ખુલ્લું મળતાંજ વિહંગ કેવું વ્યાકુળ થઇ ઉડી ન્હાસી જાય છે."

ગોપાલે સંન્યાસીના મુખ તરફ નજર કરી જોયું. તે શાંત ગંભીર અને તેજસ્વી મુખ મુદ્રા તરફ જેમ જેમ તેની દૃષ્ટિ પડવા લાગી, તેમ તેમ તે પોતાનું ભાન ભૂલવા લાગ્યો. ગોપાલના વિચારની ગતિ પલટાઇ ગઇ. વારંવાર તે તેના મનમાં વિચારવા લાગ્યો કેઃ- "ખરેખર એમજ છે. સ્વાધીન ગતિને અટકાવવા જતાં, બંધનમાં બાંધવાની કોશિશ કરતાં, પંખી તો શું, પરંતુ સર્વ પ્રાણીને માટે એ દુઃખદાયક થઇ પડે છે. મને જો કોઇ બાંધીને લઇ જાય, તો શું મારૂં હૃદય વિદીર્ણ થયા વિના રહે ખરૂં કે ?"

ચિંતાના પ્રવાહમાં તણાઇને ગોપાળ મનમાં ને મનમાં જ બોલ્યોઃ- "ના-ના ! હું આવું કામ હવે કરીશ નહિ. પંખીને છોડી દઇશ !"

સંન્યાસીએ ગોપાળને ચૂપ જોઇને ફરીવાર કહ્યું:-" કેમ બાળક ! ત્યારે શું તું મારી સાથે આવીશ ?"

ગોપાળે ઉત્તર આપ્યોઃ-" ના હું નહિ આવું ! પંખીનું બંધન મુક્ત કરી નાખું છું. હું ધારૂં છું કે, બન્ધન જ દુઃખનું મૂળ છે ! હવે હું સમજ્યો છું કે, બંધનના મોચનમાંજ પરમ સુખ છે ! હું અવસ્ય બંધન- મોચન કરીશ-બંધનમાંથી મુકત થઇશ."

આમ કહીને ગોપાળે પંખીને ઉડાડી દીધું. જાણે મૃત શરીરમાં નવજીવન મેળવીને પંખી આકાશ-માર્ગે ઉડી ગયું.

કોણ જાણે શા કારણથી સંન્યાસી કમ્પી ઊઠયો.

" બંધન જ દુઃખનું મૂળ છે ! બંધન મુકતમાં જ પરમ સુખ છે ! " બાળક આ શી વાત બોલ્યો !

આવેગવાળા અવાજથી ગોપાળને સંબોધીને સંન્યાસીએ ગંભીર સ્વરથી કહ્યું કેઃ-" બાળક ! તેં સત્યજ કહ્યું છે કે, ' બંધન જ



“આમ કરીને ગોપાળે પંખીને ઉડાડી દીધું. જાણે મૃત શરીરમાં નવ-જીવન મેળવીને પંખી આકાશ માર્ગે ઉડી ગયું.” પૃષ્ઠ, ૮.

A 2638 Lakshmi Art, Bombay, 8.

દુઃખનું મૂળ છે’ બંધનમાંથી મુક્ત થવામાં જ પરમ સુખ છે.”

સંન્યાસીએ ફરીવાર કહ્યું:–“ જો, જો, બંધન મોચનથી પંખીને કેવો આનંદ ઉપજ્યો છે ! ગમે તેવી સંભાળ રાખવા છતાં, પાંજરામાં પૂરાયલાં પંખીને આટલો બધો આનંદ ઉપજી શકે ખરો કે ! તેને પાળવાથી તને પણ આનંદ મળી શકે તેમ નહોતો; કારણકે તેમાં કેવાં કેવાં વિઘ્નો આવે તેમ હતાં, તેની હજી તારા મગજમાં કલ્પના પણ આવી હોય, એમ જણાતું નથી. કદાચ કોઇ દિવસ પંખીને કોઇ મારી નાખત અથવા તો દિવસે દિવસે સૂકાઇને પંખી કોઇ દિવસ પોતાની મેળેજ મરી જાત, તો તેથી તારા મનમાં કેવું દુઃખ થાત, તેનો વિચાર કરી જો જોઇએ.”

ગોપાળે જવાબ આપ્યો:–“ પાંજરામાં રાખ્યા સિવાય તો પંખી પાળી શકાતું નથી ! મને એ પંખી પાળવાનો ઘણો શોખ હતો !”

સંન્યાસીએ કહ્યું:–“પાંજરામા રાખ્યા વિના શું એને પાળી શકાતું નથી ! મનમાં એમ કેમ નથી ધારતો કે, આ આકાશની ગોદમાં જે અગણિત પક્ષીઓ વિચરણ કરે છે, એ સર્વ તારાં પાળેલાં જ પંખીઓ છે ! તું પાંજરામાં પૂરી રાખેલા એક પંખીને તારૂં માની બેસે છે અને એમાંજ આનંદ માને છે ! પરંતુ એ સર્વ પંખીઓને પોતાનાં માની લેવાથી, તારે કેટલાંક પંખીઓ થશે અને એથી કેવો આનંદ થશે, એનો વિચાર કરી જો જોઇએ ! તું શા માટે ધારતો નથી કે, અનંત આકાશમાં વિહરતા સવ વિહંગો તારાંજ છે! સાધારણ લોઢાના પાંજરામાં એક પંખીને પૂરી રાખવાથી તને કેટલોક આનંદ મળી શકશે ! પરંતુ એ અનંત ઉન્મુક્ત આકાશનાં અસંખ્ય પક્ષીઓ પોતાનાં માની લેવાથી જે આનંદ પ્રાપ્ત થાય છે, એ

આનંદનો શું અવધિ છે ખરો કે ? ”

ગોપાલ એકી ટસે-નિર્નિમેષનયને સંન્યાસીના મુખ તરફ જોઇ રહ્યો.

સંન્યાસી વળી પાછો બોલ્યો: “ બન્ધન બંધનમાં પંખીને બાંધવાથી, તું પણ વધારે બંધનમાં બંધાત ! એ વાતનો શું તે એક વાર પણ વિચાર કર્યો હતો ? પંખીને વખતસર ખાવાનું આપવું પડત, હંમેશાં સાવધતાથી રાખવું પડત, વારૂ ! તું જ કહે છે કે, ‘ બંધન જ કષ્ટનું મૂળ છે, બંધનમાંથી મુક્ત થવામાંજ પરમ સુખ છે ! ’ તો પછી શા માટે તારા બંધનને તું જ દૃઢ કરવા જતો હતો ! ”

ગોપાળની હૃદય-તંત્રી એ સ્વરથી ગાજી ઉઠી. ગોપાળના હૃદયે હૃદયમાં એ મંત્રે પ્રવેશ કર્યો. ગોપાળ મનમાં જ બોલ્યો કે:-
“ **બંધનજ કષ્ટનું મૂળ છે, બંધન-મોચનજ સુખ છે ! હું બંધન-મોચનનો જ પ્રયત્ન કરીશ.** ”

દ્વિતીય પરિચ્છેદ

પરિચય

No sceptre greets me—no vain shadow this
Wordsworth.

અમો જે સમયની આ વાર્તા કહીએ છીએ,તે વાર્ત્તા આજથી લગભગ દોઢ સો વર્ષ પહેલાંની છે. રાજશાહી જિલ્લામાં આવેલા એક નાના ગામમાં ગોપાળની સાથે સંન્યાસીની આ પ્રમાણે વાતચીત થઇ હતી.

ગામનું નામ આટગ્રામ હતું. એ ગામના સંબંધમાં એવી કહેવત છે કેઃ—એ ગામ પહેલાં ગોપાળપૂર નામે પરિચિત હતું. અમો જે સમયની વાત કહીએ છીએ. તે સમયે એ ગામ કયા નામથી ઓળખાતું હતું, તેનો ખરો નિર્ણય કરવો કઠિન છે. કોઇ કહે છે કે, ગોપાળની ઉમ્મર જ્યારે નવ વર્ષ જેટલી વીતી આવી, ત્યારે એ ગામનું નામ આટગ્રામ પડયું હતું; કોઈ વળી એમ કહે છે. કે 'ના–ના, તેમ નથી, તેના જન્મ સમયથી જ એ ગામ આટગ્રામ નામે પ્રસિદ્ધ હતું. એ ગમે તે હો, એ ગામ ત્યારે ગમે તે નામથી ઓળખાતું હો, તો પણ અમો તો તેને આટગ્રામના નામથી જ ઓળખાવીશું.

અત્યારે જ્યાં નાટોરનો મુલ્ક આવેલો છે અને પહેલાં જ્યાં અર્ધા બંગાળાની અધીશ્વરી રાણી ભવાનીની રાજધાની હતી. તેનાથી લગભગ બાર કોસ ઉત્તરમાં એક વિશાળ નદીના કિનારાપર આટગ્રામ

આવેલું હતું. એ ગામ આમરૂલ પરગણુંની અંતર્ગત હતું. આટગ્રામ મહારાણી ભવાનીની જમીનદારીની અંદર આવેલું હતું. મહારાણીએ હરિદેવ રાયને એ સમ્પત્તિ ઈનામ તરીકે ભેટ આપી હતી. એ બનાવ અવશ્ય પ્રથમ બનેલી ઘટના પછીનો બનાવ હતો અને એનો પરિચય હવે પછી યથાસ્થાને આપવામાં આવશે.

જમીનદારી મહારાણીની હોવા છતાં પણ, હરિદેવરાય, આટ ગ્રામનો એક નામીચો આબરૂદાર પુરુષ ગણાતો હતો. જે વંશ *નાટોર–રાજ્યનો અધિપતિ થયો હતો, તે વંશનો અન્યતમ વંશધર એ હરિદેવ રાય જ હતો, નાટોરના રાજા રામજીવન રાયનો પિતા

* નાટોરઃ—બંગાળા દેશમાં આવેલા રાજશાહી જિલ્લાનો એક તાલુકો છે, પહેલાં એ સ્થળ જિલ્લાનું મુખ્ય કાર્ય સ્થળ હતું, પરંતુ સ્થાનની નાદુરસ્તીને લઇને હાલમાં રામપુર બોયાલિયામાં કાર્યસ્થળ સ્થાપિત થયું છે. નાટોરે ઇ. સનની ૧૮ મી શતાબ્દીની શરૂઆતમાં સારી નામના મેળવી હતી. એ સમયે પ્રાતઃસ્મરણીયા બંગાળાની 'અહલ્યાબાઈ' રાણી ભવાનીએ નાટોરના રાજવંશનો પ્રભાવ સમસ્ત બંગદેશમાં વિસ્તાર્યો હતો. સ્વામી રામકાન્તના મૃત્યુ પછી રાણી ભવા-નીએ અતિ દક્ષતાની સાથે રાજ્ય ચલાવવામાં તથા દાન આ-પવામાં અને દેવાલયો બાંધવામાં બંગાળામાં સારી પ્રખ્યાતિ પ્રાપ્ત કરી હતી; એ વિષયને અનુસરીનેજ આ વાર્તા લખવામાં આવી છે. હાલમાં એ નાટોરના રાજ્ય પ્રતિનિધિ મહારાજ જગદીન્દ્રનાથ રાય છે, અને તેઓ બંગાળી–સાહિત્યના સારા ઉત્સાહ દાતા તથા સેવક તરીકે સર્વત્ર મશહૂર છે. એમનાં લખેલાં 'સંધ્યાતારા' તથા 'નૂરજહાન' આદિ પુસ્તકોનો સાહિત્યમાં સારો સત્કાર થાય છે. પ્રયોજક.

કામદેવ રાય અને હરિદેવરાયનો પ્રપિતામહ અભિરામ, બન્ને સહોદર હતા. એ વંશના આદિ પુરૂષ મથુરાનાથના ત્રણ પુત્ર હતા; તેમનાં નામો અનુક્રમે રતિરામ, કામદેવ અને અભિરામ હતાં. રતિરામ જ્યેષ્ઠ, કામદેવ મધ્યમ અને અભિરામ કનિષ્ટ હતો. કામદેવના પુત્રોએ સૌભાગ્યયોગે નાટોર-રાજ્યનું આધિપત્ય પ્રાપ્ત કર્યું હતું.

અભિરામને બે સ્ત્રીઓ હતી. તેની પહેલી સ્ત્રીના ગર્ભથી જન્મેલા પુત્રો માધનગરમાં વસીને 'માધનગર'ના રાય તરીકે ઓળખાયા હતા; અને બીજી સ્ત્રીના ગર્ભજાત પુત્રો આટગ્રામમાં વસતા હતા. અભિરામના જ્યેષ્ટ પુત્ર રામનારાયણથી માધનગરના રાયવંશની અને તેના નાના પુત્ર મહાદેવરાયથી આટગ્રામના રાયવંશની ઉત્પત્તિ થઇ હતી

હરિદેવ મહાદેવનો નાનો પુત્ર હતો. તે અતિ સુપુરૂષ હતો તેના વખતથી આટગ્રામ રાય-વંશની જમીનદારીમાં જોડાયું હતુ. તેણે આટગ્રામની ઘણી ઉન્નતિ કરી હતી.

તેને ત્રણ પુત્રો હતા. આપણો આ પ્રસંગમાં વર્ણવેલો ગોપાળ તેનો સહુથી નાનો પુત્ર હતો. ગોપાળના જેવો રૂપવાન હોવાથી જ નાના પુત્રને તે ગોપાળ કહીને જ તે તેને બોલાવતો હતો. એથી કરીને સહુ તેને ગોપાળ તરીકે જ ઓળખતા હતા. અમો પણ એથી એ બાળકને ગોપાળ તરીકે જ ઓળખાવ્યો છે.

હરિદેવ રાયના મકાનના પશ્ચિમ ભાગમાં એક મોટો બગીચો હતો. બગીચો, આંબા, જામફળી નાળિએરી આદિ તરેહતરેહનાં વૃક્ષોથી ભરેલો હતો. જ્યારે જે કોઈ એ બગીચાની તરફ નજર કરતું, ત્યારે તે જોઇ શકતું કે, કોઇને કોઇ વૃક્ષ પર કોઇને કોઈ પણ જાતનાં

ફૂળ ફળેલાં છે. બગીચાની ઉત્તર બાજુએ સડક હતી અને સડકની ઉત્તરમાં મોટી નદી હતી.

નદીના કિનારા પરની સડક પર આમ્રવૃક્ષની છાયામાં બેસીને ગોપાળ પંખીના પગે દોરી બાંધવાની કોશિશ કરી રહ્યો હતો. એક પારધિ તે દિવસે સવારમાં પંખી વેચવા આવ્યો હતો. એ પારધિ પાસેથી ગોપાલ અને રાખાલ બંને જણાએ બે પંખી ખરીદ્યાં હતાં.

રાખાલ, ગોપાળની રમતનો સાથી હતો. તેમની બન્નેની વચ્ચે સારી મિત્રાચારી હતી. ગોપાળને પંખી ખરીદતો જોઇને,રાખાલ પણ પંખી ખરીદવા માટે વ્યગ્ર થયો હતો. ગોપાળે એકદમ ઘેરથી પંખીનું મૂલ્ય લાવી આપીને પંખીને ખરીદતાંની સાથે જ, રાખાલ પારધિને પોતાને ઘેર તેડી ગયો હતો.

ગોપાળના હાથમાં પંખી સોંપી પારધિના ચાલ્યા જવા પછી થોડીવારેજ સંન્યાસી આવીને તે સ્થળે હાજર થયો.

સંન્યાસીનું નામ શ્રીજી હતું. શ્રીજી–અનુપમ શ્રી–શોભાસંપન્ન હતો. જેવું તેના શરીરનું બંધારણ હતું, તેવો જ તેનો રંગ હતો, જો તે સંન્યાસી વેશે ન આવ્યો હોત, તો તેને રાજપુત્ર હોવાનો ભ્રમ થઈ જાય તેમ હતું; તેનું વિસ્તૃત લલાટ વિશાળ વક્ષ. આજાનુ-લંબિત બાહુ, તેજસ્વી મુખમુદ્રા આદિ સર્વ અપૂર્વ શોભામય જણાતાં હતાં. આકર્ણવિસ્તૃત નયનો તથા ભ્રમર સમ કૃષ્ણ કેશ-રાશિએ કેવી અપૂર્વ સુંદરતા સમ્પાદન કરી હતી! તેનું તો અમારાથી વર્ણન જ થઈ શકે તેમ નથી. તેના ચંપાને લજાવનારા ગોરા રંગે તથા રક્તચંદનના ત્રીપુંડ્રકે, એ શોભાને વિશેષ ઉજ્જવલ કરી દીધી હતી. આખું શરીર વિભૂતિમંડિત હોવાથી તેની દેહજ્યોતિ ભસ્મા-

યાહિક અગ્નિ સમાન જણાતી હતી. મસ્તકપરની જટા કુંડળના આકારમાં ગોઠવાઈ ને મુકુટ સમાન શોભી રહી હતી. એ પ્રશાન્ત–મૂર્તિ સંન્યાસીના મુખપર જાણે હંમેશાં આનંદની છાયા વિરાજમાન રહેતી હોય, એવો ભાસ થઇ આવતો હતો.

સંન્યાસીના પોશાકમાં ભગવાં વસ્ત્રો હતાં. એક હાથમાં કમંડલુ તથા બીજા હાથમાં ત્રિશૂલ હતું સંન્યાસી તરુણ–યુવક હતો

એ કંદર્પકાન્તિ તરુણ પુરૂષે શા કારણથી સંન્યસ્ત–વ્રત ગ્રહણ કર્યું હશે ! સંન્યાસીને જોવાથી,દર્શકના મનમાં સ્વાભાવિકજ એ શંકા-નો સંચાર થઇ આવે તેમ હતો.

એ સંન્યાસી આ પહેલાં બીજે કોઇ પણ વેળાએ આટગ્રામમાં આવ્યો હતો કે નહિ, એ સંબંધે અવશ્ય મતભેદ છે. પુરાણા માણસો કે જેમણે એ સંન્યાસીને જોયો હતો, તેઓ સંન્યાસીના ચાલ્યા ગયા પછી બોલાબોલી કરી કહેવા લાગ્યાં કેઃ—

“ત્રીસ વર્ષ પહેલાં આવો એક સંન્યાસી એકવાર આટગ્રામમાં આવ્યો હતો, એ સંન્યાસીની સાથે આ સંન્યાસી ઘણો ખરો મળતો આવે છે.” તેઓમાંના ઘણાંનાં મનમાં સંશય થયો હતો કેઃ–“આ સંન્યાસી શું ત્યારે પેલો સંન્યાસી હશે ! પરંતુ ત્રીસ વરસે પણ તેના ચહેરામાં તો કશો પણ ફેરફાર થયો નથી ગમે તેમ હો. ત્રીસ ચાલીસ વરસથી ઓછી ઉંમરની કોઈ પણ વ્યકિત આ વિષયની સાક્ષી આપી શકે તેમ નહોતી. તેમણે કદાપિ આ સંન્યાસીને જોયો નહોતો.

જોવાની વાત તો દૂર રહી, પણ ગોપાળે કદાપિ એ સંન્યાસીનો પ્રસંગ પણ સાંભળ્યો નહોતો, તેમ છતાં પણ શાથી એના મનમાં એમ થવા લાગ્યું કેઃ “એ કોણ છે ? મેં શું એને આ પહેલાં કદાપિ

જોયો છે કે? અહા? કેવા તેજસ્વી સંન્યાસી છે!" સંન્યાસીના ચાલ્યા ગયા પછી ગોપાળ વૃક્ષની છાયા તળે બેસી વૃક્ષના થડ સાથે અઢેલીને એકાગ્ર મનથી એ સંન્યાસીના વિચારમાં નિમગ્ન થઇ ગયો.

ગોપાળ બેઠો બેઠો વિચારી રહ્યો હતો, એવામાં રાખાલ પાછો આવી પહોંચ્યો. પારધિની પાસેથી પંખી ખરીદી, પંખીને પાંજરામાં પુરી, ગોપાળની શોધમાં પ્રથમ તે ગોપાળને ઘેર ગયો હતો. પરંતુ તેને ઘેર જઇને તેને જોઇ શક્યો નહોતો; તેથી તે ગોપાળને શોધતો શોધતો નદીના કિનારા પર આવી પહોંચ્યો હતો. રાખાલના હાથમાં પાંજરૂં હતું, પાંજરામાં પુરીને તેણે તેના તે ખરીદેલા પંખીને સાથે આણ્યું હતું.

રાખાલ ગોપાળનો પાડોસી હતો. તેના પિતાનું નામ હલધર મૈત્ર હતું મૈત્રમહાશય ગોપાળના પિતાની પેઠે સંપત્તિશાળી નહોતો પરંતુ તેમ છતાં પણ તે પુત્રની ઇચ્છા પૂર્ણ કરવામાં કદાપિ કૂંઠિત થતો નહતો રાખાલ તેનો ફક્ત એકનો એક પુત્ર હતો. એથી રાખાલ જયારે જે કાંઇ ખરીદવાની ઇચ્છા કરતો ત્યારે તેનો પિતા બનતી મહેનતે તે તેને ખરીદી આપવાની કોશિશ કરતો.

ગોપાળના જેવો સ્વરૂપવાન ન હોવા છતાં પણ રાખાલ દેખાવવામાં મંદ નહોતો. ગોપાળના કરતાં તેનો રંગ કંઇક કાળો હતો ખરો, પરંતુ મૈત્રી મહાશય પોશાકમાં તેને ગોપાળના જેવોજ કરીને સજ્જિત કરી રાખતો હતાં. ગોપાળની માફક રાખાલને પણ તેણે ઘરેણાં ઘડાવી આપ્યાં હતો ગોપાળની પેઠે રાખાલના પગમાં પણ સોનાનો તોડો, હાથમાં વિંટી અને કમરે કંદોરો શોભતો હતો; વધારામાં તેના પિતાએ રાખાલના ગળામાં એક સોનાની હાંસડી પણ ઘડાવી આપી હતી.

રાખાલે પાછા આવીને જોયું કે, ગોપાળના હાથમાં પંખી નથી. ગોપાળ એક મને બેસીને કાંઇક વિચારી રહ્યો છે. એ જોઇને રાખલ અજાયબ થયો. અજાયબીની સાથે તેણે તેને પૂછ્યું કેઃ–"હેં ભાઇ! તારા પંખીનું શું થયું? તે ક્યાં ગયું?"

ગોપાળ સાંભળવા છતાં પણ સાંભળી શક્યો નહિ. રાખાલે નજીકમાં જઇ ફરીવાર પૂછ્યું કેઃ–"તારૂં પંખી શું ઉડી ગયું? તેથી જ તું આવી રીતે બેઠો છે? તું ઘણો જ ગાફેલ છે ભાઇ!"

ગોપાળે જવાબ આપ્યોઃ–"પંખી ઉડી ગયું નથી, મેંજ તેને ઉડાડી દીધું છે."

રાખાલને જાણે ભરોસો આવ્યો નહિ. રાખાલે કહ્યુંઃ–"તે ગયું છે, ગયું છે, તો પછી હવે શી રીતે પાછું આવશે? મંગળવારને દિવસે પાછો પારધિ આવશે, એટલે તું બીજું એક પંખી ખરીદી લેજે. તે દિવસે ખરીદીને તરત જ પાંજરામાં પૂરી રાખજે."

ગોપાળે કહ્યુંઃ–"જો ખરીદીશ, તો હું તે પંખીને પણ ઉડાડી દઇશ. તારા પંખીને પણ ઉડાડી દેને. ભાઇ!"

રાખાલ ચમકી ઉઠયો; તે બોલ્યોઃ–"આ શું કહે છે! મેં પૈસા આપીને પંખી ખરીદ્યું છે, માટે હું એને શા માટે છોડી દઉં? હું તો એને પાળીશ ને!"

ગોપાળે કહ્યુંઃ–"એને કેવું કષ્ટ થાય છે, એ તું સમજી શકતો નથી?"

આમ કહી આકાશ તરફ નજર કરી ગોપાળે કહ્યુંઃ–"આમ જો, જોઈએ, આકાશ તરફ એકવાર જો જોઇએ! આકાશમાં એ પંખીઓ કેવો આનંદ કરી રહ્યાં છે. તેમને ફરવાનું સ્થાન અનંત

આકાશ છે, આવા નાના પાંજરામાં તેમને પૂરી રાખવાં એ શું ઉચિત છે? પક્ષીઓની સ્વતંત્રતાનો લોપ કરી પરાધીનતાના પાંજરામાં તેમને લાવી પૂરવાથી આપણને શો લાભ થવાનો છે, એનો વિચાર કેમ નથી કરતો ? ઇશ્વરે તેમને સ્વતંત્ર કરી મોકલ્યાં છે, તો પછી તેમને પરાધીન કરવાનો આપણને શો અધિકાર છે ? દે—દે—ભાઈ ! પંખીને છોડી દે ! ”

ગોપાળે રાખાલના પાંજરા ભણી હાથ લંબાવ્યો અને તે સાથે કહ્યું:—“ પાંજરાનું દ્વાર ખોલી દેતાં તને દુઃખ થતું હોય, તો લાવ, હું ખોલી દઉં છું. ”

ગોપાળ પાંજરાનું દ્વાર ખોલી દેવા ગયો. રાખાલ એકદમ પાંજરૂં લઇ મુઠ્ઠીઓવાળી દોડી ગયો. જતી વેળાયે કહેતો ગયો કેઃ—“ તારી માતાને હું કહી દઉં છું કે ગોપાળે પોતાનું પંખી ઉડાડી દીધું છે ! જો જે, હમણાં શો રંગ જામે છે ! ”

રાખાલ ચાલ્યો ગયો ! ગોપાલ પાછો એ સંન્યાસીની ચિંતામાં ગુંથાઇ ગયો, તેના મનમાં એમ થવા લાગ્યું કે, તેણે જાણે ઘણીવાર એ સંન્યાસીને જોયો છે ! તેને સ્મરણ થવા લાગ્યું કે, પહેલાં એ સંન્યાસીની સાથે તેનો સારો પરિચય હતો ! પરંતુ ક્યાં, કેટલા વખત પહેલાં જોયો હતો, એનું સ્મરણ કરવા છતાં પણ તે કાંઇ પણ સ્થિર કરી શક્યો નહિ.

તૃતીય પરિચ્છેદ.

ભાવાન્તર.

"I, with my fate contented, will plod on,
And hope for higher raptures,
When life's day is done."
—Wordsworth.

ઘણીવાર થયાં, ગોપાલ રમવા ગયો હતો. વખત દોઢ પ્રહર જેટલો વીતી જવા આવ્યો, તો પણ, ગોપાળ ઘેર પાછો આવ્યો નહિ! ગોપાળની માતા ઘણીજ ચિંતાતુર થઈ ગઇ.

ગોપાળને શોધવા જતાં રાખાલ પણ હજી પાછો આવ્યો નહિ, એ જોઈને તે કાંઇક વિશેષ ચંચળ થઇ પડી. પદ્મમણિને બોલાવીને તેણે ગોપાળની તપાસ કરવાનું તેને કહ્યું.

પદ્મમણિ, રાયકુટુંબમાં દાસીનું કામ કરતી હતી.

પદ્મમણિ, આટઆમના એક સાધારણ માણસની કન્યા હતી. તેની આકૃતિ સાધારણ સ્થૂળ અને દીર્ઘ હતી; રંગ ઘણો કાળો હતો; દાંત લગભગ પડી જવા આવ્યા હતા. તેના માથાના વાળ પાકી ગયા હતા, કેટલાક પાકવા આવ્યા હતા. ઉમર, પચાસ વર્ષ ઉપરાંતની હતી. તેને જોવાથી, તેની ઉમ્મર કાંઇક વધારે જણાઈ આવતી હતી. પરંતુ પદ્મમણિ તેટલી ઉમ્મરની વાત કબૂલ કરતી નહોતી. ઉમ્મરની વાત પૂછતાં, તે ઘણી ઘણી વાતો કહેતી! તે કહેતી કે, 'મારી વળી ઉમ્મર

શાની ? મારૂં નસીબ જરા નબળું છે, એથી મારે આટલી ઉમ્મરે દાસીપણું કરવું પડે છે. નહિતો તેમનો શું હજી મરવાનો સમય હતો ?"

પાંચ વર્ષ થયાં પદ્મમણિના સ્વામીનું મૃત્યુ થયું હતું. પરંતુ પદ્મમણિ ધારતી હતી કે, 'તે જાણે બાલ વિધવા છે, તે અતિ નિષ્ટાવતી છે, તેના જેવી સાધ્વી–સતી બ્રાહ્મણના ઘરમાં મળવી પણ મુશ્કેલ છે. કઠોરવ્રત પાળવામાં બ્રાહ્મણ વિધવા પણ તેની હારમાં આવી શકે તેમ નથી."

પદ્મમણિ માત્ર મુખથી બોલતી હતી, એમજ નહોતું, તે બ્રાહ્મણ વિધવાને પગલેજ ઘણે ભાગે ચાલતી હતી. બાર વ્રતનું પાલન કરવામાં, પૂજા ઉપવાસ આદિ કાર્યો કરવામાં તેની સારી આસ્થા હતી, ઉત્કટ આગ્રહ પણ હતો. તેથી વખતોવખત તે માલિકની આજ્ઞાને પણ અમાન્ય કરી બેસતી. પરંતુ તેના અનેક ગુણોની વાત સ્મરણમાં લાવીને, રાય પરિવારનું કોઇ પણ માણસ પદ્મમણિ તરફ અસંતુષ્ટ થતું નહોતું. પદ્મમણિ ઘણીવાર માલિકના મ્હોં પર જવાબ આપતી, ઘણીવાર કામ કરી શકીશ નહિ, કહીને અમાન્ય કરતી, તો પણ તેનો માલિક નારાજ થતો નહોતો. પદ્મમણિમાં એક મોટો ગુણ એ હતો કે, તેને હસતા મુખે કોઇ પણ કામ સોંપવામાં આવતું તો તે વાઘના મુખમાં પણ જવાને તૈયાર થઇ જતી; પરંતુ મુખ મરડીને તેને જો કોઈ મીઠાઇ ખાવાનું કહેતું, તો પદ્મમણિ તેનો સ્પર્શ પણ કરતી નહોતી.

ગોપળની માએ કહ્યું:–"જાને પદ્મા ! એકવાર જોઇ આવ જોઈએ કે, મારો ગોપાળ ક્યાં ગયો છે ?"

પદ્મમણિ પહેલી વાર જાણે સાંભળી શકી નહિ ! બીજી વખતે જવાબ આપ્યોઃ–" ક્યાં જવાનો હતો તમારો ગોપાળ ? પડોસમાંજ ક્યાંક રમતો હશે ! જ્યાં ગયો હશે, ત્યાંથી હમણાં પાછો આવી જશે. એને માટે આવી નકામી ચિંતા શા સારૂ કરો છો ? "

આમ કહીને પદ્મમણિ ગોશાળાવાળા ઘરમાં ચાલી ગઈ ગોપાળની મા એકવાર ના કરતાં બીજીવાર ઘણે ભાગે કોઇને કહેતી નહોતી ! એકવાર પણ જે કહેતી, તે પણ ઘણાજ મીઠા અવાજથી ! તેનું નામ શાન્તિ હતું. તે જાણે મૂર્તિમતી શાંતિ હતી; તેની વાતચીત પણ શાંતિ ભરેલી હતી. આજે તેણે બે વાર પદ્મમણિને અનુરોધ કર્યો, તેનું કારણ, એ હતું કે, ગોપાળના સંબંધમાં તેનું ચિત્ત ઘણુંજ ચંચળ થઇ ઉઠયું હતું. પરંતુ બે વાર કહેવા છતાં પણ પદ્મમણિએ જ્યારે તેની વાત કાને ધરી નહિ, ત્યારે તે કુમુદિની દેવીના આવવાની વાટ જોવા લાગી.

થોડીવારમાં કુમુદિની દેવી સ્નાન કરી પાછી આવી. કુમુદિનીદેવી, હરિદેવરાયની મોટી બહેન હતી. ખાજૂરા ગામમાં તેના વિવાહ થયા હતા. પતિના મરણ પછી, તે હમણાં ભાઇના કુટુંબમાં આવી વસતી હતી. તે જ હમણાં તે કુટુંબની કર્તી કારવતી હતી.

કુમુદિનીને સ્નાન કરી પાછી આવેલી જોઇ, ગોપાલની માતાએ તેને પૂછ્યું કે:–" કુમુદ બહેન ! ગોપાળને રસ્તામાં ક્યાંય જોયો કે ? ગોપાળ ઘણીવાર થયા ઘેર આવ્યો નથી. "

કુમુદિનીએ પૂછ્યું:–" તે ગયો છે, ત્યારનો હજી સુધી પાછો ફર્યો નથી ? જાવ જાવની, પદ્મને મોકલીને તેને એકવાર શોધી લાવવાનું કહો ને ! "

ગોપાળની માતાએ કહ્યું:-" મેં બે વાર પદ્મમણિને ગોપાળને બોલાવી લાવવાનું કહ્યું તું."

ગૌશાળામાંથી એક હાથમાં ઝાડું લઈ પદ્મમણિ બહાર આવી. તે ગૌશાળને સાફસુફ કરવા ગઇ હતી.

કુમુદિનીએ પદ્મમણિને કહ્યું:-" જા, ને પદ્મા ! એકવાર જોઇ આવને !"

પદ્મમણિએ જવાબ આપ્યો:-" તમારો દીકરો હમેશાં ખોવાયા જ કરે છે ! તમે બધાં આટલી બધી ફિકર શા માટે કરો છો? ગોપાળ રમવા ગયો છે, તે હમણાંજ ઘેર આવશે. હું મારૂં કામ પતાવ્યા વિના એક ડગલું પણ અહીંથી સરીશ નહિ. જો ત્યારે પણ તે નહિ આવે તો પછી હું તેને બોલાવી લાવીશ."

આ પ્રમાણે વાતચીત ચાલતી હતી, એવામાં અકસ્માત્ ગોપાળ ઘેર આવી પહોંચ્યો, તેની સાથે તેનો પિતા હરિદેવરાય પણ હતો. તેણે ગોપાળનો હાથ ઝાલી ગોપાળને લઇને ઘરમાં પ્રવેશ કર્યો.

હરિદેવ રાયનો હાથ ઝાલી ગોપાળને ઘેર આવતો જોઇ, પદ્મમણિ કિકિયારી કરી બોલી ઊઠી:-" ગોપાળ ! આમ જૂઓ ગોપાળ આવી પહોંચ્યો છે ! તમારો દીકરો રોજ ને રોજ ખોવાયા કરે છે, પણ આમ જૂઓ એ ખોવાયલો ગોપાળ બાપૂની સાથે આવ્યો છે ! ત્રણ દિવસ થયાં હરિદેવ રાય, ચૌગ્રામના મકાન પર આમંત્રણ નિમિત્તે ગયો હતો. ગોપાળના બન્ને મોટા ભાઈઓ પણ તેની સાથે ગયા હતા. તેમનાં નામ ભવાનીપ્રસાદ અને રામપ્રસાદ હતાં. હરિદેવરાય પાછો ચાલ્યો આવ્યો, પરંતુ ભવાનીપ્રસાદ તથા રામપ્રસાદ આવ્યા નહિ. એથી કુમુદિનીદેવીએ તેના નાનાભાઇને પૂછ્યું કે:-" અરે

હરિ ! ભવાની અને રામ કેમ પાછા ન આવ્યા ? ”

હરિદેવે જવાબ આપ્યોઃ—“ તેઓ ત્યાંથી તેમના મામાને ત્યાં ગયા. તેમનો આગ્રહ પણ હતો અને ચૌધરી મહાશયે પણ તેમને આવવા દીધા નહિ. મને પણ ઘણો આગ્રહ કર્યો હતો. પરંતુ ખાસ જરૂરના કામને લીધે મારાથી તેમની સાથે જઇ શકાયું નહિ. ગોપાલને સાથે લઇને કાલે મારે નાટોર જવાની જરૂર પડી છે. ”

ગોપાળને સાથે લઈને નાટોર જવાની વાત સાંભળી, શાંતિદેવીના હૃદયમાં જાણે કોઇ એક પ્રકારની દુર્ભાવના આવીને ઉપસ્થિત થઇ. કુમુદિનીદેવીની સમક્ષ તે સ્વામીની સાથે વાતચીત કરતી નહોતી, તે સમયે તેવી પ્રથાપણ નહોતી; એથી ગોપાળને સાથે લઇને એકાએક નાટોર જવાનું કારણ શું હશે, એ જાણવા માટે ખાસ ઇચ્છા અને આગ્રહ હોવા છતાં તે ખુલ્લી રીતે પોતાની તે ઇચ્છાને જાહિર કરી શકી નહિ. કુમુદિનીદેવીએ પણ તત્કાળ એ વિષયમાં કાંઈ પણ પ્રશ્ન પૂછયો નહિ.

હરિદેવ રાય બહારના મકાનમાં ચાલ્યો ગયો. ભૃત્ય શ્યામચાંદ તેના ધુમ્રપાનનો બંદોબસ્ત અથવા તૈયારી કરવા લાગ્યો. પદ્મમણિએ પગ ધોવાનું પાણી લાવી આપ્યું.

એ સમયે રાખાલ, પોતાનાં પંખીને ઘેર મૂકી આવી, ગોપાળના પંખીની વાત ગોપાળની માતાને કહેવા આવ્યો હતો. વખત જોઇને, શાંતિદેવીને સંબોધી રાખાલ બોલી ઊઠયોઃ—“ સાંભળ્યું છે ને કાકી ! પૈસા આપી પંખી ખરીદી ગોપાળે એ પંખીને ઉરાડી દીધું છે. ”

કુમુદિની દેવીએ પૂછયુંઃ—“ સવારે તને પૈસા આપ્યા હતા,

તે પૈસાનું શું કર્યું. ”

આ સમયે પદ્મમણિ પણ પોતાની બૃહસ્પતિ સમાન બુદ્ધિનો પરિચય કરાવી વચ્ચમાંજ બોલી ઊઠીઃ—“ કેમ રે ગોપાળ ! રાખાલ શું કહે છે? શું તેં તારા પંખીને ઉડાડી દીધું ? ”

ગોપાળે કશો પણ જવાબ જ ન આપ્યો; નીચું મુખ કરી તે ચૂપચાપ ઉભો રહ્યો. ગોપાળને ગોદમાં ખેંચી લઇને શાંતિદેવીએ કહ્યુંઃ—‘ કેમ, આ વાત ખરી છે, ગોપાળ ? તું નાહક આવી રીતે પૈસા શા માટે નષ્ટ કરે છે? બેટા, તને પૈસાની કાંઈ કીમતજ નથી?”

માતાના મુખ તરફ જોઈ ગોપાળે જવાબ આપ્યોઃ—“ ના, મા ! મેં તો પૈસા નષ્ટ કર્યા નથી ! ”

રાખાલ તેને બોલતો અટકાવીને વચ્ચમાંજ બોલી ઊઠયો;–‘કેમ તેં પૈસા નષ્ટ નથી કર્યા ? મેં જોયું છે કે, તેં પૈસા આપી પંખી ખરીધું હતું ! વારૂ કહે જોઇએ, કે તેં તારૂં તે ખરીદેલું પંખી અત્યારે કયાં છે ? ”

પદ્મમણિ દાસી પણ રાખાલના કથનને અનુમોદન આપી બોલીઃ—“ ત્યારે શું રાખાલ કાંઇ તદ્દન જૂઠુંજ બોલે છે ? ગોપાળ! તને હવે ધીમે ધીમે જૂઠું બોલવાની ટેવ પડવા માંડી હોય એમ જણાય છે. ”

આમ કહીને પદ્મમણિ પાછી ગૌશાળા તરફ ચાલી ગઈ. “છો-કરો બહુ બગડી ગયો છે. ” એમ કહીને કુમુદિની દેવી પણ કામસર બીજા ઘરમાં ચાલી ગઇ.

શાંતિદેવીએ કહ્યુંઃ—“ વારૂ ગોપાળ ! શું થયું હતું કહે જોઇ-એ ! પૈસા નષ્ટ કર્યા હતા કે નહિ, કહે જોઇએ ! વળી જોઉં છું કે,

અત્યારે તારી પાસે તને સવારે આપેલા પૈસા પણ દેખાતા નથી! ત્યારે તે પૈસાનું તેં શું કર્યું? જો ભાઈ! આટલી નાની ઉમ્મરથી જૂઠું બોલતાં શિખીશ નહિ. જૂઠું બોલવામાં મોટું પાપ છે; પ્રભુ નારાજ થાય છે."

ગોપાળે કહ્યું:—"જૂઠું શા માટે બોલું? માતા, જેની તારા જેવી આદર્શ માતા હોય, તે બાળક કદાપિ જૂઠું બોલે ખરો કે? તું મને છેક નાનપણથી જ કહેતી આવે છે કે, જૂઠું બોલવું એ મોટું પાપ છે, તો પછી મારાથી જૂઠું શી રીતે બોલી શકાય? માતા, મેં પૈસા નષ્ટ નથી કર્યા, પૈસાથી એક પ્રાણીનું બંધન મુક્ત કર્યું છે."

જનની કાંઇ પણ સમજી શકી નહિ. 'એક પ્રાણીનું બંધન મુક્ત કર્યું છે,' ગોપાળ આ શું બોલે છે? આવો વિચાર કરી માતાએ કહ્યું:—"હું ધારૂં છું કે, પંખી તારા હાથમાંથી ઉડી ગયું છે!"

ગોપાળે કહ્યું:—"ના–મા! પંખી તો ઉડી ગયું નથી! મેં જ પંખીને ઉડાડી દીધું છે. પંખી પારધીના બંધનમાં બંધાયલું હતું; મેં તેને મુક્ત કરાવી દીધું છે."

શાન્તિદેવીએ કહ્યું:—"તું આ શું બોલે છે? આવી વાત તને કોણે શિખવાડી દીધી?"

ગોપાળે કહ્યું:—"શિખવાડી છે તે સંન્યાસી મહારાજે–તેઓ કહે છે કે, "જેઓ અનંત આકાશના ઉન્મુક્ત વાયુમાં વિચરણ કરનારાં છે, તેમને એક ક્ષુદ્ર પિંજરમાં પૂરી રાખવાં એ એક મહા પાપ છે. કોઇ પણ પ્રાણીની સ્વતંત્રતાનો લોપ કરવો, એ કઠિન હૃદયના માનવીનું કાર્ય છે. વાયુ વિહારી વિહંગને પરાધીનતા પાંજરામાં

પૂરવાનો મનુષ્યને કશો પણ અધિકારજ નથી. સૃષ્ટિમાં સર્વ જીવો સ્વતંત્ર છે, તેમને પરતંત્ર કરવાને પરમાત્મા વિના બીજું કોઇ પણ અધિકારી જ નથી." માતા! સંન્યાસીના એ સદુપદેશથી મેં પંખી-નું બંધન મોચન કર્યું છે! મા! તેમણે કહ્યું છે કે:—"બંધન જ સર્વ દુઃખોનું મૂળ છે, બંધન-મોચન જ પરમ સુખ છે!"

ગોપાળ તોતા પંખીની પેઠે આ બધી વાતો બોલી ગયો. પરંતુ માતાના હૃદયમાં એ સર્વ વાતો વિષમ વિષની પેઠે સાલવા લાગી. શાંતિદેવી ગોપાળનું મુખ ચુમીને બોલી કે:—"જે થયું તે થઇ ગયું છે. પણ હવે, આવી રીતે પૈસા નષ્ટ ન કરીશ, ભાઇ!"

બહારથી તે આવી વાત બોલી ખરી; પરંતુ તેના મનમાં એક કારણ દુર્ભાવના ઉપસ્થિત થઇ. તે વિચારવા લાગી કે:—"બંધન-મોચન! મારાથી નથી સમજી શકાતું કે, ગોપાળના મનમાં શું છે!" તેણે કર જોડી ભગવાનને સ્મરી કહ્યું:-ભગવાન્! તું ગોપાળને સુમતિ આપ! ગોપાળ તારોજ પદાશ્રિત છે!"

માતાની વાતનો ગોપાળે કાંઇ પણ જવાબ આપ્યો નહિ; પરંતુ મનમાં ને મનમાંજ કહ્યું કે:—"જો પૈસા કોઇ પણ વખતે મેળવીશ, તો બંધન-મોચનજ મારા જીવનનો હેતુ થઇ પડશે."

——:o:——

ચતુર્થ પરિચ્છેદ.

સ્વામિસમીપે

"But had no hearts to break his purposes."
—Tennyson.

દિવસ વીતી ગયો. રાત્રિ આવી. પતિ-પત્નીનો સાક્ષાત્ થયો.

શાંતિદેવીનું હૃદય ઉદ્વેગપૂર્ણ હતું. ગોપાળને સાથે લઇ સવારના પહોરમાં સ્વામી નાટોર તરફ રવાના થશે, એ વાત સાંભળ્યા પછી તેનું ચિત્ત ચંચળ થઇ ઊઠ્યું હતું. આ તરફ પાછા, સંન્યાસીની સાથે ગોપાળનો સાક્ષાત્કાર થવાના સમાચારથી અને ગોપાળના મુખેથી 'બંધન-મોચન જ પરમ સુખ' એવી ઉદાસિનતા ભરેલી વાત સાંભળવાથી, તેના ચંચળ ચિત્તની ચિંતાગ્નિમાં જાણે ઈંધન સંયુક્ત થયું હતું.

પતિને શયનગૃહમાં આવેલો જોઇ, પ્રથમ તેણે તેને પૂછ્યું: "ગોપાળની સર્વ વાત સાંભળીને ?"

હરિદેવ રાયે ઉત્તર આપ્યો:—" ગાંડા બાળકની ગાંડાઇની વાતમાં શું સાંભળવું ?

શાંતિદેવીએ કહ્યું:—" સંન્યાસીની સાથે ગોપાળની મુલાકાત થયા પછી ગોપાળને હું કાંઇક જૂદાજ સ્વરૂપમાં જોઇ રહી છું. તેનું મન અત્યંત ઉદાસીન બની ગયું છે. તેના હૃદયમાં 'બંધન-મોચન' નો મહામંત્ર ધુધવાટા કરતો ગાજી રહ્યો છે. એથી મારા મનમાં ઘણી ઘણી આશંકાઓનો ઉદય થાય છે. મારા ભાગ્યમાં શું લખાયું છે,

તેમને કોણ કહી શકે તેમ છે! હાય! મારા બાળકનું મન વિરાગી કેમ થવા માંડયું છે?"

હરિદેવે કહ્યું:—નજીવી વાતમાં પણ તું આટલી બધી વિચલિત થઇ જાય છે. નાનાં બાળકની બધી વાતોને શું ગણીને ગાંઠે બંધાતી હશે કે? બાળક શું બોલ્યા પ્રમાણે વર્ત્તતું હશે કે? ગોપાળ હજી અણસમજુ છે, તેને 'બંધન-મોચન'નું કાંઇ જ્ઞાનજ નથી."

શાન્તિદેવીએ કહ્યું:—" એની વાત સાંભળતાંજ મારૂં મન કોણ જાણે શા કારણથી કમ્પી ઊઠયું હતું અને મને અનેક અશુભ લક્ષણો જણાવા માંડયાં હતાં, એથીજ હું અત્યારે તમને આ બધી હૃદયની વાત ખોલીને કહી રહી છું."

આમ કહીને શાંતિદેવીએ પૂછ્યું:—" વારૂ, કાલે તમે ગોપાળને લઇને નાટોર જવાનું કહેતા હતા, તો આમ એકાએક નાટોર જવાની શી જરૂર છે? ગોપાળનું શું કામ પડયું છે?"

હરિદેવરાયે ઉત્તર આપ્યો:—" તેં સાંભળ્યું નથી કે, મહારાણી ભવાની પોષ્યપુત્ર ગ્રહણ કરવાની છે? તેના દીવાન દયારામરાયની સાથે મારી મુલાકાત થઇ હતી. તેમણે ગોપાળને લઇને મને નાટોર આવવાનું કહ્યું છે. આ તરફ પોષ્યપુત્ર ગ્રહણ કરવાના ઉત્સવનિમિત્તે નાટોરના રાજદરબાર તરફથી આમંત્રણ-પત્રિકા પણ આવી છે."

શાંતિદેવીએ કહ્યું:—" આમંત્રણ પાળવા માટે તમે જશો તો પણ ચાલી શકશે; એમાં ગોપાળને જવાની શી આવશ્યકતા છે? શું દીવાને પણ ગોપાળને સાથે લઇ જવાનું કહ્યું છે?"

હરિદેવે જવાબ આપ્યો:–" ના, દીવાને કહ્યું નથી; તેમ છતાં પણ તેને સાથે લઈ જવામાં મારો એક ખાસ હેતુ સમાયલો છે. મહા-

રાણી ભવાનીની નજરમાં જો આપણો ગોપાળ આવી જશે, તો તે અર્ધા બંગાળાનો અધીશ્વર પણ થઇ શકશે. પ્રાણેશ્વરી આ કારણથી જ હું ગોપાળને મારી સાથે લઇ જવાની ઇચ્છા ધરાવું છું."

આ વાત સાંભળીને, શાંતિદેવીના હૃદયમાં જાણે કાંઇ કાંઇ થઈ ઉઠયું. તેણે કહ્યું:—" તમે શું કહો છો, એ હું કાંઈ પણ સમજી શકતી નથી."

હરિદેવ રાયે કહ્યું:—" આપણો ગોપાળ જેવો સુલક્ષણ-સંપન્ન છે, તે પરથી તેને જોતાંની સાથેજ મહારાણીને તે પસંદ પડી જશે.

શાંતિદેવીએ કહ્યું:—" નાટોર જવાનું હોવાથીજ ઘણું કરીને મારા ભવાનીપ્રસાદ તથા રામપ્રસાદની સાથે મારા પિયરમાં ન જતાં, તમે એકદમ અહીં પાછા ચાલ્યા આવ્યા હશો ખરૂં ને વારૂ ?"

હરિદેવે કહ્યું:—હા, એમજ છે. ગોપાળ જો મારી સાથે હોત, તો હું બારોબાર ત્યાંથીજ નાટોર તરફ ચાલ્યો જાત. દિવસ થોડા બાકી છે, તેથી કાલેજ મારે રવાના થવું પડશે. ગોપાળને લેવા માટેજ હું ઘેર આવ્યો છું."

શાંતીદેવીએ કહ્યું:—" તમે શું ત્યારે તમારા મનમાં એમજ ધાર્યું છે કે, ગોપાળને મહારાણી ભવાનીનો દત્તક પુત્ર બનાવવો ? ના-ના, મારા જીવમાં જીવ હશે, ત્યાં સુધી તો હું મારા ગોપાળને મારાથી જરા પણ વિખૂટો પડવા થઇશ નહિ."

હરિદેવે કહ્યું:—" તું સમજતી નથી ! ગોપાળ રાજા થશે, આપણે અતુલ સંપત્તિના અધિકારી થઇશું. એ શું ઓછા સૌભાગ્યની વાત છે ! ભગવાન જો કૃપા કરી મ્હોં સ્હામું જૂએ, તોજ એવા સૌભાગ્યનો દિવસ સાંપડી શકે, સમજીને શાંતિદેવી !"

શાંતિદેવીએ કહ્યું:—"એવા સૌભાગ્યને હું ઇચ્છતી નથી! ગોપાળને હું કોઇ પણ પ્રકારે છોડવા માગતી નથી. મારો જીવ જશે, તો પણ મારા ગોપાળને હું કોઇને ખોળે બેસાડીશ નહિ. તમો જવાના છો, એથી ગોપાળને નાટોર જવું પડશે નહિ, હું જવા પણ દઇશ નહિ."

હરિદેવે કહ્યું:—"આ શું બોલે છે? મેં તો જવાનો બધો બંદોબસ્ત પણ કરી દીધો છે! સવારમાં પાલખી આવશે; હું ગોપાળને લઇને નાટોર જઇશ!"

શાંતિદેવીએ કહ્યું:—"તમારે જવું હોય, તો ભલે જાવ, ગોપાળને હું કોઈ પણ રીતે મોકલીશ નહિ. મારા અંતરના આરામને હું મારાથી પળવાર પણ વિખો મૂકીશ નહિ."

હરિદેવ રાય સહજ નારાજ થયો. પરંતુ તે ભાવને તે જાહિર ન થવા દેતાં સ્ત્રીને સમજાવવાની કોશિશ કરવા લાગ્યો. તેણે તેને સમજાવ્યું કે:—નાટોરનું ઐશ્વર્ય કેવું મહાન છે, જો ગોપાળ મહારાણીને પસંદ પડી જશે તો એ સર્વ ઐશ્વર્યનો સ્વામી તેજ થશે. તે ઉપરાંત એમ પણ જણાવ્યું કે, ગોપાળ ઐશ્વર્યનો અધિકારી થશે, તો તેમના દિવસો પલટાઇ જશે અને તે સાથે તેઓ સારૂં સુખ સંપાદન કરી શકશે."

પરંતુ શાંતિદેવીનું મન કોઈ પણ રીતે માન્યું નહિ. ભવિષ્યની કોઇ એક અકલ્યાણમયી ભાવનાએ ઘનીભૂત થઇને તેના હૃદયપર પોતાનો સંપૂર્ણ અધિકાર સ્થાપી દીધો. તેણે પોતાના સ્વામીને અત્યંત કરુણ સ્વરથી કહ્યું:—"તમે મને ગમે તેટલી સમજાવશો, તો પણ મારૂં મન કોઇ પણ રીતે સમજશે નહિ. તુચ્છ સંપત્તિની આ-

શાથી પ્રાણાધિક પુત્રને પરહસ્તમાં સમર્પણ કરવાનું સાહસ મારાથી થઇ શકશે નહિ."

હરિદેવરાયે ફરીવાર કહ્યું:—"ગોપાળને હું ત્યાં મૂકી આવવાજ લઇ જાઉં છું, એવો તું સ્વપ્નમાં પણ વિચાર લાવીશ નહિ. ગોપાળના જેવા સેંકડો બાળકો ત્યાં હાજર થશે. તેમાંનો જે બાળક મહારાણીની નજરમાં આવશે, તેનેજ મહારાણી પોતાના પોષ્યપુત્ર તરીકે ગ્રહણ કરશે. સેંકડો સેંકડો બાળકોમાંથી ગોપાળનેજ તે પસંદ કરશે, એવી આશા રાખવી એ માત્ર એક પ્રકારની દુરાશાજ છે!"

શાંતિદેવીને સુયોગ મળ્યો. તેણે મનમાં ને મનમાંજ વિચાર્યું કે;—"ભગવાન કરે ને એ આશા દુરાશાજ થાય!" આ પ્રમાણે વિચાર કરી તેણે જાહિર રીતે કહ્યું:—"ત્યારે પછી તમે ગોપાળને લઈ જવાનો આટલો બધો આગ્રહ કેમ કરો છો?"

હરિદેવે કહ્યું:—"તેનું કારણ કાંઇક જૂદુંજ છે. મહારાણીએ ફરમાન જાહિર કર્યું છે, કે જેઓ પોતાના મનોનીત પુત્રને સાથે લઇને રાજધાનીમાં આવશે, તેઓ પણ યથેષ્ટ વિદાયગીરીનું સન્માન પ્રાપ્ત કરી શકશે. એટલુંજ નહિ, તે બદલ અમુક ધન જમીન કે સંપત્તિ પણ સંપાદન કરી શકશે. તે ઉપરાંત, આપણું ભાગ્ય જો પ્રસન્ન થાય અને ગોપાળનેજ જો મહારાણી પસંદ કરે, તો પછી બીજી કાંઇ વાતજ નથી!"

શાંતિદેવીએ કહ્યું:—એવા ભાગ્યને પ્રસન્ન થવાની મને કશી દરકારજ નથી, તેવા ધન, જમીન કે સંપત્તિની મને લેશમાત્ર અભિલાષા પણ નથી. ઇશ્વરે જે કાંઇ આપ્યું છે, તેનાથીજ મને પૂરતો

સંતોષ છે. પુત્ર વેચી પૈસાદાર થવામાં કશો સાર નથી.”

હરિદેવે કહ્યું:—“ ઇશ્વર ઇચ્છાથી આપણે ત્રણ પુત્રો છે, તે-માંના એકને દત્તક આપીને આપણે જો અતુલ સંપત્તિના અધિકારી થઇ શકીએ, તો તે શું વાંછનીય નથી ?”

આ વાતે શાંતિદેવીના હૃદયને બાણની પેઠે વીંધી નાંખ્યું. તેણે ઉસ્કેરાયલા અવાજથી કહ્યું:—“ ના—ના ! કદાપિ વાંચ્છનીય નથી ! જેને બે આંખો છે, તે શું એક આંખને ફોડી નાખી શકે છે ! જેને બે હાથ છે, તે શું એક હાથ કાપી આપવાને સમ્મત થાય છે ? તમે મને આ શી લાલચ આપો છો. લાલચમાં લપટાય તેવી લલનાઓ અનેક હશે, પણ પ્રભુ ! મને તેવી લાલચુ માનશો નહિ. પુત્રના વિનિમયમાં સંપત્તિ મેળવવીએ શું કોઇ પણ પ્રકારે ઉચિત ગણાય ખરૂં કે ? જગતમાં પુત્ર હશે તો સંપત્તિ ઘણી આવી મળશે ! એવી સંપત્તિનું મારે કામજ નથી ! ન કરે નારાયણને કદાચ તેવી દુર્દશાનો દિવસ આવશે તો પતિપત્ની બન્ને મળી ભીખ માગી લાવી ત્રણે સંતાનોનું પાલન કરીશું, પરંતુ પારકાના હાથમાં પુત્રરૂપી રત્નને કદાપિ સમર્પણ કરી શકીશું નહિ. નાથ ! માયાવિની લક્ષ્મીએ તમારા હૃદયમાં એટલો બધો પ્રબળ અધિકાર જમાવી દીધો છે કે જેના યોગે તમે પુત્રના પ્રેમને પણ વિસરી ગયા છો. મનુષ્ય સંપત્તિ મેળવે છે, ઝાઝાં થોડાં કરે છે, પણ તે બધું કોને માટે ? કેવળ પુત્રને માટેજ ! એજ પુત્રને શું તમે બીજાના હાથમાં વેચી અથવા દત્તક આપી પૈસા પ્રાપ્ત કરવાની અભિલાષા ધરાવો છો ? પિતૃપ્રેમને વિસર્જન કરી પુત્રને પરહસ્તમાં સોંપવાને તૈયાર થયા છો ?” આમ કહી શાંતિદેવી બન્ને ગાલપરથી આંસુની અવિરલધારા વહેવ-ડાવા લાગી.

પત્ની અત્યંત વિચલિત થઇ છે, એમ ધારીને હરિદેવરાય ધીમે ધીમે તેને કહેવા લાગ્યોઃ—" સારૂં, હું તારી પાસે પ્રતિજ્ઞા કરૂં છું કે, હું ગોપાળને ત્યાં મૂકી આવીશ નહિ. મહારાણી જો કદાચ ગોપાળને પસંદ કરશે, તો પણ હું ગોપાળને ઘેર પાછો લઈ આવીશ. ઘેર લાવ્યા પછી જો તારી ઇચ્છા હશે, તો ગોપાળને મોકલી આપીશું અને ઇચ્છા નહિ હોય, તો નહિ મોકલીએ."

શાન્તિદેવીએ આંસૂ ભરેલી આંખોથી, ગળગળા અવાજથી કહ્યુંઃ—" તો પછી લઈ જવાની જરૂરજ શું છે? પ્રભુ! મને બાળકનું ભાવિ ભીષણ જણાય છે."

હરિદેવે કહ્યુંઃ—" એ તો મેં તને પ્રથમથીજ કહી દીધું કે મહારાણીએ પોતાના મનોનીત બાળકને સાથે લઇને રાજધાનીમાં હાજર થવાનું જાહિર ફરમાન બહાર પાડયું છે, છતાં વારંવાર આવો પ્રશ્ન શા માટે પૂછે છે? વળી એકવાર બાળકને સાથે ન લઇ જવાથી મહારાણીના ફરમાનનો અનાદર થશે. શું તું ગોપાળને મારી સાથે ન મોકલીને રાજરાણીની આજ્ઞાનો અનાદર કરવાની અથવા સત્યને છૂપાવી અસત્યને પ્રકટ કરવાની ઇચ્છા ધરાવે છે? રાજરાણીને પણ છેતરવા માગે છે?"

શાંતિદેવીને વિચાર કરવાનો વખત મળ્યો નહિ. તે ઉદ્વેગને વશ થઇ બોલી ઉઠીઃ—" હા—પુત્રના કલ્યાણ માટે, હું તેમ પણ કરવા માગું છું. સંસારમાં સર્વ સુખોનો સાર માત્ર પુત્રજ છે. હજાર પુત્રની માતા પણ એક પુત્રના વિયોગથી મહાવ્યથિત થાય છે. પુત્રને પરહસ્તમાં સોંપતા કોઇ પણ સ્નેહવતી પુત્રપ્રેમી માતાનું મન માનતું નથી, એ વાતનો તમે વિદ્વાન હોવા છતાં પણ કેમ કાંઇ વિચાર કરતા નથી?"

હરિદેવે કહ્યું:—"રાજરાણીની પાસે સત્યને છૂપાવી રાખવાથી કિંવા તેની આજ્ઞાનો અનાદર કરવાથી આલોક તથા પરલોકમાં અસહ્ય કષ્ટ ભોગવવું પડશે. તું ધર્મ પરાયણા છે, તું બુદ્ધિમતી; સહધર્મિણી થઇને, શું મને પાપપંકમાં ડૂબવાની સલાહ આપે છે?"

શાંતિદેવી સંકુચિત થઇ. તે વિચારવા લાગી કે, તે જાણે અનેક અપરાધ કરી બેઠી છે! ત્યારે અનેક વાતો તેના મનમાં આવવા લાગી. પતિની વાતમાં પ્રતિવાદ કર્યો છે, તેના હૃદયપર આઘાત કર્યો છે, તેને માટે તેણે ઘણો ઘણો પસ્તાવો કર્યો. એક તો પુત્રના ત્યાગની આશંકા અને તે ઉપરાંત અસંતોષ ઉપજાવનારો અનુતાપ એ બન્નેએ મળીને તેના હૃદયપર પોતાની સંપૂર્ણ સત્તા સ્થાપી દીધી.

રડતી રડતી સ્વામીનાં ચરણોમાં પડી શાંતિદેવી બોલી:—"મારા અપરાધને લક્ષમાં લાવશો નહિ. પ્રાણનાથ! આપને જેમ સારૂં લાગે, તેમ કરો. તેમ છતાં મારી આપને એક છેવટની ભલામણ એ છે કે, રસ્તામાં મારા ગોપાળને જરા પણ દુઃખી થવા દેશો નહિ, રાજધાનીમાંથી પાછા આવતી વેળાયે કોઇ પણ રીતે તેને ત્યાં મૂકતા આવશો નહિ."

—:o:—

પંચમ પરિચ્છેદ.

લોભ

लोभात् क्रोधः प्रभवति लोभात् कामः प्रजायते ।
लोभान्मोहश्च नाशश्च लोभः पापस्य कारणम् ॥

—हितोपदेश ।

મહારાણી ભવાની દત્તક પુત્ર ગ્રહણ કરવાની છે, એવા સમાચારથી કેવળ હરિદેવ રાયનું કુટુંબજ ઉદ્વેલિત થઇ ઉઠયું હતું; એમ નહોતું;બંગાળાનાં બીજાં પણ અનેક ઘરો એ આંદોલનથી આંદોલિત થઇ ઉઠયાં હતાં.

કૃષ્ણનાથ રાયને બે પુત્રો હતા. તેની સ્થિતિ જોઇએ તેવી સારી નહોતી. એથી તે એક પુત્રને નાટોર-રાજધાનીમાં લઇ જવા માટે વ્યસ્ત થઇ ગયો હતો. પત્ની મહામાયાની સાથે ઘણા દિવસ થયાં એ સંબંધમાં સલાહ ચાલતી હતી.

કૃષ્ણનાથ કહેતો હતો કેઃ—“ ઘણાં માણસો ઘણાં બાળકોને લઇ જશે; અનેક માણસોની અનેક પ્રકારની સિફારસ ચાલશે; આવી સ્થિતિમાં આપણાં ભાગ્ય એવાં પ્રબળ ક્યાંથી હશે કે, આપણા રઘુનાથની તરફજ મહારાણીની નજર પડશે ! ”

મહામાયાએ કહ્યું:—“ એટલા માટે તો હું બે દિવસ અગાઉ લઇ જવાનું કહેતી હતી. પહેલવહેલોજ જો એ એકવાર નજરે પડી જશે, તો મહારાણીને અવશ્ય પસંદજ આવી જશે. માટે હું કહું છું કે, તમે કાલેજ નાટોર તરફ રવાના થાવ. ”

કૃષ્ણનાથે કહ્યું:-" આગળથીજ શું તેઓ બાળકને જોશે ? મેં સાંભળ્યું છે કે, જેટલા દેશોમાંથી જેટલા બાળકો જશે, તેઓ સર્વને એકી સાથે બેસાડી રાખીને, મહારાણી ભવાની તેમાંના કોઇ એક સારા મનમાન્યા બાળકને પોતાના પોષ્યપુત્ર તરીકે ગ્રહણ કરશે."

મહામાયાએ કહ્યું:-" પહેલેથી લઇ જઇને કોઇ પણ પ્રકારે એકવાર બતાવી શકશો નહિ ? રાજમહાલયમાં તમે પોતે કદાચ ન જઇ શકો તો, રાજમહાલયના નોકર ચાકરોની સાથે બંદોબસ્ત કરાવીને પણ રઘુનાથને મહાલયમાં મોકલાવી શકો તેમ છો ! એને માટે તેમને કાંઇ આપવું પડે, તો તે ઉત્તમ છે. આપણો રઘુનાથ દેખાવમાં જેવો સુંદર છે, તેથી તેને જોવાથી મહારાણી કદાપિ નાપસંદ કરશે નહિ. ગમે તેમ કરી તમે રઘુનાથને લઇ જઇને મહારાણીની સ્હામે એકવાર હાજર કરવાની વ્યવસ્થા કરો. બે દિવસ અગાઉ જવાથી, તમે એ સર્વ બંદોબસ્ત અવશ્ય કરી શકશો."

કૃષ્ણનાથે કહ્યું:-" કોશિશ કરવામાં કશી ખામી રાખીશ નહિ. રઘુનાથને ગમે તે રીતે ત્યાં મૂકી આવવાનોજ બંદોબસ્ત કરીશ. બસ, કાલેજ હું રવાના થઇશ."

મહામાયા વિચારવા લાગી:-" રઘુનાથ રાજા થશે; અમારાં સર્વ દુઃખો દૂર થશે; અમે રાજ્યના ઐશ્વર્યનાં અધિકારી થઇશું; એનાથી વધારે આનંદની વાત બીજી કઈ હોઇ શકે ? " આવો વિચાર કરી તેણે ખુલ્લી રીતે કહ્યું:-" ગમે તેમ કરીને તમે રઘુનાથને રાણીની નજરે લગાડવાની કોશિશ કરજો, એમાં પાંચ પૈસાનું પાણી થાય કે રાણીનાં માણસોનાં મ્હોં મીઠાં કરવાં પડે, તો પણ કશી કસર રાખશો નહિ."

એમજ નક્કી થયું. બીજે દિવસે પ્રભાતમાં, રઘુનાથને સાથે લઇને, કૃષ્ણનાથ નાટોર, રવાના થશે, એવો બંદોબસ્ત થઇ ગયો. માતા પિતાના મનમાં અનેક અવનવી આશાઓ ઉપજવા લાગી. તેમણે બન્નેએ ખરા જિગરથી ધારી લીધું કે, અમારો રઘુનાથ ખરેખર રાજા થશે, અમો તેને દત્તક આપીને અતુલ સંપત્તિ સંપાદન કરી શકીશું, અમારી આ તદ્દન ગરીબ હાલત પલટાઇ જશે અને અમીરી સાહિબી આવી મળશે.

કૃષ્ણનાથે કહ્યું:—" લક્ષ્મી ! તુંજ જીવનનો સાર છે ! તારા વિના મનુષ્ય અવતાર અફળ છે. તારો પ્રભાવ વિલક્ષણ છે. સમસ્ત સંસાર તારો દાસ છે. 'વસુ વિના નર પશુ એમાં જરા પણ ખોટું નથી. હાયરે લક્ષ્મી ! હાયરે દોલત ! તારી પણ બલિહારીજ છે ! "

મહામાયાના હૃદયમાં પણ પ્રતિધ્વનિ ઉઠયો:—" અર્થ ! તુંજ સાર ! તારા વિના સંસાર અસાર ! અર્થથી સર્વ કાંઇ થઇ શકે છે. 'નાણાં વિના નર નિમાણા' એ કહેવત અક્ષરે અક્ષર ખરી છે ! ધન્ય અર્થ, ધન્ય છે, માયા ! તમો સર્વને હજારોવાર ધન્ય છે ! "

પતિ પત્ની બન્ને જણાં લક્ષ્મીની લાલચથી વ્યાકુળ થઇને પ્રાણ-પ્રિય પુત્ર રઘુનાથને વિદાય આપવાને પ્રસ્તુત થયાં.

× × × × × × × ×

બીજે દિવસે પ્રભાતમાં નાટોર તરફ રવાના થતી વેળાયે રઘુ-નાથ રડી પડયો. પિતા સમજાવવા લાગ્યો:—" નાટોરના નિમંત્રણમાં જવાનું છે, માતાએ સમજાવ્યું કે:—" ઘણું સારૂં સારૂં ખાવાનું મળશે, સારા સારા ઘણા પોશાક મળશે, ઘણા રૂપિયા મળશે, માટે જા

ભાઇ, જલ્દી જા ! આમ નાહક હઠ ન કર. તારા પિતા સાથે છે, તો તને શો વાંધો છે ? ”

પરંતુ બાળક જવાને નારાજ થયો તે રડી રડીને કહેવા લાગ્યોઃ– “ ના–મા, હું નહિ જાઉં ! ના–બાપા, હું નહિ આવું. હું ખાવાનું ઇચ્છતો નથી, મને રૂપિયાની પણ કશી દરકાર નથી. મને બળાત્કારે ન લઇ જાવ. ”

કૃષ્ણનાથ અને મહામાયાએ તે વાતને કાન પર ધરી નહિ. તેઓ એકવાર ધિક્કારીને તો એકવાર સમજાવીને રઘુનાથને નાટોર જવા માટે સમજાવવા લાગ્યાં.

ષષ્ટ પરિચ્છેદ.

બંગાળાની અવસ્થા.

“ Let the dead past bury its dead.”

—Longfellow.

આમો જે સમયની વાર્તા શરૂ કરીએ છીએ, તે સમયે બંગાળાની અવસ્થા ઘણીજ વિપ્લવમય હતી. બંગાળાનું રાજનૈતિક ગગન તે સમયે ઘનઘટાચ્છન્ન હતું. લોકપ્રિય નવાબ અલીવર્દીખાં આ સંસારનો ત્યાગ કરી ગયો હતો. તેના પ્રેમપાત્ર દૌહિત્ર સિરાજુદૌલાએ બંગાળાની મસનદ–રાજગાદી પર અધિકાર સ્થાપી બેઠો હતો. બંગા

સિંહાસનની ચારે બાજુએ કારસ્થાનનો જાળ વિસ્તરી પડયો હતો. સર્પપ્રકૃતિ કારસ્થાનીઓની વિષ-જિવ્હાએ વિસ્તાર કરી દીધો હતો.

૯. સન ૧૭૫૭ માં બંગાળાપરથી એક વિષમ અશાંતિનો પ્રવાહજ પ્રવાહિત થઈ ગયો હતો. એક તરફ અંગ્રેજ, એક તરફ ફ્રેન્ચ, એક તરફ મોગલ, એક તરફ મરાઠા, એક તરફ નવાબ, એક તરફ તેના વિશ્વાસ-ઘાતક સોબતીઓ આદિ સર્વેએ માંસલોલુપ માર્જાર (બિલાડા) ની પેઠે બંગાળા તરફ પોત-પોતાની લોલુપ દૃષ્ટિ સંચાલન કરી હતી. બંગ-લક્ષ્મી કયે દિવસે કયા ભાગ્યવાનના ગૃહને પવિત્ર કરશે, એનો કોઇનાથી પણ નિર્ણય થઇ શકતો નહોતો. કોઇ ધારતું હતું કે:-" નવાબનો પ્રબળ પ્રતાપ છે, વિશાળ સૈન્ય છે. એથી જે કોઇ એની સ્હામો થશે, તે પાણીના પ્રબળ પ્રવાહમાં તણાતાં તણખલાંની પેઠે તણાઇ જશે; પરાજય પામી પૃથ્વીમાંથી પ્રલય પામશે. "

કોઇ એવી કલ્પના કરતું હતું કે:—" વિશ્વાસઘાતકોનાં ષડયંત્ર-રૂપ પ્રસ્તરસ્તૂપ સ્હામે પડવાથી, તે પ્રવાહનો વેગ આપોઆપ મન્દી-ભૂત થઇ જશે. " કોઈ એમ ધારતું હતું કે:—" ઔરંગજેબના કહેલા તે ' પહાડી ઉંદર ' મરાઠાઓજ અમુક કાળે ભારતના એક છત્ર આધિપત્ય પ્રાપ્ત કરી શકશે. " કોઇની એવી માન્યતા હતી કે:-" દિવસે દિવસે ઉન્નતિ કિંવા અભ્યુદય પ્રાપ્ત કરતી ફ્રેન્ચ-જાતીજ ભારત સામ્રાજ્યની અધીશ્વર થશે. " કોઇ એમ માનતું હતું કે:-દક્ષિણમાં કલાઇવના આર્કટ અવરોધથી સહુની સકળ આશાઓજ દૂરીભૂત થઇ છે. હવે ઇંગ્લંડની લલાટ લિપિમાં જ ભારત-સામ્રા-જ્ય મળવાના પરિચયનાં લક્ષણો પરિદૃશ્યમાન થઈ રહ્યાં છે. "

ઇ. સ. ૧૭૫૭ ના જૂન માસની ૨૩ મી તારીખનો દિવસ પ્લાસી-ના મેદાનમાં ભાગ્ય પરીક્ષાનો અંતિમ દિવસ હતો. નવાબના ગૃહનો પરિત્યાગ કરીને, સૌભાગ્યલક્ષ્મીએ તે દિવસે અંગ્રેજોનું ગૃહ પવિત્ર કર્યું હતું. ઇતિહાસમાં એ એક સ્મરણીય ઘટના છે ! ”

પ્લાસીના આમ્રકાનનમાં કેટલાક સૈન્ય-સહ કલાઇવની લડાયક તૈયારી, અગણિત સૈન્ય હોવા છતાં પણ મીરજાફર આદિ પ્રમુખ પ્રધાન સેનાપતિઓની વિશ્વાસઘાતકતાથી સિરાજનો પરાજય, નવાબનું પલાયન અને તેનો ભયાનક હત્યાકાણ્ડ, જયોલ્લાસે કલાઇવનો મુર્શીદા બાદમાં પ્રવેશ, મીરજાફરની રાજ્યપ્રાપ્તિ, આદિ સર્વ ઘટનાઓ સર્વના સ્મૃતિ-પટમાં ઉજ્જ્વલ થયેલી છે. ઇતિહાસના વાચકો, એ સર્વ સમાચારથી જાણીતા છે. વિસ્તાર વધી જવાના ભયથી અમો આ સ્થળે એ પ્રસંગને ઉપસ્થિત કરવાનું ઉચિત ધારતા નથી.*

સાંભળ્યું છે કે, એ પ્લાસીના યુદ્ધના થોડા વખત પહેલાં નાટોર રાજધાનીમાં મહારાણી ભવાનીનો પોષ્યપુત્ર ગ્રહણ કરવાનો ઉદ્યોગ થયો હતો. એ પ્લાસીના યુદ્ધ પછી જ મહારાણી ભવાનીના દત્તકપુત્ર પુત્ર લેવાના ઉત્સવ-સમારોહથી નાટોર રાજધાની આનંદિત થઈ હતી. પ્લાસીનાં યુદ્ધ પહેલાં કેટલાક દિવસે હો અથવા ત્યાર પછી કેટલાક દિવસે હો, પણ મહારાણીએ જ્યારે દત્તક ગ્રહણ કર્યો, ત્યારે બંગદેશ અનેક પ્રકારે સંકટથી ઘેરાયલો હતો, તેનાં પ્રમાણોનો કશો અભાવજ નથી. ભાગીરથીના પૂર્વ કિનારા અને પશ્ચિમ કિનારા,

* વિશેષ માહીતી માટે અમારા તરફથી સિરાજુદ્દૌલા એ નામનું પુસ્તક હવે પછી બહાર પડશે.

વ્યવસ્થાપક, ગ્યં. સ્મા. ગ્રંથમાળા.

બન્ને કિનારાપર જ્યારે અનેક ઉચ્છૃંખતા વિરાજમાન હતી ત્યારે પણ મનુષ્ય-ચોરીનો ભય દૂર થયો નહોતો. ત્યારે પણ લૂટફાટના સમાચાર સર્વદાજ સંભળાતા હતા. મહારાણી ભવાનીએ પોતાના રાજ્યમાં શાંતિ સ્થાપવાની યથાસાધ્ય ચેષ્ટા કરી હતી ખરી, પરંતુ આજૂબાજૂના ઉપદ્રવથી તે પણ વારંવાર નિષ્ફળ થઇ હતી, એ વાત કહેવાની કશી પણ આવશ્યકતા જ નથી. જેઓ રક્ષક હતા, તે સમયે તેઓજ ભક્ષક થઇ ઉભા હતા. દેશમાં શાંતિનું નામ નહોતું, પ્રજાની આબાદી બિલ્કુલ જળવાતી નહોતી, સર્વત્ર ભીષણ હાહાકાર વ્યાપી ગયો હતો.

સપ્તમ પરિચ્છેદ.

વિષમ-વિપદ !

"–સવિસ્મયે નિરખી નયનથી નજીકમાં;
ભીષણ ભાવ દર્શાવતી વિકટ પ્રતિમા."

મેઘનાથ-વધ.

રૂપનગરના છેડાપર કાલ-સરોવર નામનું એક સરોવર અથવા જળાશય હતું.

કાળ સરોવરના કાળા જળમાં કિનારાપરના આંબા-અશોક આદિ વૃક્ષોની છાયા પડતી હતી અને તે સુનીલ ગગનગાત્રમાં વિરાજતી કૃષ્ણ મેઘમાળા સમાન જણાતી હતી. મધ્યાન્હ સમયે, મૃદુ-તરંગોથી, તે કૃષ્ણ-સ્વચ્છ જળરાશિ નાચતો હતો, કૂદતો હતો, ખેલતો હતો. કોઇવાર વૃક્ષનાં ઓથમાંથી આવતા આલોકની રશ્મિ,

જળની સપાટીપર ચકિત દૃષ્ટિ નાખતી હતી; કોઇવાર ટોળાંબંધ ઉડતાં પંખીઓની ચંચળ છાયાથી, જળ રાશિના વિશાળ અને પ્રશાન્ત વક્ષપર કાળી રેખાનો સંચાર થતો હતો; કેઇવાર દિવસના અવસાન ની આશંકાથી. માળાઓની શોધમાં ફરતાં પક્ષિઓ કલકલ નિનાદથી કિનારાની ભૂમિને કંપાયમાન કરતાં હતાં; કોઇવાર નજીકમાંથી આ-વતી સુંદરીઓના ઝંઝરના ઝણુકાર અને કંકણના ખખડાટથી મોહન મંત્રનું મધુર સ્મરણ થઈ આવતું હતું.

બે યુવતીઓ તે દિવસે સાંઝે કાલ સરોવરમાં સ્નાન કરવા આવી હતી. તેમના સૌન્દર્યની પ્રભાએ કાળ સરોવરનું કાળું જળ જાણે સુંદર કરી દીધું હતું. સુનીલ ગગનમાં શોભતા નક્ષત્ર–પુષ્પ સમાન અથવા સરોવરના વિકસેલાં કમળોની સમાન, છાતી સુધી ઢંકાઇને તે બન્ને સુંદરીઓ સરોવરમાં સ્નાન કરી રહી હતી અને એ ઉભય સુંદરીઓની કમનીય કાન્તિએ સરોવરના સલિલની સપાટીને પ્રકાશિત કરી દીધી હતી. યુવતીઓ સ્નાન કરતી વેળાયે વાતચીતમાં ભારી મશગુલ થઇ ગઇ હતી. તેમના હાથમાંના કળશો, તરંગના ઉછાળાથી હાલતા ડોલતા નાચતા નાચતા તણાઇ જતા હતા. ઉઘાડું અવગુંઠન વાયુના વેગથી જળની સપાટી સાથે ક્રીડા કરી રહ્યું હતું. તરંગોથી ઉછળતો જળરાશિ છાતી ઓળંગીને, કોઇવાર ગુલાબ જેવા કોમળ ગુલાબી ગાલો અને કોઇવાર વેણીબદ્ધ કૃષ્ણ કેશ–પાશ પાસે આવીને આઘાત કરતો હતો.

બન્ને યુવતીઓમાંની એકનું નામ તારા; બીજીનું નામ શ્યામા હતું.

સાંઝે કાલસરોવરમાં સ્નાન કરવા આવી, એકાંત મેળવી, તેઓ બે ચાર હૃદયની વાતો કહી રહી હતી. વાતની વાતમાં તારાએ

કહ્યું:—" તારા ભાઇ જ્યારે ગયા છે, ત્યારે જરૂર લઇને જ આવશે."

શ્યામા વિશ્વાસ સ્થાપન કરી શકી નહિ. શ્યામાએ ઊંડો નિઃશ્વાસ મૂકી કહ્યું:—" ભાભી એવું મારા ભાગ્યમાં કયાંથી હોય ? જો તેમજ હોય, તો આવા સમાચાર કેમ આવે. "

" શ્યામા બ્હેન ! એ સમાચાર બિલકુલ ભરોસાદાર નથી. " તારાએ કહ્યું.

" ભાભી ! મારા ભાગ્યમાં બધું બની શકે તેમ છે ! નહિ તો સસરાજી નારાજ કેમ થાય ? "

" એ તો તેઓ રૂપિયાના લોભથી ઢગી પડયા છે ! "

" તેઓ તો આવશે એમ કહી ગયા છે, છતાં કેમ નહિ આવ્યા હોય ? " તારાએ કહ્યું.

" કદાચ કાંઇક જંજાળમાં પડી ગયા હશે. હું ધારૂં છું કે, તેઓ હમણાંજ આવશે મને ખાત્રી છે કે, અમારા જમાઇ એવા માણસ નથી. " તારાએ કહ્યું.

" ભાભી ! તું તો મારા સસરાને ઓળખતીજ નથી ! તેઓ તો એક વચની માણસ છે; જેમ ધાર્યું હોય, તેમજ કરે છે ! કોઇની વાતને તેઓ કાનૂપર ધરતા નથી. એવા જક્કી માણસ આ દુનિયામાં બીજા કોઇ જવલ્લેજ મળી આવશે. " શ્યામએ કહ્યું.

" પણ જમાઇરાજ કાંઇ તમારા બાપનો મત ફેરવી શકશે નહિ ! " તારાએ કહ્યું.

" તેમની શી તાકત છે ! બાપની પાસે મ્હોં ઉંચું કરી બોલવાની તેમનામાં તાકાતજ નથી, તો પછી તેઓ મારા બાપની

વાતને શી રીતે માન્ય કરી શકશે, ભાભી ?" શ્યામા બોલી.

"વારૂ, તમને તેડી જવાની જે વાત થઈ હતી, તેનું શું થયું ? તારાએ કહ્યું.

"અરે શું એ તે શું લઇ જવાના હતા ? હવે તો તેઓ નવી વહુ કરીને ઘર માંડશે. તેમને ઘેર મને હવે આશરો મળી શકશે નહિ. ભાભી! એ આશા રાખવી હવે છેક નકામી છે!"

આમ કહીને શ્યામાએ એક ઉંડો નિઃસાસો મૂક્યો.

તારાને હસવું આવ્યું. તે હસવું દબાવીને, તારા બોલીઃ— "જો તેમજ થવાનું હોય, તો પછે તેને માટે આવી નકામી ચિંતા શા માટે કરો છો ? જમાઇરાજ જો બીજે લગ્ન કરશે, તો અમે પણ ફરીવાર તમારાં લગ્ન કરીશું." તારા આમ કહી મનમાંજ હસવા લાગી.

શ્યામાને સહજ ગુસ્સો ચઢ્યો. શ્યામા બોલીઃ—"બધી વાતમાં તું મશ્કરીજ કરે છે, ભાભી, તારી આ ટેવ મને બિલકુલ પસંદ નથી. હવેથી તું મારી આવી મશ્કરી ન કરતી."

"તમે ધારતાં હશો કે હું તમારી મશ્કરી કરૂં છું, પણ બ્હેન! એમ ધારવામાં તમારી ભૂલ થાય છે. કેમ, પુરૂષોજ દશવાર લગ્ન કરી શકે અને સ્ત્રીઓને બીજીવાર લગ્ન કરવાની વાતમાં પણ મોટો દોષ લાગી જાય, એ વળી કયાંનો ન્યાય, કયાંનો ઇન્સાફ! હું ખરૂંજ કહું છું કે, જમાઇ જો બીજાં લગ્ન કરશે, તો હું તમારા ભાઇને કહીને, તમારે માટે કાર્તિકેયના જેવો નવો જમાઈ લાવી આપીશ. કેમ, હવે તો ચિંતા દૂર થઇ ને ?"

" તું ભાભી ! શા માટે મશ્કરીમાં નકામો વખત વીતાડે છે ! તેઓ કુલીન છે; કુલીનો સો બસો લગ્ન કરી શકે ! સસરાજી તેમના દીકરાને એકવાર પરણાવીને નિશ્ચિંત શી રીતે રહી શકે ભાભી ! આટલા દિવસમાં પાંચ પંદર વાર લગ્ન કર્યા નથી, એમાં પણ મારે મારૂં નસીબજ માની લેવું જોઇએ. " સ્યામાએ કહ્યું.

" તમે રામને પણ ભજો છો ને રહિમને પણ ભજો છો અથવા દહિમાં ને દૂધમાં એકેમાં પગ રાખો છો.

તારાઃ—" તું તો બન્ને બાજુ ઢોલકી બજાવે છે. તે ભલને દસ કન્યા પરણે ! તે માટે તને આટલી બધી ચિંતા કેમ થાય છે ? "

આપણે પોતે બોલીએ તે આપણને શોભા ભર્યું લાગે, પરંતુ તેજ વચનો બીજું કોઈ બોલે તો તે સહન થતું નથી;—માણસ માત્રનો એજ સ્વભાવ છે, તારાના વચનોથી સ્યામાના હૃદયમાં ભારે ધ્રાસકો પડયો. સ્યામા ઉપરના વાક્યોનો જવાબ આપી તારાપર જીત મેળવી શકી નહિ. તેથી તે કાગડાની આંખો જેવી તળાવડીનાં કાળાં પાણીમાં સ્યામાની આંખોનાં અશ્રુઓ પડયાં.

સ્યામાની આંખોમાંથી પાણી પડતું જોઇ તારાનું હૃદય ગળી ગયું તારા સહાનુભૂતિ દર્શાવી બોલી,:—" બહેન ! તું ગાંડી થઇ છે કે શું ? તેઓના સ્વભાવવાળો માણસ કદી પણ બીજી પરણવા તૈયાર થાય કે ? તું નક્કી માનજે કે, તે તેમ કદી પણ નહિ કરે."

સ્યામાઃ—" ખરૂં કહાવે તો ભાભીના એ સહાસથીજ મને આટલું સાહસ આવ્યું છે, તેનું સરલ મુખડું યાદ આવતાંજ મને નક્કી લાગે છે કે તે કદી પણ મારો ત્યાગ નહિ કરે. "

આટલાં વાક્યો બોલતાં બોલતાં સ્યામાની આંખો વળી આંસૂથી ભરાઇ આવી.

સ્યામાનાં હૃદયના ઉચ્છ્વાસો નિહાળી તારા સાન્ત્વના કરવા લાગી—"બ્હેન, તું શા માટે આટલી બધી દીલગીર થઈ જાય છે? જ્યારે તારા ભાઇ જાતેજ ગયા છે, ત્યારે પછી શી ચિંતા છે, તે પોતે જમાઇરાજને તેડી લાવશે. હમણાંજ કદાચ આવી પણ પહોંચશે. તું જરા પણ મુંઝાઇશ નહિ."

સ્યામાઃ—"ભાભી, તથાસ્તુ—તારા મ્હોંમાં સાકર! જો એક વખત તેનું દર્શન થશે, તો હું તેમને પગે પડી વિનંતી કરીશ—"

સ્યામા વધુ બોલી શકી નહિ. તેની છાતીપર પ્રેમનાં અશ્રુબિન્દુ પડવા લાગ્યાં. તારા નાના—પ્રકારના વાક્યોથી તેને સમજાવવા લાગી. પરંતુ સ્યામાનો ઉદ્વેગથી મુંઝાતો જીવ કંઇ પણ માનતો નહોતો.

વાત વાતમાં ઘણો સમય વીત્યો. સરખી ઉમરના સોબતી વિના બધાંને તેઓની વાતચીતમાં જોડાવું યોગ્ય નહોતું, માટે સ્યામાની વાતોમાં તારા અને તારાની વાતોમાં સ્યામા ભાન ભૂલી ગઇ. બીજાં જે કોઇ તળાવડી પર નહાવા આવ્યાં હતાં, તેઓ ઘેર જતાં રહ્યાં.

સ્યામાનો સંદેહ દૂર થતો નહોતો. તારા તેને સમજાવી સમજાવી થાકી પણ સ્યામાના મનનું સમાધાન ન કરી શકી. સંધ્યાના ડગલે ડગલે જેમ પૃથ્વીપર અંધકાર છવાતો જાય, તેમ સ્યામાના હૃદયમાં અંધકારના ફેલાવા સાથે સાથે નવા નવા સંદેહો અને નિરાશાઓ છવાવા લાગી, તેનું હૃદય છેવટે અંધકારથી છવાઇ ગયું.

આ તરફ ગોધુલીનો સમય વીતતાં સંધ્યાકાળ થયેલો જોઇ

તારાએ સ્યામાને કહ્યું:–" સંધ્યાકાળ થયો. ચાલ બહેન ઘેર જઇએ."

પ્રકૃતિ નિસ્તબ્ધ હતી, કાલાદીઘિનું કાળું પાણી નીરવ હતું, કાંઠાપરના ઝાડો એ નીરવતામાં ગંભીરતા ફેલાવતાં હતાં, કોઇ કોઇ વખતે ઝાડોના મધ્ય ભાગમાંથી એકાદ બે પક્ષીઓનો કલરવ સંભળાતો હતો; કોઇ વખતે એકાદ બે નિશાચર પક્ષીઓ એક ઝાડપરથી બીજાં ઝાડપર ઉડી બેસતાં હતાં; કોઈ વખતે તમરાંના અવાજથી તલાવડીનો એકાદ ભાગ મુખરિત થઇ રહેતો હતો.

તારાના બોલ સાંભળી સ્યામાને ભાન આવ્યું આમ તેમ જોતાંજ બંનેના મનમાં બ્હીક ઉત્પન્ન થઈ; આવે વખતે વિલંબ કરવો યોગ્ય નથી એમ વિચારી બને ઘેર જવા તૈયાર થઇ; ઘાટપરથી ઉઠી પશ્ચિમ તરફનો રસ્તો પકડી, ધીરે ધીરે ઘર તરફ રવાના થઇ.

કાલાદીઘિની પાસેજ વિશાળ મેદાન હતું. તે મેદાનની વચ્ચોવચ્ચ થઇને એક રસ્તો જતો હતો, તે રસ્તે થઇને મેદાન વટાવતાં જ ગામમાં પહોંચાતું હતું. પરંતુ ઘાટ પર થઈ તે રસ્તાપર પગ મૂકતાં જ–એક વિઘ્ન આવી પડ્યું.

બે સૈનિક પુરૂષો તે રસ્તે ઘોડાપર બેસી જતા હતા, સંધ્યાના આરંભમાં મેદાન વચ્ચે, કાલાદીઘિનાં કાળાં પાણીમાંનાં પ્રફુલ્લિ જેવી બે યુવતીઓને જોઇ તેઓએ પોતાના ઘોડા થોભાવ્યા.

એકાએક પોતાના રસ્તા વચ્ચે બે ઘોડેસ્વાર આવી રહેતાં બંને યુવતીઓ ચમકી ઉઠી. પહેલાં તેઓ લગાર શરમાઇ ઘાટ તરફ પાછા જવાનો પ્રયત્ન કરવા લાગી. પરંતુ તેઓને જણાયું કે એ બંને સૈનિકો તેમની પૂઠ પકડી રહ્યા છે, તેઓને અટકાવવા ઇચ્છે છે, ત્યારે તેઓની બ્હીકનો પાર રહ્યો નહિ, તેઓ વધુ દૂર વધી શકી નહિ, તેઓના

પગો લથડવા લાગ્યા, કેડમાંના ઘડા જમીન પર પડયા શરીર થરથર કંપવા લાગ્યું.

તે સૈનિકો મુસલમાન હતા. બંનેના પહેરવેશ એકજ જાતના હતા. બંનેએ એકજ જાતના ઘોડાપર સ્વારી કરી હતી. તેઓ નવાબના અનુચર હતા. એકનું નામ હતું, આલિજાન; બીજાનું નામ હતું મહમ્મદીબેગ બંને યુવતીઓને ભયગ્રત જોઇ મહામ્મદીબેગ બોલી ઉઠયો,–બ્હીશો! નહિ ! અમારા વડે તમારૂં પ્રિયજ થશે. અપ્રિય નહિ થાય. ”

આલિજાન બોલ્યો,–“તમારૂં સૌભાગ્ય છે કે તમે અમારી નજરે પડયાં, ખુદા તમારૂં દુઃખ દૂર કરશે.”

એમ કહી બંને સૈનિકો ઘોડાપરથી નીચે ઉતર્યા. તલાવડીના પાળપરના એક ઝાડને થડે બંને ઘોડાઓને બાંધ્યા. ત્યાર પછી તેઓ પેલી યુવતીઓને પકડવા ચાલ્યા. તેઓએ કહ્યું,–“આવો બીબી સાહેબો આવો ! કંઇ પણ હરકત વિના અમારી સાથે આવો. અમે તમને નવાબની બેગમો બનાવીશું. ”

બંને યુવતીઓ ઘાટની પાસે જવા લાગી, ઘુંઘટ વધારવા લાગી. પરંતુ સૈનિકો પોતાનાં કાર્યમાંથી નિવૃત થયા નહિ. બંને યુવતીઓ જેમ જેમ પાછળ હઠવા લાગી, તેમ તેમ તેઓ આગળ વધી તેઓને પકડવાનો પ્રયત્ન કરવા લાગ્યા. તેઓ બ્હીક બતાવી, નાના પ્રકારનાં પ્રલોભન બતાવી તેઓને વશ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા એકે કહ્યું, “ આવો, અમારી સાથે આવશો તો ઘણું માન મળશે, આમ રસ્તામાં ભટકવું પડશે નહિ.” બીજાએ કહ્યું–જો સહેલાઇથી વશ નહિ, થાઓ, તો જોર જુલમથી ઘસડી જવાં પડશે, કોઇ અટકાવી શકશે નહિ. ”

આલિજાન અને મહમ્મદીબેગે વિચાર કર્યો કે આપણે બંનેએ એકેકને ઘોડાપર નાખી લઇ જવી.

આલિજાને કહ્યું:-" ઘોડા બન્નેનો ભાર સહન કરી શકશે ?"

મહમ્મદીબેગે કહ્યું:-" હવે રસ્તો ક્યાં લાંબો છે ! જરૂર લઇ જઇ શકીશું."

આલિજાને સંદેહ પ્રકાશ કર્યો:-" રસ્તામાં જો કોઈ દેખી જશે તો ?"

મહમ્મદીબેગે કહ્યું:-" રાત્રિનો અંધકાર હમણાંજ છવાઇ જશે; રસ્તાપર લોકોની હેરફેર પણ બંધ પડશે. જો કોઇ જોશે, તોપણ બીજી સહાયતાને અભાવે આપણને અટકાવી શકશે નહિ."

આલિજાને કહ્યું, " તો પછી અહીં વધૂ વિલંબ કરવો ઉચિત નથી. આ ઘાટપર હંમેશાં માણસો પાણી ભરવા આવે છે. અકસ્માત્ કોઇ આવી ચડશે તો બધું ધૂળમાં મળશે."

મહમ્મદીબેગે કહ્યું:-" હવે કોઈપણ આવશે, એવો સંભવજ નથી. તોપણ અહીં વિલંબ કરવો ઉચિત તો નથીજ. અહીંના રસ્તા ખરાબ છે, માટે ચંદ્રનું અજવાળું હોય તે દરમિઆન રવાના થવું એજ ઉચિત છે. જો જરૂર પડશે તો રસ્તામાં કયાંય ઠેરશું. ચાલ, તેઓને ઘોડાપર ચડાવી ઘોડા દોડાવી મેલીએ."

આ વખતે તારા અને શ્યામાને ઉદ્દેશી આલિજાને કહ્યું, "ત્યારે શું તમે કંઇ સાંભળવાનાં નથી ? ત્યારે શું તમને જોર જુલમથી ઘોડાપર ચઢાવવાં પડશે ?"

તારા અને શ્યામા બંને કિંકર્તવ્ય મૂઢ થઈ પડયાં હતાં; બંને જણાં મનમાં પ્રભુનું સ્મરણ કરી પ્રાર્થના કરતાં હતાં કે "હે ગરી-

અના બેલી, વિપદભંજન, દીનાનાથ ! અમ જેવી અભાગિણીઓપર દયા કર ! ”

એકાએક આલિજાનનો કઠોર સ્વર કાનના પડદાપર અથડાવાથી તેઓ કંપવા લાગ્યાં.

કોણ જાણે કયાં ખરાબ મુહૂર્ત્તમાં તેઓ બંને નહાવા આવ્યાં હતાં ! જો નહાવા આવ્યાં હતાં, તો પછી વાતોમાં રહી આટલું બધું મોડું શા માટે કર્યું ? તેઓ જ્યારે આવ્યાં ત્યારે ગામની બીજી સ્ત્રીઓ પણ ઘાટપર હતી. બધી સ્ત્રીઓ પોતપોતાનું કામ પુરૂં કરી ચાલી ગઈ હતી; પણ તેઓ સહુ પાછળ કેમ રહ્યાં ? બીજા દિવસોએ તો તેઓ બંને કોઇ આધેડ ઉમ્મરની સ્ત્રી સાથે નહાવા આવતાં અને તેની સાથેજ ચાલ્યાં જતાં, પરંતુ આજે તેમને આવી દુર્મતિ કેમ સૂઝી ? જો એકલાં આવવાની દુર્મતિ સૂઝી તો પછી બીજાની સાથે કેમ ન ચાલ્યાં ગયાં. જે સુખ દુઃખની આલોચનામાં આટલો સમય વીત્યો, તે આલોચના તો ઘેર બેઠાં પણ થઇ શકત !

તે વખતની દેશની શોચનીય અવસ્થા અત્યારે કોઇથી અજાણી નથી. મરાઠાઓની બ્હીક તે વખતે ભલભલાનાં દિલ કંપાવતી ‘ મરાઠાઓ આવે છે ’ એમ સાંભળતાંજ ગામમાં હાહાકાર ફેલાઇ જતો, કોઈ ગામ છોડી જંગલમાં છૂપાતાં તેવીજ બ્હીક મોગલ—પઠાણની હતી. ફોજ આવે છે એવા સમાચાર મળતાંજ અનેક કુળકામિનીઓ વપરાએલાં હાલ્લાં માથાપર ઢાંકી પાણીનાં સ્થાનમાં ડુબકી દઇ રહેતી હતી. ધર્મરક્ષા અને આત્મરક્ષા માટે સુંદરીઓને પોતાનું સ્વાભાવિક સૌન્દર્ય વિકૃત કરવું પડતું, સૌન્દર્યરૂપી પ્રભુનાં દાનને સ્વેચ્છાપૂર્વક તરછોડવું પડતું.

દેશની આવી દુઃખી હાલતમાં તારા અને શ્યામા કોણ જાણે ક્યાં સાહસનો આધાર રાખી સંધ્યાકાળ પછી પણ તળાવડીના વિજન કિનારાપર વાતો કરતાં હશે ?

મહમ્મદી બેગ અને આલિજાન મીઠાં કે ભયપ્રદર્શક વાક્યો વડે તારા કે શ્યામાને વશ કરી શકયા નહિ, ત્યારે તેઓ તેમને જોરજુલમથી તાબે કરવા તૈયાર થયા. લાંબા હાથ કરી એ અસુરના જેવાં બળવાળા અધમો દેવીસ્વરૂપ કામિનીઓને ગ્રસવા તૈયાર થયા.

“અડકશો નહિ !—અડકશો નહિ !” તારા અને શ્યામા એકી અવાજે પોકાર કરી ઉઠી. સૈનિક જેમ જેમ આગળ વધવા લાગ્યા, તેમ તેમ તે બંને પાછળ હઠવા લાગી.

સૈનિકોની મરજી હોત તો તેઓ કયારના એ અબળાઓને વશ કરી શકત, પરંતુ તેઓનો વિચાર જેમ બને તેમ સમજાવી સમજાવી કામ લેવાનો હોવાથી તેઓએ અત્યારસૂધી કંઇ જોર વાપર્યું નહોતું. તેઓ સમજતા હતા કે બે સ્ત્રીઓને ઘોડાપર ચઢાવી લઈ જવામાં બરજોરીનું કામ નથી. જો તેઓ પોતાની મેળે ઘોડાપર ન ચઢે તો તેઓને ઘોડાપર ચઢાવવાનું કામ ઘણું કઠણ હતું, જો તેઓ રસ્તામાં બૂમબરાડા પાડે તો રસ્તામાંજ કંઇ અડચણ આવી પડે. આવા વિચારથી તેઓ જેમ બને તેમ નરમાશથી કામ લેવા માગતા હતા. પણ જ્યારે નરમાશથી કાર્યસિદ્ધિ થાય તેમ ન જણાયું, ત્યારે તેઓ જોર વાપરવા તૈયાર થયા.

તૃતીયાનો ચંદ્ર જરા જરા પ્રકાશ ફેલાવતો હતો, અને તે જ્યોત્સ્નાના પ્રકાશમાં બંને સુંદરીઓની મુખ-જ્યોતિ ખીલી રહી હતી. આથી બંને સૈનિકો કેઇ પણ રીતે પોતાનો લોભ તજી શકયા નહિ.

મહમ્મદી બેગે આલિજાનને કહ્યું:–"આલિ! સહજમાં કંઇ વળે તેવું નથી. ચાલ પ્રથમ તેનો સ્પર્શ કરીએ મ્હોંમાં થુંકીએ, તેની જાતને ભ્રષ્ટ કરીએ;—એટલે એની મેળે વશ થશે. મ્હેં આવી અનેક સ્ત્રીઓને પકડી છે. તેઓ પ્રથમ કોઇ કાળે માનતી નથી. પરંતુ જ્યારે તેઓને પકડી તેનાં મ્હોંમાં થુંકીએ અને તેની જાત વટલી એમ કહીએ એટલે તેઓ મૂગી મૂગી પાછળ ચાલી આવે. હિંદુઓની કન્યાઓને વશ કરવાનો એ રામબાણ ઉપાય છે. આવ, આપણે પ્રથમ બંનેને પકડીએ, ત્યાર પછી તેનાં મ્હોંમાં થુંકીએ, એટલે એની મેળે સીધી દોર બની જશે. ત્યારે તેઓ સાથે આવવામાં પણ કંઇ આનાકાની કરશે નહિ.

આલિજાન:—"ભાઇ, તું ઠીક કહે છે. ચાલ ત્યારે તેમજ કરાએ."

તારા અને શ્યામાએ પહેલાં ધાર્યું હતું કે આપણે આ અસુરોને વિનવિ પ્રાણ ભિક્ષા માગીશું; કહેશું કે "તમે અમારા ધર્મ પિતા છો, તમે અમારી રક્ષા કરો" પરંતુ જ્યારે તેઓનાં છેલ્લાં વચનો સાંભળ્યાં, જ્યારે તેઓએ જાણ્યું કે તેઓ જોર જુલમથી અમારી જાત ભ્રષ્ટ કરવા તૈયાર થયા છે, અને તેમ કરવાથી તે જરા પણ હઠે તેમ નથી; ત્યારે તેઓએ કાનમાં કંઇ વાત કરી—બંનેનાં હૃદયમાં કોણ જાણે કઇ વિદ્યુત શક્તિ દાખલ થઇ કે તેઓ-ભીરૂતા તજી પેલા નૃશંસ રાક્ષસોને ધમકાવવા લાગી. તેમને ધમકાવતી ધમકાવતી બન્ને એકી અવાજે બોલી ઉઠી, "ખબરદાર! અમારો સ્પર્શ કરતા નહિ."

શ્યામા સિંહણની માફક ગર્જિ ઉઠી—"પાપમતિ પિશાચો! આગળ વધતા નહિ. તમે નક્કી માનજો કે અમારામાં જીવ છે, ત્યાં સુધી તમે અમને વટલાવી શકવાના નથી, અમારો સ્પર્શ પણ કરી

શકવાના નથી. તમે એક ડગલું પણ આગળ વધશો તો અમે આ તળાવડીના પાણીમાં કુદી પડીશું."

આલિજાને પૂછ્યું:--"મહમ્મદી! એ શું કહે છે?"

મહમ્મદીએ જવાબ આપ્યો:—"હિંદુની સ્ત્રીઓ પ્રથમ એવા જ તડાકા મારે છે! પરંતુ જ્યારે પકડાય છે, ત્યારે એની મેળે શાંત થઇ જાય છે. ચાલ, હવે વિલંબ ન કર! પેલીને હું પકડું છું, તું બીજીને પકડ."

આ વખતે જેવા બંને જણ આગળ વધવા જાય છે, તેવોજ કાલાદીઘિનાં પાણીમાં કંઈ પડવાનો અવાજ સંભળાયો.

પાણી કંપી ઉઠયું, કિનારો કંપી ઉઠયો, કિનારાપરનાં વૃક્ષાદિ કંપી ઉઠયાં, ઝાડની ડાળીએ બાંધેલા ઘોડાઓ ચમકી ઉઠયા, ચમકવાથી તેઓની લગામો તૂટી ગઇ. શબ્દ સાંભળી પાણી તરફ જોઇ બ્હીકથી વિહ્વળ બની બંને ઘોડાઓ નાઠા; વૃક્ષની શાખાઓ પર સુપ્ત પક્ષીઓ કલરવ કરી ઉઠયાં, એકી સાથે તેઓની પાંખોનો ફફડાટ થઈ રહ્યો. તે પતન શબ્દે તે પક્ષીઓની પાંખોથી ફરકતા વાયુના શબ્દ સાથે મળી મેદાન કંપાવી મૂક્યું.

આલિજાન અને મહમ્મદી બેગનો જીવ પણ કંપવા લાગ્યો. એક ક્ષણ પહેલાં જે પ્રકૃતિ નિસ્તબ્ધતા અવલંબન કરી રહી હતી, તેજ પ્રકૃતિ અત્યારે વિક્ષોભિત થઇ ઉઠી. વાયુ વિના નિષ્કમ્પ વેલ વિષમ વાયુના પ્રવાહથી કંપવા લાગી.

આકાશમાંના તૃતીયાના ચંદ્રે પોતાની શાંત કિરણચ્છટા તળાવડીના કાળાંજળ પરથી સંકેલી લીધી. ચંદ્રનું ઝાંખુ અજવાળું જતું રહેવાથી તળાવડીના પાણીમાંના પરપોટા પણ દેખાતા બંધ થયા. તળાવડીનાં કાળાં પાણીમાં અને નિશાના અંધકારમાં તારા અને શ્યામાનાં જ્યોતિર્મય દેહ વિલીન થઇ ગયા.

અષ્ટમ પરિચ્છેદ.

રાય—પરિવાર.

सुखस्यानन्तरं दुःखं दुःखस्यानन्तरं सुखं ।
सुखं दुःखं मनुष्याणां चक्रवत् परिवर्त्तते ॥

-व्यास-वाक्य ।

મુર્શિદાબાદથી પગરસ્તે રાજશાહી પરગણામાં જતાં રસ્તાની બાજુએ રૂપનગરના રાય-પરિવારનું ઘર દૃષ્ટિગોચર થાય છે. રાયનું કુટુંબ બહુ આબરૂદાર વંશનું કુટુંબ હતું. એક વખતે આ વિભાગમાં તેઓ સંપત્તિશાળી ગણાતું હતું. પરંતુ ચાર વરસ પહેલાં મરાઠાઓની લુટફાટમાં તેઓનું ઘર લુટાયું. ત્યારથી તેઓની પડતી થઇ. ત્યારથી તેમનાં ઘરની શોભા જતી રહી, પૂજા પર્વો બંધ થયાં, અને તેમનાં કુટુંબમાં દુઃખે કાયમનો ધામો નાંખ્યો.

કાલીનાથરાય,—રાય પરિવારના જે ભાગ્યવાન પુરૂષ હતા, તેઓએ લૂટફાટમાં ઘવાઇ આલોક તજી સુરગ્રામવાસી થયા. લૂટફાટ પછી તેઓ માત્ર બે દિવસજ જીવ્યા હતા; પરંતુ ઘવાયા પછી તેની જીભ બંધ થઇ હતી. ધીંગાણું અટકાવતાં તેનાં ધડપર તરવારનો ઘા પડયો હતો. તે આઘાતથી તેઓ ધરાશાયી થયા. તે જમીનપર પડયા બાદ ધીંગાણું મચાવનારાઓએ તેનું ઘરબાર લૂટયું, અને લૂટયા બાદ ઘરને સળગાવી મૂકયું.

કાલીનાથરાયના નાનાભાઇ કૃષ્ણુનાથરાય તે વખતે ઘેર નહોતા. પોતાના પુત્ર શિવનાથને સાથે લઇ તેઓ નિમંત્રણુ હોવાથી નાટોર ગયા હતા. ધીંગાણું પછી બે ત્રણ દિવસબાદ જ્યારે તેઓ ઘેર પાછા આવ્યા ત્યારે તેઓએ જોયું કે—મોટા ભાઇ મરી ગયા છે, ઘરબાર બળી ગયું છે, કુટુંબ રસ્તાપર બેઠું છે. એ દૃશ્ય જોઇ કૃષ્ણુનાથનાં માથાંપર જાણે આકાશ તૂટી પડયું. તેવી અવસ્થામાં આવી પડતાં મનુષ્ય કદીપણુ સુસ્થ રહી શકે નહિ, કદીપણુ આત્મ-સંવરણુ કરી શકે નહિ. પરંતુ તેમના પુત્ર શિવનાથે તેમને ધીરજ આપી. શિવનાથ પિતાને સમજાવવા લાગ્યો, "–પિતાજી, આપ ધીરજ નહિ રાખો તો અમે ક્યાં ઉભાં રહીશું ? મા કોને આશ્રયે રહેશે ? જે ગયું છે, તે તો કદી પણુ પાછું આવવાનું નથી. પરંતુ ગયું તેની સાથે શું બધાંને મોકલવા ઇચ્છો છો ? " શિવનાથનાં આ વાક્યથી, પુત્ર–પુત્રવધૂ–કન્યા વગેરેનાં મ્હોં તરફ જોઇ કૃષ્ણુનાથે ધૈર્ય ધારણુ કર્યું. ધીમે ધીમે ઘરબાર તૈયાર થયાં. ધીમે ધીમે બળેલ ઘર પાછું વપરાશ જેવું કર્યું. પરંતુ એ ભયંકર અગ્નિકાંડનાં સ્મૃતિ ચિન્હોનો એકીવારે તદ્દન નાશ કરી શકાયો નહિ. કારણુ કે અમે જે સમયની વાત કરીએ છીએ તે વખતે પણુ દેવમંદિરની દિવાલોને સમરાવવાનું કાર્ય તેની શક્તિ બહારનું હતું. તે દિવાલોનાં બળેલાં ભીંતડાં હજુ પણુ એ ધીંગાણાની યાદગીરી રાખી રહ્યાં હતાં.

પરંતુ જવાદો એ વાત ! એ ભૂતકાલની વાતો સંભાળવાથી અત્યારે શો લાભ થવાનો છે ? અગાઉ જે ઘરમાં દરરોજ બે વખત એક સો માણુસો પતરાળાં નાખતાં હતાં, તે ઘરમાં અત્યારે મહાકષ્ટે ગુજરાન ચલાવતાં પાંચ માણુસો કંગાળ હાલતમાં વસે છે. તે ઘરનો

જુનો ઇતિહાસ અત્યારે દંતકથા જેવો ગણાતો હતો. માટે અમે તે પરિવારનો વિસ્તૃત ઇતિહાસ ન આપતાં ફક્ત તેનો આભાસ આપવાનોજ પ્રયત્ન કર્યો છે.

અમે અગાઉ કહ્યું છે કે કૃષ્ણનાથરાયનાં કુટુંબમાં અત્યારે સ્ત્રી પુરૂષ મળી પાંચ માણસો છે. સ્વર્ગીય કાલીનાથરાયને કંઇપણ સંતતિ નહોતી. આથી તેની પત્ની શિવાણીદેવી અત્યારે કાશીવાસી થયાં હતાં. કૃષ્ણનાથની સ્ત્રીનું નામ મહામાયા હતું. તેને છોકરાંમાં બે પુત્ર અને એક કન્યા હતી, નાના પુત્ર રઘુનાથને મહારાણી ભવાનીને પોષ્યપુત્ર તરીકે આપવાના પ્રયત્નની વાત અમે અગાઉ જણાવી ગયા છીએ. મોટા પુત્રનું નામ શિવનાથ હતું. તેનો વિવાહ થયો હતો. તેની સ્ત્રીનું નામ તારાસુંદરી હતું. કૃષ્ણનાથની કન્યા વિવાહિતા હતી. તેનું નામ હતું-શ્યામાસુંદરી. બે મુસલમાનોનાં આક્રમણમાંથી બચવા માટે કાલાદીધિનાં પાણીમાં જે બે યુવતીઓએ ચિર સમાધિ લીધી હતી, તેઓ રાય મહાશયની કન્યા અને પુત્રવધૂ હતી.

નવમ પરિચ્છેદ.

"ક્યાં ગયાં?"

"Where art thou, my beloved son,
Where art thou?

—Wordsworth.

સન્ધ્યાકાળ વીતી ગયો; કન્યા અને પુત્રવધૂ ઘેર આવ્યાં નહિ. મહામાયા બેબાકળી બની ગઈ. પાડોશી આડોશીમાંનાં જેઓ કાલાદીધિપર નાહવા ગયાં હતાં, તેમને પોતાની પુત્રી તથા પુત્રવધૂની

ખબર પૂછવા લાગી. તેઓ બધાં તો ઘાટપરથી પાછાં ફર્યાં હતાં, પરંતુ તેઓ કેમ ન આવ્યાં?

નિસ્તારિણી દેવી સંધ્યાકાળ શરૂ થતાંજ ઘાટ પરથી ઘેર આવી હતી, પરંતુ તેણે જણાવ્યું કે મેં એમાંથી કોઇને ઘાટપર જોયાં નથી. પરંતુ કાદમ્બિની કહે છે કે "હું સંધ્યાકાળ પછી તેને વાતો કરતી જોઇ આવી છું." એ માણસો એ પ્રકારે બોલે છે! આ પણ એક સમસ્યા! આ સંસારમાં ઘણો વખત અનેક ઘટનાઓ આ પ્રમાણે સમસ્યામય થઇ પડે છે.

તારા અને શ્યામા ત્યારે ક્યાં ગયાં? ઘાટપર તેઓ કદીપણ આટલો વિલંબ તો કરતાં નહિ!

મહામાયાએ ગામનાં ઘરેઘર તપાસ્યાં, જે જે ઘાટપર ગયું હતું, તેઓ બધાં પાછાં વળ્યાં હતાં, ત્યારે તેઓ કેમ ન આવ્યાં.

ત્યારે શું તેઓ કંઇ વિપત્તિમાં ફસી પડયાં હશે, અગર વિપત્તિમાં પડી જળ મગ્ન થયાં હશે.

કાલાદીઘિ એક જબર તલાવડી હતી. આ કાંઠેથી બીજે કાંઠે દૃષ્ટિ પડતી નહિ. વર્ષાઋતુમાં તેનું પાણી જમીનની સપાટી સૂધી ચઢતું. તે વખતે તલાવડીમાં મગરનો ઉપદ્રવ મચી રહેતો. કેટલાંક વર્ષ પહેલાં એક ગાયને મગર ઘસડી ગયો હતો એવી વાત સંભળાતી હતી.

તલાવડીના જમણા કિનારે એક જબરૂં વડનું ઝાડ હતું, ગામનાં બધાં માણસો ધારતાં હતાં કે તે વડમાં ભૂત રહે છે. ત્રણ દિવસ પહેલાં ભૂતનાથની માએ તે ભૂતના દાંત જોયા હતા. હરમણીનો ભાણેજ ખોવાયો ત્યારે પણ તેને દૃઢ વિશ્વાસ બંધાયો હતો કે કાલાદીઘિનાં ભૂતનુંજ એ કાર્ય છે. આ સિવાય બીજી અનેક વાતો કાલાદીઘિની ખ્યાતિમાં વધારો કરતી હતી.

આ પ્રદેશમાં જેટલાં ડોસાડોસી હતાં, તેમાં ગોવર્ધનની મા બધા કરતાં ઉમરે મોટી હતી. આથી તમામ માણુસો તેનું વચન વેદવાક્ય સમાન માનતાં હતાં. તે કાલાદીઘિ વિષે જે જે વાતો સંભળાવતી હતી તે તે વાતો શરીરને કંપાવી મૂકવા પુરતી હતી. તે કહેતી કે—તેણે તેમના દાદા પાસે આ વાત સાંભળી હતી. અહીં વિક્રમરાજાની રાજધાની હતી. એક દિવસ સંધ્યાકાળ વખતે ભારે વાવાઝોડું થયું;–આખી રાત એ વાવાઝોડાંએ પોતાનું જોર બતાવ્યું. સવારે વાવાઝોડું થંભ્યું ત્યારે આજુબાજુનાં લોકો રાજધાનીમાં જવા નીકળ્યાં, પરંતુ રાજધાનીને સ્થળે જૂએ છે તો ત્યાં રાજધાનીનું નિશાન પણુ ન મળે, તેને બદલે એક જબર તળાવ પોતાની વિશાળ કાયા પ્રસારી પડયું છે. એ તલાવ તે આપણી કાલાદીઘિ એ જોવા આવનાર માણુસોએ સાંભળ્યું કે ડાકણીઓ રાજધાનીને બીજા દેશમાં ઉપાડી ગઇ છે. અને આ તળાવને અહીં રાખતી ગઇ છે.

ગમે તે કારણુ હો, પણુ ગામનાં લોકોને મન કાલાદીઘિ એ ભયનું સ્થાન થઇ પડયું હતું.

કન્યા અને પુત્રવધૂ રાત્રિ પડી તો પણુ ઘેર આવ્યાં નહિ, તેથી મહામાયાના મનમાં આ બધી વાતો ખડી થઇ. જેમ જેમ તે પુત્રી અને પુત્રવધૂની વાત યાદ કરતી ગઈ. તેમ તેમ કાલાદીઘિની પૂર્વસ્મૃતિ તાજી થવા લાગી. પાડોશીઓ પણુ દિલાસો આપવાને બદલે આ બ્હીકને પોષે તેથી વાતો કરવા લાગી. મહામાયા પોતાની પુત્રી અને પુત્રવધૂને ખોળવા કાલાદીઘિ તરફ માણુસો મોકલવાનું પણુ ભૂલી. તેમ કરવા જેટલી સગવડ પણુ ન મળી.

શિવનાથ ઘેર નહોતો. જમાઇ બીજી સ્ત્રી પરણુવા તૈયાર થયો

છે, એવી વાત સાંભળી તે તેમને તે કામથી અટકાવવા તથા પોતાને ઘેર લાવવા તેને ઘેર ગયો છે. કૃષ્ણનાથ નિમંત્રણ મળવાથી નાના પુત્ર રઘુનાથને લઇ નાટોર તરફ ગયો છે. ત્યાં મહારાણી ભવાની દત્તકપુત્ર ગ્રહણ કરવાનાં હતાં. કદાચ રઘુનાથ મહારાણીને પસંદ પડે એવી આશાથીજ કૃષ્ણનાથ નાટોર ગયો હતો, આમ હોવાથી તારા અને શ્યામાની ખોળ કોણ કરે ?

હરિ સરદારને બોલાવી મહામાયાએ ઘણી વિનંતિ કરી. તેની સાથે જવાનું પણ કર્યું. આ રીતે પુત્રી–પુત્રવધુની ખોળ માટે મહામાયા જાતે તૈયાર થઇ.

હરિ સરદાર પાંચુઘોષને સાથે લઇ જવાની તૈયારી કરતો હતો, તે સમયે જમાઇરાજ સાથે શિવનાથ ઘેર આવી પહોંચ્યો.

ઘણા દિવસે જમાઇરાજ ઘેર આવ્યા હતા. તેઓ બીજી સ્ત્રી પરણે છે, એ વાત સાંભળતાંજ મહામાયા દારૂણ દુઃખથી અસ્તવ્યસ્ત થઇ રહી હતી, આવી સ્થિતિમાં જમાઇને સાથે લઇ શિવનાથ ઘેર આવી પહોંચ્યો. અન્ય સમય હોત તો મહામાયાના આનંદની સીમા ન રહેત. પરંતુ આજ તો હરખમાં વિષાદ ઉત્પન્ન થયો.

મહામાયાનો જમાઇ અને પુત્ર ઘેર આવ્યા ખરા; પરંતુ તેની કન્યા અને પુત્રવધુ ક્યાં ? જે કન્યાની ચિંતાથી મહામાયા આહાર નિદ્રા તજી બેઠી હતી; જમાઈ બીજી પરણે છે એવા સમાચારથી જેનું હૃદય ભાંગી પડયું હતું; આજે તે આહાર નિદ્રા તજવામાં કારણ રૂપ શ્યામા ક્યાં ? તેનો પુત્ર ઘેર આવ્યો; પરંતુ તેની પ્રફુલ્લકમળ સરખાં હસતાં મુખવાળી પુત્રવધૂ ક્યાં ગઈ !

જમાઇ સાથે શિવનાથને જોતાંજ મહામાયાનો શોક ઉછળી

પડયો. મહામાયા રડી પડી મહામાયાનાં રૂદને બધી વાત જણાવી દીધી. શિવનાથ એક પછી એક સમસ્ત વાત જાણી ગયો. જમાઇ શંભુનાથ પણ સ્થિતિ સમજી ગયો. તરતજ શોધખોળ શરૂ થઇ. શિવનાથ અને શંભુનાથ બંને થોડાં માણસો સાથે કાલાદીધિ તરફ રવાના થયા. મનુષ્યની કુતૂહલતાની હદ નથી. જે માણસો થોડીવાર પહેલાં મહામાયાની આજીજી છતાં તપાસ કરવા તૈયાર નહોતા થતા, તેઓ બધા શિવનાથની પાછળ કાલાદીધિ તરફ ચાલ્યા. કોઇના હાથમાં મશાલ, કોઇના હાથમાં લાકડીઓ, તો કોઈના હાથમાં બીજાં હથીઆરો હતા. કોઇએ તલાવડીમાં નાખવાની જાળ લીધી હતી, કોઇ હોડી શોધવા નીકળ્યા હતા. જેઓને કંઇ ન મળ્યું, તેઓ ઝાડની ડાળી તોડી હાથમાં રાખી પાછળ પાછળ ચાલવા લાગ્યા.

તૈયારી કરતાં કરતાં પરોઢિયું થવા આવ્યું. કેટલોક સામાન એકઠો કરતાં બહુવાર થઇ. કેટલાક માણસો રાતના વખતે કાલાદીધિ તરફ જવું સારૂં નથી એવો વિચાર દર્શાવતા હોવાથી તેઓને સમજાવતાં જરા વિલંબ થયો. આ પ્રમાણે આ સરઘસ જ્યારે કાલાદીધિને કિનારે પહોંચ્યું ત્યારે સવાર થવાને થોડીજ વાર હતી.

શોધ શરૂ થઇ સવાર થયું. બે પહોર વીતી ગયા. સંધ્યાકાળ થયો. પરંતુ ક્યાં—તારા અને શ્યામા ક્યાં ? કોઈની ભાળ મળીજ નહિ.

જેઓએ કહ્યું હતું કે ' તેઓ ડુબી ગયાં છે; માટે ચોવિસ કલાક પછી પાણીપર આવશે '–તેઓ પણ નિરાશ થયા. જેઓ ભૂત પર સંદેહ રાખતા હતા, તેઓ માનતા હતા કે ભૂત તેને ઝાડ પર ઉઠાવી ગયું હશે, પરંતુ ઝાડ પર નજર નાખતાં તેની કંઇ સાબીતિ મળી નહિ.

મહામાયાનાં રૂદનથી આકાશ વિદીર્ણ થવા લાગ્યું “ હાય ! તેઓ ક્યાં ગયાં ? ” એ સ્વરથી મહામાયા ગામ ગજાવવા લાગી. શિવનાથ અને શંભુનાથનાં હૃદયમાં પણ પડઘા પડવા લાગ્યાઃ–“હાય ! તેઓ ક્યાં ગયાં ? ”

દશમ પરિચ્છેદ.

દૈવનું હાસ્ય.

“ Misfortune never comes alone ”

—Proverb.

કોણ કહે છે કે હાસ્ય પછી રૂદન, રૂદન પછી હાસ્ય–સુખ પછી દુઃખ એમ ચક્રની માફક ફરે છે ? જો તેમજ હોય તો કોઇ કોઇની જિંદગી કેવળ સુખના ઉલ્લાસથીજ કેમ વીતે છે ? અને કોઇની જિંદગીમાં કેવળ મર્મભેદી રૂદનની ચીસોજ કેમ સંભળાય છે ? જો તેમજ હોય તો પછી કોઇને માટે સુખપર સુખના થરો શા માટે ગોઠવાય છે ?–અને કોઇની પીઠ પર તરવારના ઘા, પરઘા કેમ પડયે જાય છે ?

કૃષ્ણનાથ રાય મોટી આશાએ નાટોર ગયા હતા. ધાર્યું હતું કે રઘુનાથને દત્તક રૂપે આપી સંસારની બધી ચિંતાથી મુક્ત થઇશ, અને રાયવંશની પૂર્વની આબરૂ પણ મેળવી શકીશ. પરંતુ વિધાતાના વિષમ ચક્રથી કોણ જાણીતું હોય છે? તેનો રઘુનાથ અનિંદ્ય રૂપવાન હોવા છતાં માહારાણીનું ચિત્ત ખેંચી શકયો નહિ ! તે મનમાં જે સ્વપ્ન સૃષ્ટિ રચી તેનાં સુખમાં ગુલતાન થઈ ગએલ હતા, તે સ્વપ્ન સૃષ્ટિ હરિદેવરાયનો પુત્ર દત્તક તરીકે સ્વીકારતાં ઉડી ગઈ.

અતિ દીલગીર ચહેરે કૃષ્ણનાથ નાટોર છોડી નીકળ્યા. તેજ વખતે રસ્તામાં રઘુનાથ બિમાર પડયો.

નાટોરથી રૂપનગર બે દિવસનો રસ્તો હતો. તેઓ પરોઢિયાંમાં નાટોરથી રવાના થએલા હોવાથી એક પહોર દિવસ ચઢયો ત્યાંતો પદ્મા નદીને કિનારે આવી પહોંચ્યા.

વૈશાખ માસ ચાલતો હતો તાપ તો કહે મારૂંજ કામ! સન્મુખ વિશાળ મેદાન ગરમીના ભડકા પ્રસરાવતું હતું. પાસે નાનાં ગામડાનું ચિહ્ન પણ જણાતું નહોતું. ક્ષણે ક્ષણે વંટોળથી પદ્માનદીના પટમાંની રેતી ઉડતી હતી. વખતોવખત વાયુના સપાટા સાથે લૂનો ઝપાટો આવીજ જતો હતો. આવા સમયમાં પશુપક્ષી કીટ પતંગ જેવાં ક્ષુદ્ર પ્રાણીઓ ઝાડની છાયામાં વિસામો લેતાં હતાં. કોઈ કોઇ ખેડુત ખાંધ પર કોસ લઈ ઘર તરફ જતા હતા. આકાશમાં કોઇ કોઈ જગાએ એકાદ બે વાદળાં વિચરતાં જણાતાં હતાં. કોઇ વખતે વિશાળ આકાશનાં ખોળામાં એકાદ બે પક્ષીઓ પોતાની પાંખો પ્રસારી ઉડતાં હતાં.

ગરમીથી બધાં પરસેવાથી નીતરી રહ્યાં હતાં, ગરમીથી કાયર થઇ જઇ બધાં ઠંડક મેળવવા ઉદ્યોગ કરતાં હતાં આવા દારૂણ ગરમીના દિવસે રઘુનાથ ટાઢથી કંપવા લાગ્યો શા માટે?

પિતાપુત્ર બંધે બેલગાડીમાં બેઠા હતા. મેદાનમાં આવેલા વડના ઝાડ નીચે ગાડું છોડેલું હતું. બળદોને છોડી ગાડીવાન પાણી પીવરાવતો હતો. નોકર રામદાસ ભોજનની તૈયારી કરતો હતો. તાપ નરમ પડયે ગાડું જોડી રૂપનગર તરફ રવાના થવાનું નક્કી કર્યું હતું. એ વેળા અકસ્માત્ રઘુનાથ ટાઢથી કંપવા લાગ્યો, કૃષ્ણનાથના મનમાં

બ્હીક પેસી ગઈ. ભોજન સામગ્રી તૈયાર કરવાનો નિષેધ કરી તેણે રામદાસને બોલાવ્યો. રામદાસે આવી રઘુનાથનાં શરીરપર હાથ ફેરવ્યો. રઘુનાથનું શરીર ઉનું ધગધગતું હતું. તે પણ મનમાં બ્હીનો પણ ખુલ્લું ન જણાવતાં બોલ્યો,–" કંઇ બ્હીક જેવું નથી શરીર લગાર ગરમ થયું છે. તે માટે વધૂ ચિંતા કરવા જેવું નથી. રાતના વખતમાં જરા ઠંડી લાગી છે, તે ઉપર વળી આવી ગરમી, આવી સ્થિતિમાં જુવાન પણ માંડમાંડ બચે તો આતો નાનું બાળક છે."

રામદાસે આવો બોધ આપ્યો ખરો, પરંતુ કૃષ્ણનાથ શાંત થયો નહિ. રામદાસ અને ગાડીવાનને ભોજન કરવાનું કહી પોતે રઘુનાથ પાસે બેસી રહ્યો. રામદાસે તેને થોડો નાસ્તો કરવાની પ્રાર્થના કરી, પરંતુ તેણે ચોકખી ના પાડી.

સૂર્યદેવ આખો દિવસ ગરમી વરસાવવા લાગ્યા. વડ નીચે પણ તેઓનાં શરીર બળી જવા લાગ્યાં એક તો તાવ, તેમાં વળી આટલી ગરમી! રઘુનાથ આખો દિવસ તરફડયો.

દિવસનું કાર્ય પૂરું કરી સૂર્યદેવ પશ્ચિમાકાશમાં વિસામો લેવા ચાલ્યા. ગરમી જરા ઓછી થઇ. પુત્રને ખોળામાં લઈ કૃષ્ણનાથે ગાડીવાનને ગાડું જોડવા હુકમ કર્યો. ગાડું રૂપનગર તરફ ચાલ્યું.

થોડે દૂર ગયા પછી આકાશ તરફ જોઇ રામદાસે કહ્યું, " દાદાજી! આજે આપણું દૈવ ફર્યું લાગે છે, આજુબાજુ ગામ નથી; મેદાનમાંજ કદાચ વરસાદ પડશે."

રામદાસનાં વચનો સાંભળી ગાડીવાને આકાશ તરફ જોયું તે બોલ્યો, " હા બાપજી! મને પણ તેમજ જણાય છે. આ મેદાન વચ્ચે જો એકાદ ઝાપટું આવશે, તો આપણે ભારે વિપત્તિમાં આવી પડીશું."

કૃષ્ણનાથે આકાશ તરફ નજર કરી. પરંતુ કંઇ સમજી શક્યો નહિ. તેણે જોયું કે પશ્ચિમ બાજુએ અર્ધચંદ્રાકારે એક જબર ધોળું વાદળું ઝુલી રહ્યું છે, પરંતુ તેમાં તેને વરસાદનું ચિહ્ન જણાયું નહિ. તેથી તે બોલ્યો,—વાદળાં જ ક્યાં છે કે તમે વરસાદની શંકા લાવો છો? ગાડી ચલાવો, આપણે એકાદ પહોરમાં તો આ મેદાન વટાવી જશું."

રામદાસ અને ગાડીવાન વધૂ બોલી શકયા નહિ. પુત્રને પીડા થવાથી જેમ બને તેમ જલદી ઘેર પહોંચવા માટે કૃષ્ણનાથ તત્પર થઇ રહ્યો હતો. તેઓ હરકત કરત તોપણ તે હરકત માનવાને તત્પર થાય તેમ નહોતું. વળી કદી તેમનું કહ્યું માને તોપણ એ વિશાળ મેદાનમાં આશ્રય લેવા લાયક શું હતું? કૃષ્ણનાથ વિચારતો હતો કે 'કોઇ પણ રીતે આ છોકરાને ઘેર પહોચાડું તોજ તેનાં જીવનની આશા છે.' આથી તેણે જેમ બને તેમ જલદી ગાડું હંકારવાનું કહ્યું. વારંવાર ઉપરાઉપરી ગાડીવાનને બળદ દોડાવવાનું કહેવા લાગ્યો અને કહ્યું કે 'જો વરસાદ વરસશે, તોપણ આપણે તે દરમિઆન મેદાન પસાર કરી શકીશું. તમે કશી ચિંતા રાખતા નહિ; જોસબંધ ગાડું હંકારો!

તે વખતે આકાશની અવસ્થા જોતાં વિશેષજ્ઞ વ્યક્તિ સિવાય કોઇપણ કહી શકે તેમ નહોતું કે વરસાદ થશે. તે વખતે કાળાં વાદળાંનું ચિહ્ન નહોતું; તે વખતે પણ સૂર્યનાં કિરણો અગ્નિ વરસાવતાં હતાં વાયુના પ્રવાહથી અગ્નિ ફેલાતી હતી. આમ હોવાથી વરસાદનો સંદેહ કરવો એ પણ અસંભવ જેવું હતું.

પરંતુ થોડીજ ક્ષણમાં આકાશનું અભાવનીય પરિવર્તન થઇ ગયું. પશ્ચિમ તરફના અર્ધચંદ્રકાર રેખાએ ધીમે ધીમે કાળું રૂપ

ધારણ કર્યું. જોતજોતામાં વિજળી ચમકવા લાગી.

રામદાસે વળી કહ્યું, "વાદળાં ચઢે છે; વરસાદ આવવાની તૈયારી છે. હજુ પણ ક્યાંય વિસામો લેવાય તો સારૂં.

કૃષ્ણનાથરાય બીજી વખત આકાશ સામું જોઇ રહ્યા. પશ્ચિમ બાજુએ કાળાં વાદળાં છવાઇ ગયાં છે, તેની વચ્ચે વારંવાર વિજળી ચમકે છે. તેના પ્રકાશથી ચારે દિશાઓ ચમકે છે. કૃષ્ણનાથરાયનાં મનમાં આવ્યું કે આ અંધકારમય વાદળાંમાં દિગન્તગ્રાસી અગ્નિરાશી ક્ષણે ક્ષણે સળગી ઉઠે છે.

રામદાસે કહ્યું, "હમણાંજ પવન ફુંકશે, ઝપટું આવશે."

ગાડીવાન ગાડું સંભાળવા તૈયાર થયો.

કૃષ્ણનાથ થોડે દૂર આવેલા એક વડ તરફ આંગળી કરી બોલ્યો, "પેલા વડ નીચે ગાડું નહિ લઇ જવાય?" ગાડીવાને ગાડું તે તરફ વાળ્યું. રામદાસ બોલ્યો, "એટલે બધે જતાં બહુ વિલંબ થશે. આ વંટોળ આવ્યો."

પ્રકૃતિ સ્થિર, શાંત, નિષકમ્પ હતી. જોતજોતામાં પ્રબળ વજ્રાઘાતથી દિશાઓ કાંપવા લાગી. આકાશને કંપાવતો પૃથ્વીને કંપાવતો તરૂ-ગુલ્મ-લતાને છિન્ન-વિછિન્ન કરતો, ધૂળપર પડેલાં પાંદડાંને ઉડાડતો, પ્રબળ વેગથી વંટોળ વહેવા લાગ્યો. કાળાં વાદળાં પર વાદળાં આવી આકાશને છાઇ મૂક્યું. વાયુના પ્રવાહથી, ગર્જનાથી પૃથ્વી પરિપૂર્ણ થઇ ગઇ. વિજળી વારંવાર ચમકવા લાગી. વારંવાર વજ્ર ગર્જના થવા લાગી.

ધીમેધીમે મુષલધાર વૃષ્ટિ પડવા લાગી. રહી રહીને વિજળી ચમકવા લાગી, મેઘગર્જનાના કડાકાપર કડાકા થવા લાગ્યા.

આવી સ્થિતિમાં એ મેદાનમાં કૃષ્ણનાથે જે દુઃખ ભોગવ્યું, તે વર્ણન ન કરી શકાય તેવું હતું.

તેઓનાં ગાડાંનું ઢાંકણ ઉડી ગયું. તેઓ બધા અવિરામ વરસાદની ધારાથી ભીંજાવા લાગ્યા. કૃષ્ણનાથરાય પોતાના રોગી પુત્રને ન ભીંજાવા દેવા માટે પ્રયત્ન કરવા લાગ્યા, પરંતુ તેમના તનતોડ પ્રયત્નો છતાં રઘુનાથનું શરીર ભીંજાયા સિવાય રહ્યું નહિ. વસ્ત્રાદિ જે કંઇ સાથે હતું, તે પણ ભીંજાઇ ગયું. પિતાપુત્ર બંને એકજ રીતે વરસાદથી ભીંજાવા લાગ્યા.

લગભગ એકાદ કલાક જોસબંધ વરસાદ પડયો. ત્યાર પછી ધીમે ધીમે પડવા લાગ્યો.

રાત્રિનો એક પહોર વીત્યો, વરસાદ પણ બંધ પડયો, ધીમે ધીમે વાદળાં સરી ગયાં. તે વખતે નવી પરણેલી વહુનો ઘુંઘટ ઉઘડવાથી તેના મુખચંદ્રના વિકાસની માફક કાળાં આકાશમાં એકાદ બે નક્ષત્ર કુસુમ ફૂટવા લાગ્યાં, ઝાડોની ઘટા તરફ બે ચાર આગિયા ચમકવા લાગ્યા અને કોઇ કોઇ પક્ષીઓની પાંખોની ફફડાટ સંભળાવા લાગ્યો.

વરસાદ રહી ગયો એટલે પહેરવાનાં કપડાં નિચોવી કૃષ્ણનાથ પોતાના પુત્રનું શરીર લૂછવા લાગ્યા. ગાડીવાન ગાડી જોડવા તૈયાર થયો. રામદાસ બધાંને આજ્ઞા દેવા લાગ્યો કે “ પેલું માધવપુર દેખાય છે; ત્યાં જઇ ચૌધુરી મહાશયને ઘેરથી કોરાં કપડાં આણી રઘુનાથને પહેરાવશું. આટલો રસ્તો સુખે દુઃખે કપાય એટલે બસ.”

એ સિવાય બીજો ઉપાય પણ નહોતો, કૃષ્ણનાથ પુત્રને ખોળામાં

લઇ ગાડીપર બેઠા. ગાડી પશ્ચિમ તરફ ચાલવા લાગી.

જે ગામ તરફ ગાડી ચાલતી હતી તે માધવપુર નહોતું. રામદાસે ભૂલ કરી હતી. અંધારાંમાં ગાડીના બળદ રસ્તો ભૂલી ચાલતા હતા. એક રસ્તા પર જતાં ગાડી બીજે રસ્તે ચડી ગઇ હતી. હવે તે જે ગામમાં આવી પહોંચ્યા હતા તે ગામમાં ચૌધુરીનું ઘર નહોતું, પણ તે ગામમાં તે ફતુ લુટારાનો અડ્ડો હતો. જે રસ્તે જવા ધાર્યું હતું, તેથી ઉલટે રસ્તે આવી પહોંચ્યા છીએ, એ વાત રામદાસના સમજવામાં પણ આવી ગઇ.

ગામમાં પ્રવેશ કરતાંજ ગાડીના શબ્દથી ફતુ લુટારાનો એક અનુચર જાગી ઉઠયો. તેણે ગાડીને અટકાવી કહ્યું, " શાલા લોક કહાં જાતા હૈ ? "

જવાબ મળે તે પહેલાં તો ૫૦-૬૦ લુટારાઓએ ગાડી ઘેરી લીધી.

કૃષ્ણનાથ બધું સમજી ગયો. તેઓ રસ્તો ચૂકી આ સ્થળે આવી પડયા છે, તે કૃષ્ણનાથ સમજી ગયો.

ગમે તે બન્યું, પરંતુ આ પ્રબલ લુટારાઓને અટકાવવાનું કામ સાધ્યાતીત હતું, આથી કૃષ્ણનાથ વિનયપૂર્વક લુટારાઓના સરદારને સંબોધી બોલ્યો, " અમારૂં જે કંઈ છે તે તમારૂં છે. અમને જીવથી મારતા નહિ. "

રામદાસ જરા જોર બતાવવા ગયો પણ કૃષ્ણનાથે તેને સમજાવી કહ્યું, " રામદાસ ! આ શું ક્રોધ કરવાનો સમય છે ? આપણે કેવી સ્થિતિમાં આવી પડયા છીએ, તેની શું ખબર નથી ? "

રામદાસ એક બાજુએ નીચું માથું કરી ઉભો રહ્યો. તો પણ લુટારાએ તેના તરફ લાકડી ચલાવવાનું બાકી રાખ્યું નહિ. તે અને ગાડીવાન બંને પહેલાં લુટારાઓને કંઈ બોલ્યા હતા, તેથી તેઓ બંનેને

થોડી ઘણી પુષ્પાંજલિ મળી. છેવટે લૂટારાઓ બધું લૂંટી લઈ ચાલ્યા ગયા. કૃષ્ણનાથરાયે નાટોરમાંથી જે કંઈ દાન મેળવ્યું હતું, તે બધું ગયું. રામદાસ અને ગાડીવાનનાં જે કંઈ વાસણ કુસણ હતાં તે પણ ગયાં.

લૂટારાઓ ગયા એટલે પોતાની ભૂલ જાણી લઇ ગાડી બીજે રસ્તે ચઢાવવામાં આવી તે વખતે વાદળાં તદ્દન વિખરાઇ ગયાં હતાં અને અજવાળું થયું હતું; આથી રસ્તો ઓળખાતો હતો.

આખી રાત વીતી ગઇ. સવારમાં રૂપનગરનાં પાધરમાં ગાડી આવી પહોંચી. રઘુનાથ આખી રાત કૃષ્ણનાથના ખોળામાં સૂઇ રહ્યો હતો; તે પોતાની મા પાસે જલદી પહોંચાડવાની આજીજી કરવા લાગ્યો. ગાડી ઘેર પહોંચી. ખોળામાંથી રઘુનાથને ઉપાડયો. રઘુનાથ બેભાન થઇ ગયો હતો.

કૃષ્ણનાથ રડવા લાગ્યો. તેનાં રૂદનનો સ્વર સાંભળી ઘર કંપવા લાગ્યું. મહામાયા પણ રડતી રડતી દોડી આવી. રઘુનાથના રોગના સમાચાર મહામાયાને મળ્યા નહોતા. આથી તેણે ધાર્યું હતું કે તારા અને શ્યામાના સમાચાર સાંભળી મારા પતિ આમ રૂદન કરતા હશે. પરંતુ પાસે આવી તેણે જે જોયું તેથી તેની છાતીમાં સનસનાટ કરતું એક તીર પેઠું.

પાસે આવતાં જ તેણે જાણ્યું કે અમારૂં નખ્ખોદ વળ્યું, રઘુ-નાથ બેભાન થઈ ગયો હતો; અને તેને ખોળે લઇ કૃષ્ણનાથ આર્ત-નાદ કરતો હતો. તે દેખાવ જોઇ મહામાયાનું હૃદય ફાટી જવા લાગ્યું, "રઘુનાથ-રઘુનાથ! બોલતાં બોલતાં મહામાયા કપાળ કૂટવા લાગી,

એ વખતે કૃષ્ણનાથ અને મહામાયાના મનમાં દારૂણ પશ્ચાત્તાપ

થવા લાગ્યો. રઘુનાથને નાટોર મોકલવા માટે તેમણે જે જિદ કરી હતી, તે જિદ તેમને સહસ્ર વૃશ્ચિકની માફક ડંખ મારવા લાગી. મહામાયા ચિત્કાર કરી બોલી ઉઠી, "બેટા! બેટા! હું તારો કાળ છું! ઐશ્વર્યના લોભે મેંજ તને રજા આપી!" કૃષ્ણનાથ પણ આર્તનાદ કરી બોલ્યો, "મને પણ કેમ દુર્મતિ સૂઝી આવી? હું તને શામાટે નાટોર લઇ ગયો!"

પિતામાતા બંનેના આમ કિંકર્તવ્ય મૂઢ થયેલાં જોઇ રામદાસ બોલ્યો–"આપ આ શું કરો છો? હજુ રઘુનાથ જીવે છે. આપજો આમ કરશો તો તે ભયનો માર્યો મરી જશે. એવો ભયંકર રોગ નથી કે સેવા સુશ્રુષાથી ન મટી શકે. આપ આમ કરશો તો તેની સારવાર કોણ કરશે? આવો, રઘુનાથને ઘરમાં લઈ જઇએ; કંઈ દવાની વ્યવસ્થા કરીએ; હમણાં સાજો થઇ ઉઠશે! આખી રાત કેવાં દુઃખમાં ગાળ્યા છે. આવી સ્થિતિમાં બિચારૂં બાળક કરમાઈ જાયજ એમાં કંઈ નવાઈ નથી."

રઘુનાથની અવસ્થા જોઇ રામદાસનું હૃદય પણ વિદીર્ણ થતું હતું. પરંતુ તે ભાવ દબાવી રામદાસ તેઓને ઉત્સાહ આપવા લાગ્યો.

રામદાસનાં સાન્ત્વના વાક્ય સાંભળી બંને શાંત થયાં. "જ્યાં સુધી શ્વાસ ત્યાં સુધી આશ" એ સૂત્રપર આધાર રાખી રઘુનાથને ઘરમાં લઈ જઈ કોઇ પણ રીતે રઘુનાથને ભાન આવે તેની વ્યવસ્થા કરવા લાગ્યાં.

ઘેર પહોંચ્યા પછી હજુ સૂધી કૃષ્ણનાથ તારાને શ્યામા વિષે કંઇ જાણતા નહોતા. પરંતુ મોટા પુત્ર શિવનાથની ખબર કાઢતાં જાણવાનું કંઇ બાકી રહ્યું નહિ. તેણે સાંભળ્યું કે શિવનાથ અને

શંભુનાથ તેઓની શોધમાં ગયા છે. એક તરફ પુત્ર મરવા પડયો છે અને બીજી તરફ કન્યાને વહુ ગુમ થઇ છે આ બંને વાતોથી કૃષ્ણનાથપર આકાશ ભાંગી પડયું, પરંતુ વિચાર કરવા જેટલો પણ વખત નહોતો. રઘુનાથની સેવા કરવામાંજ તેમનું ધ્યાન ખેંચાયું.

એકતો તાવનું જોર, તેમાં વળી મુસળધારે વૃષ્ટિપતન ! બાળકનું શરીર કેમ સહન કરે ? અનેક ચેષ્ટા બાદ રઘુનાથને ભાન આવ્યું ખરૂં; પરંતુ તેનાં શરીરમાં વેદના થતી હતી; શરીરમાં સન્નિપાતનાં ચિહ્ન જણાતાં હતાં; ગળામાં ઘરડકો બોલતો હતો. અવાજ તો પ્રથમથીજ બંધ થયો હતો.

તેની મા ' રઘુનાથ રઘુનાથ ' કહી બોલાવવા લાગી. દસ વખત બોલાવ્યા પછી રઘુનાથ માતાનાં મુખ તરફ ટગર ટગર જોતો હતો. જાણે કેટલીએ વાત કહેવાની છે, પણ જીભ બંધ છે તેથી કહી શકતો નથી એમ સંકેતથી જણાવતો હોય એમ જણાતું હતું. તેનાં મ્હોં સામું જોઇ જનનીની છાતી આંસુથી ભીંજાઇ જતી હતી. મહામાયા તેને દૂધ પિવરાવવાનો પ્રયત્ન કરતી હતી, પરંતુ દૂધ ગળાની નીચે જતું નહિ. મુખ સુકાતું હતું. જરા જરા ગરમ દૂધ આંગળી વડે ટીપાં પાડી રેડતી હતી છતાં તેટલું દૂધ પણ રઘુનાથ ગળી શકતો નહોતો. મ્હોંની બંને તરફથી તેટલું દૂધ પણ બહાર નીકળી જતું હતું.

ગામમાં એક વૈદનું ઘર હતું. વૈદ્યનું નામ હતું શ્રીકાન્ત કવિરત્ન. તેઓ સારા વૈદ્ય હતા; પરંતુ તેઓ હંમેશાં શહેરમાંજ વસતા હતા. તેના પુત્ર શ્રીમાન્ ગોવર્દ્ધને પોતાની મેળેજ ' કવિ ચન્દ્રમણિ ' ની પદવી ધારણ કરી હતી. અને તેજ ગામમાં વૈદ્યનો ધંધો ચલાવતો હતો.

રામદાસ તેને બોલાવવા ગયો. રોગીની સ્થિતિ કહી. પરંતુ વૈદ્યરાજ રોગીને ઘેર પધારવાનું મુહૂર્ત ઠીક કરી શકયા નહિ. અનેક ક્ષણ પંચાંગ ફેરવી ફેરવી તેણે રામદાસને કહ્યું કે “ અત્યારે મુહૂર્ત સારું નથી. તમે જાણતા તો હશો કે હું શુભ મુહૂર્ત વિના કદી પણ રોગીને ઘેર જતો નથી, તેમ દવા પણ આપતો નથી. ત્રણ પહોર પછી શુભ લગ્ન છે. તે વખતે હું કંઇપણ વાંધો બતાવી શકીશ નહિ.”

રામદાસે બહુ સમજાવ્યું. તેને લઇ જવા માટે કેટલીય ખુશામત કરી પણ ‘ કવિ ચંદ્રમણિ ’ કોઇપણ રીતે સંમત થયા નહિ. એટલુંજ નહિ પણ રામદાસને ઘર બહાર કાઢી બીજે ગામ ચાલ્યા ગયા. તે ગામથી એક રોગીની દવા કરવા માટે તેમને કોઇ બોલાવવા આવ્યું હતું.

રામદાસ દીલગીર થઇ પાછો ફર્યો. કૃષ્ણદાસ સમજ્યો કે આ બધું અદૃષ્ટનું ચક્કર છે! તે નિઃસાસો નાખી બોલ્યો–“ રામદાસ! ગોવર્દ્ધનપર મને આસ્થા પણ નહોતી. તેમના પિતા જો ઘેર હોત તો હું ગમે તેમ કરીને લઇ આવત. વારૂ! તમે હવે રઘુનાથની સારવાર કરો. હું શહેરમાં જાઉં છું. ગમે તેમ કરીને પણ કવિરત્નને સાંજ પહેલાં લઇ આવીશ. ”

કૃષ્ણનાથ ઉઠી ઉભા થયા. તરતજ મુર્શિદાબાદ જવા તૈયાર થયા. રામદાસે તેમને અટકાવી કહ્યું, “ કાલ આખા દિવસના ભૂખ્યા છો, આપ ન જાઓ ને હું જાઉં તો નહિ ચાલે ? ”

કૃષ્ણનાથે કહ્યું, “ ના, રામદાસ! તું સમજ નહિ! હું નહિ જાઉં તો તે પણ કંઇ બહાનું બતાવી ન આવે ! ”

રામદાસ બોલ્યોઃ “ જો જવુંજ છે તો પછી થોડો નાસ્તો કરી જાઓ ! ”

કૃષ્ણનાથે કહ્યું, "રામદાસ ! નાસ્તો કરવા જેટલો વખત છે ? જો મારા રઘુનાથને બચાવી શકીશ તો આ મ્હોંમા અન્ન મૂકીશ. નહિ તો ખાવું પીવું સંપૂર્ણ થયું ગણીશ !"

કૃષ્ણનાથ વૈદ્યની આજીજી ન સાંભળતાં એવીજ સ્થિતિમાં મુર્શિદાબાદ રવાના થયા. વૈશાખ માસનો પ્રચંડ તડકો તેનાં માથા પર અગ્નિ વરસાવવા લાગ્યો. પરંતુ તે તરફ કંઇપણ ધ્યાન ન આપતાં તેઓએ ઉતાવળે ઉતાવળે ઘર છોડયું. તોપણ જતી વખતે રામદાસને કહેતા ગયા—રામદાસ ! તું ઘેર છે ! હું જ્યાં સૂધી પાછો ન આવું, ત્યાં સૂધી તું રઘુનાથ પાસેથી ખસીશ નહિ."

કૃષ્ણનાથ ચાલ્યા ગયા. આ તરફ જેમજેમ તડકો ચઢતો ગયો, તેમ તેમ રઘુનાથનાં શરીરમાં તાવ પણ વધવા લાગ્યો. રઘુનાથ પીડાથી ફડફડવા લાગ્યો.

એકાદશ પરિચ્છેદ.

પુરૂં થયું.

"Like the caged bird escaping suddenly,
The little innocent soul flitted away"
—Tennyson.

દિવસનો ત્રીજો પહોર પૂરો થવા આવ્યો છે. કૃષ્ણનાથ મુર્શિદાબાદમાં શ્રીકાન્ત કવિરત્નને ઘેર પહોંચ્યા આખું શરીર ધૂળથી છવાઇ ગયું છે; અવિરલ પ્રસ્વેદથી શરીર નીતરી રહ્યું છે, આવી સ્થિતિમાં

હાંફતા હાંફતા તે વૈદ્યરાજની બેઠકમાં આવી પહોંચ્યા. વૈદ્યરાજ ખાઇ-પી નિરાંતે બેઠા બેઠા ધૂમ્રપાન કરે છે. આ વખતે કૃષ્ણનાથ રાયને આવી અવસ્થામાં સામે આવતા જોઇ તે નવાઇ પામ્યા; માનપૂર્વક ઉભા થયા અને તેના પગની રજ માથે ચડાવી બોલ્યા, "રાયમહાશય! આવો, આવો, આપનું આવવું ક્યાંથી?"

કૃષ્ણનાથ વ્યાકુળ ચિત્તે બોલ્યોઃ-"ભારે સંકટ આવી પડ્યું છે! આપને હમણાંજ મારી સાથે આવવું પડશે.

વૈદ્યરાજ સમજી ગયા કે આ બ્રાહ્મણે હજુ સુધી સ્નાન કે આહાર કરેલ નથી. એ પણ સમજી ગયા કે કોઈ ભારે વિપત્તિમાં ફસી પડી અહીં આવેલ છે. તેણે મનમાં વિચાર્યું કે પ્રથમ યુક્તિપૂર્વક ખવરાવી પીવરાવી બ્રાહ્મણનો થાક ઉતારવો જોઇએ. તેથી તે બોલ્યા, "બહુ સારૂં, તે બાબતની આપ ચિંતા કરશો નહિ. હું હમણાંજ તમારી સાથે આવું છું. આપ જેમ બને તેમ જલદી ગંગાસ્નાન કરી આવો. થોડો નાસ્તો કર્યાબાદ રવાના થઇશું."

કૃષ્ણનાથે કહ્યું:-"મારે નહાવા ધોવાની કે નાસ્તો કરવાની જરૂર નથી. આપ કૃપા કરી હમણાંજ પધારો એવી મારી ઇચ્છા છે. મારા રઘુનાથને હું જે અવસ્થામાં રાખી આવ્યો છું. તે અવસ્થા તરફ જોતાં મારાથી અહીં એક ક્ષણ પણ રહેવાય નહિ."

વૈદ્યરાજે કહ્યું:-"હું વાર લગાડવાનું કહેતો નથી. આપણે હમણાંજ રવાના થઇશું; તે માટે આપ જરાપણ ચિંતા કરશો નહિ. પરંતુ આટલો બધો દિવસ વીત્યો છતાં આપે કંઇ ખાધુંપીધું નથી તેથી આપને લગાર નાસ્તો કરાવી હમણાંજ આપણે રવાના થઇશું.

કૃષ્ણનાથે કહ્યું "આપ મને માફ કરશો-હું કંઇપણ કરવાનો

નથી. જો આપ આવવા ઇચ્છતા હો તો હમણાં જ મારી સાથે આવો મારો જીવ મુંઝાય છે.

રઘુનાં દરદ બાબત વૈદ્યરાજે બધું જાણી લીધું તેમની સાથે રૂપનગર જવા માટે વૈદ્યરાજ તૈયાર થવાનો વિચાર કરવા લાગ્યા. તેઓએ રૂપનગર જવાનો નિશ્ચય કર્યો. પરંતુ કૃષ્ણનાથની આતુરતા જોઇ બોલ્યાઃ—" આપ જરાપણ ચિંતા રાખશો નહિ. આપનું આપેલુંજ અમે માણસ થયા છીએ આપના પિતાશ્રીએ મારા પિતાને જે અવસ્થામાં રૂપનગરમાં વસાવ્યા હતા, તે હું કદી પણ ભૂલી શકીશ નહિ. હું પણ આપનું અન્ન ખાઈનેજ ઉછર્યો છું. આપના આશીર્વાદથીજ કેટલાંક વર્ષો થયાં અમારી દશા ફરી છે. તેમ ન થાત તો હજુ પણ અમારે આપના આશ્રયે રહેવું પડત. આપ જાતે આવ્યા છો તો પછી મારાથી ના પડાયજ નહિ. કદાચ મને કોઇ માણસે આ સમાચાર કહ્યા હોત તોપણ મારી ફરજ હતી કે તમારે ત્યાં આવી બધી મદદ કરવી આપ નહાવાથી વિલંબ થશે એવો ડર ન રાખતા. હું બે પાલખીનો બંદોબસ્ત કરૂં છું. તેથી હમણાંજ પહોંચી જશું થોડી દવા એકઠી કરતાં વાર થશે. એ દરમિયાન તમે પણ પરવારી જશો. "

એમ કહી વૈદ્યરાજે પોતાના બે નોકરને બોલાવ્યા. એક નોકરને રાય મહાશયને સ્નાન કરવાની અને બીજા નોકરને બે પાલખી લાવવાની આજ્ઞા કરી.

કૃષ્ણનાથરાય વૈદ્યરાજની વાતની સચ્ચાઇ સમજી ગયા. વૈદ્યરાજ પણ પાછા હઠે તેમ નહોતા. આથી અનિચ્છા છતાં નાહવા ગયા. જતાં જતાં કહેવા લાગ્યા—" બે પાલખીની જરૂર નથી હું તો વગર

હરકતે ચાલતો જઈ શકીશ." પરંતુ વૈદ્યરાજે તેને કહ્યું કે, " આપ એ શું બોલ્યા ? આપ ચાલતા જશો અને હું પાલખીપર જઇશ ? શ્રીકાન્ત વૈદ્ય શું એટલો બધો મનુષ્યત્વહીન છે ? "

કૃષ્ણનાથ એ વાતનો જવાબ આપી શક્યા નહિ તેની આંખોમાં આંસુ આવ્યાં તે મનમાં વિચારવા લાગ્યા કે "હાય ! આ મહાનુભવનો પુત્ર તેજ ગોવર્દ્ધન ! આવા માણુસને એવો પુત્ર હોય ! "

એક ઘડીમાં બધી તૈયારી થઈ ગઇ. અડધી ઘડીમાં નાસ્તાની તૈયારીઓ થઇ ગઇ. થોડીવારમાં કૃષ્ણનાથે ગંગાસ્નાન કરી નિત્ય-નૈમિત્તિક કર્મ કરી લીધું.

વૈદ્યરાજના અતિશય આગ્રહથી કૃષ્ણનાથને થોડાં ફળ મૂળ ખાવાં પડ્યાં. નાસ્તો કર્યા બાદ બંને પાલખીમાં બેસી રૂપનગર તરફ રવાના થયા સંધ્યાકાળ પહેલાં તેઓ રૂપનગર પહોંચવાના હતા. પાલખી ઉપાડનારા માણુસો ઝપાટા બંધ ચાલવા લાગ્યા.

× × × ×

ધીમે ધીમે વખત વીતવા લાગ્યો. સૂર્યનો તાપ ઓછો થવા લાગ્યો સ્નિગ્ધ સમીરના સંચારથી રઘુનાથનો તાવ ઓછો થશે એવી આશા બંધાવા લાગી. આ તરફ કૃષ્ણનાથને આવવાનો સમય પણ પાસે આવ્યો. તેથી મહામાયા વારંવાર રસ્તા તરફ જોઇ રામદાસને પૂછવા લાગી–" રામદાસ ! એ તો હજુ આવ્યા નહિ ! શું હજુ વખત નથી થયો ? "

મહામાયાની વ્યાકૂલતા જોઇ રામદાસ કહેવા લાગ્યો:–" હમણાં આવી પહોંચશે ! દારૂણુ અગ્નિ વરસે છે; તેથી થોડો વિલંબ થયો જણાય છે ! "

એટલું કહી રઘુનાથના શરીરપર હાથ ફેરવી રામદાસ કહેવા લાગ્યો–" શરીર જરા ટાઢું થતું આવે છે. થોડો થોડો પરસેવો પણ વળે છે. હમણાં પરસેવો છૂટી તાવ ઉતરી જશે. આપ મુંઝાશો નહિ તાવ ઉતરતાંજ રઘુનાથ સાજો થઈ જશે."

પરંતુ માનો જીવ–માનતો નહોતો. મહામાયાએ કહ્યું, " રામદાસ, તું લગાર સામો જાને ?"

રઘુનાથનાં શરીરપર હાથ ફેરવી રામદાસે વિચાર્યું કે અત્યારે બીજે જવા જેવું નથી, તેથી તે જરા આમતેમ કરી વખત વિતાડવા લાગ્યો. પરંતુ પોતે બહાર જશે તો મહામાયાનો જીવ હેઠો બેસશે, એમ ધારી તે ઘર બહાર જઇ આમતેમ આંટા મારવા લાગ્યો. બહાર જતાંજ અકસ્માત્ તેની નજર આકાશ તરફ પડી. ગઇ કાલની માફકજ વાદળાં ચઢયાં હતાં. એ જોઈ તેણે ધાર્યું કે ગઈ કાલની માફક આજે પણ ઝડી થવાનો સંભવ છે; થોડીવારમાં ઝડી થશે, થોડીવારમાં વરસાદ પડશે તેથી તે પાછો ઘર તરફ વળ્યો. ફરી મહામાયાને આશ્વાસન આપી કહેવા લાગ્યો, " ચિંતા કરશો નહિ, તેઓ હમણાંજ આવી પહોંચશે."

રઘુનાથનાં શરીરમાંથી પરસેવો છૂટતો હતો તેથી રામદાસે વળી તેનાં શરીર પર હાથ મૂકયો. તેનો સંદેહ વધવા લાગ્યો. એક તરફથી પરસેવાના રેલા ચાલતા હતા, ત્યારે બીજી તરફથી હાથ પગ ઠંડા થતા જતા હતા. તેણે મહામાયા પાસે કંઇપણ સંદેહ ખુલ્લો કર્યો નહિ, પરંતુ તેના મનમાં મોટી બ્હીક પેસી ગઇ. તેના મનમાં થયું કે રઘુનાથના હાથે પગે શેક કરૂં. વળી વિચાર થયો કે પડોશમાંથી કોઈ ડાહ્યા માણસને બોલાવું તો સારૂં. " એવો વિચાર કરી

તેણે મહામાયાને કહ્યું, " હું જરા આગળ જઇ જોઉં કે તેઓ આવે છે કે નહિ, મહામાયાની પણ તેવીજ ઇચ્છા હતી.

એ વખતે વાદળાં ચઢતાં જતાં હતાં. વાદળાં ચઢતાં જોઇ પડોશીની બે એક સ્ત્રીઓ કે જે રઘુનાથને જોવા આવી હતી, તેઓ પણ જતી રહી. ફક્ત નિસ્તારિણીની મા રામદાસના કહેવાથી હજુ સુધી બહાર ગઈ નહોતી તે પણ રામદાસ બહાર ગયો એટલે ઉઠી ઉભી થઇ બોલી, " વરસાદ ચઢયો છે. બધાં લુગડાં બહાર પડયાં છે; તે બધું ઘરમાં મૂકી આવું છું. " મહામાયા અનિમિષ નયને એકાગ્ર ચિત્તે રઘુનાથ તરફ જોતી હતી. નિસ્તારિણીની માએ શું કહ્યું, તે તરફ તેનું ધ્યાન પણ નહોતું. નિસ્તારિણીની મા ધીરે ધીરે જતી રહી.

રામદાસ બહાર ગયો. નિસ્તારની મા પણ ચાલી ગઇ. મહામાયા એકીટસે પુત્ર સામું જોઈ બેઠી રહી.

એકાએક વંટોળ છૂટયો પ્રબળવેગે વાદળાં ચઢવા લાગ્યાં. વારંવાર મેઘગર્જના અને વિજળીના ચમકારાથી ધરાધામ ભયંકર બની ગયું.

" કડ કડ કડ ! " વિજળીના ચમકારા સાથે કાનના પડદાને તોડી નાખે તેવો વજ્રધ્વનિ થયો, વિજળીના પ્રકાશથી આંખો ઝંખવાઇ ગઇ. વજ્રધ્વનિથી ઘર કંપી ઉઠયું. શય્યા કંપી, રઘુનાથ કંપ્યો, મહામાયા કંપી. દારૂણ ત્રાસથી વિકટ સ્વરે ' મા ' બોલી રઘુનાથ બૂમ પાડી ઉઠયો.

" શું છે—શું છે બેટા આ રહી હું " એમ કહી મહામાયા રઘુનાથને છાતી સરસો ચાંપવા લાગી.

પરંતુ હાય ! આ છેલ્લોજ શબ્દ હતો ! આ ' મા ' શબ્દ

એજ રઘુનાથનો છેલ્લો બોલ હતો.

'મા' કહી રઘુનાથ ઉઠી બેઠો થયો. માએ મુંઝાઇ જઇ તેનો હાથ પકડયો. રઘુનાથ છિન્નમૂલ વૃક્ષની માફક જનનીના ખોળામાં ઢળી પડયો. તેની જીભ બંધ પડી આંખોનું મટકું બંધ પડયું. હોલાતા દીવાની શિખાના અંતિમ તેજની માફક, એક વખત ઉઠી–એક વખત માને બોલવી રઘુનાથ અચેતન્ય થઇ પડયો.

થયું–બધું પુરૂં થયું–જનમની માફક બધું પુરૂં થયું.

મહામાયાએ જોયું કે રઘુનાથ બોલતો નથી. આંખો ઉંચી ચડી ગઇ છે, મોહું ફીકું પડી ગયું છે. શરીર ઠંડું પડી ગયું છે. પરંતુ માના જીવે કંઇ માન્યું નહિ. મહામાયા 'રઘુનાથ–રઘુનાથ' "બેટા બેટા" કહી રઘુનાથને બોલાવવા લાગી.

રઘુનાથ કયાં ? એ પ્રશ્નનો જવાબ કોણ આપશે ? અહીં તો કેવળ પિંજર પડી રહ્યું છે ! પ્રાણરૂપી પંખી તો પિંજર તજી ઉડી ગયું છે.

—:o:—

દ્વાદશ પરિચ્છેદ.

અશ્રુજલ

"There is a tear for all that die.
A mourner over the humblest grave."

—Byron.

અનેક ક્ષણ પર્યન્ત વરસાદ પડયો, અનેક ક્ષણ પર્યંત આકાશ ઘેરાએલું રહ્યું. અનેક ક્ષણ પર્યંત કોઇ પણ ઘરની બહાર નીકળી શકયું નહિ.

આવા સમયમાં રામદાસ પલળતો પલળતો મહેશ મંડલને બોલાવી લાવ્યો. મહેશમંડલ હાથ જોઇ રોગીની અવસ્થા જાણી શકતો હતો, તેનું નાડીજ્ઞાન ચમત્કારિક હતું આ વિશ્વાસને વશ થઇ રામદાસ વરસાદમાં પલળતાં પલળતાં મહેશને ઘેર ગયો હતો, તેથી મહેશ પણ બીન ગરબડે તેની સાથે આવ્યો હતો.

પરંતુ પાછા આવી રામદાસે જોયું કે હવે કંઈ રહ્યું નથી. જતી વખતે પોતે જે સંદેહ કર્યો હતો તે ખરો પડયો છે. પુત્રનાં શબને ખોળામાં લઇને મહામાયા રૂદન કરે છે. આ દેખાવ જોઈ રામદાસ પણ રડવું ખાળી શકયો નહિ. મહામાયા રડવા લાગી, રામદાસ પણ રડવા લાગ્યો, મહેશ મંડળની આંખમાંથી આંસૂની ધાર છૂટી.

ઘણો વખત વીતી ગયો, રૂદનની ચીસથી ગામ પ્રતિધ્વનિત થવા લાગ્યું. જોતજોતામાં પડોશી આડોશી કૃષ્ણનાથ રાયને ઘેર આવી પહોંચ્યાં, કોઇ આવી રડવા લાગ્યાં, કોઇ મહામાયાને દિલાસો આપવા લાગ્યાં, કોઇ માથું કૂટવા લાગ્યાં, કોઇ કૃષ્ણનાથને આવવાના રસ્તા તરફ જોઇ રહ્યાં.

વા વંટોળથી કૃષ્ણનાથ બરાબર વખતે વૈદ્યરાજ સાથે આવી પહોંચ્યો નહિ. સંધ્યાકાળ પહેલાંજ તે ગામ પહોંચી શકત. પરંતુ વા વંટોળને લીધે રાત એક પહોર વીતી ગઈ છતાં આવી શકાયું નહિ, પાલખી ઉપાડનારા વરસાદના સમયમાં પાલખીઓ ઉપાડી ન શકયા, તેથી એકાદ સ્થળે વરસાદ થંભે ત્યાંસૂધી રોકાવું પડયું. રસ્તામાં જેમજેમ વિલંબ થવા લાગ્યો, તેમતેમ કૃષ્ણનાથનો જીવ મૂંઝાવા લાગ્યો, પરંતુ કરવું શું ? કંઈ ઉપાય નહોતો. વિધાતા વાંકી થઈ બેઠી હતી, તેનું શરીર પાલખીમાં પડયું હતું ખરૂં, પણ મનતો રૂપનગરમાં રઘુનાથ પાસે ચાલ્યું ગયું હતું.

તોફાન બંધ પડ્યું, એટલે કૃષ્ણનાથ વૈદ્યરાજ સાથે ગામમાં ગયા, દૂરથી રો કકળનો અવાજ સંભળાયો. એ અવાજ તેના કાન સાથે અથડાતાંજ તેનો પ્રાણ કંપવા લાગ્યો પરંતુ તે વખતે પણ તેઓ હતાશ થયા નહિ. તેના મનમાં આવ્યું કે એ રૂદનનો અવાજ નથી. વળી એવો પણ સંદેહ થયો કે એ અવાજ બીજે કોઇ સ્થળેથી આવે છે.

વૈદ્યરાજ સાથે કૃષ્ણનાથ ઘેર પહોંચ્યા. કૃષ્ણનાથને પૂરેપૂરો વિશ્વાસ હતો કે ગમે તેવો રોગ હશે તોપણ એક વખત શ્રીકાન્ત વૈદ્યરાજના હાથમાં આવતાંજ રઘુનાથ સાજો થઇ જશે. પરંતુ હાય! અત્યારે રઘુનાથજ ક્યાં છે? વૈદ્યરાજ કોની દવા કરશે? ઘરમાં પ્રવેશ કર્યા પહેલાંજ કૃષ્ણનાથને બધી ખબર પડી ગઈ. મહામાયનાં રૂદનનો અવાજ તેના કાનની આરપાર નીકળી ગયો. અ.ડે.શી પાડોશીના હાહાકારથી જીવ વ્યાકૂળ થઇ ગયો. પાલખીમાંથી ઉતરી રઘુનાથ રઘુનાથ બોલતા કૃષ્ણનાથ ઘરમાં ગયા.

કૃષ્ણનાથરાય ઘરમાં ગયા કે તરત મહામાયાનો શોક સમુદ્ર ભયંકર વેગે ઉછળ્યો. મહામાયા બૂમો પાડતી રડવા લાગી–'આવ્યા! તુચ્છ ઐશ્વયના લોભથી મારૂં સોનાનું પુતળું ગુમાવી આવ્યા!' કૃષ્ણનાથ રડતા રડતા બોલ્યા–" ક્યાં–ક્યાં રઘુનાથ!" મહામાયાએ ઉન્માદિનીની માફક જવાબ આપ્યો–" અત્યાર સુધી આવી શક્યા નહિ! રઘુનાથ તો ચાલ્યો ગયો! રઘુનાથ–રઘુનાથ!"

પતિપત્ની બંને રઘુનાથને ભેટી રઘુનાથ રઘુનાથ કરતાં કરતાં અગનભેદી ચિત્કાર કરવા લાગ્યાં. કૃષ્ણનાથ રડતો રડતો બોલવા લાગ્યો–" રઘુનાથ! રઘુનાથ! ઉઠ બેટા–એકવાર ઉઠ! હું તારે માટે મુર્શિદાબાદથી વૈદ્યરાજ બોલાવી લાવ્યો છું!"

અશ્રુજલથી બંનેની છાતી ભીંજાતી હતી.

ત્રયોદશ પરિચ્છેદ.

ભવાની–પૂજા.

બહુ આનંદ ઉદય.
શંખ ઘંટારવ, મહા મહોત્સવ,
ત્રિભુવને જયજય. ભારતચંદ્ર.

એક બાજૂ અંધકાર, બીજી બાજૂએ આનંદ ઉત્સવ. એક તરફ હાહાકાર, બીજી તરફ આનંદની લહરી–લીલા. વિધિનું આ કેવું વિચિત્ર વિધાન !

એક બાજુએ વૃક્ષનાં સૂકાં પાંદડાં ખરી પડે છે, બીજી બાજુએ વૃક્ષ નવ કિસલયથી પુષ્પપરાગથી પ્રફુલ્લિત થાય છે. એક તરફ ગ્રીષ્મ-ઋતુ આવતાં નદીનું પાણી સૂકાઇ જાય, બીજી તરફ ભાદ્રપદ માસની ભરપુર યૌવનથી ઉછળતી ઉલ્લસતી તરંગમાળાથી તે નવીન મૂર્તિ ગ્રહણ કરે છે. શું પ્રકૃતિના પટપર કે શું સંસારના નાટયમંચપર બંનેપર આદૃશ્ય દૃસ્યમાન થાય છે.

એક તરફ રૂપનગરમાં આકાશ વ્યાપી હાહાકારનો ધ્વનિ ઉઠી રહ્યો છે; બીજી તરફ દત્તકપુત્ર લીધો તેથી નાટોરમાં જનસાધારણ મહા ઉત્સવમાં ગાંડાં બની ગયાં છે. કેવળ નાટોર રાજધાનીમાંજ નહિ; પણ તે મહોત્વસથી આજે ભવાનીમંદિર પણ અપૂર્વ શોભા ધારણ કરી રહ્યું છે.

નાટોરથી લગભગ અઢાર ગાઉ ઉત્તર પૂર્વ બાજુએ ભવાનીપુરમાં ભવાનીનું મંદિર આવેલું હતું.

ભવાનીપુર પીઠસ્થાન છે. ઉત્તર બંગમાં કરતોયા નદીને કાંઠે જ્યાં પાર્વતીજીના વાળ પડ્યા હતા, તે ઠેકાણે ભવાનીપુર આવેલું છે. ભવાનીપુરનાં પીઠસ્થાનમાં ભવાનીમંદિરમાં દેવીની સ્થાપના હતી.

ભવાનીપુરમાં ભવાનીમંદિરમાં મહારાણી ભવાની ભવાનીની પુજા કરવા આવ્યાં છે, તેઓએ દત્તક પુત્ર લેવાની ક્રિયા સંપૂર્ણ કરી હતી, તે વિષે આ પૂજાની તૈયારી થઇ રહી હતી. આજે દત્તકપુત્ર સાથે મહારાણી ભવાનીપુરમાં આવ્યાં છે. રાજપરિવારમાં બધાં આ ઉત્સવમાં ભાગ લેવા આવ્યાં છે.દેશ દેશાન્તરથી બ્રાહ્મણો આવી પહોંચ્યા છે.

ખાઇથી વીંટળાયલાં પ્રદેશમાં દક્ષિણદ્વારી મંદિર હતું. વિવિધ કારૂકાર્યથી શોભતાં દેવીમાતા તેમાં વિરાજ કરતાં હતાં. મંદિરની પાસે પૂર્વ અને પશ્ચિમ બાજૂએ ભવાનીશ્વર, હરેશ્વર વગેરે મહાદેવનાં લિંગ હતાં. મંદિરની પાછળ ઉત્તર બાજુએ, ભોગ આપવાની પડશાળ હતી; તેની પૂર્વ બાજૂએ રાજમહેલ હતો. માતાજીની પૂજા કરવા આવતાં મહારાણીએ એજ મહેલમાં ઉતારો લીધો હતો.

મહામાયાનાં મંદિરના પૂર્વ ભાગમાં બિલીનાં ઝાડનીચે અને પશ્ચિમે વડનાં ઝાડ નીચે સાધક મહાપુરૂષોને સાધના કરવાનું સ્થાન હતું. ત્યાં હમેશાં સાધુ સંન્યાસીઓ એકઠાં થતા. ત્યાં હમેશાં હોમકુંડ સળગ્યા કરતા, ત્યાં હમેશાં તત્ત્વકથાનાં વિવેચન થયા કરતાં. ત્યાં કોઇ સંન્યાસીઓ ચક્ષુ મીચી ધ્યાન ધરતા હતા, કોઇ હોમાગ્નિમાં આહુતી નાખતા હતા, કોઇ હાથ ઉચા રાખી ઇષ્ટનામ જપતા હતા, કોઇ શાસ્ત્રની વાતો સંભળાવતા હતા. મહામાયાનું પીઠસ્થાન હોવાથી અહીં ઘણે દૂરથી મહાપુરૂષો એકત્ર થતા.

દત્તકપુત્ર લીધો હોવાથી મહારાણી ભવાની ભવાનીપુરમાં પૂજા

કરવા આવ્યાં છે, એ વાત સાંભળતાં ઘણા માણસો ભવાનીપુરમાં આવ્યાં છે. કોઇ પૂજા કરવા આવ્યાં છે, કોઇ પૂજા જોવા આવ્યાં છે, કોઇ ભીખ માગવા આવ્યાં છે, કોઈ રંગતમાસો જોવા આવ્યાં છે. કોઇ દુકાન માંડી બેઠા છે તો કોઈ માલ ખરીદવા આવ્યા છે.

ભવાનીપુરમાં મેળો ભરાયો છે. ભવાનીપુરે નવીન શોભા ધારણ કરી છે.

સવારમાં પૂજાનો ઘંટ વાગ્યો. જોતજોતામાં હજારો નરનારીથી મંદિર ભરપૂર થઇ ગયું.

એ દૃશ્ય અપૂર્વ હતું. એકી સાથે હજારો મનુષ્યોના કંઠમાંથી 'જયમા ભવાની'નો અવાજ નીકળ્યો. એકી સાથે અગણિત શંખઘંટા વાગી ઉઠયાં; એક સાથે સેંકડો નગારાંથી ભવાનીનું મંદિર કંપી ઉઠયું. માથાં પર જટાના ભારવાળો, છાતી સુધી દાઢીવાળો, તપ્તકાંચન સદૃશ રંગવાળો પૂજારી જ્યારે આરતી કરવા લાગ્યો ત્યારે તેની સાથે વાજીંત્રોના શોરથી આખું શહેર મુખારિત થઇ રહ્યું. હજારો નરનારી હાથ જોડી ભક્તિથી નીગળતાં નયને મહામાયાનાં મુખ સામું જોઈ રહ્યાં;—આ કેવું દૃશ્ય ! તે વખતે એવું જણાવા લાગ્યું કે જાણે મહાયોગી મહેશ્વર પોતે પુરોહિતવેશે આવિર્ભૂત થઇ લોકો આગળ મહામાયાનું માહાત્મ્ય પ્રસારી રહ્યા છે.

આરતી પૂરી થઇ. વાદ્યધ્વનિ બંધ પડયો. એકઠા થએલા લોકો માતાજીને પ્રણામ કરવા લાગ્યા. છેવટે બધાં એકી અવાજે માતાજીનાં નામનો પોકાર કરી મંદિર છોડી નીકળ્યાં.

માતાજીનો સવારનો ભોગ નિરામિષ હોય છે. તે જોતાં માતા પરમવૈષ્ણવી જેવાં જણાતાં હતાં.

પરંતુ બપોરે દૃશ્ય બદલાયું મધ્યાહ્ન સમયની પૂજા વખતે પણ તેટલુંજ માણુસ ભરાયું હતું. પરંતુ પૂજાની પદ્ધતિ જૂદી હતી. અત્યારે હારબંધ ખીલાકાષ્ટ ખોડેલાં જણાતાં હતાં; તેની પાસે સેંકડો બકરાં ઘેટાં અને પાડા બલિદાન માટે બાંધેલાં હતાં. તેઓને નહવરાવેલાં હતાં, તેઓ કંપતાં કંપતાં ચિત્કાર કરતાં હતાં.

આ પૂજાનો પુરોહિત પણ જૂદો હતો, પૂજાનાં સાધનો પણ જૂદાં હતાં, ભોગની તૈયારી પણ જુદી હતી. પુરોહિતે રાતાં વસ્ત્રો પહેરેલાં હતાં, લલાટ પર રાતાંચંદનનું ત્રિપુંડ કર્યું હતું, બંને હાથો પર રાતું ચંદન ચોપડયું હતું, સિંદુરથી રંગાયલાં ખડગ સાથે તે મંદિરની બહાર આવ્યો અને બલિદાન અર્પણ કર્યું. મંત્રથી પવિત્ર થએલું ખડક કસાઇના હાથમાં આપવામાં આવ્યું.

બલિદાનનાં વાદ્ય વાગવા લાગ્યાં. ઢોલના અવાજથી મંદિર કંપવા લાગ્યું. બલિદાનનાં પશુની ચીસોથી ગગન વિદીર્ણ થવા લાગ્યું. કસાઇ એક પછી એક તમામ વધ્યપશુને મારવા લાગ્યો. બલિદાનનાં લોહીથી ભવાનીનું મંદિર લાલ થઇ ગયું બલિદાન પછી બલિદાનનું લોહી શરીરે ચોપડી કોઇ કોઇ નાચવા લાગ્યું. માતાજીની બપોરની પૂજા પૂરી થઇ.

સવારમાં જે માતા પરમ વૈષ્ણવી દેખાતી હતી, તેજ માતા બપોરે તદ્દન ઉલટું સ્વરૂપ ધારણ કરી રહી હતી. ભાવિક ભક્ત ! વિચાર જોઉં ! માતા કેવાં સ્વરૂપે અવસ્થિતિ કરે છે ?

માતાજીની પૂજા વખતે દત્તકપુત્રને પાસે બેસાડી મહારાણી ભવાની તેનું ભલું થવાથી પ્રાર્થના કરતાં હતાં. આટલા બધા કોલાહલ માનું કંઇ તેના કાનમાં પ્રવેશ કરતું નહોતું. તે તો તન્મય થઇ

માતાજીને પ્રાર્થના કરતાં હતાં કે-" હે મા મંગલમયી ! જગતનું ભલું કર ! "

દત્તકપુત્ર કુમાર રામકૃષ્ણ પોતાની માની પડખેજ બેઠો હતો; તે પણ માતાજીની સ્તુતિ કરતો હતો. પરંતુ તેનું ચિત્ત વારંવાર ચંચળ થઇ ઉડતું હતું. બલિદાન વખતે તેણે જોયું કે બલિદાનનાં પશુઓની મર્મભેદી ચીસો તરફ કોઇ ધ્યાન આપતું નથી, એટલુંજ નહિ પણ જ્યારે એ બધાં પશુઓનાં ગળા કપાવા લાગ્યાં છતાં કોઈ કંઈ કરતું નથી, ત્યારે તે બૂમ પાડી મહારાણીને કહેવા લાગ્યો, " મા ? આ કેવું ઘાતકીપણું માતાજીની પૂજામાં આટલાં બધાં પ્રાણીઓનો નાશ શા માટે ? "

તન્મયચિત્ત ભવાનીના કર્ણમાં કુમારની એ બૂમે પણ પ્રવેશ ન કર્યો. મહારાણીએ કંઇ જવાબ ન આપ્યો. એટલે પુરોહિતે કહ્યું, " કુમાર ! આ બલિદાનમાં ઘાતકીપણું ક્યાં જોયું ? બલિદાનથી પશુઓનું જીવન સાર્થક થયું. બલિદાનથી બંધન મોચન થાય છે ! "

' બંધન મોચન ! ' કુમાર ધ્રુજી ઉઠયો. કેટલીએ અતીત સ્મૃતિ તેના મનમાં આવી. તેને પેલા સંન્યાસીની વાત યાદ આવી ! પંખીનાં બંધન મોચનની વાત યાદ આવી ! પોતાની બંધનમોચન સબંધની પ્રતિજ્ઞાની વાત પણ યાદ આવી.

ચતુર્દશ પરિચ્છેદ.

સન્દેહના પ્રશ્નો.

" एतन्मे संशयं कृष्ण छेत्तुमर्हस्यशेषतः ।
त्वदन्यः संशयस्यास्य छेत्ता न ह्युपपद्यते ॥ "

—श्रीमद्भगवद् गीता ॥

હરિદેવરાયનો પુત્ર ગોપાલ, મહારાણી ભવાનીનો દત્તકપુત્ર સ્વીકારાયો છે. તેજ અત્યારે કુમાર રામકૃષ્ણના નામથી ઓળખાય છે.

નાટોર જતી વખતે હરિદેવરાયે શાન્તીદેવી આગળ પ્રતિજ્ઞા કરી હતી કે ગોપાલને પાછો લાવીશ. પરંતુ તે પ્રતિજ્ઞા પળાઇ નહિ. આટલાં બધાં બાળકોમાં કેવળ ગોપાલજ દત્તક તરીકે સ્વીકારાયો, ત્યારે પછી પૈસાના લોભથી, ઉંચી ઇચ્છાઓના મોહથી પત્ની પાસે કરેલી પ્રતિજ્ઞા હરિદેવ ભૂલી ગયા હતા. ગોપાલને દત્તક તરીકે આપી મહારાણી પાસેથી ગામ ઇનામમાં મેળવી તે પાછા ફર્યા શાન્તદેવીને શું કહેવું તેનો તેને વિચાર સરખો ન આવ્યો. આજે લગભગ એક માસ પૂરો થયાં, તે ગોપાલને નાટોર રાખી આવ્યા છે. ત્યારથી ગોપાલ એ ગોપાલ રહ્યો નથી; ગોપાલ–રામકૃષ્ણના રૂપમાં બદલાઇ ગયો છે.

ભવાનીના મંદિરમાં પુરોહિતની વાત સાંભળી, કુમાર બારે વિચારમાં ડૂબી ગયો. રાજધાનીમાં આવ્યા પછી તે આદરમાન અને મોજશોખના સમુદ્રમાં ડૂબ્યો હતો. પરંતુ તે દિવસથી તેનું મન ફર્યું. હવે તે નિર્જન સ્થાન ખોળવા લાગ્યો; નિર્જન સ્થળમાં બેસી વિચાર

કરવામાંજ વખત ગાળવા લાગ્યો, તેમાંજ તેને આનંદ મળવા લાગ્યો.

કુમાર શો વિચાર કરે છે ? સુખ અને એશ્વર્યમાં ડૂબેલા કુમારને શી ચિંતા હોઇ શકે ?

કુમારની આવી સ્થિતિ તરફ થોડાજ દિવસમાં મહારાણી ભવાનીનું ધ્યાન ખેંચાયું. એક દિવસ એકાંતમાં બેસી કુમાર ગાંડાની માફક કંઇ બકતો હતો. કુમારને આવી સ્થિતિમાં જોઇ મહારાણી છૂપી રીતે તેના વિચાર સાંભળવા લાગ્યાં. પરંતુ કંઇપણ સમજી શક્યાં નહિ. તેથી પાસે આવી આદરપૂર્વક પૂછવા લાગ્યાં, " તુ એકલો બેસી શો વિચાર કરે છે બેટા ? અહિં તને કોઈ જાતની અડચણ છે ?"

કુમારે વિનયપૂર્વક જવાબ આપ્યો—" ના, મા, મને કોઇપણ જાતનું દુ:ખ નથી. "

ભવાની—"ત્યારે તું હંમેશ આમ કેમ કરે છે! તને શાની ચિંતા છે ? આ દુનિયામાં તને શાની ઓછપ છે જે તું આમ દીલગીર થઇ એકાંતમાં વિચાર કરે છે ? જો તને કોઇપણ જાતનું દુ:ખ હોય તો કહે હું મારી શક્તિ મુજબ દૂર કરવાનો પ્રયત્ન કરીશ. "

કુમાર—"મને તો કોઇ જાતનું દુ:ખ નથી મા ! "

" ત્યારે તું શાનો વિચાર કરે છે ? મને લાગે છે કે તારૂં મન કોઇ દારૂણ ચિંતાથી છવાઇ ગયું છે ! "

કુમાર આટલા દિવસ થયાં વિચારતો હતો કે, "કોને પૂછું ? કોણ મને જવાબ આપશે ?" આ સમસ્યાએજ તેના મનમાં દીલગીરી પ્રસરાવી હતી. આથી મહારાણીનો પ્રશ્ન સાંભળી તેનું મન મોકળું થયું.

કુમારે કહ્યું, " મા ! આપ ખરૂં કહોછો. મારૂં હૃદય ખરેખર ભારે વિચારથી દબાઇ ગયું છે. "

ભવાની—" બેટા, એ ચિંતા શી છે ? "

કુમારે પોતાની જિંદગીની પેલી બે ઘટના કહી સંભળાવી. સંન્યાસીએ કહ્યું હતું કે " પિંજરાબદ્ધ પંખીને બંધનમુક્ત કરવાથી તેનું બંધન છૂટે છે ! વળી ભવાનીમંદિરમાં રાજપુરોહિતે કહ્યું હતું કે બલિદાનથી પશુનું બંધન છૂટે છે કે મુક્તિદાનથી બંધન મોચન ? "

આ બે બાબતનો ઉલ્લેખ કરી કુમારે જનનીને પૂછ્યું, " મા ! હું કંઇ સમજી શકતો નથી. બલિદાનથી બંધન મોચન ? કે મુક્તિદાનથી બંધન મોચન ? "

મહારાણી વિસ્મય પામી કુમાર સામું જોઇ રહ્યાં.

બાળકના મુખમાંથી આવો પ્રશ્ન ? મહારાણી સમજી ગયા કે પ્રશ્ન ભારે છે. પરંતુ એવા પ્રશ્નોથી બાળકોનું નિર્મળચિત્ત કદીપણ ઉદ્વેલિત કરવું જરૂરનું નથી. તેણે નક્કી કર્યું કે બીજે વખતે કુમારને સમજાવી આવા વિચારથી દૂર રહેવાનું કહીશ. અત્યારે તો કુમારને દિલાસો આપવા કહ્યું, " આજ પ્રશ્ન કે ! વારૂ, હું તારા પ્રશ્નનો જવાબ આપીશ ! આ વાત તેં આટલા દિવસ કેમ ન પૂછી ? "

એમ કહી કુમારનો હાથ પકડી, મહારાણી કુમારને એક ઓરડામાં લઇ ગયાં.

પ્રથમ ખણ્ડ સમાપ્ત.

રાજા રામકૃષ્ણ

દ્વિતીય ખણ્ડ.

" ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥
क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥

વિષયોના ચિંતનથી વિષયોમાં માણસને સંગ થાય છે, સંગ કામથી ઉપજે છે. અને તે કામ (ફળીભુત ન થવા) થી ક્રોધ ઉપજે છે. ક્રોધથી સંમોહ થાય છે. અને સંમોહથી સ્મૃતિનો ભ્રમ થાય છે અને સ્મૃતિભ્રમથી તેની બુદ્ધિ નાશ પામે છે. બુદ્ધિનો નાશ થતાં તેનો પોતાનોજ વિનાશ થાય છે."

રાજા રામકૃષ્ણ

ખંડ બીજો.

ध्यायतो विषयाद् पुंसः संगस्तेषूपजायते ।
संगात् संजायते कामः कामात् क्रोधोभिजायते ॥
क्रोधात् भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात् प्रणश्यति ॥

—श्रीमद्भगवद्गीता ॥

“ વિષયની ચિંતા કરતાં કરતાં મનુષ્યની વિષય પ્રતિ આસક્તિ જન્મે છે. આસક્તિમાંથી કામના, કામનામાંથી ક્રોધ, ક્રોધમાંથી સદ-સદ વિવેકનો નાશ, તેથી સ્મૃતિ–વિભ્રમ, તેથી બુદ્ધિનો નાશ અને બુદ્ધિનાશ થવાથી મૃત્યુ અવશ્યંભાવી છેજ.

પ્રથમ પરિચ્છેદ.

શરૂઆત.

"The childhood shows the man
As morning shows the day."

—Milton.

હરિદેવ રાય આટગ્રામમાં પાછા ફર્યા છે; પરંતુ ગોપાલને સાથે લાવ્યા નથી, ગોપાલની વાત પૂછતાં તે વારંવાર શાન્તિદેવીને એવો બોધ આપતા કે "ગોપાલને તેઓ જેમ બને તેમ જલદી અહિં મોકલી દેશે" પરંતુ દિવસપર દિવસ જવા લાગ્યા; ગોપાલ તો પાછો ફર્યોજ નહિ.

પહેલાં તો હરિદેવ એવું સમજાવતા કે—ગોપાલ રાજા થવાનો છે, એટલે અભિષેક થઈ રહ્યા બાદ આવશે. "ગોપાળને સાથે લઇ જ આવવું હતુંને" એવા પ્રશ્નના જવાબમાં તે કહેતા કે "અભિષેક થતી વખતે મારાથી ત્યાં થોભાય નહિ. તેથી હું અગાઉથી ચાલ્યો આવ્યો છું." શાન્તિદેવીને પતિના વચનમાં શ્રદ્ધા હતી તેથી આજ કાલ આવશે એમ માની મનમાં રીઝતી હતી. પરંતુ માનો જીવ તે ક્યાં સૂધી હિંમત ધારે?

ભવાનીપ્રસાદ અને રામપ્રસાદ હજુપણ મામાને ઘેર રહેતા હતા. તેઓ ઘેર હોત તો શાન્તિદેવીને નિરાંત વળત. પરંતુ તેઓ પણ ઘેર નહોતા! કામકાજમાંથી નવરાશ ન મળતી હોવાથી હરિદેવરાય તેઓને ઘેર તેડી લાવ્યા નહોતા. તેઓ હમણાં આટગ્રામના નવા જમીનદાર થયા છે. તેથી જમીનદારીનો બંદોબસ્ત કરવામાં તેનો બધો

સમય ચાલ્યો જતો. પુત્રને ઘેર લાવવાનો બંદોબસ્ત કરવા જેટલો સમય પણ તેને ક્યાંથી મળે ?

જોકે એકાદ માણુસ મોકલતાંજ આ પાર પડે તેવું હતું, પરંતુ નવીન જમીનદારીનાં કામો આડે તેમને આ વાત યાદ પણ આવતી નહોતી કત્રચિત કોઇ એ વાત યાદ કરી આપતું તોપણ તે યાદદાસ્ત એક ક્ષણમાં ગુમ થઈ જતી. વિષયાસક્ત મનુષ્યનું ચિત્ત આ પ્રમાણે બીજી ચિંતાને ખસેડે છે. શાન્તિદેવી દિવસે દિવસે પાગલ બનતી જાય છે, તે બાજૂએ નજર નાખવાનો હરિદેવરાયને સમય પણ નહોતો. કામ કામને કામ કામમાં રચીપચી તેઓ ઉન્મત્ત થઈ ગયા હતા.

શાન્તિદેવીએ આહાર નિદ્રા તજ્યાં તેનું રૂપ દહાડે દહાડે મલિન થતું ચાલ્યું. સુતાં, બેસતાં, ખાતાં પીતાં તેઓ ગોપાળનુંજ ધ્યાન ધરે છે. ગોપાલ ગોપાલ કહી તેઓ ગાંડાની માફક ફરે છે, સંસારનાં કાર્યમાંથી તેનું ચિત્ત ઉઠી ગયું છે; કોઇની સાથે બોલતાં પણ નથી; કેવળ ગોપાળના વિચારમાંજ તેઓ મશગુલ થઇ રહ્યાં છે પતિએ કહ્યું હતું કે " ગોપાલને તેઓ જેમ બને તેમ જલદી મૂકી જશે. " તેથી તેઓ હંમેશાં રસ્તા સામે જોઇ રહે છે રસ્તાપરના મુસાફરોને પૂછે છે કે " ભાઇ, બ્હેન, તમે મારા ગોપાલને આવતો જોયો ? " ગોપાળનાં ચિંતનમાં એક ચિત્તે બેઠાં હોય તે વખતે કોઇનો પગરવ સંભળાય કે તરત 'મારો ગોપાળ આવ્યો ' એમ બોલી સામાં દોડે છે. " રાત્રે પથારીમાં સૂતાં સૂતાં કોઈ નિશાચર પક્ષીનો ખડખડાટ સાંભળતાંજ બેબાકળાં ઉઠી ગોપાલ ! આવ્યો બાપુ ! " કહી જાગી ઉઠે છે.

શાન્તિદેવીની આ ભાવવિકૃતિ જોઈ કુમુદિની બહુજ મુંઝાઇ

સંસાર કેમ ચાલશે. એજ તેની મોટી ચિંતા હતી. હરિદેવરાય તો સંસાર તરફ નજર પણ કરતા નહોતા. તેઓતો જમીનદારીનાં કાર્યમાં મશગુલ હતા શાન્તિદેવીની આવી અવસ્થા હતી; તેતો ગોપાલને માટે ગાંડી બની હતી. ઘરનું રક્ષણ કોણ કરે ? હરિદેવની સાથે મેળાપ થતાંજ કુમુદિની ઘરની વાતો છેડતી; અને કહેતી કે–"હું એકલી કેટલું કરી શકીશ? વહુની હાલત તો આવી છે! હવે ગમે તે બંદોબસ્ત કરવો પડશે!"

હરિદેવરાય કંઈ પણ જવાબ આપતા નહિ. કદાચ જવાબ આપતા તોપણ કહેતા કે "પ્રથમ જમીનદારનો બંદોબસ્ત કરી લઉં, પછી બધું થશે." હરિદેવરાયનાં મગજમાં જમીનદારીજ ભરાઇ બેઠી હતી, ખાતાં પીતાં, ઉઠતાં બેસતાં કેવળ જમીનદારીજ સાંભળતી. ખાવા બેઠા હોય ત્યારે પણ જમીનદારીના વિચાર કરતા હતા તેઓ વિચારતા કે "ઉત્તરનાં મેદાનની જમીન હીરૂઘોષને ન આપતાં પાંચુ સરદારને આપું તો ઠીક, તો વધુ પૈસા આપશે" કદી વિચારતા કે "પેલી જમીન તો મારેજ રાખવી કારણ કે તે જમીન બીજાને આપતાં તેઓ તેમાંથી કાચું સોનું પેદા કરી શકશે" 'વળી વિચારતા કે "મારે તે આ ધડમથલ શી મને જે મળ્યું છે, તે પર આધાર રાખી પગપર પગ ચડાવી નિરાંતે ખાઇશ તોપણ ખૂટવાનું નથી."

કુમુદિની ઘર સંસારની વાતો હરિદેવને કાને નાખવા માટે ઘણા પ્રયત્નો કરતી હતી, પણ ફક્ત આહાર કરતી વેળાજ તેઓ હરિદેવને મળતાં. જો તેઓ ખાસ કામપ્રસંગે હરિદેવને પાસે બોલાવતાં, તો તેઓ કંઇને કંઇ બહાનું કાઢી છટકી જતા. આથી ભોજન સમય સિવાય કુમુદિનીને બીજે વખત મળતો નહિ.ભોજન વખતે આ બધી

વાત કાઢતાં ચમત્કારિક જવાબ મળતા. કુમુદિની પૂછતી કે "વહુની દવા માટે શે બંદોબસ્ત કરશું?" પરંતુ હરિદેવના કાનમાં તો આ વાત જમીનદારીની વાતનું રૂપ લઇ પ્રવેશ કરતી. તે જવાબ આપતા કે "કાન્તારામની જમીનદારી હજુ હાથ કરી શકયો નથી.

બંને જણનાં મન એ વિચારમાં મશગુલ થઈ ગયાં છે. હરિદેવ-રાય કેવળ જમીનદારીજ જૂએ છે. શાન્તિદેવી કેવળ ગોપાલને આવતોજ જૂએ છે.

રાખાલ ગોપાલનો બાલમિત્ર હતો રાખાલને જોઇ શાન્તિદેવીનો પ્રાણ શાંત થતો, આથી કુમુદિની કોઇ કોઈ વખતે રાખાલને શાન્તિ-દેવી પાસે આવવાનું કહેતી. સુયોગ મલતાં રાખલ પણ 'કાકિમા' કહેતો શાન્તિદેવી પાસે આવતો. શાન્તિદેવી તેને બહુ લાડ લડાવતી, કંઈ ખાવાનું આપતી. પૈસોટકો આપવામાં પણ કંજુસાઈ ન કરતી. રાખાલ પણ વખત જોઈ શાન્તિદેવી પાસે કેટલીય હઠ કરતો કોઇ વખત રમકડાં તો કોઈ વખત ઘરેણાં લુગડાં માગતો. કોઈ વખતે તે શાન્તિદેવીના અંગપરનાં ઘરેણાં ખેંચતો. કોઇ વખત નાકની નથ માગતો. શાન્તિદેવી પણ પોતાથી બની શકે તે તેને આપતી. કોઇ કોઇ વખત પોતાનાં શરીરપરનાં ઘરેણાં તેને પહેરાવતી અને તે ઘરેણાં પહેરી રાખાલ નાસી જતો. રાખાલની મા કોઇ કોઇ વખતે એવાં ઘરેણાં પાછાં આપી જતી ખરી; પરંતુ રાખાલના પિતા હલધરમિત્ર તેથી બહુ ગુસ્સે થતા. એક દિવસ તેમણે રાખાલને એકાંતમાં બોલાવી કહ્યું કે "હવેથી તું જે કંઈ લાવે તો તે ચુપકીદીથી મને આપી જજે."

એક દિવસ એમજ બન્યું. હરિદેવરાયનાં ઘરમાં રાખાલને અટ-કાવનાર કોઇ નહોતું. આમ તેમ ફરતાં ફરતાં રાખાલ એક દિવસ

શાન્તિદેવીનાં ઘરેણાંની પેટી લઈ નાઠો, કોઇએ તેને તેમ કરતાં જોયો પણ નહિ. શાન્તિદેવી ગોપાલની ચિંતામાં હતાં; કુમુદિની ઘાટપર લુગડાં ધોવા ગઇ હતી. રસોઇયણ પદ્મમણિ પોતાના ભાણેજને મળવા ગઇ હતી. આવો સુયોગ જોઇને રાખાલ શાન્તિદેવીનાં ઘરેણાં લઈ નાઠો હતો; તે દિવસ તે પોતાની મા પાસે ન જતાં બહારો બહાર પિતા પાસે ગયો. પેટી પિતાના કબજામાં સોંપી દીધી;

જે દિવસ આ બનાવ બન્યો, તે દિવસ ઘરેણાંનું કંઇ કામ ન પડયું, તેથી તે પેટીની કોઇએ શોધ પણ ન કરી. બીજે દિવસે હરિદેવરાય કોઈ દસ્તાવેજ ખોળવા આવતાં તેમને માલુમ પડયું કે દસ્તાવેજની પેટીપર રહેતી ઘરેણાંની નાની પેટી નથી. પટારો ઉઘાડતાંજ તેમને આ ખબર પડી. તેણે કુમુદિનીને બોલાવી પૂછપરછ કરી પરંતુ તે કંઇ પણ જવાબ આપી શકી નહિ. શાન્તિદેવી પણ કંઇ કહી શકી નહિ. પેટી ગઇ કયાં ? હરિદેવરાયે ચારે બાજુએ શોધ કરી, પણ પેટી નજરે ન પડી. આ ગરબડની ખબર ફેલાતાં આડોશી પાડોશી પણ આવી પહોંચ્યાં. કુમુદિનીએ શાન્તિદેવીને પૂછયું, "વહુ, રાખાલને તો પેટી નથી આપીને ?"

શાન્તિદેવીએ કહ્યું, "મને કંઇ ખબર નથી. રાખાલને તો મેં એ પેટી આપી નથી." પરંતુ તે જવાબથી કુમુદિનીને શાન્તિ ન વળી. હરિદેવરાયના મનમાં પણ સંશય ઉપજ્યો. તરતજ રાખાલને બોલાવી બધું પૂછી જોવાનો આગ્રહ થવા લાગ્યો.

રાયનાં ઘરમાં કંઇ પણ ગરબડ મચે તો રાખાલ તરતજ દોડી આવતો, પણ આજે તો તેનો પત્તો મળ્યો નહિ. ત્યારે શું રાખાલ ઘેર નથી ? તેનાં ઘરમાંજ તેનો પત્તો મળ્યો. પરંતુ તે આવવા ઇચ્છતો નહોતો. રાય બોલાવે છે એ સાંભળી તેની મા તેને પરાણે બોલાવી -

લાવી. શાન્તિદેવી રાખાલને કેટલું બધું ચાહતી હતી, તે તેની મા જાણતી હતી. એટલે તે રાખાલને સાથે લઇ તેમને ઘેર આવી. પરંતુ આ ગરબડ જોઇ રાય પાસે આવી શકી નહિ. કુમુદિનીએ તેને જોતાંજ રાખાલને હાથ પકડી બધાં સમક્ષ હાજર કર્યો.

હરિદેવે પૂછ્યું,–" રાખાલ ! બેટા ! ઘરેણાંની પેટી કયાં રાખી છે.?"

પ્રશ્ન સાંભળી રાખાલના માથાપર જાણે આકાશ તૂટી પડયું, "તે બોલ્યો," " ઘરેણાંની પેટી કાકા એ શું ! "

હરિદેવ—" બધાં કહે છે કે તુંજ લઇ ગયો છે ! "

રાખાલ—" કોણ સાલો કહે છે ! તેના બાપના મ્હોંમાં કીડા પડે.

રાખાલનાં મ્હોંમાંથી સરસ્વતી દેવીની ધારા છૂટવા લાગી. જેમ ફાવે તેમ ગાળો આપતો આપતો રાખાલ ત્યાંથી નાસી છૂટયો. કંઇ પણ સાબીતિ ન હોવાથી હરિદેવરાય પણ બીજું કશું કરી શકયા નહિ. તેમાં પણ રાખાલની માએ કહ્યું કે " હું આમાં કંઇ જાણતી નથી, રાખાલ જો કંઇ પણ ઘેર લાવ્યો હોત, તો હું જરૂર આપી જાત;" ત્યારે હરિદેવરાયનાં ઘરમાંનાં કોઇથી વધૂ બોલી શકાયું નહિ.

તો પણ પદ્મમણિ જોરથી બોલી ઉઠી—" રાખાલ સિવાય આ કાર્ય કોઇએ કર્યું નથી.તેણે આ ઘરમાં પગ મૂકયો, ત્યારથીજ હું કકળતી આવી છું; મેં તરતજ કહ્યું હતું કે " વહુમા, સાવધાન રહેજો, રાખાલને ઘરમાં પગ મૂકવા ન દેશો ! " પરંતુ મારી વાત કોણ સાંભળે ? હું તો દાસી છું. "

આ ગરબડ થતી હતી ત્યાં રાખાલની દાદી આવી પહોંચી, રાખાલ સંબંધી પદ્મમણિએ જે કહ્યું, તે સાંભળી તે ઘણીજ ગુસ્સે થઇ;

તે લાલચોળ થઇ બોલી ઉઠી, " શું કહ્યું ! આટલો બધો ગર્વ ! નાના મ્હોંએ મોટી વાતો ! તારો માલિક જમીનદાર છે, તેથી શું થઈ ગયું ! તને કંઈ કોઇને ગાળો આપવાનો પરવાનો મળ્યો કે ? હમણાંજ તારૂં મ્હોં બાળી નાખીશ સમજી. "

પદ્મમણિ પણ પાછી હઠે તેમ નહોતી. તેણે ધાર્યું કે હું કંઇ કોઇની તાબેદાર ઓછી છું ! આથી તે બરાડા પાડતી પાડતી રાખાલની દાદીપર ઉતરી પડી " રહેવાદે ને સહુની પૂછડી ! તારાં ઘરની બધી વાતો જાણું છું ? હું તો શું પણ આખું ગામ જાણે છે, દેશ વિદેશમાં તું જગજાહેર છે. તારૂં બળ્યું મ્હોં લઇ શું આવી છે ! હું નક્કી કહું છું કે રાખાલ સિવાય આવું કામ કોઇ કરેજ નહિ. "

રાખાલની દાદી ગુસ્સાથી કંપવા લાગી. પદ્મમણિ સામી ફરી બોલી " હરામજાદી ! પાજી ! ડાકણ ! મારો રાખાલ ચોર ! ફરીથી બોલીશ તો ઝાડુ મારીશ–સમજી ? "

પદ્મમણિથી હવે સહન ન થયું. રાખાલની દાદીએ જે શબ્દોમાં કહ્યું, તે પોતે કરવા તૈયાર થઈ. ગાળો સાંભળી, તરતજ તે ગૌશાળામાં ગઇ એક ઝાડુ લઇ આવી; અને રાખાલની દાદી સામી દોડી. તે બોલવા લાગી–" ત્યારે ડાકણ; હરામજાદી લેતી જા ! હવે જોઉં છું કે તને તારો કયો બાપ બચાવે છે.

હરિદેવરાયે પદ્મમણિને અટકાવી. તે બબડવા લાગી. આ તરફ પદ્મમણિનું પરાક્રમ જોઈ રાખાલની દાદીમા મકાન તરફ દોડી ગઇ.

હરિદેવરાયે પદ્મમણિને અટકાવી, એટલે પદ્મમણિનો અભિમાન–સાગર ઉછળ્યો. તે રડતી રડતી બોલવા લાગી–" હું તમારે ઘેર રહીશ નહિ. મને ગમે તે આવી તમારી સામે જેમ તેમ બોલી જાય

છે, તમે કંઇ બોલતા નથી. હું તો જાઉં છું ! ”

દરેક વખતે બધી હદ પૂરી પડતી નથી ! એક તો દાગીનાની પેટી ગઈ તેથી હરિદેવનો અંતરાત્મા સુકાઇ ગયો હતો. તેપર પદ્મમણિએ મિત્ર મહાશયની માનું અપમાન કર્યું હતું. આ અવસ્થામાં પદ્મમણિની હઠ સહન થાય કે ?

પદ્મમણિએ કહ્યું કે તરતજ હરિદેવ બોલી ઉઠયા–“ જા લુચ્ચી તું મારાં ઘરમાંથી હમણાંજ નીકળ ! શું કરૂં કે તું સ્ત્રી છે ! નહિ તો લાતો મારી બહાર કાઢત ! ”

પદ્મમણિ રડતી રડતી ઘર બહાર ચાલી ગઈ, હરિદેવ ઘરમાંનાં બધાંને ઉદ્દેશી બરાડા પાડવા લાગ્યા.

એક તરફ હરિદેવ રાયનાં ઘરમાં આ ઘટના બની રહી હતી; તેજ વખતે રાખાલનાં દાદીમા હાંફતાં હાંફતાં ઘેર આવી પહોંચ્યાં, પોતાના પુત્ર આગળ તેણે રડવા માંડયું–“ તમે બધા જીવતા જાગતા બેઠા છતાં હરિદેવે પોતાની ચાકરડી દ્વારા મારૂં આટલું બધું અપમાન કરાવ્યું. આનો ઉપાય જો આજે જ નહિ થાય, તો હું હમણાં જ આપઘાત કરીશ.” એમ કહી હલધર જનની માટીપર પડી ઉંચે સાદે રડતી રડતી ઘરને કંપાવવા લાગી.

પાડોશીની એકાદ બે સ્ત્રીઓ આવી તેની વાતમાં સાથ દેવા લાગી. હલધરે ક્રોધાંધ થઈ પ્રતિજ્ઞા કરી કે “એક વખત એ બેટાને જોઇ લઇશ !”

દ્વિતીય પરિચ્છેદ.

રાખાલની કથા.

"Obtruding false rules prankt in reason's garb."
—Milton.

તે દિવસથી મ્હોં જોવાનું પણ બંધ પડયું. રાય અને મિત્રનાં કુટુંબો વચ્ચેનો સદ્‌ભાવ તુટી ગયો. તે દિવસથી હરિદેવનું બુરૂં કરવા માટે હલધરે બેઠ બીડી. હવેથી દરરોજ મિત્રનાં મકાનપર હરિદેવનું બુરૂં કરવાનાં છુપાં તરકટો થવા લાગ્યાં. કદી હરિદેવને નાત બહાર કાઢવાની વાતો થતી, તો કદી તેની પ્રજામાંના આગેવાનોને બોલાવી કર ન આપવાની સલાહ અપાતી.

આજે પણ હલધરનાં મકાનમાં એવી એક મિજલસ મળી હતી. ગહરઅલી સરદાર હરિદેવરાયની રૈયતનો આગેવાન હતો. તે ભારે તોફાની હતો. તે જ્યારે નાટોર રાજ્યની સરહદમાં હતો, ત્યારે પણ તહસીલદારોને હાંકી કાઢતો, આ વખતે હરિદેવના તાબામાં આવતાં તેને ભારે સગવડ મળી, હલધરને આ વાતની પ્રથમથીજ ખબર હતી. માટે અગ્નિમાં ઘૃતાહુતી કરવા માટે તણે આજે ગહરઅલીને બોલાવ્યો હતો, તેણે તેને ફુલાવી કહ્યું, "જૂઓ ગહરઅલી! હું જાણું છું કે તમે આ ભાગના આગેવાન છો. હરિદેવને જમીનદારી મળતાં તે પૃથ્વીને કોડીઆં જેવી માને છે! તમે જો તેનો ગર્વ ઉતારો તો હું બે હાથથી આશીર્વાદ આપીશ.

ગહરઅલીએ હલધરનું મન સમજવા માટે કહ્યુ, "મિત્ર મહાશય! આપ જાણોછો કે ગમેતેવા પણ તે અમારા માલિક છે! આજ સુધીમાં તેમણે મારૂં કંઇ બગાડયું નથી. હુ તેની સામે કેવી રીતે થઇ શકું."

હલધર—"તમે બહુજ જોરાવર હોવાથીજ તે તમારી પાસે ફાવી શક્યો નથી. બાકી ગામમાં તો ખબર કાઢો. તેના અત્યાચારથી ગામનાં લોકો ઉચાળા ભરી નાસવા લાગ્યા છે. તે દિવસે અબ્દુલમીયાંનું ઘર ખરે બપોરે સળગી રાખ થઈ ગયું, તેનું ઉંડું તત્ત્વ સમજાયું નથી કે?"

ગહરઅલ્લી—"ના, મેં તો કશું સાંભળ્યું નથી મેં તો એટલુંજ સાંભળ્યું છે કે અબ્દુલમીયાંનો મોટો દીકરો ચલમ પીતો હતો, તેણે ઘાસના ઢગલા આગળ ચલમ ઠાલવી; પવન આવતાંજ ઘાસ સળગી ઉડયું, અને ઘર બળી ગયું. આ વાત શું સાચી નથી?"

હલધર—"શું કહું સરદાર! હરિદેવ અત્યારે જમીનદાર છે, એટલે મને બહુ બ્હીક લાગે છે. કદાચ આ વાત કોઇ તેને કહે તો મારી શી દશા થાય. મને બહુ બ્હીક લાગે છે પણ તમે સજ્જન આદમી છો. તેથી એકાદ બે વાતો કહેતાં મારી જીભ અચકતી નથી. નહિ તો આ જમાનામાં કોઇને કહેવા જેવું જ નથી."

ગહરઅલ્લી—"ત્યારે અબ્દુલમીયાંનું ઘર સળગી ગયું તેમાં કંઇ રહસ્ય છે ખરૂં?"

હલધર—"રહસ્ય!–સોળે સોળઆની! તમે સીધા માણસ છો; છળકપટમાં કશું સમજતા નથી. તેથી જે સાંભળ્યું છે, તે સાચું માનો છો! પરંતુ મેં તો નજરોનજર જોયું છે! હું કેવી રીતે લોકોની વાતમાં વિશ્વાસ રાખું?"

ગહરઅલ્લી—"શું કહોછો? આપે નજરોનજર જોયું છે?"

ગહરઅલ્લી નવાઇ પામી હલધર સામું જોઇ રહ્યો.

હલધરે સમજી ગયો કે ઔષધ લાગુ પડયું છે. તે જરા જો,

રથી બોલ્યો, " મેં નજરોનજર ન જોયું હોત તો આવું બોલવાનું સાહસ કરત કે! તમે જાણો છો કે હરિદેવરાય મારા મિત્ર છે! તો પછી હું તેની વિરુદ્ધ કેમ બોલું! કંઈ ભારે કારણ હશે, ત્યારેજ હું તેની વિરુદ્ધ બોલતો હોઈશ, ખરૂં કહું તો અબ્દુલમીયાંનું ઘર બળી ગયું ત્યારથીજ હરિદેવ પર મને બહુજ તિરસ્કાર છૂટયો છે. પૈસાના લોભથી શું આમ એક માણસને ઘર વિનાનો કરી નખાય કે? હરિદેવે જે પ્રમાણે શરૂઆત કરી છે, તે રીતે જોતાં તો તે મારા તમારા જેવાને પણ હેરાન કર્યા સિવાય રહેશે નહિ! ગહર! જો તમે આ બાબત કંઈ પણ કહી શકો તોજ હું આ ગામમા રહી શકીશ નહિ તો આ ગામ છોડી બીજે નાસવું પડશે."

ગહરઅલી હવે અવિશ્વાસ રાખી શક્યો નહિ. અબ્દુલ તેનો સંબંધી હતો હરિદેવરાયે પોતેજ તેનું ઘર સળગાવી દીધું છે, અને હલધરે પોતે તેમ કરતાં તેને જોયો છે;—એ વાત સાંભળતાંજ તેને બહુ ગુસ્સો ચઢયો. ગહર બોલ્યો—"જો આમ હોય તો ખરેખર આ દેશમાં વસવું નકામું છે!"

તેની સાથે સંમતિ દર્શાવતો હલધર બોલ્યો, " હું પણ એમ જ કહેતો હતો તમારા જેવા લોકો છતાં આ અત્યાચારનો પ્રતિકાર ન થાય, તો પછી આ દેશમાં રહેવું નકામું છે. "

ગહરઅલી ઉત્સાહમાં આવી બોલ્યો, " આપ ખરૂં કહો છો, આનો ઉપાય કરવો પડશે. "

ગહરઅલી આ પ્રમાણે બોલતો હતો તે વખતે રાખાલ હાંફતો હાંફતો ઘરમાં આવ્યો તેની પાછળ ચાર પાંચ માણસો હાંફતાં હાંફતાં ઘર બારણે આવી પહોંચ્યાં.

હલધર સમજી ગયો કે કંઇ મોટી વાત બની છે. તે સમજી ગયો કે રાખાલે જરૂર કોઇનું અનિષ્ટ કર્યું છે. પરંતુ તે વાત ગહરઅલ્લીના જાણવામાં આવે તે ઠીક નહિ, તેમ વિચારી કોઇને કંઇપણ ન કહેતાં ગહરહલ્લીને સંબોધી બોલ્યો, " જોયું ગહરઅલ્લી! જૂઓ, નજરોનજર જૂઓ. મારા એકના એક પુત્ર પરનો જુલમ તો જૂઓ. તમે જૂઓ તો ખરા કે આટલું થાય તે ગામમાં વાસ કરવો યોગ્ય છે? તમે નક્કી યાદ રાખશો કે આ બધાં હરિદેવરાયનાં તટકટો છે."

ગહરઅલ્લી બોલ્યો—"હું બધું જાણું છું. હવે મને કંઈ કહેવું પડે તેમ નથી. આજ તો હું જાઉં છું. પરમદહાડે સાંજ પછી આ બાબતમાં કંઇક નિશ્ચયપર આવશું."

ગહરઅલ્લા ચાલ્યો ગયો. રાખાલની પાછળ આવનારા હલધર પાસે આવી ધાંટા પાડવા લાગ્યા. બધા એકી અવાજે બોલી ઉઠયાં. "તમે શું અમને ગામમાં રહેવા નહિ દો!"

હલધર તેને શાંત પાડતો બોલ્યો—"કેમ-શું થયું છે? કહો તો ખરાં!"

તારિણીની મા આગળ આવી બોલી, "મારી પુત્રીને કેવી મારી છે, તે જોઇ તો જાઓ! છોડીના નાકમાંથી દડદડ લોહી વહે છે, આવો માર શું માણુસ મારે?"

હલધર જાણે કાંઇ સમજતો ન હોય તેમ બોલ્યો, "કોણે માર્યું-શા માટે માર્યું?"

તારિણીની મા,—"મારે તે કોણ!—તમારા ગુણધર પુત્ર! આવા છોકરાને ઘેર બાંધી રાખતો કેમ નથી!"

સાથે હરમણિ હાથ પગ હલાવી બોલી ઉઠી—"કંઇ જાણે

જાણુતો ન હોય, તેવો ડોળ રાખે છે! આંધળો છે કે શું ? છોડીને કેવી મારી છે, મારી તો ખરી પણુ તેના હાથ પગના દાગીના પણુ ઉતારી લાવ્યો છે. ”

તારિણીની મા અને હરમણિ ધીમે ધીમે જેમ આવે તેમ બોલવાં લાગી. જેઓ સાથે હતા, તેઓ પણુ ધાંટા પાડવા લાગ્યા.

ગરબડાટ સાંભળી નિમાઈ ત્યાં આવી પહોંચ્યો.

નિમાઇએ આવી પ્રથમનો ગરબડાટ બંધ પાડવાનો પ્રયત્ન કર્યો. તારિણીની મા અને હરમણિને ઉદ્દેશી તેણે કહ્યું, “ તમે જરા ધીમે બોલી શકતાં નથી, કોની સાથે કેમ બોલવું જોઇએ તેનું તો ભાન રાખો! જરા ધીરાં તો પડો! હલધરને બધું સાંભળવા તો દો. ”

નિમાઇના ઉપદેશથી બંને બાઇઓ શાંત પડી, નિમાઈ ગામનાં હલકી જાતોમાંનો એક માતબર પુરૂષ હતો, હલધર પણુ તેનું માન જાળવતો હતો.

નિમાઇએ કહ્યું, “ શું છે બ્રહ્મદેવ ! આપના છોકરાનાં તોફાનથી તો અમારે ગામમાં વસવું ભારે પડે છે. તે દિવસે અબદુલ-મીયાંના ઘરમાં તેણે આગ લગાડી હતી. આપને અમે મુરબ્બી ધારીએ છીએ તેથી જાણુતાં છતાં કંઇ બોલતા નથી. આજે પણુ આપના રાખાલે શી બહાદુરી બતાવી છે, તે આપ સાંભળો છો. આપનાં છૈયાં છોકરાંને અમે તો કંઇ કહેતા નથી! પરંતુ બધા કંઇ સરખા હોતા નથી. કોઇ દિવસ કોઇ ગુસ્સાનો માર્યો કંઈનું કંઇ કરી બેસશે, ત્યારે આપ અમારા માથે દોષ નાખતા નહિ. દરરોજ આવો જુલમ તે કેમ સહન થાય. ”

ગગનદાસ યુવક હતો; તે પેલી છોડીનો કાકો થતો હતો તે

ક્રોધથી કાંપતો હતો નિમાઇની વાત પૂરી થતાંજ તે બોલી ઉઠયો. "જો આજે રાખાલ મારા હાથમાં પકડાયો હોતતો તેના ટુકડે ટુકડા કરી નાખત !"

નિમાઇએ જરા કરડા સ્વરે તેને કહ્યું, "થોભ! વધૂ ન બોલ !"

ગગનદાસ ચૂપ રહ્યો. નિમાઇની નમ્રતા જોઇ હલધરે પૂછ્યું. "કેમ, શું થયું છે નિમાઇ! બધું વિસ્તારથી સમજાવશો ?"

નિમાઇએ ધીમે ધીમે બધી વાત કહી. છોડીને કેવી રીતે મારી, તેના હાથનાં કડાં અને પગનાં સાંકળાં કેવી રીતે કાઢી લીધાં અને છેવટે રાખાલ કેવી રીતે નાઠો એ બધી વિગત કહી સંભળાવી, ફક્ત એકજ દિવસની નહિ, પણ આજદિન સુધીમાં રાખાલે જે જે દુષ્કર્મો કર્યાં હતાં, તેની લાંબી યાદી નિમાઇએ હલધરને સંભળાવી કયે દિવસે સનાતનદાસના આંબાપરથી કેરીઓ પાડી હતી, કયે દિવસે ભવાન ભરવાડનાં દૂધનાં વાસણમાં પેસાબ કર્યો હતો, કયે દિવસે રામશંકરના ઘરમાં પેસી ચોખાનું વાસણ ચોરી લીધું હતું–એ બધી વાતનો ઉલ્લેખ કરી છેવટે બોલ્યો, "અત્યારે તો આજની બાબતનોજ ન્યાય કરો. ગરીબ બિચારી છોડીને મારી તે તો થયું પણ તેના દાગીના પાછા સોંપશો તો પણ બહુ છે."

નિમાઇને અસંતુષ્ટ કરવાથી આગળ ઉપર સારૂં નહિ થાય એમ વિચારી હલધર રાખાલને ગુસ્સાભેર બોલાવવા લાગ્યો. "પાજી છોકરા, ગધેડા જેવા! આજ તારાં હાડકાં ભાંગ્યા સિવાય નહિ રહું. આજતો તારી જન્મારાની કૂટેવ ભૂલાવી દઇશ."

આવનારાં સમજ્યાં કે આજે હલધર ખરેખરો ગુસ્સે થયો છે

તેઓએ વિચાર્યું કે આજે નક્કી કંઇ ઉપાય થશે આથી તેઓ જરાક થંડાં પડયાં.

હલધર વારંવાર રાખાલને બોલાવવા લાગ્યો. પરંતુ રાખાલે જવાબ ન આપ્યો, તે કેવળ દાદીના ખોળામાં છુપાવવાની પેરવી કરવા લાગ્યો. રાખાલની દાદીએ બધું સાંભળ્યું હતું. તેથી તે સમજી ગઇ કે આ વખતે હલધર એવો ગુસ્સે થયો કે રાખાલને મારા સિવાય બીજો આશરો નથી તેથી તે રાખાલને માથે લઇ બહાર આવી.

રાખાલને જોતાંજ હલધર ગમે તેમ બોલવા લાગ્યો. રાખાલની દાદી હલધરને પૂછવા લાગી "કેમ! રાખાલે શું કર્યું છે, તે આમ ગાળો ભાંડે છે?" હલધર બોલ્યો, "જાણતી નથી મા, સાંભળ આ નિમાઇ પાસે!" એમ કહી તેણે નિમાઈ પાસે જે જે સાંભળ્યું હતું તે કહી સંભળાવ્યું.

રાખાલને વિશ્વાસ હતો કે હું જ્યાં સૂધી દાદી પાસે છું, ત્યાં સુધી મને કોઈ એક ચુંટી ભરી શકે તેમ નથી.' આ વિશ્વાસપર સાહસ રાખી રાખાલ બોલી ઉઠયો, "ના દાદીમા, મેં તો કંઇ કર્યું નથી!"

રાખાલની દાદી પણ તેનો બચાવ કરતી કરતી બોલી "હા બેટા! રાખાલતો આજે ઘર બહાર ગયોજ નથી; તે તો આજ ઘરમાંજ બેઠો બેઠો રમે છે!"

રાખાલની દાદીનાં વચનો સાંભળી તારિણીની મા મૂંગી રહી શકી નહિ. તે બોલી, "હમણાંજ રાખાલ દોડતો દોડતો ઘરમાં પેઠોને! શું આંખો ફુટી ગઈ છે કે શું?"

નિમાઇ તારિણીની માને મૂંગો રાખવા બોલ્યો, "એની સાથે

વાત કરે છે, તેનું ભાન નથી, તો પછી વાત કરે છે શામાટે ?" એમ કહી તે હલધર તરફ ફરી બોલ્યો, "માજી કામકાજમાં ગું-થાએલાં હશે એટલે તેને ખબર નહિ હોય, તેથી કદાચ જોઈ શક્યાં નહિ હોય, નહિતો રાખાલે છોડીને મારી ઘરેણાં લઇ અહીં પ્રયાણ કર્યું છે એ વાત કોણ નથી જાણતું !"

રાખાલે ફરીથી કહ્યું, "મેં લીધાં નથી." રાખાલની દાદી પણ બોલી ઉઠી, "રાખાલે જો કંઇ લીધું હોય તો ઘરમાંતો લાવેને ?"

હલધર મનમાં લીધું સમજી ગયો પરંતુ રાખાલ માનતો નથી, અને મા રાખાલનો પક્ષ લેછે, એ જોઇને નિમાઇને ખોટું ન લાગે તેમ બોલ્યો, "જૂઓ નિમાઇ ! રાખાલ માનતો નથી; મા પણ કહે છે કે હલધર ઘરમાં કંઇ લાવ્યો નથી. આવી અવસ્થામાં શું કરી શકાય ? વારૂ, હું તપાસ કરી જોઇશ, અત્યારે તો તમે બધાંને સમજાવી ઘેર લઇ જાઓ. જો મારાં ઘરમાં કંઇ પણ આવ્યું હશે તો તમે ખાત્રીથી માનજો કે હું જાતેજ તે બધું તમને આપી જઇશ. ઘરમાં નહિ આવ્યું હોય તો પછી—"

હલધર ગાળા ચાવવા લાગ્યો. નિમાઇએ કહ્યું, "આપનાં ઘ-રમાં કડાં આવ્યાં છે એ તો નક્કી તેમાં કશો શક નથી. ગમે તેવી રીતે પણ કડાં અને સાંકળાં આપવાંજ પડશે."

"વારૂ, તમે અત્યારે તો જાઓ ! મારાં નસીબમાં આટલો દંડ લખ્યો હશે !"

હલધરે આવી રીતે બધાને વિદાય કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તારિણીમા ચુપ રહી શકી નહિ, તે બોલી, "એવી ગાંજાખોરી ચાલશે નહિ, દાગીના હમણાંજ દેવાં પડશે. હમણાંજ ઘરમાં આવ્યાં

છે, ને વળી તપાસ કેવી!"

પરંતુ હલધરે નિમાઇને એવી મીઠી ભાષાથી સમજાવ્યો કે તે કંઇ પણ બોલી શકયો નહિ બીજાં બધાંની મરજી ન હોવા છતાં નિમાઇએ હલધરની માગણીથી બધાંને ઘેર વિદાય કર્યાં.

તૃતીય પરિચ્છેદ.

વિષનું બીજ

इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥

श्रीमद्भगवद्गीता ।

પુત્ર ખરાબ નીવડતાં લગભગ દરરોજ માબાપને લોકોનો તિરસ્કાર સહન કરવો પડતો. સહન કરતાં કરતાં જ્યારે અસહ્ય થઇ પડ્યું ત્યારે એક દિવસ હલધરે પુત્રને બોલાવી કહ્યું, "ગોપાળ, અને તું એક વખત બાળમિત્રો હવા. તે રાજા થવા તૈયાર થયો છે, અને તું લોકોનો તિરસ્કાર સહન કરે છે! તારી ઉન્નતિ કરવાનું તને જરા પણ મન થતું નથી?"

ગોપાળ રાજા થયો હતો અને રાખાલ લોકો પાસે ડગલે ડગલે તિરસ્કાર પામતો હતો—તે દિવસ પિતા તરફથી તિરસ્કાર પામી રાખાલનું મન ચંચળ થઇ ગયું. પિતાએ બીજું જે કંઇ કહ્યું તેમાં રાખાલનું ધ્યાન રહ્યું નહિ. રાખાલે બધી વાતો સાંભળી ખરી, પણ આ એકજ વાક્યે તેનાં હૃદયને તેમાં, હચમચાવી દીધું. તે

દિવસથી રાખાલ વિચારવા લાગ્યો કે " હું કેવી રીતે ગોપાળ જેવો રાજા થઈ શકું." જેમ જેમ દિવસો જવા લાગ્યા, તેમ તેમ રાખાલના દિલમાં આ વિચાર ક્રમે ક્રમે વૃક્ષના રૂપમાં પરિણામ પામવા લાગ્યો.

તે દરમિઆન નાટોરથી એક આમંત્રણ આવ્યું. મહારાણી ભવાની બ્રાહ્મણોના પગની રજ માથે ચડાવવા માટે દરેક બ્રાહ્મણોને રાજધાનીમાં બોલાવતી હતી. રાખાલે નક્કી કર્યું કે આ તક છે ખરી! ગોપાળ મારો બાળમિત્ર હતો. એક ફળના પણ બે ભાગ કરી અમે સાથેજ ખાતા હતા. એક મુઠી નાસ્તામાંથી મને અર્ધો ભાગ આપતો હતો તે અત્યારે અતૂલ સંપત્તિનો માલીક થયો છે. શું તે પોતાની સંપત્તિનો થોડો ભાગ મને નહિ આપે ?"

આવો વિચાર કરી રાખાલે રાજધાનીમાં જઇ ગોપાળને મળવા વિચાર કર્યો તેણે ધાર્યું કે "હું બધી વાત સ્પષ્ટ રીતે કહીશ. ગોપાળને બાળપણની બધી વાતો યાદ દેવડાવીશ તેમ કરતાં તે નક્કી મને રાજ્યનો કેટલોક ભાગ તો આપશેજ."

આ પ્રમાણે આશામાં મત્ત બની રાખાલ ઐશ્વર્યનાં સ્વપ્નો જોવા લાગ્યો, આશાના પ્રકાશથી તેનું હૃદય પ્રફુલ્લ બની ગયું, વખતે નિરાશા આવી તેનાં હૃદયાકાશમાં ઘનઘોર ઘટા મચાવી દેતી. એક વખતે તે વિચારતો કે "ગોપાળ મારૂં વચન ઉથામશે ? કદી નહિ, તે કદી પણ મારી વાત પાછી ઠેલશે નહિ." બીજી ક્ષણે વિચાર આવતો કે " જો ગોપાળ મારી વાંછના ન પૂરે, ઐશ્વર્યના મદમાં મત્ત થઈ તે મારી ઉપેક્ષા કરે તો " રાખાલ પોતાની મેળે એ પ્રશ્નનો જવાબ રચી લેતો હતો કે " ઉપેક્ષા કરે, રાજ્ય ન આપે, તો

બીજો માર્ગ પણ છે. મારો સંકલ્પ છે કે ગમે તે રીતે ગોપાળની સંપત્તિનો કેટલોક ભાગ મારે મારા હસ્તક લેવોજ પડશે.”

ઇર્ષ્યાની આગ રાખાલના હૃદયમાં સળગવા લાગી. રાખાલે મનમાં વિચારવા લાગ્યો કે “ગોપાળ અતુલ ઐશ્વર્યનો અધીશ્વર છે, અને હું રસ્તાપર ભટકતો ભિખારી છું! તે કદી પણ સહન થાય? છળથી, બળથી, કૌશલથી-ગમે તે રીતે મારે મારી અવસ્થાનું પરિવર્ત્તન કરવુંજ પડશે.”

ચતુર્થ પરિચ્છેદ.

બ્રાહ્મણ.

कोटिब्रह्मांड मध्येषु सन्ति तीर्थानि यानि वै ।
तीर्थानि तानि सर्वाणि वसन्ति द्विजपादयोः ॥

—पद्मपुराण ।

દત્તકપુત્ર ગ્રહણ કરવાની ક્રિયા પૂર્ણ થતાં ન થતાંમા નાટોર એક બીજા ઉત્સવથી ગાજી ઉઠયું. દરરોજ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં સેંકડો બ્રાહ્મણો દેશ વિદેશથી નાટોરમાં એકત્ર થવા લાગ્યા ફકત નૈયાયિક, વેદાન્તી, અથવા સ્માર્ત્ત પંડિતોજ નહિ, કેવળ રાજધાનીમાંના બ્રાહ્મણોજ નહિ, પરંતુ દેશ દેશાંતરથી યુવાન, વૃદ્ધ, પ્રૌઢ, બાળક ગમે તે શ્રેણીના બ્રાહ્મણો નાટોરમાં આવતા હતા. મહારાણીનાં દિવાન દયારામરાય અને મામાનો દિકરો ભાઇ ચંદ્રનારાયણ પોતપોતાનાં માણસો સાથે બ્રાહ્મણોની વ્યવસ્થા કરવાના પ્રયત્નો

કરતા હતા. નાટોરમાં આટલા બધા બ્રાહ્મણોનો કદી પણ સમાવેશ થયો નહોતો; આટલા બધા બ્રાહ્મણોને દરેક પ્રકારની સગવડ આપવામાં કશી અડચણ થતી નહોતી.

આટલા બધા બ્રાહ્મણોનો સમાગમ અને એ બધાની સરખી વ્યવસ્થા જાળવવી એ કેવો નવીન ઉત્સવ હતો! મહારાણી ભવાનીએ એક લાખ બ્રાહ્મણોની પદરજ ગ્રહણ કરવાનો સંકલ્પ કર્યો હતો. લાખ બ્રાહ્મણની પદરજ ગ્રહણ કરવાથી કેટલું પુણ્ય પ્રાપ્ત થાય છે, તે તેમના ગુરુએ સમજાવ્યું હતું. લાખ બ્રાહ્મણની પદરજ ગ્રહણ કરવાથી બધાં કાર્યો સિદ્ધ થાય, સર્વત્ર વિજય થાય. તે પદરજ શરીરપર ધારણ કરવાથી સર્વ રોગથી મુકત થવાય. તે રજ જે એકઠી કરી શકે તે અશેષ પુણ્યનો ભોગવનાર થાય. આ બધી વાતો તેમણે પોતાના ગુરુદેવને મુખે સાંભળી હતી. ત્યારથી તેમણે લાખ બ્રાહ્મણોની પદરજ ગ્રહણ કરવાનો સંકલ્પ કર્યો હતો. અનેક દિવસ થયાં આ સંકલ્પ જાગ્રત હતો. તેથીજ આજે બ્રાહ્મણમાત્રની સેવા કરવાની વ્યવસ્થા કરી હતી.

નિર્દિષ્ટ સમયે લાખ બ્રાહ્મણને એક સ્થાને એકઠા કરી જૂદાં જૂદાં આસનોપર બેસાડી પદરજ ગ્રહણ કરવી પડે છે. માટે એક લાખ કાષ્ટાસન તૈયાર હતાં, એક વિશાળ મંડપમાં એ બધાં આસનો મૂકવામાં આવ્યાં હતાં. પદરજ ગ્રહણ કર્યા પછી દરેક બ્રાહ્મણને યોગ્ય ભાથું આપવા માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. અને એ પદરજ આપવા માટે દરેક બ્રાહ્મણને યોગ્ય માન આપવાની વ્યવસ્થા થઈ હતી.

રામનવમીને દિવસે પદરજ ગ્રહણ કરવાનો ઉત્સવ આરંભાયો. તે પહેલાં લાખથી પણ વધુ બ્રાહ્મણો નાટોરમાં આવી પહોંચ્યા હતા.

પદરજ ગ્રહણ કરતી વેળાનું કેવું અપૂર્વ દૃશ્ય ! એ દૃશ્યનું વર્ણન કરી શકાય તેમ નથી. અર્દ્ધ બંગેશ્વરી મહારાણી ભવાની, કુમાર રામકૃષ્ણને સાથે લઇ દીન ભીખારીની પેઠે બ્રાહ્મણોના પગ આગળ આળોટે છે; અને બ્રાહ્મણો—પછી તે યુવક હોય, બાળક હોય કે વૃદ્ધ હોય—પદરજ આપી આશીર્વાદ આપે છે.—આ એક અપૂર્વ દૃશ્ય હતું. મહારાણી પ્રત્યેક બ્રાહ્મણનાં આસન આગળ આવી દંડવત્ પ્રણામ કરી તેની ચરણ રજ લે છે; અને કુમાર રામકૃષ્ણ તેની પાછળ પાછળ આવી એક સુવર્ણપાત્રમાં એ રજ એકઠી કરે છે. આ પ્રમાણે અકેક મંડપમાં ચરણરજ એકઠી કર્યા પછી બીજા મંડપમાં જાય છે. રામનવમીથી શરૂ કરી લગભગ ત્રણ માસ બાદ મહારાણી લાખ બ્રાહ્મણોની પદરજ ગ્રહણ કરવાને સમર્થ થયાં. ત્રણ માસ સુધી નાટોરમાં મોટો ઉત્સવ થયો હતો. ત્રણ માસ સુધી જે બ્રાહ્મણે જે કંઇ માગ્યું હોય, તે બધું પૂરૂ પાડવામાં આવ્યું હતું. આ ત્રણ માસમાં કેટલાએ બ્રાહ્મણોની કેટલીએ માગણી મહારાણીને પૂરવી પડી હતી. રામનવમીને દિવસેજ ભોજન સમયે દક્ષિણ દેશના કોઈ બ્રાહ્મણને તાજું મધ ખાવાની ઇચ્છા થઇ. તાજું મધ તે વખતે તરત ક્યાંથી મળે ! એક તો તે સમયે મધ મેળવવુંજ મુશ્કેલ હતું, તેમાં વળી જમતી વખતેજ મધ ખાવાની ઇચ્છા થઇ હોવાથી સમય પણ થોડો હતો આ ઇચ્છા કેવી રીતે પૂર્ણ થઈ શકે ! એકાદ બે દિવસ પહેલાં વરદી અપાઇ હોત તો ગમે ત્યાંથી મધ મળી રહેત પરંતુ આ ક્ષણે મધ ક્યાંથી મળે ?

ચંદ્રનારાયણે જ્યારે આ સમાચાર મહારાણીને પહોંચાડ્યા, ત્યારે તે બહુજ ચિંતાતુર થઇ ગયાં. તે વખતે એકદમ મધ ક્યાંથી મળે ? મહારાણીને બ્હીક લાગી કે "ત્યારે શું બ્રાહ્મણની ઇચ્છા પૂર્ણ

નહિ થઇ શકે ? શું મારૂં કાર્ય બગડશે ?" મહારાણીએ આ બાબતમાં દયારામની સલાહ લેવાનું કહ્યું; તેણે કહ્યું કે "જો કોઇ પણ ઉપાય હોય તો આપ વ્યવસ્થા કરો, આ સ્થિતિમાં જો કોઇ પણ મધ લાવી આપશે, તેને હું યોગ્ય ઇનામ આપીશ. આપ આ ઇનામની વાત હમણાંજ જાહેર કરી દો."

ચંદ્રનારાયણને એટલું કહી મહારાણી મનમાં બોલવા લાગ્યાં "હે મા ભવાની! મારૂં કર્મ મિથ્યા ન થાય એમ કરજે."

એ બાબત દયારામરાયે આવી કહ્યું, "મા! કંઈ પણ ચિંતા ન કરતાં, આપનાં કાર્યમાં કંઈ પણ વિઘ્ન નહિ આવે. હું ભંડારમાં ગયો હતો, ત્યાં તપાસ કરતાં જણાયું કે મધનો તોટો નથી, આ ખબર આપને આપવા માટે આવ્યો છું."

ચંદ્રનારાયણે પૂછ્યું—"ક્યાંથી મધ મળ્યું ?"

દયારામ—"નવ દ્વીપાધિપતિ મહારાજ કૃષ્ણચંદ્રે એક નૌકામાં ઘણાએ મધપૂડા મોકલ્યા છે. તે હજુ નૌકામાં ઝુલાવી રાખ્યા છે. માખીઓ પણ હજુ તે પર ગણગણે છે. નૌકામાંથી મધલાવવા માટે મેં હમણાંજ રામરૂપને મોકલ્યો છે. તે હમણાંજ મધ લઇ આવી પહોંચશે."

મહારાણીને બહુજ આનંદ થયો. તેણે મનમાં જગજ્જનનિની પ્રાર્થના કરી. આ બાબતમાં મહારાણી દયારામ પર એટલાં તો ખુશી થયાં કે તેને એક લાખ રૂપીઆની સ્થાવર મિલ્કત ઇનામ આપી. તે મિલ્કત અત્યાર સુધી તેના વંશજો ભોગવે છે.

થોડીજ વારમાં મધપૂડા લઇ રામરૂપ આવી પહોંચ્યો. ચંદ્રનારાયણે બ્રાહ્મણને સંતોષપૂર્વક જમાડ્યો. મધ મળતાં બ્રાહ્મણોના આનંદનો પાર ન રહ્યો. મહારાણી ભવાનીના જયથી ગગન કંપવા લાગ્યું.

પંચમ પરિચ્છેદ

ફણુગો ફૂટયો.

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥
धूमेनाव्रियते वह्निर्यथाऽऽदर्शो मलेन च ।
यथोल्बेनावृत्तो गर्भस्तथा तेनेदमावृतम् ॥

—श्रीमद्भगवद्गीता ।

એક લાખ બ્રાહ્મણોની પદરજ ગ્રહણ કરવાનું કાર્ય સમાપ્ત થયું, બ્રાહ્મણો એકપછી એક રવાના થવા લાગ્યા. વિદાયની જવાબદારી જૂદા જૂદા અમલદારોપર નાખવામાં આવી. આથી વિદાય–દાનની ક્રિયા ટુંક સમયમાં સંપૂર્ણ થઇ. કોઇપણ બ્રાહ્મણ કોઇપણ બાબતમાં મહારાણીની વ્યવસ્થાનો દોષ કાઢી શકયા નહિ.

આ અવસર પ્રસંગે નાટોર આવી રાખાલ, કુમાર રામકૃષ્ણને મળવાનો સમય શોધવા લાગ્યો.

કુમાર રામકૃષ્ણ દરરોજ બ્રાહ્મણોની સગવડ જાળવવા માટે મંડપમાં આવતો હતો. પરંતુ તે વખતે તેની આગળ પાછળ સિપાઇઓ રહેતા હતા, નોકરચાકર રહેતા હતા. તેથી એ વ્યૂહ ભેદી કુમાર પાસે પહોંચવાનું રાખાલ માટે અશકય હતું. જેઓ ઐશ્વર્યના અધીશ્વર છે, તેઓની આગળ જે વાતો કહીએ તે બધી વાતો તે ધ્યાન પૂર્વક સાંભળતા નથી. એથી બે ત્રણ વાર રામકૃષ્ણનો મેળાપ થયો

છતાં રાખાલ પોતાનો મનોભાવ દર્શાવી શકયો નહિ;—તેના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. કુમાર રામકૃષ્ણ જ્યારે છેલ્લે દિવસે મંડપમાં આવ્યો, ત્યારે પણ રાખાલ કંઇપણ બોલી શકયો નહિ.

એક વખત રાખાલ કંઇ બોલવા ઉઠયો હતો. પરંતુ કુમારના નોકરોએ તેને બેસાડી દીધો. લાખ બ્રાહ્મણોમાં રામકૃષ્ણનું ધ્યાન રાખાલ તરફ ખેંચાય એ પણ અશકય હતું. તોપણ એક વખત તેણે રાખાલને જોઇ તેની સાથે વાતચીત કરવાની ઇચ્છા બતાવી હતી. પરંતુ તેના નોકરો તરતજ તેને બીજે સ્થળે લઇ ગયા હતા.

આવી રીતે જ્યારે મંડપમાં મેળાપ કરવાના પ્રયત્નો નિષ્ફળ ગયા, ત્યારે રાખાલે પોતાના સમાચાર લોકોદ્વારા રામકૃષ્ણને મોકલવાના પ્રયત્નો કર્યા. પરંતુ કુમારને સમાચાર કોણ પહોંચાડે ? એક વખત સાહસ કરી બ્રાહ્મણોમાંના એકને રાખાલે પોતાની વાત જણાવી પરંતુ તે બ્રાહ્મણથી પણ કંઇ પણ કાર્ય થઇ શકયું નહિ. તેણે તો ફક્ત એક ઉંચા દરજ્જાના અમલદારને આ બાબત જણાવ્યું. આ પ્રમાણે વાત ગોટાળે પડી. અર્થ ન સર્યો. છેવટે સંધ્યાકાળ પછી જવાબ આવ્યો કે “ કુમાર બહુ કામમાં છે; તેને કોઇને મળવા જેટલો સમય નથી. ”

રાખાલે આટલું બધું કર્યું, છતાં રામકૃષ્ણ સાથે મેળાપ ન થયો. આથી તે બહુજ ગુસ્સે થયો. તે મનમાં વિચારવા લાગ્યો, “ આટલો બધો અહંકાર ! મને જોયો છતાં વાત કરી નહિ. મ્હેં કહી મોકલાવ્યું તેનો આવો જવાબ ! શું તેને આટલો બધો ગર્વ ચઢયો છે ! ”

રાખાલે આ અપમાનનું વેર વાળવા પ્રતિજ્ઞા લીધી. તે મનમાં બોલ્યો “ વારૂ ! રામકૃષ્ણ તું કેવો છે, અને હું કેવો છું, તે એક

દિવસ જરૂર આવશે; તારૂં રાજ્ય જો પીંખી નાખી શકું, તારો આ ઐશ્વર્યનો ગર્વ ચૂર્ણ કરી શકું, તોજ મારા જીવનની સાર્થકતા માનીશ. "

રાખાલે તેજ દિવસે નાટોર છોડયું. હવે તે એકાગ્ર થઇ રામ-કૃષ્ણનું અનિષ્ટ કરવા માટે, તેનાં ધન-ઐશ્વર્યનું હરણ કરવા માટે પ્રયત્નો કરવા લાગ્યો.

ષષ્ઠ પરિચ્છેદ.

દાન-ગ્રહણ

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥ "

—श्रीमद् भगवद्गीता ।

બધા બ્રાહ્મણો રજા લઈ આશીર્વાદ આપતા આપતા ચાલ્યા ગયા પરંતુ એક બ્રાહ્મણે રજા લેવા ઇચ્છયું નહિ. ચંદ્રનારાયણ પોતે તેને રજા આપવા દાન આપવા લાગ્યા, પરંતુ તેણે કહ્યું કે " હું શા માટે રજા લઉં ! "

ચંદ્રનારાયણ ધીમેથી બોલ્યા, " રાજ પરિવારનાં કલ્યાણ માટે ! "

બ્રાહ્મણ-"હું રાજપરિવારનું કલ્યાણ મન-કર્મને વચનથી ઇચ્છુંછું. પરંતુ તે માટે પૈસા લેવાની જરૂર કેમ ?"

ચંદ્રનારાયણ—"દાન વગર સંકલ્પ સિદ્ધ થતો નથી, તેથી આપને વિનંતિ કરૂંછું."

બ્રાહ્મણ—" આપ ગમે તે સમજાવો પણ હું દાન લઇશ નહિ."

ચંદ્રનારાયણ—"બ્રાહ્મણની ગતિ બ્રાહ્મણ છે. બ્રાહ્મણનું દાન લેવામાં બ્રાહ્મણને શી અડચણ હોઇ શકે? લાખ બ્રાહ્મણોમાંના કોઇએ ના પાડી નથી; બધાએ આનંદપૂર્વક રજા લીધી છે; ફક્ત આપ જ શા માટે અડચણ કરોછો? જો આપને આ દાન પસંદ ન હોય તો કહો એટલે હું એ બાબત મહારાણીને જણાવું."

બ્રાહ્મણે અટ્ટહાસ્ય કરી કહ્યું, "આપ શું એમ ધારોછો કે હું વધુ લેવા માટે ના પાડું છું; તમે એમ ધારતા નહિ. ખરી વાત કહું?—આશીર્વાદ વેચવાનો મારો ધંધો નથી!"

ચંદ્રનારાયણ સ્તબ્ધ બની ગયા. મોઢામોઢ આવી વાત કહે, તેવા બ્રાહ્મણો કેટલા નીકળે? ચંદ્રનારાયણ ક્ષણ કાળ નિસ્તબ્ધ રહી બોલ્યા, "આપની વાતોનો જવાબ આપવો એ મારે માટે અસાધ્ય છે. પરંતુ મહારાણીનો હુકમ છે કે "કોઇ પણ પ્રકારની અડચણ આવે તો મને ખબર આપવી" માટે મારી પ્રાર્થના છે કે આપ મારી સાથે આવો, મહારાણીની સાથે મેળાપ કરો.

બ્રાહ્મણ તેનો અસ્વીકાર કરતો બોલ્યો,—"મહારાણીને મળવાની મારે જરૂર નથી હું તો મહારાણી પાસે કંઈ માગવા ઇચ્છતો નથી. તો પછી મારે તેને શા માટે મળવું જોઇએ?"

ચંદ્રનારાયણ—"જે ઇચ્છાને વશ થઇ આવે તેને ચરણરજ આપી છે, તેજ ઇચ્છાને વશ થઇ આપે તેને આશીર્વાદ આપશો,—એ મારી પ્રાર્થના છે. આપ ભલે દક્ષિણા ના લેશો, પરંતુ આપને તેમની સમક્ષ હાજર કરી શકું એટલે મારૂં કાર્ય પૂરૂં થશે."

બ્રાહ્મણે કહ્યું—"જ્યારે આપની આટલી બધી ઇચ્છા છે, ત્યારે ચાલો હું મહારાણી અને કુમાર સાહેબને આશીર્વાદ આપવા આવું.

પરંતુ મારી વિનંતિ છે કે આપ મને દાન લેવા સબબ કંઈ કહેતા નહિ. ”

મહારાણી પૂજાના ચોકમાં બેઠાં હતાં. બ્રાહ્મણોને કંઈ અડચણ ન નડે તેની તપાસ રાખતાં હતાં. કુમાર રામકૃષ્ણ તેની પાસે બેસી આવનારને માન આપતા હતા.

બ્રાહ્મણ સાથે ચંદ્રનારાયણ ત્યાં આવી પહોંચ્યા, એટલે મહારાણીએ બ્રાહ્મણને દંડવત પ્રણામ કર્યા. કુમાર રામકૃષ્ણ બ્રાહ્મણના પગમાં પડયા મહારાણીની સામે બ્રાહ્મણનું આસન નંખાયું. ચંદ્રનારાયણે બ્રાહ્મણને ત્યાં બેસવાનું કહ્યું.

બ્રાહ્મણે કહ્યું, “ ના હું બેસીશ નહિ. આશીર્વાદ આપવા આવ્યો છું, માટે આશીર્વાદ આપી ચાલ્યો જઇશ. ”

બ્રાહ્મણ પાછો ફરવા પ્રયત્ન કરવા લાગ્યો. મહારાણીએ નવાઇ-પૂર્વક બ્રાહ્મણ તરફ જોયું બ્રાહ્મણનાં શરીરમાંથી એક દિવ્ય જ્યોતિ નીકળતી હતી.

ખરેખર ! બ્રાહ્મણનું શરીર તેજોમય હતું સિત્તેરેક વર્ષની ઉમર હતી; છતાં યુવાન જેવો જણાતો હતો માથાપરના વાળો ધોળા થઈ ગયા હતા; પરંતુ તેથી તેનાં શરીરની શોભા વધતી હતી. ઉમરની સાથે શરીરનું લાવણ્ય નવીન રીતે વિકાસ પામતું હતું તેનાં કાન સુધી વિસ્તાર પામતી આંખોનું તેજ લગાર પણ ઓછું થયું નહોતું. શરીર પ્રચંડ, ઉન્નતલલાટ, ઘુંટણ સુધીના હાથ આ બધાં શુભ લક્ષણોથી એ બ્રાહ્મણ પરિપૂર્ણ હતો. તેના ગૌર શરીરપર જનોઇ શોભી રહી હતી. તેનાં શરીરપરનું લુગડું ભેદી તેનાં શરીરનું તેજ આજૂબાજૂ ફેલાતું હતું.

આશીર્વાદ આપી બ્રાહ્મણ ચાલ્યો જતો જોઈ, મહારાણીએ બંને હાથ જોડી કહ્યું, "મહારાજ! જ્યારે કૃપા કરી પદરજ આપી છે, ત્યારે દક્ષિણા લેવામાં શો બાધ છે?"

બ્રાહ્મણ વિનયપૂર્વક બોલ્યો, "મા! મ્હેં દાન ન લેવાની પ્રતિજ્ઞા કરી છે! મારા ગુરુદેવનો ઉપદેશ છેકે બ્રાહ્મણે કોઇ પણ જાતનો લોભ રાખવો ન જોઇએ. દાન લેવાથી લોભ ઉત્પન્ન થાય છે. તો પછી હું મારા ગુરુદેવનો ઉપદેશ ન માનું?"

મહારાણી—"ત્યારે શું મારૂં કાર્ય નાશ પામશે? હું આપને શરણે છું."

બ્રાહ્મણ—"મા; આપ એમ શા માટે બોલો છો? હુંતો આપને અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપુંછું. આપનું કાર્ય શામાટે બગડે?"

ચંદ્રનારાયણ શાસ્ત્રનાં વચનો બોલી બ્રાહ્મણને સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

"બ્રાહ્મણને દાન લેવા પ્રત્યે કંઇપણ આપત્તિ ન હોવી જોઇએ."

બ્રાહ્મણે કહ્યું, "આપ જે કહોછો, તે હું સારી રીતે સમજ્યો છું પરંતુ મ્હેં પ્રથમથીજ કહ્યું છેકે આશીર્વાદ વેચવાનું કાર્ય મારૂં નથી. નિસ્પૃહ અને નિર્લોભી થવું એ બ્રાહ્મણનું કર્તવ્ય છે. એ શું આપ માનતા નથી?"

ચંદ્રનારાયણ વળી શાસ્ત્ર વચનો બોલવા લાગ્યા; ફરીથી બ્રાહ્મણને સમજાવવા લાગ્યા. બ્રાહ્મણે પણ તેના ખુલાસા કર્યા. બ્રાહ્મણે કહ્યું, "લોભ નાશનું કારણ છે." તેમણે શાસ્ત્ર વાક્ય બતાવ્યું."लोभ नाश कारणं" यथाः—

लोभ-प्रमाद-विश्वासैः पुरुषो नश्यति त्रिभिः ।
तस्माल्लोभो न कर्तव्यः प्रमादो नो न विश्वसेत् ॥

વાદવિવાદ નકામો હોવાથી ચંદ્રનારાયણે કહ્યું, "આપ જે કહો છો, તે હું અસ્વીકારી શકું તેમ નથી, નિસ્પૃહી, નિર્લોભી થવું એજ બ્રાહ્મણનું કર્તવ્ય છે, તેમાં કંઈ પણ સંશય નથી. તોપણ મહારાણીનું કાર્ય નિષ્ફળ નિવડશે, તે તરફ આપે ધ્યાન આપવું જોઇએ."

મહારાણી પણ વિનયપૂર્વક બોલ્યાં, "મારૂં વ્રત પૂરૂં થાય, તેવી વ્યવસ્થા કરો. મારી તો એટલીજ વિનંતિ છે."

મહારાણીના વિનયથી વિચલિત થઇ, ગળગળા અવાજથી બ્રાહ્મણે કહ્યું, "મા ! સંસારની સાથે ભયાનક યુદ્ધ કરતાં છતાં સંસારનું બંધન તોડી શકતો નથી. આપ મને શામાટે આ નવાં બંધનથી બાંધોછો! દાન લેવું એ જબરૂં બંધન છે મા ! પૂર્વજન્મનાં હજારો બંધનની જ્વાળાથી સળગી મરૂંછું; તેમાં આ જન્મનાં બંધનો ઇચ્છાપૂર્વક શા માટે બાંધું મા !"

"ત્યારે શો ઉપાય કરવો !" એમ કહી મહારાણી બ્રાહ્મણનાં ચરણમાં પડી.

બ્રાહ્મણ વિચલિત થયો; તે ઉત્તેજિત કંઠે બોલ્યો, "મા, તેં આજ મારૂં વ્રત તોડાવ્યું ! તારૂં દાન હું ગ્રહણ કરૂંછું. પરંતુ એક વાત—"

બ્રાહ્મણ આગળ શું બોલશે, તે સાંભળવાને બધાં ઉત્કંઠિત થઈ રહ્યાં; મહારાણી બ્રાહ્મણના મ્હોં સામું જોઈ રહ્યાં; રામકૃષ્ણ અને ચંદ્રનારાયણ મહારાજ ભણી તાકી રહ્યા.

બ્રાહ્મણ બોલવા લાગ્યો–" એક વાત છે–આ દાનની સામગ્રીમાંનું કંઇ હું સાથે રાખીશ નહિ. એ બધું તારી પાસે રાખ મા! દેશમાં ભયંકર અશાન્તિની આગ સળગવા તૈયાર થઈ રહી છે. તે આગમાં પશુ–પક્ષી, કીટપતંગ, તૃણ ગુલ્મલતા વગેરે ભસ્મીભૂત થશે; અને તું અન્નપૂર્ણા સ્વરૂપ લઈ અન્ન વહેંચશે તે વખતે મારૂં આ દાન એક પણ માણસને બચાવી શકે તેમ હોય તો પ્રયત્ન કરજે. એ આશાથી હું મારૂં આ દાન તારી પાસે રાખવાની પ્રાર્થના કરૂં છું."

એમ કહી બ્રાહ્મણે દાનની સામગ્રીનો સ્પર્શ કરી મહારાણી આગળ મૂકી.

મહારાણી કિંકર્ત્તવ્યમૂઢ થઇ ગયાં. તે વિનયપૂર્વક બોલ્યાં, " આપ જે બંધનની શંકાથી વ્યાકૂળ થઈ ગયા છો, તે બંધનમાં મને બાંધવા ઇચ્છો છો ?"

ચંદ્રનારાયણે કહ્યું, " દાનમાં આપેલું દ્રવ્ય આપનું છે. બીજાનું દ્રવ્ય રાખવું એ શું બંધન નથી ?"

મહારાણી પણ તે વચનનો પડઘો પાડતાં બોલ્યાં, " બીજાનું દ્રવ્ય સાચવવું એ પણ એક જાતનું બંધન છે. આપ મને એ બંધનમાં શામાટે બાંધો છો ?"

બ્રાહ્મણે તેનો કંઈ પણ જવાબ આપ્યો નહિ; તેણે કહ્યું, " મા, તારે વળી શી ચિંતા ? તારાં બંધન પોતાની મેળે છૂટી જશે." એમ કહી આશીર્વાદ આપી બ્રાહ્મણ ચાલ્યો ગયો.

કુમાર રામકૃષ્ણનાં ચિત્તમાં એક નવો વિચાર ઘોળાવા લાગ્યો. તેણે સંન્યાસી પાસે સાંભળ્યું હતું–" મુક્તિ આપવી એજ બંધન મોચન છે." ભવાનીનાં મંદિરમાં રાજપુરોહિતની પાસે સાંભળ્યું હતું

કે "બલિદાન એજ બંધન-મોચન." આજે બ્રાહ્મણ પાસેથી સાંભળ્યું કે "દાન ન લેવું એ બંધન-મોચન; જનનીએ કહ્યું કે પારકું દ્રવ્ય સાચવવું એ બંધન."

રામકૃષ્ણ કંઇ પણ નક્કી કરી શકયો નહિ.

સપ્તમ પરિચ્છેદ

શંકાનો ખુલાસો.

The cloud, which, intercepting the clear light,
Hangs O'er thy eyes, and blunts thy mortal sight,
I will remove"

—Addison.

પાણિનાં બિંદુની આશાથી ચાતક આકાશ તરફ જોઇ રહ્યો છે. પાણી, પાણી કરી તે બિચારો ગાંડો થઇ ગયો.

આગળ સ્વચ્છ સરોવર ભર્યું છે; પગ આગળ નિર્મળ નદી કુલ કુલ કરતી વહ્યે જાય છે; પાસેજ અતલજલધિ વિશાળ છાતી ફેલાવી ઘુઘવી રહ્યો છે; ક્ષુદ્ર પંખીની શું આટલાં પાણીથી પણ તૃષા છીપતી નથી?

મનુષ્ય! તારી પણ એજ દશા છે! તું તો સંસાર સાગરમાં દરરોજ ડૂબકાં ખાય છે! શું તારી તૃષા મટી? વિકારના રોગી! તું જેમ જેમ પાણી પીએ છે, તેમ તેમ તૃષ્ણા વૃદ્ધિ પામે છે. આજે ધનની તૃષ્ણા, કાલે યશની તૃષ્ણા—તારી પિપાસા ક્યારે છીપશે?"

એક વખત ચાતક થઈ માગી શકે? વારિબિંદુની આશાથી એક વખત આકાશ તરફ જોઇ પોકાર કરી શકે? પાંચ વર્ષનું બાળક

આકાશ તરફ જોઇ બોલી ઉઠયું હતું કે "ક્યાં છો ભગવાન કરુણા નિદાન," તેની પિપાસા છીપી હતી! અહા! પાણીનું બિંદુ નહિ-તેતો અમૃતબિંદુ! વિકારના રોગીને તેજ ઉપયોગી છે રોગની પીડાથી, દારુણ પિપાસાથી, રાતદહાડો તરફડ કરે છે! તો પ્રાણ! એક વખત ચાતક થઇ શકતો નથી!

કુમાર રામકૃષ્ણ તો ચાતક ન થઇ શકયો! તેની પિપાસા કેવી રીતે છીપે? તેનું ચિત્ત સેંકડો ચિંતાથી, સેંકડો સંશયથી ચકડોળે ચઢયું! તે શી રીતે નિશ્ચિંત થઇ શકશે.

દારુણસંદેહ! એ સંદેહ કોણ દૂર કરે? રામકૃષ્ણ વિચારતો કે "સુખ શું? સુખ કયાં મળે? ઐશ્વર્ય શું સુખનું મૂળ છે? જો તેમ હોય તો પેલો બ્રાહ્મણ ઐશ્વર્યનો ત્યાગ કેમ કરે છે? મા ઐશ્વર્યનાં બંધનથી કેમ બીએ છે? ત્યારે શું ઐશ્વર્ય તજવામાંજ સુખનું મૂળ છે?"

થોડા વખત બાદ વળી વિચાર કરે-"ના-ના! તેમ કેમ હોઇ શકે! મારા પિતાએ ઐશ્વર્યનાં સુખ માટે મને અહિં રાખ્યો, તેણે કહ્યું હતું કે-"આ ઐશ્વર્યથી મારે તેમજ ગોપાલને સુખ મળવાનો સંભવ છે." મારા પિતા તો કદી ખોટું કહે નહિ. વળી જેઓને ઐશ્વર્ય નથી તેઓ સુખી નથી, તેઓ તો ઐશ્વર્ય ગ્રહણ કરવા માટે દરરોજ અમારાં બારણે ફેરા ખાય છે, આ બધું મારા પિતાજીનાં વાક્યનું સમર્થન કરે છે, સુખ ઐશ્વર્યમાં નથી એ કેમ કહી શકું! લાખો બ્રાહ્મણોમાંના એક બ્રાહ્મણે પૈસાની ઉપેક્ષા કરી ખરી; પરંતુ તેના સિવાય બીજા બધાએ તો દ્રવ્યને પરમ આદરણીય ગણી ગ્રહણ કર્યું. તો પછી કોણ કહે કે દ્રવ્ય સુખનું મૂળ નથી!

જ્યારે પેલા સંન્યાસીનાં વચનો સાંભળે, ત્યારે વિચાર થતો કે તે સંન્યાસીએ શું કહ્યું હતું. " જો બંધન તજવામાંજ સુખ હોય તો હું આ રાજ્ય પરિવારનાં બંધનમાંથી છૂટું એટલે સુખ મળશે ? પરંતુ તેમ બનવું અસંભવિત છે ! આવાં કપડાં, આવો ખોરાક મને ક્યાં મળશે ? અહીં મને જે માન મળે છે, તેવું માન તો મારા પિતાને ઘેર પણ મળતું નહોતું ! આવું ઐશ્વર્ય તજી ભીખારીને વેશે જંગલમાં ભટકવાથી મને સુખ મળશે; તેમ હું ધારી શકતો નથી, ત્યારે સંન્યાસીએ મને શું કહી સમજાવ્યો ? "

તરતજ વિચાર ફરતો—" ત્યારે શું રાજપુરોહિતની વાત સત્ય છે ! બલિદાનથી પશુને મુક્તિ મળી કે નહિ,–તે તો હું કહી શકતો નથી; પરંતુ બલિથી અપાએલો પ્રસાદ ખાવાથી મારી જીભને તો તૃપ્તિ વળી ખરી ! તે સુખી થયું કે નહિ–તેની ખબર જાણવાની શી જરૂર ? હુંતો સુખી થયો ! ત્યારે શું પુરોહિતની વાત ખરી ! ત્યારે શું બીજાને પીડા આપવી એજ સુખનું મૂળ છે. " રામકૃષ્ણે નક્કી કર્યું–પરપીડન એજ સુખની ખાણ છે.

વળી વિચારની ગતિ ફરી—" પરપીડન એ સુખ છે ! તે કેવી રીતે કહી શકું ? બલિનાભક્ષણથી સુખ થયું ખરૂં પણ તે કેટલીવાર ? એક ક્ષણ માટે ! માતાનાં મંદિરમાં બેઠાં બેઠાં એ ગરીબ ઘેટાંની ચીસો સાંભળતો હતો ત્યારે હૃદય કેટલું કાંપતું હતું ! હજુ પણ એ દેખાવ નજરે આવતાં પ્રાણ રડે છે. ત્યારે કેવી રીતે કહી શકું કે પરપીડન એજ સુખ છે ! બલિદાન પરપીડન સિવાય બીજું શું છે ! "

રામકૃષ્ણના વિચારની ગતિ હજારો માર્ગોમાં ગોથાં ખાવા લાગી.

રાજમહેલની ચારી બાજુએ વિશાળ ખાઇ હતી. તે ખાઈ જોતાં

જણાતું હતું કે જાણે એક નદી રાજમહેલને વીંટીવળી હોય નહિ. તે ખાઇને કિનારે એક આંબા નીચે બેસી કુમાર ચિંતાસાગરમાં ગોથાં ખાતો હતો. સાંજરે કુમાર અહિં આવી બેઠો હતો. અત્યારે સંધ્યાકાળ થવા આવ્યો હતો; તોપણ તેણે તે સ્થાન ન તજ્યું. સંધ્યાકાળના પવનથી ખાઇમાંનાં પાણી પર લહરિઓ પ્રસરતી હતી, કુમાર રામ કૃષ્ણનાં ચિત્તમાં પણ તે પ્રમાણે ચિંતાની લહરિઓ નાચતી હતી.

સ્થિર દૃષ્ટિથી રામકૃષ્ણ દિગ્મૂઢ બની બેઠો હતો. ખાઇનું પાણી મૃદુ પવનની લહરીથી કેવું ઉછળતું હતું કંપતું હતું, અથવા નિર્મળ ગગન પ્રાન્તે સૂર્યદેવ કેવી રીતે છુપાતા હતા, એ દૃશ્ય તરફ તેનું જરાપણ ધ્યાન નહોતું. વિચારના પ્રવાહમાં તણાતો તણાતો તે પોતાનામાં પોતે ગરક થઇ ગયો હતો. મ્હોંમાંથી એક શબ્દ પણ બહાર પડતો નહોતો. તો પણ થોડી થોડી વારે તદ્દન ધીમેથી બોલી ઉઠતો કે " દારુણ સંશય ! મારી આ શંકાનું નિવારણ નહિ થાય ! "

મહારાણી ભવાનીએ કુમારને ક્યારનો જોયો નહોતો, તેથી મહેલમાં ચારે બાજુએ તપાસવા લાગી. તપાસ કરતાં કરતાં મહારાણી અગાસીપર ચઢયાં, ચારે તરફ જોવા લાગ્યાં, એકાએક ખાઇ પાસેના ઝાડ નીચે કુમારને દિગ્મૂઢચિત્તે વિચાર કરતો જોયો, તરતજ અગાસી પરથી ઉતરી પોતેજ કુમારને બોલાવી લાવવા ચાલ્યાં.

મહારાણી ધીરે ધીરે કુમારની પાસે આવી પહોંચ્યાં. કુમાર તે વખતે તન્મય થઇ બેઠો હતો તે એક ચિત્તે વિચારમાં ગરક થઇ ગયો હતો. તેથી મહારાણી બોલાવવા આવ્યાં છે, તે બાબતનું તેને કંઇ ભાન ન રહ્યું. મહારાણી પણ ઘણીવાર સુધી કુમારની પાસે ઉભાં રહી એકી નજરે કુમાર તરફ જોઇ રહ્યાં. કુમારનો કાર્યકલાપ જોવા લાગ્યાં.

વિચાર કરતાં છતાં કુમાર કોઇપણ નિશ્ચયપર આવી શક્યો નહિ. જ્યારે કંઇપણ નિશ્ચય ન થયો, ત્યારે ચીસ પાડી બોલ્યો "ત્યારે શું નિશ્ચય નહિ થાય !"

પાસે ઉભેલાં મહારાણી બોલી ઉઠયાં—"જરૂર થશે. તું આવ મારી સાથે આવ."

સ્વર સાંભળી કુમારને લાગ્યું કે દેવવાણી થઇ. કુમારે જોયું તો જણાયું કે સામે મહરાણી ભવાની ઉભાં છે. તેને જોતાંજ 'મા' કહી કુમાર માનપૂર્વક ઉભો થયો. મહારાણીએ કહ્યું, "આવી નકામી ચિંતા કરવાની જરૂર નથી. એ શંકાનું હમણાંજ સમાધાન થશે." એમ કહી કુમારનો હાથ પકડી મહારાણી મહેલમાં આવ્યાં.

અષ્ટમ પરિચ્છેદ

બંધનની ચેષ્ટા.

"વિષયો માત્રને અંકુશમાં રાખી શકે એજ પોતાને ઓળખી શકે છે."

—મહાત્મા ગાંધીજી.

સંસારની ગતિ વિચિત્ર છે ! સંસારમાં કોઈ બંધનમુક્ત થવા ઇચ્છે છે, તો કોઇ તેને બાંધી રાખવાના પ્રયત્નો કરે છે.

કુમાર રામકૃષ્ણ જેમ જેમ સંસારમાંથી દૂર રહેવાનો પ્રયત્ન કરવા લાગ્યો, તેમ તેમ સંસાર વધૂ જકડવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

ભવાનીનાં મંદિરમાં ઉત્સવ બાદ મહારાણી ભવાનીએ કુમારને વિચારશીલ જોયો હતો, કુમારનાં મુખે બંધન મોચન સંબંધી પ્રશ્ન સાંભળ્યો હતો; ત્યારથી તે કુમારની બુદ્ધિ તરફ લક્ષ્ય રાખી રહેલ

હતાં. આજે ખાઈ પાસે તેવીજ સ્થિતિમાં ફરી જોતાં મહારાણી વધુ ચિંતાતુર થયાં. મહારાણીની મરજી હતી કે દત્તક લેવાથી તે મારા હાથમાંનો કારભાર લઈ મને જંજાળમાંથી છોડશે. પરંતુ અહિંતો ઉલટું થવા લાગ્યું! આશાતરૂ ફાલે તે પહેલાં તો તેનાં મૂળમાં કીડાએ પ્રવેશ કર્યો.

મહારાણી વિચારવા લાગ્યાં,—"શું કુમારની મતિ નહિ ફરે? કુમારને સંસારી કેવી રીતે કરવો? જો કુમાર વૈરાગી થશે, તો આ વિપુલ રાજ્યની શી ગતિ થશે? મારી અવસ્થા તો આ બધી ખટપટમાંથી મુક્ત થવા જેવી છે, હજુ પણ આ બધી ખટપટ નહિ છોડું તો પછી ઇષ્ટનું ધ્યાન ક્યારે ધરીશ?"

વિચાર કરતાં કરતાં મહારાણીને સમજાયું કે "હજુ વધુ વિલંબ કરીશ તો કુમારને સંસારમાં લાવવાનું કાર્ય વિકટ થશે." માટે નક્કી કર્યું કે "એક વખત દયારામરાય અને ચંદ્રનારાયણની સલાહ લેઈ જોઉં!"

બીજેજ દિવસે તે સંબંધી વાતચીત શરૂ થઇ. દયારામ અને ચંદ્રનારાયણ આવ્યા, મહારાણીએ ચંદ્રનારાયણને બધી વાત કહી. દયારામને ચંદ્રનારાયણ વાત કરવા લાગ્યા—

ચંદ્રનારાયણે કહ્યું—" શાસ્ત્રજ્ઞાનથી અજાણ્યા બુદ્ધિવાનમાં આવા પ્રશ્નો ઘોળાયા કરે છે ગુરૂની પાસે રીતસર શાસ્ત્રનું જ્ઞાન મેળવ્યા પછી શંકા દૂર થઇ શકે."

દયારામ—' ખરૂં છે, યોગ્ય કેળવણી વિના મનુષ્ય જીવનની દિશા નક્કી કરી શકતો નથી. તોપણ આટલી ઉમરે તેવી કેળવણી યોગ્ય નીવડે કે નહિ, તે જોવા જેવું છે. મસ્તક પરિપક્વ ન હોય તો ગૂઢ વિષયો અર્થનો અનર્થ કરી બેસે નહિ?"

ચંદ્રનારાયણ—"સદ્‌ગુરુના ઉપદેશથી મન સ્થિર થાય છે. મને લાગે છે કે કુમાર હમણાંજ દીક્ષા લે તો ગુરૂ પાસે યોગ્ય શાસ્ત્રોપદેશ સાંભળી જીવનમાર્ગ નક્કી કરી શકે."

દયારામ—"તે ઉપાય ખોટો નથી. પણ તે સાથે સંસાર પ્રતિ મન આકર્ષાય એવા ઉપાયો પણ કરવા જોઇએ. ગુરૂના ઉપદેશથી સાધારણ રીતે ચિત્ત ભગવાન તરફ દોરાય છે. તેથી સંસારની આસક્તિ આવી ન શકે એ સંભવિત છે."

ચંદ્રનારાયણ—"ત્યારે આપ કઇ યુક્તિ ગ્રહણ કરવા ધારો છો ?"

દયારામ—"કુમાર સારા ગુરૂ પાસે તત્ત્વોપદેશ લે, તેમાં મને કંઇપણ અડચણ નથી. પણ તેને સંસારનાં બંધનમાં નાખવા માટે એક બીજી વ્યવસ્થાની જરૂર છે મને લાગે છે કે આ વખતે કુમારને વિવાહ બંધનથી બાંધતાં આપણો ઉદ્દેશ સિદ્ધ થવાનો સંભવ છે. કુમાર એક તરફથી જેમ ગુરૂની પાસે કેળવાશે, તેમ બીજી તરફથી સંસારપ્રતિ આકર્ષાશે. આ વ્યવસ્થાથી બન્ને બાજુનું રક્ષણ થશે. આપનો શો વિચાર છે ?"

ચંદ્રનારાયણ—"આપનો વિચાર સારો છે. કુમારના વિવાહ માટે મારો પણ એજ મત છે. વિવાહ થતાં કુમારનું મન સંસાર તરફ દોરાશેજ. વળી દીક્ષા લીધાથી ગુરૂના ઉપદેશથી કુમારનાં મનનો મેલ દૂર થશે."

દયારામ—"ગુરૂ બાબત પણ મારે કહેવાનું છે. આપ તો આ કુટુંબના ગુરૂ છોજ; પરંતુ મારી એવી ઇચ્છા છે કે કુમાર મહારાણી પાસેજ દીક્ષા લે. તેથી તેમને મહારાણી પ્રતિ ભક્તિ વધશે અને મહારાણીના હુકમ મુજબ ચાલવાનો તેઓ પ્રયત્ન કરશે. આપ ગુરૂના ગુરૂરૂપે કુમારને ઉપદેશ આપશો; કુમાર ભક્તિપૂર્વક આપનો ઉપદેશ

ગ્રહણ કરી અનાયાસે ગંતવ્યમાર્ગ નક્કી કરી શકશે. ”

ચંદ્રનારાયણ ઉત્સાહપૂર્વક બોલ્યા; “ આપ ઠીક કહો છો, મારી પણ એજ ઇચ્છા છે. એથી કુમારની માતૃભક્તિ વધશે; કુમાર માતાના હુકમ મુજબ કામ કરશે. આ પ્રસ્તાવને હું સંપૂર્ણ રીતે અનુમોદન આપું છું. ”

મહારાણી ભવાની જરા વિરૂદ્ધ પડયાં. પરંતુ ચંદ્રનારાયણ તેને સમજાવવા લાગ્યા, “ આ સંબંધમાં જુદાં પડવાની જરૂર નથી. માતૃદેવી પાસે મંત્ર લેવાથી અમે જરા પણ દિલગીર થશું નહિ. રાજ્યનું ઐશ્વર્ય જેથી રક્ષાય, તેમ કરવું એજ અમારો અભિપ્રાય છે. જો કુમાર મહારાણી પાસેથી મંત્ર લેશે, તો તે મહારાણીના આદેશ મુજબ ચાલશે, મને આશા છે કે આ યુક્તિથી બધી બાજુએ વ્યવસ્થા જળવાશે. ”

ચંદ્રનારાયણે મહારાણીને આ બાબતમાં સંમત થવાને જણાવ્યું. મહારાણી તેનું વચન ઠેલી શકયાં નહિ.

છેવટે નક્કી થયું કે “ કુમારનો વિવાહ હમણાંજ કરી નાખવો, કુમારને વિવાહ બંધનમાં નાખી તેના વિચારની ગતિ ફેરવવી, મહારાણી ભવાની પાસે કુમારે મંત્ર દીક્ષા લેવી, ચંદ્રનારાયણ અને તેના પુત્ર રૂદ્રનારાયણે કુમારની કેળવણી આપવી. કુમાર એકાન્તમાં વિચાર ન કરી શકે તે માટે તેને સહચરથી વીંટળાએલા રાખવા. આમ કરવાથી કુમારની બધી ચિંતા જતી રહી; તેઓ સંસારમાં પ્રીતિ રાખતા થશે. ” જે પ્રમાણે નક્કી કરવામાં આવ્યું, તે પ્રમાણે કરવામાં કંઇપણ બાકી રખાયું નહિ.

ખંડ બીજો સમાપ્ત.

રાજા રામકૃષ્ણ.

તૃતીય ખણ્ડ.

" यस्त्विंद्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।
कर्मेंद्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥

—श्रीमद्भगवद्गीता.

" હે અર્જ્જુન ! જે પુરુષ ઇન્દ્રિયોને મનવડે નિયમમાં રાખી કર્મેન્દ્રિયોથી કર્મયોગ આરંભે છે, તે લલુતા વગરનો શ્રેષ્ઠ છે."

ॐ तत्सत् परमात्मने नमः

ખંડ ૩ જો.

यस्त्विन्द्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।
कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥

—श्रीमद् भगवद्गीता ।

હે અર્જુન ! જે પુરૂષ મનનાં બળવડે ઇન્દ્રિયોના સમૂહને વશ કરી આસક્તિનો ત્યાગ કરી, નિષ્કામભાવે કર્મેન્દ્રિય સમૂહદ્વારા કર્મરૂપી યોગનું અનુષ્ઠાન કરે છે, તેજ શ્રેષ્ઠ છે.

પ્રથમ પરિચ્છેદ

સંતાપ

Ingratitude! Thou marble-hearted fiend!
—Shakespeare.

“ નૃશંસ ! નરપિશાચ !—વિશ્વાસઘાતક ! ”

એમ કહી મીરજાફર શય્યાપર બેઠો થઈ ગયો. તેની આંખોમાંથી અગ્નિની કણીઓ નીકળવા લાગી. તે ઉત્તેજીત અવાજે બોલ્યો—“ મહારાજ ! હજુ પણ આપની ભ્રાંતિ દૂર ન થઇ ! ”

પ્લાસીનાં યુદ્ધ પછી સાત વરસ ચાલ્યાં ગયાં છે. બકસરની લડાઇમાં મીરકાસમની ક્ષીણ આશાનું અવસાન થતાં નવાબ મીરજાફરને ફરીથી બંગાળાના સિંહાસનપર બેસાડવામાં આવ્યો છે. પરંતુ ઇસ્ટ ઇંડિઆ કંપનીના અમલદારો પૈસા માટે આ વખતે પણ તેને હેરાન કરે છે. આથી બંગાળાની નવાબી તેને માટે અત્યારે કંટકમય થઇ પડી છે. દુશ્ચિન્તાથી—અનુશોચનાથી, તીવ્ર સંતાપથી તે અત્યારે પથારીવશ થઇ પડયો છે.

ઇ. સ. ૧૭૬૫ ના જાનેવારી માસમાં જ્યારે મીરજાફર દારૂણ પીડાથી કાતર થઇ ગયો હતો,—ત્યારે તે પોતાના જમણા હાથ જેવા ગણાતા મહારાજ નંદકુમારને પાસે બોલાવી રાજ્ય બાબત વાતચીત કરતો હતો. તે જેમ જેમ જુની વાતો સંભાળતો જતો હતો, તેમ તેમ ઉત્તેજિત થતો જતો હતો.

એ ઉત્તેજનાને વશ થઇ નવાબ પથારીપર બેઠો થઇ ધાંટા પાડી ઉઠ્યો; “નૃશંસ!—નરપિશાચ!—વિશ્વાસઘાતક!”

મહારાજ નંદકુમારે ધીરે ધીરે કહ્યું, "આપ નકામો સંતાપ કરોછો. સંતાપથી મિજાજ ગુમાવવો એ અત્યારે યોગ્ય નથી. આપણે આપણાં કર્મફળ ભોગવીએ છીએ બીજા પ્રતિ દોષારોપ કરવાથી શો ફાયદો ? દોષ આપણાં નસીબનો !"

મીરજાફર લાંબો નિઃસાસો નાખી કહેવા લાગ્યો, "મ્હેં તેનાપર ઘણો વિશ્વાસ રાખ્યો હતો ! તે આટલો બધો વિશ્વાસઘાત કરશે, એ મ્હેં સ્વપ્ને પણ ધાર્યું નહોતું ! આ પ્રમાણે ધાર્યું હોત તો હું કદીપણ સિરાજનું સત્યાનાશ વાળવા ઉભો ન થાત ?"

નન્દકુમાર–"એ બધી જૂની વાતો શા માટે સંભાળો છો ? જે થવાનું હતું તે થઇ ગયું છે. હવે ચિંતા તજી દો જેથી શરીર સુધરે તે તરફ ધ્યાન આપો."

મીરજાફર ગળગળો થઇ બોલ્યો, "મહારાજ ! ભારે દુઃખ આવી પડયું છે–બહુજ યંત્રણા થાય છે ! મને જીવતા રહેવાની ઇચ્છા નથી ! સિરાજે જ્યારે મારા પગ આગળ પાઘડી રાખી આત્મસમર્પણ કર્યું, ત્યારે તેને મ્હેં અભય આપી કહ્યું હતું કે "સિરાજ ! તારે કંઇ પણ ચિંતા રાખવાની નથી; છેવટે કુરાન ઉપાડી, ધર્મને સાક્ષી રાખી પરસ્પર મિત્રતાનાં બંધનથી બંધાવાની પ્રતિજ્ઞા લીધી હતી; ત્યારની વાત યાદ આવતાં છાતી ફાટી જાય છે ?–અહા ! સિરાજે મારો સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો હતો ! પરંતુ તે વિશ્વાસ મ્હેં કેવી રીતે જાળવ્યો !"

મીરજાફરથી આગળ બોલી શકાયું નહિ. તેની આંખમાંથી આંસુ વ્હેવા લાગ્યાં. નંદકુમાર સાન્ત્વના આપતો બોલ્યો, "જે ઉદ્દેશથી તમે સિરાજને પદભ્રષ્ટ કરવા તૈયાર થયા હતા, તે ઉદ્દેશ મુજબ તમે કંઇ ખોટું કર્યું નથી. સિરાજ ક્રૂર હતો, ઘાતકી હતો, સિંહાસનપર બેસવાને

અયોગ્ય હતો તેવા સ્વભાવનો માણસ જો આજસુધી બંગાળાની ગાદીપર હોત તો આજ સુધીમાં બંગાળાનું નખોદ વળી ગયું હોત."

મીરજાફર—"બંગાળાની અવનતિમાં હવે શું બાકી રહ્યું છે મહારાજ! સિરાજ સિંહાસનપર રહ્યો હોત તો કદાચ બંગાળાની આવી દશા ન થાત! અત્યારે ઇસ્ટ ઇંડિઆ કંપનીના કેટલાક અમલદારો બંગાળાપર કેવા જુલમો ગુજારે છે તે આપનાથી અજાણ્યું નથી? તો પછી એવી વાત કેમ કહોછો?"

નંદકુમાર—"કેટલાક અમલદારોએ ભયંકર જુલમ ગુજાર્યા છે એ ખરૂં; પરંતુ આ અત્યાચાર કંઇ કાયમ ચાલવાનો નથી. આપનું શરીર સાજું નથી, આ વખતે આપ જો ચિંતા કરશો તો શરીર કેટલા દિવસ ટકશે? આપ જલદી સાજા થાઓ; આપનો પ્રતાપ ચાલુ રહે, તે માટે ખાસ પ્રયત્નો કરવા પડશે."

મીરજાફર—"હવે પ્રયત્નો કરવા! દિવસો તો પૂરા થવા આવ્યા–હવે પ્રયત્ન શું કામના! અગાઉ કંઇ કર્યું હોત તો થાત ખરૂં; પરંતુ હવે વખત નથી. કલાઇવનાં વાક્યથી જો ન લોભાયો હોત, પ્રતિજ્ઞા ભંગરૂપી મહાપાપમાં જો ન લેપાયો હોત, પ્લાસીનાં રણક્ષેત્રપર સિરાજ સાથે જો વિશ્વાસઘાતકતા ન કરી હોત, તો કદાચ કંઇક થાત ખરૂં. તેમ થયું હોત તો હાલ હું નવાબીનું જે કલંક ભોગવી રહ્યો છું, તે કલંક મારે ભોગવવું ન પડત. હું સિરાજ નવાબ છતાં ખરો નવાબ બની સત્તા ચલાવી શકત. પરંતુ હાય! મ્હેં તે વખત લોભમાં પડી હાથે ચડેલું રત્ન ગુમાવ્યું."

મીરજાફરે નિશ્વાસ મૂકયો તેના મનમાં કેટલીય સ્મૃતિ ઉભરાવા લાગી. નવાબીની મોહમાયા, લાલચનું મૃગજળ, આકાશમાંનો ચંદ્ર

હાથમાં લેવાની ઇચ્છા, કુરાન ઉપાડી લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ, એ બધું તેનાં નાનકડાં મગજમાં ઉભરાવા લાગ્યું, એ બધાં પાપનું ભોગવાતું ફળ તેની દૃષ્ટિપથપર નજરે ચઢવા લાગ્યું. મીરજાફર બોલી ઉઠયો—"મારી દુર્દશાનું મૂળ એજ છે! તેનાં વચનોથી લુબ્ધ થઇ મ્હેં બધું ગુમાવ્યું! સિરાજનાં મ્હોં સામું જોયું નહિ! સ્વજાતિ પ્રતિ નજર કરી નહિ. પ્રતિજ્ઞાભંગ પ્રતિનજર નાખી નહિ. શિકારીની વાંસળીથી મુગ્ધ થઇ મૃગ જાળમાં ફસાય છે, તેમ હું કલાઇવનાં વચનથી મોહ્યો તે વખતે સ્વપ્નમાં પણ ધાર્યું નહોતું કે આનું પરિણામ આવું આવશે!"

મહારાજ નંદકુમાર પહેલેથીજ કલાઇવપર પ્રિય હતા. તેથી મીરજાફર વારંવાર કલાઇવપર આળો વરસાવતો હતો, તે સાંભળી જરા દીલગીર થયા. તેણે મીરજાફરનાં વચનોનો પ્રતિવાદ કરી કહ્યું, "આપ કહો છો તે ઠીક છે; પરંતુ ખરી રીતે તો મને કલાઇવમાં કંઇ દોષ જણાતો નથી. આપના સંબંધમાં કલાઇવે જે કંઇ વચન આપ્યું હતું તે શું પાળ્યું નથી! તેણે કહ્યું હતું કે સિરાજના હાથમાંથી સિંહાસન લઇ તમને સોંપીશ. તે વચન તેમણે પાળ્યું નહોતું? ત્યારે પછી કલાઇવનો શો દોષ?"

મીરજાફર ગર્જના કરી ઉઠયો,—"કલાઇવનો શો દોષ! આપ શું જાણતા નથી કે કલાઇવનો શો દોષ છે? નિર્દોષ અમીચંદે કલાઇવની પ્રેરણાથી કેવાં સાહાસ્ત કાર્યો કર્યાં હતાં! પરંતુ તેનું પરિણામ શું આવ્યું? કલાઇવે તરકટી લખત તૈયાર કરી તેને છેતર્યો! અને તે તરકટથી જ તે બિચારો ગાંડો થઈ મરણ પામ્યો."

નંદકુમાર—"અમીચંદની વકિલાત કરવી આપને ન શોભે. અમીચંદે જે જે કાર્યો કર્યાં હતાં તેનું ફળ તેને મળવું જ જોઇએ.

હું જ્યારે હુગલીનો ફોજદાર હતો, ત્યારે અમીચંદેજ મને નવાબ વિરૂદ્ધ ઉશ્કેર્યો હતો. હું અંગ્રેજોને હાંકી કાઢવા વલંદા સાથે ન ભળ્યો. તે કેવળ અમીચંદની પ્રેરણાથીજ અમીચંદ સ્વદેશદ્રોહી હતો. તેનાં પાપનું તેને બરાબર ફળ મળ્યું છે."

મીરજાફર મનમાં મનમાં હસ્યો. તેણે વિચાર્યું–"જો એમજ હોય તો નંદકુમાર; તમારાને મારા નસીબમાં શું લખેલું હશે તે વિચારી જોયું છે કે?" તેણે નંદકુમારને કહ્યું, "ગમે તેમ કહો પણ ઇસ્ટ ઇંડિઆ કંપનીના અમલદારો ભારે સ્વાર્થી છે, તેમાં કંઇ શંકા નથી. તેને તો પૈસા સિવાય કશું જોઇતુંજ નથી."

નંદકુમાર—"તે સ્વાભાવિક છે. ઇસ્ટ ઇંડિઆ કંપની કંઇ આ દેશમાં દાન–સદાવ્રત દેવા આવી નથી. તેઓ વેપારી છે સાત સમુદ્રને તેર નદી ઓળંગી પૈસા માટેજ તેઓ આ દેશમાં આવ્યા છે. માટે પૈસો મેળવવા માટેના પ્રયત્નમાં હું દોષ જોઈ શકતો નથી."

મીરજાફર નવાઇ પામી બોલ્યો, "આપને હજુ પણ ઇસ્ટ ઇંડિઆ કંપનીના અમલદારોમાં આટલો વિશ્વાસ છે, તે જોઈ મને બહુ નવાઈ લાગે છે. આપ શું જાણતા નથી કે ઇસ્ટ ઇંડિઆ કંપનીના ગવર્નર વાન્સિટાર્ટે આપ પ્રતિ કેવું આચરણ કર્યું છે? મ્હેં કેટલા પ્રયત્નો કરી આપને સહકારી નવાબનાં પદપર ચાલુ રાખ્યા છે, તે કેવળ હુંજ જાણુંછું. વાન્સિટાર્ટની જરા પણ ઇચ્છા નથી જે નવાબનાં કુટુંબ સાથે આપનો લગાર પણ સંબંધ હોય. મ્હેં આજે આપને ઘણી બાબતોમાં સલાહ લેવા બોલાવ્યા છે મને ખાત્રી થઈ છેકે મારી જિંદગી પૂર્ણ થવા આવી છે. બંગાળાની ગાદી સંબંધમાં હું આપની સલાહ લેવા માગુંછું. મારાં મરણબાદ મારા નાના પુત્ર

મુબારકને ગાદીપતિ ઠરાવવાની મારી ઇચ્છા છે, પરંતુ વાન્સિટાર્ટ આપને મારાં કુટુંબ સાથે સંબંધ રાખવા દેશે એમ મને લાગતું નથી.”

નંદકુમાર આશ્વાસન આપી બોલ્યો, “તે સંબંધમાં આપ જરાપણ ચિંતા કરતા નહિ. એક ખાત્રીપૂર્વક ખબર મળી છે કે વાન્સિટાર્ટ વિલાયત જવાનો છે; અને ક્લાઇવ પાછો આવે છે. કલાઇવ આવશે એટલે નક્કી માનજો કે મારી ક્ષમતા કોઇપણ ઓછી કરી શકશે નહિ. નવાબમાં કુટુંબ સાથેનો સંબંધ તૂટતાં તેણેજ મને આશ્રય આપ્યો હતો. તેના મુન્સી અને દિવાનની પદવી મેળવી, તેનીજ કૃપાથી મ્હેં હુગલી અને હિજલી વગેરેનું દિવાનીપદ મેળવ્યું હતું. ત્યાર પછી સહકારી નવાબની પદવી કેવી રીતે મળી તેતો આપ જાણો છો. જ્યારે ક્લાઇવ આવે છે, તો પછી મારૂ કામ ફતેહ!”

મીરજાફર—“વળી કલાઇવ આવે છે! તેણે એક વખત આખા બંગાળાનું સિંહાસન ઉથલાવી નાખ્યું, કોણ જાણે શું કરવા માટે તેનાં પનોતાં પગલાં થાય છે, તે આવે છે, તે સાંભળતાં મને તો મરણમાં પણ શાન્તિ નહિ થાય.”

નંદકુમાર—“આપ ક્લાઇવપર બધો દોષ નાખોછો, પરંતુ આપના પાસેથી નવાબી લઇ મીરકાસમને આપતી વેળા ક્લાઇવ કયાં હતો? પ્લાસીનાં યુદ્ધબાદ આપને ગાદીપતિ ઠરાવી તે વિલાયત ચાલ્યો ગયો. ત્યાર પછી એકાદ વરસે આપ પદભ્રષ્ટ થયા. પરંતુ ત્યારે તો આ વાન્સિટાર્ટ હતો. વાન્સિટાર્ટેજ આપને પદભ્રષ્ટ કર્યા હતા; તેણેજ આપને ફરીથી નવાબ બનાવ્યા છે. આપની આ સ્થિતિ પરિવર્તનમાં ક્લાઇવનો શો દોષ?”

મીરજાફર—“ધૂળ રાખ! વારૂ, જવા દો એ વાત, હવે શી

વ્યવસ્થા કરીએ તો ઠીક, મારાં કર્મનાં ફળ તો હું બરાબર ભોગવુંછું."

મીરજાફરની આંખોમાં આંસૂ ભરાયાં, મીરજાફર પશ્ચાત્તાપ કરતો બોલ્યો,"પદભ્રષ્ટ અને પદપ્રાપ્તિની વાત શા માટે લો છો ! હું આ પથારી-વશ થઇ દારુણ યંત્રણા ભોગવી રહ્યોછું, તે મારાં પાપનું ફળ નહિ તો બીજું શું ? મહારાજ ! કોઢ શું સહજમાં નિકળે છે ! વિશ્વાસ-ઘાત એ મહાપાપ છે. હું મહાપાપી છું, તેથીજ આ મહારોગથી મરવા પડયો છું."

નંદકુમારે તેમને અટકાવી કહ્યું, "આપ નકામો પસ્તાવો શા માટે કરોછો ? આપની ઉમ્મર ચમોત્તેર વર્ષની થઇ છે. આટલી ઉમરે સ્વાભાવિક રીતે પીડા થાયજ. તે માટે પસ્તાવો કરવાની શી જરૂર ?"

મીરજાફર—"મહારાજ ! પસ્તાવો શા માટે કરૂંછું ? મારા વ્હાલો પુત્ર મીરાન વજ્રાઘાતથી મૂઓ; તે શું પાપનું ફળ નહિ ? હું જે યંત્રણા ભોગવુંછું, તે શું આપ જાણતા નથી ! હું સળગી રહ્યોછું, મરણ એજ મારે માટે સારૂંછું. તોપણ મરણ પછી શી સજા થશે, તેનો વિચાર મારા ચિત્તને મુંઝવે છે આપ એવો ઉપાય બતાવી શકશો કે મરણપછી સજા ન થાય ?"

નંદકુમાર બીજી વાતે વળગ્યો–" આપનાં મરણપછી મુબારકને ગાદી મળે એ વ્યવસ્થા અત્યારથી કરી રાખવી એ ઠીક છે."

મીરજાફર—" તે બાબતમાં જે બનવાનું છે, તે હું દિવ્ય ચક્ષુએ જોઈ રહ્યોછું. કદાચ મુબારક નામધારી નવાબ બનશે; પરંતુ મારી પછી નવાબી પૂરી થશે. કેવળ નવાબીજ નહિ, પણ હિંદમાંથી મોગલ સામ્રાજ્યનું છેવટ આવશે. મ્હેં પહેલાં કહ્યુંજ છે કે મારા મરણબાદ આપના દહાડા પણ ભરાઇ ચૂક્યા સમજજો. મારો અંતરાત્મા આ

વાત પોકારી પોકારીને કહે છે. મારી માફક આપ પણ એવી અનેક બાબતોમાં જોડાએલા છોકે છેવટે તે માટે આપને પણ મારી માફક પસ્તાવું પડશે."

મીરજાફરનાં વાક્યની ગતિ વળી ફરી. તે રોગના દુઃખથી અસ્થિર થઈ બોલ્યો, "મહારાજ, આ દુઃખ સહન થતું નથી.શાંતિ વળે તેવો કંઇ ઉપાય છે? મ્હેં સાંભળ્યું છેકે આપનાં દેવદેવી જાગ્રત છે. મારૂં દુઃખ દૂર કરવા માટે કોઇપણ દેવ-દેવીની કૃપા મેળવાય ખરી?"

નંદકુમારઃ-"હિંદુઓનાં દેવદેવીમાં આપને વિશ્વાસ છે ખરો? અમારા દેવતા ખરેખર જાગ્રત છે, આપ મુસલમાન છો છતાં જો અમારાં દેવદેવીમાં વિશ્વાસ રાખશો તો જરૂર શાન્તિ મળશે.

મીરજાફરઃ-"આપ જેમ કહો તેમ કરવાને તૈયાર છું."

નંદકુમારઃ-'આપ ભક્તિપૂર્વક દેવી કિરીટેશ્વરીનું ચરણામૃત પીશો તો માતાજી જરૂર શાન્તિ આપશે. "મીરજાફરની વ્યાકુળતા વધી તે વ્યગ્રતાપૂર્વક બોલ્યો," ત્યારે શું આપ ચરણામૃત લાવી આપશો? હું નક્કી જાણુંછું કે વધૂ દિવસ જિંદગી લંબાવાની તો નથીજ, પરંતુ બાકી રહેલ દિવસો શાંતિથી ગુજારવા માટે આપ દેવીનું ચરણામૃત જલદી આણી આપો."

નંદકુમાર—"આપને જ્યારે વિશ્વાસ છે, ત્યારે હું આવતી કાલેજ પૂજા પછી દેવીનું ચરણામૃત આણી આપીશ. તે ચરણામૃત પીજો, માથે ચડાવજો, એટલે બધી પીડા જતી રહેશે."

એ વાતોનો નિર્ણય થયો. મુબારક-ઉદ્દ-દોલાને ગાદીએ બેસાડવાનો પ્રયત્ન કરવો. અને મીરજાફરની પીડા શાંત કરવા દેવીનું ચરણામૃત આણી આપવું.

દ્વિતીય પરિચ્છેદ

શાન્તિ ક્યાં છે?

Can'st thou not minister to a mind diseas'd;
Pluck from the memory a rooted sorrow;
Raze out the written troubles of the brain,
And, with some sweet oblivious antidote,
Cleanse the stuff'd bosom of that perilous stuff,
Which weighs upon the heart."

—Shakspear.

મીરજાફરની સાથે વાતચીત કરી નંદકુમાર બહાર આવ્યો. તરતજ નિયામતખાં સામે આવી ઉભો; તે માનપૂર્વક નમી બોલ્યો, "આપને ખોળવા ઘેર જઇ આવ્યો આપે કહ્યું છેકે નાટોરની તકરાર ચૂકવી આપીશ. ખજુરા ગામથી રઘુનંદન લાહિડીનાં કુટુંબીઓ આવેલ છે. તેની સાથે આટગ્રામના હલધર મિત્ર વગેરે પણ આવી પહોંચ્યાં છે.

નંદકુમારે જોયું કે આતો બેઉ બાજુથી સંકટ આવી પડયું. એક તરફ નિયામતખાં વિનંતિ કરે છે, અને બીજી તરફ નવાબનું મન ડામાડોળ સ્થિતિમાં છે. આ વખતે નવાબને કંઇપણ કહેવું યોગ્ય નથી; છતાં ન જાઉં તોપણ ચાલે તેમ નથી. ઘણા દિવસથી આ બાબતનો નિકાલ થયો નથી, પરંતુ કોઇ પણ જાતનો નિવેડો આવ્યો નથી.

નિયામતખાં બોલ્યો—" નવાબને મ્હેં કહી રાખ્યું છે. તે આજે

આ બાબત સાંભળશે. વખતસર આપ પણ મળી ગયાછો માટે આજે વખત ગુમાવવો યોગ્ય નથી.

નિયામતખાં મીરજાફરનો બનેવી થતો હતો. નવાબનાં કુટુંબમાં તેની આબરૂ ઠીક હતી. તે જ્યારે વિનંતિ કરે ત્યારે નંદકુમાર ના પાડી શકે? તોપણ નંદકુમારે કહ્યું, "હું હમણાંજ નવાબ પાસેથી આવ્યો, તેનું ચિત્ત ખરાબ સ્થિતિમાં છે. મારી માનસિક સ્થિતિ પણ સારી નથી, આજે આ તકરાર મુલતવી રાખીએ તો કેમ?"

નિયામતખાં "મુલતવી રાખવાની જરૂર નથી, નવાબનાં મનની અવસ્થા સારી થાય તેવી આશા નથી, મને ઇચ્છા છેકે આજેજ નિવેડો આણવો."

નંદકુમારને નવાબ પાસે જવા માટે નિયામતખાં વિનંતિ કરવા લાગ્યો; તેણે કહ્યું, "આપ જેમ કરશો તેમ થશે, આપનાથી વિરુદ્ધ કોણ થાય તેમ છે?"

નંદકુમાર "આજે નવાબનો મિજાજ સારો નથી."

નિયામત હો હો કરી હસવા લાગ્યો, તે બોલ્યો, "નવાબ! નવાબ વળી કોણ! આપંજ નવાબ છો. એક વખત ચાલો તો ખરા! જોઉં તો ખરો કે નવાબ આપની વાત કેવી રીતે માનતા નથી!"

નંદકુમારને જવું પડયું. તેણે વિચાર્યું કે, "ખાં સાહેબનું કહેવું ખોટું નથી. હું જે કરૂં તેમાં આડચ નાખનાર કોણ છે?"

નિયામતખાં અને નંદકુમાર બંનેએ નવાબને મળવાનું કહેણ મોકલ્યું.

નંદકુમારને રજા આપી, પથારીપર બેસી નવાબ ભૂત ભવિષ્યની વાતો સંભાળતો હતો ઉંચે નજર કરી વારંવાર ભગવાનને બોલાવતો

હતો. કોઈ વખતે અતિશય દીલગીર થઇ મનમાં બબડતો હતો, "હાય! શું કરવા જતાં શું થઇ ગયું? મને આવી દુર્બુદ્ધિ કેમ થઇ? મ્હેં તેનાપર વિશ્વાસ શા માટે રાખ્યો! મ્હેં મારી સ્વજાતિની છાતીમાં તીક્ષ્ણ છરી કેમ મારી!" વિચારતાં વિચારતાં બોલી ઉઠતો હતો કે "ભગવાન! શું મારાં પાપનું પ્રાયશ્ચિત નથી?"

એ વખતે નંદકુમાર અને નિયામતખાં આવવાના સમાચાર લઈ નોકર આવી પહોંચ્યો. સલામ કરી સામે ઉભો રહી તેણે નિવેદન કર્યું કે "જહાંપનાહની સાથે મેળાપ કરવા મહારાજ નંદકુમાર અને ખાંસાહેબ બહાર રાહ જૂએ છે."

મીરજાફર મનમાં બડબડયો–"વળી શા માટે? જરાક શાંતિ વળી હતી ત્યાં વળી વિઘ્ન આવ્યું! નિયામતખાં શા માટે આવેછે?" આવવાની રજા આપી.

નંદકુમાર અને નિયામતખાં આવ્યા એટલે નવાબે પથારીમાં બેઠાં બેઠાં આવકાર આપ્યો, મીઠા અવાજે આહ્વાન કરી કહ્યું, "આવો મહારાજ, આવો ખાં સાહેબ! શું કંઈ નવીન છે?"

નંદકુમાર માનપૂર્વક બોલ્યો, "નવીન ન હોય તો હજુર! આપને તસ્દી આપવા શા માટે આવીએ!"

મીરજાફર—"શું બોલ્યા મહારાજ! આપ આવો, એતો મારે માટે આશીર્વાદ રૂપ છે. આ માંદગીના વખતે આપને મળતાં મારૂં દુઃખ ઓછું થાય છે."

નંદકુમાર—"આપ અમને ચાહો છો; અમે પણ તેથીજ હઠ કરવા આવીએ છીએ. જો રજા આપો તો ખાંસાહેબ અને હું શા માટે આવ્યા છીએ તે જણાવું."

મીરજાફર—" મારી પાસે બોલતાં આપ આટલો બધો સંકોચ કેમ રાખો છો? જે કહેવું હોય તે ખુશીથી કહો."

નંદકુમાર—" આપના જેવા મહાન પુરુષ આગળ કોઈ પણ બાબત કહેવાને જરા પણ સંકોચ થતો નથી. પરંતુ આજે આપનું શરીર સારૂં નથી, તેથી— "

મીરજાફર તેને અટકાવી બોલ્યો, " સંકોચ રાખવાનું કંઇ કારણ નથી. વળી પાછું ફરવું પડયું તેનું શું કારણ છે મહારાજ!"

ગમે તે કારણથી હો પણ બધી વાત પોતે ન કહેતાં નિયામતખાંને કહેવાની નંદકુમારે વિનંતિ કરી. નિયામતખાં કહેવા લાગ્યો. પરંતુ કહેતાં કહેતાં તેની જીભ અચકાવા લાગી." તે બોલવા લાગ્યો, " મહારાણી ભવાનીએ પોતાની બધી દોલત પોતાના જમાઇ રઘુનંદનને દાનમાં આપી છે. પરંતુ રઘુનંદનના વારસો તે દોલત હજુ સૂધી કબજે કરી શક્યા નથી. તેથી તેઓ આપની પાસે ન્યાય માગે છે." નિયામતખાં જે વાત ન કહી શકયો તે નંદકુમારે કહી. છેવટે નવાબને સમજાવવા તેણે કહ્યું," આજ લગભગ પાંચ વરસ થયાં આ બાબતનું કામ ચાલે છે. પરંતુ અત્યારસૂધી કંઈ થયું નથી. હાલમાં ખજુરા ગામથી રઘુનંદનનાં કુટુંબીઓ અત્રે આવી પહોંચ્યાં છે. આટગ્રામનો એક આબરૂદાર માણસ આ બાબતમાં સાક્ષી આપવા આવેલ છે! જો હજુરનો હુકમ હોય તો તેઓને હાજર કરૂં!"

નવાબે ધીરેથી કહ્યું, " આજે કામ બંધ રાખીએ તો નહિ બને?"

નંદકુમાર—" મારી પણ એજ ઇચ્છા છે પરંતુ ખાંસાહિબને બહુ ઉતાવળ છે. ખાંસાહેબ કહે છે કે પાંચ વરસથી આ સંબંધમાં

કામ ચાલે છે; આ વખતે પણ ફરિઆદી છ માસ થયાં મુર્શિદાબાદ આવ્યાં છે. ન્યાયપૂર્વક કામ પતતાં બધા વિવાદનો અંત આવશે. હજુરને મોઢે ન્યાય આપવાનો છે, હજુરનું વચનજ શું ન્યાયરૂપ નથી? આ બાબતમાં કંઇ વધુ તકરાર પણ નથી, મહારાણી ભવાનીને પૂછાવતાં પણ આ દાવાના ન્યાયપણાં વિષે વાંધો ઉઠાવી શકશે નહિ!"

મીરજાફર—"વારૂ, બધું ખરૂં છે! બધી વાત ન્યાયપૂર્વક છે! પરંતુ મહારાજ! મહારાણીની કન્યા હાલમાં ક્યાં છે તે કહી શકશો? આજ સાત વરસ થયાં રઘુનંદનનું મરણ થયું છે. મ્હેં સાંભળ્યું છે કે ત્યારથી મહારાણીની કન્યા તારાસુંદરી મહારાણીની સાથે જ રહે છે. આ સ્થિતિમાં આપ કોની સંપત્તિ કોને આપવા વિનંતિ કરો છો?"

નંદકુમાર—"વિનંતિ તો કંઈ નથી હજુર વિનંતિ એટલીજ કે હજુર જૂએ કે પોતાની સંપત્તિ રઘુનંદનને આપવાની મહારાણીએ કબૂલાત આપી હતી કે નહિ? જો તેઓએ કબૂલાત આપી હોય તો ફરિયાદિનો એ મિલકતપર હક્ક છે કે નહિ?"

મીરજાફર—"ખરૂં હોય કે ખોટું, પણ આપ જ્યારે કહો છો, ત્યારે બધું હું માની લઉંછું. પરંતુ હું જાણુંછું કે મહારાણી ભવાની ભારે ધર્મીષ્ટ છે. તે કદી પણ અધર્માચરણ કરે, તે કદી બીજાંની મિલકત દબાવી પાડે, અથવા બીજાનું અનિષ્ટ કરે એવો વિશ્વાસ મને જરાપણ નથી."

નંદકુમાર—"હું પણ તેમ ધારતો નથી. પરંતુ જે બન્યું છે તે હજુરને કહુંછું. ખાંસાહેબ આ બાબતમાં વધૂ સાબીતિઓ આપવા

તૈયાર છે. તેની પ્રાર્થનાથીજ હું આપની પાસે આવ્યો છું."

નિયામતખાં—"હા-હા-ખાબીતિઓ પુષ્કળ છે?"

મીરજાફર—"વારૂ, ખાંસાહેબ, આપ જરા થોભો.હું મહારાજને એક વાત પૂછું, મહારાજ જો ખરો જવાબ આપશે તો હું અત્યારેજ ન્યાય આપીશ."

એમ કહી મીરજાફરે નંદકુમાર પ્રતિતીક્ષ્ણ દૃષ્ટિ નાખી ગંભીરભાવે પૂછ્યું, "મહારાજ! કહો જોઇએ, આ બાબતમાં આપનો અંતરાત્મા શું કહે છે? આપ આપના મનને પૂછી જૂઓ, અને પછી જવાબ આપો. મારો પ્રશ્ન છે કે મહારાણી ભવાની આ બાબતમાં દોષી છે કે નિર્દોષ? કહો આપનો અંતરાત્મા શો જવાબ આપે છે?"

મહારાજ નંદકુમાર જવાબ આપી શકયા નહિ. તેઓ શું જવાબ આપે? તેણે વિચાર્યું કે 'મહારાણી નિર્દોષ,' એ જવાબ આપું? વળી વિચાર્યું કે "હું શું જાણું, જે સાંભળ્યું છે તે કહું છું એમ કહું." પરંતુ કે કંઈ બોલી શક્યા નહિ. મીરજાફરનો પ્રશ્ન સાંભળી તે નીચે મ્હોંએ ઉભા રહ્યા.

નંદકુમારને મુંગે મ્હોડે ઉભેલા જોઈ નવાબે કહ્યું. "કેમ મહારાજ! ચૂપ કેમ રહ્યા? કહો, આપ જે કહેશો તે માનીશ."

નંદકુમાર બોલી શક્યો નહિ. મીરજાફરે વળી કહ્યું, "મહારાજ, આ જીવનમાં મ્હેં ઘણાં પાપ કર્યા છે, પરંતુ હવે કરવા ઇચ્છતો નથી! જે કર્યું છે, તેની યંત્રણાથી પ્રાણ વ્યાકૂળ થઇ રહ્યો છે. તે પર વળી જો એ પુણ્યમયી મહારાણી ભવાની પ્રતિ કંઇ પણ જુલમ ગુજારવાને તૈયાર થાઉં, તો નરકમાં પણ મને સ્થાન નહિ મળે. મ્હેં જે સાંભળ્યું છે, મ્હેં જે જોયું છે, તે પરથી મને લાગે છે કે મહારાણી

સ્વર્ગનાં દેવી છે. મહારાણી અતુલ ઐશ્વર્યનાં અધિકારિણી છતાં બ્રહ્મચારિણી છે; મહારાણી રાજરાજેશ્વરી છતાં પરોપકારી છે! મહારાણી ભવાનીની તુલના આ સંસારમાં કોની સાથે થઈ શકે તેમ છે? મહારાજ, પારકાની સેવામાંજ જેને શાંતિ મળે, પરહિતમાંજ જેને સુખ મળતું હોય તે શું માનવી કહેવાય? કદી નહિ. હું મુસલમાન છતાં તેના ચરણમાં કોટિ પ્રણામ કરૂંછું."

નંદકુમારથી ના પાડી શકાઇ નહિ. મીરજાફર બોલવા લાગ્યો, "મહારાણી નિર્દોષ તો છેજ; ઉપરાંત ગુણવાન છે. તે જેવી સદ્‌ગુણી છે, તેવીજ બુદ્ધિશાળી છે એક તરફ તે દયાધર્મ, પરસેવાવ્રતમાં એકી છે, બીજી તરફથી બુદ્ધિમાં પણ અદ્વિતીય છે. મહારાજ! યાદ છે કે જ્યારે શેઠનાં મકાનમાં સિરાજને પદભ્રષ્ટ કરવા અમે એકઠા થયા હતા, તે દિવસ મહારાણી ભવાની શું બોલ્યાં હતાં? મહારાણી સ્ત્રી છતાં તેણે જે ભવિષ્ય જોયું હતું, તે અમે સેંકડો પુરૂષ પુંગવની સલાહ છતાં જોઈ શક્યા નહોતા. ત્યારે મહારાણીએ જે કહ્યું હતું, તે બધું ખરૂં પડયું છે. તેમના જેવી બુદ્ધિની કણી પણ આપણામાં હોત તો કેવું સારૂં!"

મીરજાફરનાં મુખમાંથી જેમ જેમ વાક્યની લહરિ છૂટવા લાગી, તેમ તેમ નંદકુમારનું હૃદય પૂર્વસ્મૃતિથી ચીરાવા લાગ્યું. આ પહેલાં એકાદ બે વાર તેણે પણ મહારાણી પ્રતિ ખરાબ વર્ત્તન ચલાવ્યું હતું, અત્યારે તે બધી વાત યાદ આવવા લાગી. નવાબ અલીવર્દીખાનના વખતમાં મહારાણી ભવાનીને પદભ્રષ્ટ કરવાની ચેષ્ટા થઇ હતી, તેમાં તે પણ સામેલ હતો. ત્યાર બાદ ઈ. સ. ૧૭૫૦ માં મહારાણી ભવાનીને પદભ્રષ્ટ કરવાનો તેણે બીજો પ્રયત્ન કર્યો હતો; તે માટે

તેને પસ્તાવો થવા લાગ્યો. રામકાન્તનો હરિફ દવીપ્રસાદનો પુત્ર ગૌરીપ્રસાદ એક વખતે પિતાનું રાજ્ય મેળવવા મથ્યો હતો; અને મહારાજ નંદકુમારે તેને ઉશ્કેર્યો હતો. છેવટે આજ વળી નંદકુમાર મહારાણી ભવાનીના સ્વર્ગવાસી જમાઇ રઘુનંદનનાં કુટુંબીઓનો પક્ષ લઇ મહારાણી વિરૂદ્ધ ખડો થયો હતો. વારંવાર એ પવિત્ર પુણ્યશ્લોક મહારાણી વિરૂદ્ધ ઉભા થતાં તેને શરમ આવવા લાગી.

શેઠનાં મકાનમાંની સભામાં ભવાનીએ ઉચ્ચારેલાં ભવિષ્યની વાત યાદ લાવી નંદકુમારે કહ્યું; આપે જે કહ્યું, તે લગારે ખોટું નથી. ખરેખર! મહારાણીએ જે કહ્યું હતું તે અક્ષરે અક્ષર ખરૂં પડયું છે. હાય! જો તે વખતેજ આપણે મહારાણીનું કહ્યું માન્યું હોત!"

મીરજાફરનાં વાકયોથી નંદકુમારની બુદ્ધિ ઠેકાણે આવી. નંદકુમાર મનમાં દીલગીર થવા લાગ્યો, પરંતુ તે પશ્ચાત્તાપ કાયમી કે ક્ષણસ્થાયી હતો તે અમે કહી શકતા નથી. મનુષ્ય જ્યારે ઉચ્ચ પદવીએ ચઢે છે. મનુષ્ય જ્યારે ઐશ્વર્ય મદથી મસ્ત બને છે, ત્યારે કૃતકર્મોનો પસ્તાવો થાય તો પણ તે કાયમીરૂપ લેતો નથી. અમે જાણતા નથી કે નંદકુમારની મતિ ક્ષણ પછી ફરી ગઇ હતી કે નહિ? ત્યારથી જ તેનું અંતઃકરણ ઝળ્યા કરતું કે નહિ?"

ગમે તેમ હો પણ નવાબની વાતનો પ્રતિવાદ નંદકુમાર કરી શક્યો નહિ; પરંતુ નવાબના વિચારને તેણે અનુમોદન આપ્યું; તે બોલ્યો, "આપે જે નીવેડો આણ્યો છે, તે બરાબર છે આપની વાત સાંભળી મારો મત પણ ફર્યો છે. મને પણ લાગે છે કે મહારાણી નિર્દોષ છે."

નિયામતખાં કંઇપણ બોલી શક્યો નહિ. તે જે ઝાડને આશ્રયે

રહ્યો હતો, તે ઝાડજ તૂટી પડયું, તો પછી તે બિચારો શું કરે.

મીરજાફરે ન્યાય આપી દીધો. રઘુનંદનનાં કુટુંબની હાર થઇ. આ સંબંધમાં મહારાણી ભવાનીનો કંઇપણ દોષ નથી, તે નક્કી થયું, નિયામતખાંએ જે કામમાં નંદકુમારનો આશ્રય લીધો હતો, તે કાર્ય સંપૂર્ણ વિફળ ગયું.

છેવટે નંદકુમાર અને નિયામતખાં રજા લેવા તૈયાર થયા. મીરજાફરે ઇસારાથી નંદકુમારને રોકયો, નિયામતખાંનું તે તરફ ધ્યાન પણ ખેંચાયું નહિ. મીરજાફરના ન્યાયથી, નંદકુમારનાં અનુમોદનથી રોષે ભરાએલો નિયામતખાં દીલગીર ચેહેરે રવાના થઇ ગયો.

નિયામતખાં ગયા બાદ નંદકુમાર રજા લેવા ઉઠયો, મીરજાફરે કીરીટેશ્વરી દેવીનાં ચરણામૃતની વાત યાદ દેવરાવી કહ્યું, મહારાજ! દેવીનાં ચરણામૃત માટે હું વાટ જોઇ રહ્યો છું. આપ જયાંસુધી ચરણામૃત નહિ મોકલો, ત્યાંસુધી હું પાણી નહિ પીઉં આ વાત નક્કી યાદ રાખજો."

નંદકુમાર—"કાલે બપોરે માતાજીની પૂજા થયા બાદ હું ચરણામૃત લાવીશ. આપનું શરીર સાજું નથી; માટે ત્યાંસુધી પાણી નહિ પીઓ તો બહુ પીડા થશે."

મીરજાફર—"પીડા શી મહારાજ! રાતદાહાડો જે પીડા ભોગવી રહ્યો છું, તે પીડામાં થોડા કલાક પાણી નહિ પીવાથી કંઇ વધારો થશે નહિ. કાલની વાત કેમ કહોછો? હું આજથીજ વાટ જોતો રહીશ; આજે પણ પાણી નહિ પીઉં—કાલે પણ નહિ પીઉં,—જ્યાં સુધી ચરણામૃત નહિ પીઉં, ત્યાં સુધી પાણી નહિ લઉં."

નંદકુમારે બે ત્રણ વખત સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ

મીરજાફરે માન્યું નહિ. તે વારંવાર કહેવા લાગ્યો. "મહારાજ! આ જીવન પૂરું થવાને હવે વધુ વાર નથી. હજુ પણ જો માની છાયામાં રહી તેના કૃપાકટાક્ષ મેળવી શકું, અને મારાં પ્રાયશ્ચિત કરી શકું તોપણ ઘણું છે."

નંદકુમાર હાર્યો "તેમજ થશે. માતાજીની પૂજા પછી જેમ બને તેમ જલદી ચરણામૃત લાવીશ. તે માટે લગારે ચિંતા કરતા નહિ." એમ કહી નંદકુમાર ચાલ્યો ગયો. જતી વખતે તેને વિચાર થયો કે "મુસલમાન છતાં દેવીપ્રતિ નવાબની આટલી બધી ભક્તિ! આટલો બધો વિશ્વાસ! હિંદુ છતાં આપણે આટલો વિશ્વાસ બતાવી શકીએ છીએ!"

નંદકુમાર આમ વિચારતો વિચારતો ચાલ્યો ગયો. મીરજાફરે મનમાં વિચાર કર્યો, "માકિરીટેશ્વરી શું મારી પ્રાર્થના પૂર્ણ નહિ કરે!" નવાબના મને તે વાતનો જવાબ આપ્યો. તે પોતાની મેળે બોલી ઉઠ્યો. "મારી મા અવશ્ય આ પીડા દૂર કરશે. માનુ ચરણામૃત મારી બધી પીડા દૂર કરશે."

પરંતુ આ તન્મયભાવ ક્યાં સૂધી રહે! મીરજાફરની ચારે પાસે પાપ મોહજાળ બિછાવી રહ્યું હતું. દેવી પ્રતિ મીરજાફરનો ભક્તિભાવ જોઇ, તે લગાર હસ્યું; તે કહેવા લાગ્યું–"મૂઢ! તારો આ ભાવ ક્યાં સૂધી રહેશે?"

તૃતીય પરિચ્છેદ.

મોહ-જાળ

"જે દિકે જખન ચાય, ફુલ વરષિયા જાય,
મોહકરે પ્રેમ-મધુ ઢાલિયા રે."

—ભારતચંદ્ર.

(ભાવાર્થ—જે દિશામાં જ્યારે જૂએ છે, ત્યારે ફુલનો વરસાદ વરસે છે, અને તે પ્રેમરૂપી મધુ ઢાળી મોહ ઉત્પન્ન કરે છે.)

નંદકુમાર ચાલ્યો ગયો, મીરજાફરના ઓરડામાં અકસ્માત્ વિદ્યુતનો પ્રકાશ ફેલાઇ ગયો.

આ શું! આતો વિજળીનો ચમકારો નથી! આ તો અચંચલ સ્થિર-સૌદામિની છે.

મીરજાફર દ્રષ્ટિની ચિંતા ભૂલી ગયો, તે બેબાકળો થઇ આજુ-બાજુ જોવા લાગ્યો—તેના ઘરમાં એક દિવ્ય જ્યોતિ પ્રકટી રહી હતી મીરજાફર જોવા લાગ્યો—જાણે ઉજાસથી ઓરડો પ્રકાશિત થઇ ગયો છે, દર્પણે દર્પણમાં એ પ્રકાશનું પરાવર્તન થાય છે બત્તીઓ અને દિવાલપર એ પ્રકાશ ફેલાઇ રહે છે. સુધા-ધવલિત ઓરડાની દિવાલ ઉપર ઉજ્વળતાનું સુંદર ચિત્ર પ્રતિબિમ્બિત થયું છે! મીરજાફરના પલંગ પર મખમલ મઢેલ ગાદલું અને ઓશિકું હતું.—તે બંને ઉજ્વળ-તાથી ચમકવા લાગ્યાં આરસપહાણની છત અને ભોંય તળિયું ઉજ્વળતાથી બમણાં પ્રકાશિત થઇ ગયાં.

મીરજાફર અવાક થઈ ગયો ક્ષણબાદ તેની ચમક ઓછી થઇ, મીરજાફર એકી નજરે પેલી જ્યોતિર્મયી મૂર્તિ ભણી જોઈ રહ્યો. તે

મૂર્તિ ધીરે ધીરે મીરજાફરની પથારી ભણી આવવા લાગી. પથારી પાસે આવી વીણાને લજાવે એવા સ્વરે કહેવા લાગી–" જનાબ ! જનાબ! કૃપા કરીને આટલું સરબત પી જાઓ. શરીર ઠંડું થશે ! "

મીરજાફર શું સ્વપ્ન જોતો હતો ? ના–ના ! તે તો સ્વપ્ન નથી. મીરજાફર વ્યાકૂળતાથી બોલ્યો–" મણિ મણિ ! મને શું એક ક્ષણપણ સંભાળતી નથી ? "

મણિનાં મુખપર સહેજ હાસ્યની રેખા જણાઇ. પરંતુ કુશળતા-પૂર્વક એ હાસ્યરેખા છુપાવી વીણાના ઝંકાર જેવા સ્વરે બોલી, " નાથ ! આપનાં ચરણની સેવા કરવા માટે આ દાસી સર્વદા વ્યસ્ત છે. પરંતુ આપ સંસારનાં સેંકડો કામોમાં રોકાએલા રહો છો;–આપનાં ચરણની સેવા કરવાનો સમય મને ક્યાંથી મળે ! " મણિનો સ્વર સાંભળી મીરજાફરનું હૃદય ગળી ગયું. મીરજાફર આગળ કંઈ બોલી શક્યો નહિ.

આવી ઘટના દરરોજ બનતી. મણિની ગેરહાજરીમાં મીરજાફર તેના સંબંધમાં કેટલીએ અપ્રિય ચિંતા કરતો હતો; પરંતુ મણિ આ-વતી એટલે બધા વિચારો ભૂલી જતો. આજ પણ તેમજ થયું. આજ લગભગ આઠ–દશ દિવસ થયાં મણિ તેની પાસે આવી નહોતી. મીર-જાફર મણિ પર બહુ ગુસ્સે થયો હતો. અભિમાનને વશ થઇ તેણે મણિને બોલાવી પણ નહોતી; પરંતુ મણિ આવે એટલે બે ચાર વચનો કહી સંભળાવવાનું ધાર્યું હતું. પરંતુ મણિનાં મુખ મંડળમાં કોણ જાણે કેવું જાદુ ભર્યું હતું કે તેનું મુખ જોતાંજ મીરજાફરનું માથું ફરી ગયું, તેનું અભિમાન કોણ જાણે ક્યાં જતું રહ્યું.

મણિનાં કટાક્ષ બાણથી મોટા મોટા બળવાન પુરુષો પણ મોહી

રાજા રામકૃષ્ણ—



મીર જાફર વ્યાકુળતાથી બોલ્યોઃ—"મણિ મણિ! મ્હને શું એક ક્ષણ પણ સંભાળતી નથી?" પૃષ્ઠ. ૧૫૦

A 2638–Lakshmi Art, Bombay, 8.

ગયા હતા. તોપછી મરવા પડેલા વૃદ્ધ મીરજાફરનું શું ગજું ? મણિનાં રૂપે, ઉમરે અને પહેરવેશે કેટલાએ માણસોને ગાંડા બનાવી મૂકયા હતા. તો પછી મીરજાફર તે કોણ માત્ર ! મણિના સેંકડો દોષ જોતાં છતાં મીરજાફર તેને કંઈ કહી શકતો નહિ. આજે પણ કહી શકયો નહિ ! કહેવા જેટલી શક્તિ પણ કોની હોય ?

મણિ યૌવનમાં મસ્ત હતી. ભાદરવા માસની ભરી નદીની માફક તેનાં શરીર પર રૂપની લહરિઓ છૂટતી હતી. ગાલોપર ગુલાબની કાન્તિ ફુટી નીકળી હતી. આંખોમાં વીજળી ચમકતી હતી. ભ્રમરો વિજળીની પાસેનાં કાળાં વાદળાંની માફક શોભતી હતી. સુંદર ભરતકામથી શોભતો મસ્લિનનો નરમ પોશાક મણિનાં શરીરને ઢાંકતો હતો, એ સુંદર વસ્ત્રો ભેદી સુંદરીનાં રૂપનો ફુવારો છૂટતો હતો. મણિનો બુરખો અર્ધો ખસી ગયો હતો; તે બુરખામાં વેણીબદ્ધ કેશરાશી કાળા સર્પની માફક પગ સુધી પ્રસરતા હતા. સુંદરીએ રેશમની સાડી ઓઢી હતી, શરીરપર નવાઇ જેવું બુટ્ટાદાર અંગરખું પહેર્યું હતું તેની ચંપા જેવી આંગળીઓ પર હીરાની વીંટીઓ શોભતી હતી. એક મોતીની માળા મણિનાં ગળાંમાં હમેશને માટે ઝોલાં ખાતી હતી. કેડ પર સોનાનો કંદોરો ઝુલી રહ્યો હતો. હાથમાં હીરાની બંગડીઓ ચકચકતી હતી; માથાપર વાળની લટો સુંદર અત્તરોથી બહેકતી હતી; મણિની ઇચ્છા થતી તે મુજબ તે પહેરવેશ પહેરતી હતી. હિંદુ, મુસલમાન અને ખ્રિસ્તી એ ત્રણે જાતની સ્ત્રીઓના પોશાકમાંથી જે સારૂં હતું તે તેણે પોતાના પોશાકમાં ભેળી દીધું હતું. કોઇને પણ આંજી નાખવો હોય, ત્યારે મણિના પોશાકનો બહાર કેટલોએ ખિલી નીકળતો જયારે મીરજાફર પાસે તે આવતી; ત્યારે

પોશાક અલૌકિક બની જતો.

મણિ રૂપમાં ઉમ્મરમાં અને વેશ વિન્યાસમાં એકી હતી. તે ઉપરાંત તીક્ષ્ણ બુદ્ધિશાળી પણ હતી. વળી નાના કારણોથી નવાબનાં કુટુંબમાં તેનો પ્રતાપ અતુલનીય હતો. મણિ જ્યારે પ્રથમ મીરજાફરની નજરે પડી, તે દિવસથી મુર્શિદાબાદમાં મણિનું પ્રભૂત્વ જામ્યું હતું, ત્યારથીજ લોકોમાં તેનું પૂર્વ વૃત્તાંત ભૂલી જવાનું ચાલ્યું. પહેલાં મણિ નાચનારીનો ધંધો કરતી, પહેલાં મણિ દેશવિદેશમાં મજરા કરતી ફરતી તે બધી વાત અત્યારે કોઇ બોલી શકતું નહોતું.

મણિ અત્યારે મણિ બેગમ બની બેઠી હતી. મણિબેગમ મીરજા• ફરની વ્હાલી બેગમ બની છે. સિંકન્દ્રા પાસેનાં બાલકુંડા ગામમાં મણિનો જન્મ થયો હતો. દિલ્હીમાં મણિ નાચનારીને ધધો કરી ગુજરાન ચલાવતી. એક વખત તે મુર્શિદાબાદમાં મજરો કરવા આવી, મીરજાફરની નજરે પડી. આ વાતને અત્યારે સોળ વર્ષ વીતી ગયાં હતાં. નવાબ અલ્લીવર્દીખાન તે વખતે નવાબ હતો. મીરજાફરની પેહેલી સ્ત્રી—નવાબ અલ્લીવર્દીખાનની બહેન સા—ખાનુમ તે વખતે જીવતી હતી. આથી મણિબેગમ અને મીરજાફર વચ્ચે છૂપી રીતે પ્રેમ પ્રવાહ ચાલવા લાગ્યો. છેવટે મીરજાફર જ્યારે બંગાળાની ગાદીપર બેઠો. ત્યારથી થોડા રોજ બાદ મણિબેગમ પટ્ટરાણી થઈ બેઠી. મીરજાફરને બબ્બુ બેગમ નામની એક બીજી બેગમ હતી, તે અણમાનીતી થઇ. આ પ્રમાણે મણિ અત્યારે મણિબેગમ બની બેઠી છે; તેના પ્રભાવથી નવાબનો મહેલ કંપે છે. મણિ બેગમને બે પુત્રો હતા, નાજિમ—ઉદ્દૌલા અને સૈફ—ઉદ્દૌલા. બબ્બુ બેગમને એક પુત્ર હતો; તેનું નામ—મુબારક—. ઉદ્દૌલા

મહારાજ નંદકુમાર સાથે જે વાતચીત થઇ હતી. તેમાં આ મુબારકને ગાદીપતિ ઠરાવવાનું નક્કી થયું હતું. નાજિમ-ઉદ્દૌલા, સૈફ-ઉદ્દૌલા અને મુબારક-ઉદ્દૌલા આ ત્રણેમાં નાજિમ-ઉદ્દૌલા મોટો હતો. અમે જે સમયની વાત કરીએ છીએ, તે વખતે તેની ઉમર અઢાર વરસની હતી. સૈફ-ઉદ્દૌલાની પંદર વર્ષની અને મુબારક-ઉદૌલાની સાત વર્ષની હતી.

પરંતુ એ વાત જવાદો ! જ્યારે મણિબેગમ ડોલતી ડોલતી લોભાવતી નજરે મૃદુમંદ સ્વરે કહેવા લાગી કે " જનાબ ! કૃપા કરીને લગાર શરબત પીઓ; શરીર થંડુ થશે; ત્યારે મીરજાફરના હાથમાં જાણે સ્વર્ગ આવ્યું; તેની વહાલી સ્ત્રી મણિ આવી આમ વિનંતિ કરે;ત્યારે પછી શરબત ન પીવાની ઇચ્છા હોય છતાં મીરજા-ફર આડચચુ નાખી શકે કે ? મણિબેગમે મીરજાફરનાં મ્હોં આગળ શરબત ધર્યું; મીરજાફર શરબત પી ગયો.

" આ શું ? શરબત પીતાંજ શરીર બળી ઉઠયું કેમ ? દેવીનાં ચરણામૃત પીધા પહેલાં કંઇ પણ ન પીવાની પ્રતિજ્ઞા લીધી હતી છતાં શરબત પીધું, તેથી તો આમ નહિ થયું હોય ! "

પરંતુ મણિને કષ્ટ થાય, માટે મીરજાફર પોતાની પીડા દબાવવા-નો પ્રયત્ન કરવા લાગ્યો. બુદ્ધિશાળી મણિ આ બધું સમજી ગઇ; તે ધીમે ધીમે મીરજાફરને પવન ઢોળવા લાગી. મણિ બેગમ પોતે પવન ઢોળે મીરજાફરે આમ સ્વપ્ને પણ ધાર્યું નહોતું. આથી તે પીડા થતી હતી છતાં, આનંદમાં ગરક થઇ ગયો. તે મણિને પવન ઢોળતી અટકાવતા બોલ્યો, " મણિ ! તું શા માટે પવન ઢોળે છે ? હાથ દુઃખશે. "

મણિબેગમ મુદુસ્વરે બોલી–" આપને પવન ઢોળું, એવું મારૂં સૌભાગ્ય ક્યાંથી ? આપ શાંત થઓ; એટલે મારી મહેનત સફળ થશે."

મીરજાફર–" મણિ ? મને જરા પણ શાન્તિ વળી હતી, પરંતુ વળી શરીર બળી જવા લાગ્યું છે. મણિ ? અંતઃકરણમાં આગ સળગી છે."

મણિ—" આપને શી પીડા જણાય છે ? આ દાસી શું કોઇ પ્રકારે પીડા ઓછી કરી શકે તેમ નથી ?"

મીરજાફર–" આ પીડા તું કેવી રીતે દૂર કરશે ! જેમ જેમ પૂર્વસ્મૃતિ મનમાં જાગ્રત થાય છે, તેમ તેમ પશ્ચાતાપનો અગ્નિ સળગ્યા કરે છે. આ અગ્નિ ક્યારે હોલાશે, તે હું જાણતો નથી."

મણિ–"આપે તો કંઇ પણ ખોટું કામ કર્યું નથી! ખોટાં કામને તમે આશ્રય પણ આપ્યો નથી. હું તો આપને સારાં કામજ કરતા જોઉં છું."

મીરજાફર–" આખી જિંદગીમાં મ્હેં સારાં કૃત્ય કર્યાંજ નથી. મ્હેં કદીપણ ધર્મને આશ્રય આપ્યો હોય, એવું મને સાંભળતું નથી."

મણિ–" કેમ ગઇ કાલનાં સારાં કામના સમાચાર સર્વત્ર ફેલાઈ ગયા છો !"

મીરજાફર–" કાલ ? સારૂં કામ ?"

મીરજાફરને યાદ ન આવ્યું; મણિબેગમે તેને સંભારી આપ્યું, " મહારાણી ભવાની વિરૂદ્ધ જે તરકટ થયું હતું, તેનો આપે ન્યાય આપ્યો છે. આપના ન્યાયથી પ્રજા ખુશ થઇ છે.

મીરજાફરનાં મુખ પર આનંદની રેખા ફેલાઇ મીરજાફરે આનંદ

વ્યંજક સ્વરે બોલ્યો, " હેં-હેં-તને આ ખબર કોણે કહી ? "

મણિ-"આ દાસી આપનાં બધાં કાર્યના સમાચાર યાદ રાખે છે. કોઇ પણ બાબતમાં આપની ભૂલ થાય, તેને માટે આપને સ્મરણ કરાવવા માટે હું બધી વાતો યાદ રાખું છું."

મીરજાફર-" મણિ ! તું ખરેખર મારી હિતેચ્છુ છે. કહેતો ખરી! મારી કંઈ પણ ભૂલ જણાઇ છે કે ? "

મણિ-" આપની ભૂલ ! તે તો કંઇ જણાતી નથી ! "

મણિબેગમ કંઇક વિચાર કરવા લાગી, ક્ષણકાળ પછી તેણે કહ્યું: " ના-એમ તો કંઈ યાદ આવતું નથી ! તોપણ-"

" તોપણ " કહી મણિબેગમ મૂગી રહી. મીરજાફરની કુતુહલતા વધી ગઇ. તે પૂછવા લાગ્યો, " મણિ ! શું કહે છે ! મારી પાસે શા માટે સંકોચ રાખે છે ? જો કંઇ પણ ભૂલ થઈ હોય, તો હું સુધારૂં. "

મણિ—" ના, એવું કંઈ નથી, તે એક જુની વાત છે. તે અત્યારે જવા દો; આપ સાજા થાઓ; ત્યારે એ વાત કહીશ. "

મીરજાફર—"વખત ક્યારે આવશે મણિ ! જે કહેવું હોય, તે કહી દે, અત્યારે પણ વખત છે. હું કર્તવ્યપાલનમાં પાછો પડીશ નહિ."

મીરજાફર આગ્રહ કરવા લાગ્યો. મણિબેગમ પણ તે આગ્રહવશ થઈ કહેવા લાગી. " તે વાતમાં કંઈ માલ નથી. તે વાતનું પાલન કરવામાં કંઇ દોષ હોય એવું પણ મને લાગતું નથી. તો પણ નિષ્કલંકચંદ્રની માફક આપની યશઃ જ્યોતિઃ ચારે બાજુ પ્રસરે,-એવી મારી ઇચ્છા છે; તે માટેજ હું આ વાત કહેવાનું સાહસ કરૂંછું. આપને યાદ હશે કે આપે ક્લાઇવને 'તુરચાજમ' ઇનામમાં દેવાનું વચન આપ્યું

હતું ? તે માટે આપે એક દાનપત્ર પણ લખી રાખ્યું છે. પરંતુ તે દાનપત્રપર આજસુધી આપે સહી કરી નથી. તે દાનપત્રપર સહી કરવામાં આપને કંઈ અડચણ છે ? ”

મીરજાફર કંપી ઉઠયો. વળી તે કલાઇવનું નામ ! કલાઇવે મારાપર જાદુ કર્યું હતું. તેણે શું મણિપર પણ જાદુ કર્યું છે ! તેને આ વિશાળ સંપત્તિ આપવા માટે મણિ બેગમ શા માટે આગ્રહ કરે છે ? કલાઇવની, હેસ્ટિંગ્સની સાથે મણિ બેગમને મેળવવામાં મ્હેં સારૂં કામ કર્યું નથી ! મારાં કાર્યના ઉદ્ધાર માટે મણિ બેગમદ્વારા તેઓની મ્હેં સહાયતા મેળવી હતી, એ ખરૂં; પરંતુ ત્યાર પછી તેઓએ જે વ્યવહાર ચલાવ્યો છે, તે તો મણિ જાણે છે ! તોપણ આ આગ્રહ શા માટે ? આનું રહસ્ય તો સમજાતું નથી ! પરંતુ કરવું કેમ ? ”

મીરજાફર વિચારવા લાગ્યો, “ મણિ બેગમના આ પ્રસ્તાવનો જવાબ શો આપવો ? ”

મીરજાફરને ચુપ જોઇ મણિ બેગમ બોલી, “ આપ પ્રતિજ્ઞાથી બંધાએલા છો. વળી ધર્મભ્રષ્ટ થાઓ, એ માટે આટલું કહું છું. કલાઇવ મારો સગો થતો નથી. કલાઇવને નહિ આપો, તો એ સંપત્તિ આપણા ઘરમાં રહેશે; નવાબી મળતાં આપનો પુત્ર એ મિલકતનો ધણી થશે. આમ છતાં હું યાદ દેવરાવું છું, તેનું કારણ એટલુંજ કે તેથી આપનો ધર્મ રહેશે. પરલોકનાં હિત માટે આટલું કહું છું. જો આપની ઇચ્છા હોય તો આપ કલાઇવિને નામે દાનપત્ર લખી આપો. ઇચ્છા ન હોય તો પણ કંઇ નુકસાન નથી ! ”

મીરજાફર વિચારવા લાગ્યો, “ ખરેખર ! આ બાબતમાં મણિનો

સ્વાર્થ કંઇ નથી. મણિ બેગમ જે કહે છે, તે મારા હિત માટેનું છે મણિ નિઃસ્વાર્થી છે. ”

મીરજાફરે કહ્યું, “ મણિ ! ત્હેં ખરૂં કહ્યું છે ! કલાઇવે મને ગમે તે કર્યું હોય, પણ હું તો વચનથી બંધાયો છું. ! ” એમ કહી મીરજાફરે તે દાનપત્ર જોવા માગ્યું; “ ક્યાં, તે દાનપત્ર ? મને લાવી આપ; હું સહી કરૂં છું. ”

મણિ બેગમે તે ઓરડામાંજ દાનપત્ર લાવી રાખ્યું હતું. તરતજ તેણે તે મીરજાફર સામે ધર્યું. મીરજાફરથી હા, ના, થઇ શકી નહિ. સહી કરવી પડી. તે દાનપત્ર અને દાનમાં આપેલ સંપત્તિ મણિબેગમની જવાબદારીમાં રહી. કલાઇવ કલકત્તા આવે એટલે મણિ બેગમે તે બધું કલાઇવને આપવું એ નક્કી થયું.

એ દાનપત્રમાં લખેલી સંપત્તિનું નામ ‘ નૂરચાજમ્ ’ એટલે આંખોનો પ્રકાશ હતું, મીરજાફર એક તેજુરીને આંખેનો પ્રકાશ કહેતો હતો. એ તેજુરીમાં પાંચલાખ રૂપીઆ રોકડા હતા; તે સિવાય મહોર, ઝવેરાત વગેરેથી તે પરિપૂર્ણ હતી. મણિબેગમે એ તેજુરી પાછળથી કલાઇવને આપી હતી. એ તેજુરી મળતાં ઇ. સ. ૧૭૭૦ ના એપ્રિલની ૬ ઠ્ઠીએ કલાઇવએ એક ટ્રૂસ્ટ કર્યું. જે યુરોપીયન અમલદારો અથવા સૈનિકો ભારતવર્ષમાં અંગ્રેજી રાજ્ય સ્થાપતાં મરણ પામે અથવા ગુજરાન ચલાવવા અયોગ્ય નીવડે તેઓને સહાયતા આપવા માટે એ ભંડારની સ્થાપના કરી. મરણ પામેલની વિધવા અથવા નાનાં બાળકોને એમાંથી સહાય મળે એવી વ્યવસ્થા થઇ. રાજ્યનાં કાર્યમાં જોડાએલામાંનું કોઇ ભિખારી બની જાય તો તેને પણ સહાયતા આપવાનું ઠરાવ્યું. જ્યારે કલાઇવે એ ભંડારની સ્થા-

પના કરી. ત્યારે એ ભંડારની વાર્ષિક ચાલીસ હજાર પૌંડ અત્યારના હિસાબે લગભગ છ લાખ રૂપીઆ થઇ હતી.

કલાઇવિનાં નામનાં દાનપત્રપર સહી કરાવ્યા પછી મણિ બેગમે કહ્યુ, " જહાંપના ! આપનું હૃદય કેટલું ઉચ્ચ છે—કેટલું ઉદાર છે, તે આ દાનપત્રવડે જગત્ જોશે મિત્રપ્રતિ તો બધા ઉદારતા રાખે ! પરંતુ શત્રુપ્રતિ આવી ઉદારતા કોણ બતાવી શક્યું છે ? "

મીરજાફર મનમાં બોલ્યો, " મણિ, આ ઉદારતા મ્હેં કલાઇવ પ્રતિ બતાવી છે ? તારાં આ અમૃતમય મ્હોં સામું જોઇ કલાઇવિની બધી શત્રુતા ભૂલી ગયો છું. " આ વાત જોરથી કહી શક્યો નહિ તે કંઇ પણ બોલે તે પહેલાં મણિબેગમ તેનાં નામનો જયધ્વનિ કરી બોલી, " પ્રાણેશ્વર ! આ એક દસ્તાવેજ આપના યશને પૃથ્વીપર ફેલાવશે. એમ કહી તે મીરજાફરનાં કપાળપર પોતાનો કોમળ હાથ મૂકી, પ્રેમ વિહ્વલાની પેઠે તીરછશ જોતી જોતી કહેવા લાગી, " પ્રાણેશ્વર ! આપ આટલા ઉદાર છો, આટલા મહાન્ છો તે દાસી અત્યાર સુધી જાણતી નહોતી. દાસીએ ડગલે ડગલે આપના અપરાધ કર્યા છે. હું અબળા છું, આપ મને ક્ષમા કરો. "

મીરજાફર ચમક્યો, આજે આ બધું તેને સમસ્યા જેવું લાગતું હતું. મણિ બેગમની આજીજીથી તે ચમક્યો, તે પૂછવા લાગ્યો. " મણિ ! મ્હેં તને કદી પણ ખરાબ વચન કહ્યું નથી ! તોપછી આમ કેમ બોલે છે ? "

મણિબેગમ ગળગળી થઇ બોલવા લાગી, " પ્રાણેશ્વર ! હું મંદભાગિની છું, તેથી મને સંદેહ થાય છે કે હવે બાકી રહેલ જીવનમાં મારાં નસીબમાં કોણ જાણે કેટલુંએ દુઃખ લખ્યું હશે ! હું

આપની અતિ પ્યારી-બહુ લાડકી મણિબેગમ હતી! ”

મણિબેગમે ઓઢણીના છેડાથી મ્હોં ઢાંક્યું. મીરજાફરે ધાર્યું કે મારા મરણ પછી શું થશે એ ચિંતાથી મણિ વ્યાકુલ થઇ છે. મીરજાફર સાન્ત્વના આપતો બોલવા લાગ્યો, “ મણિ! શા માટે રડે છે! હુ બધી વ્યવસ્થા કરી જઇશ,-મારાં મરણ પછી પણ તારૂં ગૌરવ કાયમ રહેશે. તું જરા પણ ચિંતા ન રાખ. ”

મીરજાફરે પોતાના હાથવડે તેનાં મ્હોં આગળથી વસ્ત્ર ખસેડી નાખ્યું. મણિ બેગમ રડતી રડતી બોલી-“ મને શી આશા છે! શો ભરોસો છે! હું આપની વ્હાલી બેગમ હતી; આપના લોકાન્તરવાસ -ઈશ્વર તેમ ન કરો-પછી મારે દાસીવૃત્તિ કરવી પડશે, ”

મીરજાફર બોલ્યો, “ એમ કેમ! એમ કેમ કહે છે? ”

મણિ બેગમ નિસાસો નાખી બોલી, “ હું શું ખોટું કહું છું? નાજમ મોટો પુત્ર છતાં-તે આપના સિંહાસનનો અધિકારી નથી! આપની નવાબીના વખતમાં જે પુત્રે જન્મ ગ્રહણ કર્યો છે, તેજ નવાબ થવાનો અધિકારી છે, તે જો નવાબ થાય, તો પછી હું તેને ગમે તેટલો ચાહતી હોઉં, તોપણ તે તો મને ઓરમાન મા ગણી મારી ઉપેક્ષા નહિ કરે? ”

મીરજાફર—“ મણિ! તું શું પૂછે છે, તે હું સમજી શકતો નથી. મારો નાનો પુત્ર મુબારક ફક્ત સાત વરસનો છે, તેની મા બબ્બુબેગમ સંપૂર્ણ રીતે સંસારથી અજાણ છે મુબારક જો ગાદીપતિ થશે તો પણ તું તેના વાલી તરીકે રહીશ. તો પછી તું શા માટે ચિંતા રાખે છે? ”

મણિબેગમ—“ ના, હું શા માટે ચિંતા રાખું? નાજિમ અને

સૈફની માફક મુબારક પણ મારો પુત્ર છે તેને એકજ માનુંછું એટલે જ ચિંતા થાય છે. "

મીરજાફરઃ-"તેમાં શી ચિંતા? ત્રણમાંથી ગમે તે નવાબ થાય, એટલે થયું. "

મણિબેગમ—" એમજ કહું છું! પરંતુ આપના મનમાં આવી જૂદાઇ ક્યાંથી ? "

મીરજાફર " એવી વાત કેમ કરે છે મણિ! હું તો ત્રણે પુત્રોને સરખી નજરે જોઉં છું. "

મણિબેગમ—" જાહાપનાહ! દાસી મૂર્ખ છે, અપરાધ ક્ષમા કરશો, જો અભય આપો તો કહું,–ત્રણે પુત્રપર આપની સરખી પ્રીતિ નથી, "

મીરજાફર—" કેમ ? એમ શા આધારે કહે છે ? "

મણિબેગમ—" પ્રાણેશ્વર જો આપનો સ્નેહ ત્રણે પુત્રો પર સરખો હોય, તો પછી મોટા પુત્રને મૂકી નાનાને ગાદીપર બેસાડવાનો આટલો બધો પ્રયત્ન કેમ કરો છો ? "

મીરજાફર સમજ્યો મીરજાફરની ભૂલ ભાગી, આથી તે શરમાઇ જઇ બોલ્યો, " મણિ ! તું બરાબર કહે છે, નાજિમ મારો મોટો પુત્ર છે; માટે સહુ પહેલાં તેને ગાદીએ બેસાડવો જોઇએ. "

મણિબેગમ-" હું એજ યાદ કરાવવા માગતી હતી, નહિં તો તેમાં મને શો સ્વાર્થ હતો ? ક્લાઇવના નામપરનાં દાનપત્રમાં સહી કરાવવામાં જે સ્વાર્થ હતો, તેં કરતાં વધૂ સ્વાર્થ આ બાબતમાં નથી. બંને બાબતમાં હું તો આપની ભારવાહી દાસી છું. "

મણિબેગમની વાત મીરજાફરના અંતઃકરણમાં પેઠી. ક્લાઇવની

બાબતમાં જે નિઃસ્વાર્થભાવ મણિબેગમે તેના અંતઃકરણમાં આંકી દીધો હતો. તે નિઃસ્વાર્થભાવ આ વાતથી ઉજ્વળ થઈ ગયો. મીરજાફરે કહ્યું, "મારા નાજિમનેજ હું સિંહાસનપર બેસાડીશ. તું તેના વાલી તરીકે બધું કામ કરજે."

મણિબેગમ—"આપ કહો છો ખરા; પરંતુ નાજિમ વિરૂદ્ધ ચારે તરફ ભારે તરકટો ફેલાઈ રહ્યાં છે. હું શી રીતે એ તરકટો ભેદી શકીશ ? હું સ્ત્રી છું, પૈસા વગરની છું. આપનો આદેશ શી રીતે પાળીશ ?"

મીરજાફર—"મણિ ! કંઇ પણ ચિંતા ન રાખ ! મારી જે કંઇ દોલત છે, તે બધી આજથી તારા અધિકારમાં છે. મારા મરણ પછી મારા પ્રિય પુત્ર નાજિમને બંગાળાનાં સિંહાસન પર બેસાડજે. હું બધો ભાર તારાપર નાખું છું. વખત આવ્યે ગમે તે રીતે પણ એ કાર્ય બજાવજે. આ બાબતનું હું હમણાં જ દસ્તાવેજ કરી સહી કરી આપું છું. તે સિવાય બીજું જે કંઇ કરવું જોઇએ, તેની વ્યવસ્થા પણ કરૂં છું."

મણિબેગમ—"મહારાજ નંદકુમાર અડચણ નહિ નાખે ?"

મીરજાફર—"હું તેને ખાસ કહી જઇશ. તે કદી પણ તારી વિરુદ્ધ વર્તશે નહિ. પૈસાનું બળ કે માણસોનું બળ એ બધું તારા પક્ષમાં રહેશે. દસ્તાવેજ પણ જેવો લખાય તેવો લખી આપીશ."

મણિબેગમ—"આપની ન્યાયપ્રિયતા અને દયાનો પાર નથી. આપની પાસે આ વાત કહ્યા પહેલાં પણ મને વિશ્વાસ હતો કે મારો આ ન્યાયસંગત પ્રસ્તાવ આપ કદી પણ ઉથાપશો નહિ. આ સંબંધમાં આપને કરવાના દસ્તાવેજનો મુસદો પણ તૈયાર કરી લાવી છું. આપ તે વાંચી જોશો ?"

મીરજાફર " તું મુસદ્દો કરી લાવી છે. ત્યારે પછી જોવાનું શું છે ? કાગળ લાવ હું મ્હોર કરી આપું. "

મણિ બેગમે કાગળ પકડી રાખ્યો, મીરજાફરે સહી—મ્હોર કરી આપી.

સહી—મ્હોરનું કામ પુરૂં થતાં મણિબેગમ નવાબની ન્યાયપ્રિયતાની પ્રસંશા કરવા લાગી. મ્હોંએથી પ્રશંસા કરતી હતી. છતાં મનમાં કહેતી હતી કે, " બહુજ સહજમાં કામ પાર પાડયુ ! આજ જો સહી ન થાત, તો ભારે સંકટમાં આવી પડત ! હવે સમય મળશે તો સાવધાન થઇ શકીશ ! હવે મારી વિરૂદ્ધ કોણ થાય તેમ છે ! "

એ વખતે મીરજાફરના મનમાં આવ્યું કે, " બબ્બુબેગમ સાથે થોડી વાતચીત થઇ નહિ ! " તેથી મીરજાફરે પૂછ્યું, " નાની બેગમ કયાં છે ? "

તીક્ષ્ણ બુદ્ધિવાળી મણિબેગમ મીરજાફરના મનનો ભાવ સમજી ગઇ; તેણે જવાબ આપ્યો. " તેની પાસે જવાનો વિચાર કરૂં છું. તે મારી નાની બ્હેન છે. હું તેને બહુ ચાહું છું. આવા મોટા બનાવમાં તેનો મત લેવો જોઇએ. જો તે દીલગીર થાય તો હું આ વ્યવસ્થામાં કદી સંમતિ ન આપું. હું જાઉં છું, તેને આ દસ્તાવેજ બતાવું છું. તે શું કહે છે, તે આપને હમણાંજ જણાવું છું. "

એમ કહી મણિબેગમ ચાલી ગઇ. જતી વખતે મનમાં કહેવા લાગી, " નાની બેગમ !—બબ્બુ બેગમ ! મૂઢ નવાબ ! હવે શું હું તેને તારી પાસે આવવા દઇશ ? "

ઓરડામાં આવતી વખત મણિ બેગમ વિદ્યુત જેવી જણાઇ હતી. બહાર જતી વખતે તેનામાં વજ્ર પ્રકૃતિનો પરિચય જણાયો. વિજળીના હાસ્યમાં વજ્ર શું આવી રીતેજ છૂપાઇ રહે છે ?

ચતુર્થ પરિચ્છેદ.

પરિવર્તન

"Weak and irresolute is man;
The purpose of to-day,
Woven with pains into his plan,
To-morrow rends away."

—Cowper.

નિર્દિષ્ટ સમયે બપોરે મહારાજ નંદકુમાર નવાબ પાસે આવ્યા. તેની સાથે કિરીટેશ્વરીનો પુરોહિત હતો. દેવીનાં ચરણામૃતનું પાત્ર માથા પર ધારણ કરી મહારાજની પાછળ પાછળ પુરોહિતે ઓરડામાં પ્રવેશ કર્યો, નવાબ મીરજાફર નંદકુમારની વાટ જોતો બેઠો હતો, તેનું શરીર પીડાથી અવશ થઇ પડયું હતું; તોપણ બધી વેદના ભૂલી પથારીપરથી વારંવાર બેઠો થઇ બ્હાર આવી ઉભો ઉભો દેવીનાં ચરણામૃતની રાહ જોતો હતો. દેવીનાં ચરણામૃતથી બધી વેદના જતી રહેશે, એવી આશાથી મીરજાફરનું ચિત્ત મશગુલ હતું.

નંદકુમાર આવ્યો, એટલે મીરજાફરના આનંદની હદ રહી નહિ. પુરોહિતના માથાપર ચરણામૃત જોઈ તેને ઘણોજ આનંદ થયો. તેણે આનંદથી ગદગદ અવાજે નંદકુમારને કહ્યું, "મહારાજ! આપે ખરૂં કહ્યું હતું. માના ચરણામૃતનાં દર્શન માત્રથી મારી પીડા એટલી તો ઓછી થઇ ગઈ છે કે તેનું પાન કર્યા પછી મને ઘણીજ શાન્તિ વળશે. હું રાત દહાડો એજ ચિંતાથી મશગુલ હતો. આપો-મને

ચરણામૃત આપો ! માનાં ચરણામૃતનું પાન કરવાથી આ સંતપ્ત પ્રાણ શાન્તિ મેળવશે."

ચરણામૃત પીવાનો આગ્રહ જોઈ નંદકુમારે પુરોહિતને ઇશારો કર્યો. પુરોહિતે ચરણામૃત નવાબને પીવરાવ્યું. ભક્તિથી ગદગદ ચિત્તે માતાજીનાં ચરણામૃતનું પાન કરવાથી મીરજાફરને તૃપ્તિ થઈ.

"અહા—કેવો આરામ ! ચરણામૃત પીતાંજ મારી બધી પીડા ગઈ !" મીરજાફરે દેવીને વારંવાર પ્રણામ કર્યા. તેના કંઠમાંથી પોતાની મેળે "જય મા કિરીટેશ્વરી" નો ધ્વનિ સંભળાવા લાગ્યો. "જય મા કિરીટેશ્વરી" ના અવાજથી ઓરડો કંપી ઉઠયો.

ચરણામૃત પીધાથી ન ધારેલી શાંતિ મળતાં મીરજાફર બોલવા લાગ્યો, "મહારાજ ! મ્હેં મારાં જીવનમાં કદી પણ આવી શાંતિ મેળવી નથી. માનું ચરણામૃત આટલું બધું શાન્તિપ્રદ છે ! હું આખું જીવન અંતર્દાહથી અસ્થિર થઈ રહ્યો છું; તમારા ધારવામાં આવું સુંદર ઔષધ હતું, છતાં આપે કેમ ન બતાવ્યું ? મહારાજ ! આજે આપને શો ધન્યવાદ આપું ! મારા મરણના દિવસોમાં મને આવી શાન્તિ મળશે, એમ મ્હેં ધાર્યું નહોતું. હું શાન્તિથી મરીશ, એ પણ મ્હેં ધાર્યું નહોતું. મારા જીવનના છેવટના કાળમાં 'મા કિરીટેશ્વરી' મારા પ્રતિ દયા કરશે, આ પાખંડીને ચરણમાં સ્થાન આપશે,—તે મ્હેં ધાર્યું નહોતું. મહારાજ ! આજે મ્હેં પ્રત્યક્ષ જોયું કે મા ખરેખર અધમતારિણી છે."

દયામયી ખરેખર અધમતારિણી છે ! જો તે અધમતારિણી ન હોય, તો પછી પાપીને શાનો આશરો ! જો મા દયામયી, સ્નેહમયી ન થાય તો આખું જીવન પાપમાં ગુજારી છેવટે તેને એકવાર માત્ર બોલાવતાં શાન્તિ કેમ મળે ? માણસ મોહવશ થઇ સમજી શકતાં નથી;

તેથી જ દરેક વખતે માની દયામયતા ભૂલી જાય છે, માતો સાક્ષાત્ કરૂણારૂપિણી છે! એમ ન હોય તો તેનાં ચરણામૃત પાનથી પાપી મીરજાફરને શાંતિ કેમ વળે? મોહાન્ધ મન! તો પણ તું સમજી શકતું નથી કે મા કેવી છે!

માની અનુપમ કરૂણાની કથા સાંભળી મીરજાફર અધીર થઈ ગયો "હું મુસલમાન છતાં દેવીનાં ચરણામૃત પાનથી શાન્તિ મેળવી શકયો; આથી વધુ દેવીનાં કરુણામય યત્નનો પુરાવો શું? મીરજાફર વારંવાર બોલવા લાગ્યો." દયામયી ખરેખર અધમતારિણી છે!"

મીરજાફરની વાતો સાંભળી નંદકુમારને બહુ આનંદ થયો. તે પણ મીરજાફરની સાથે એકી અવાજે બોલી ઉઠયો," દયામયી ખરેખર અધમતારિણી છે!" મહારાજ નંદકુમારે કહ્યું, "જો એમ ન હોય તો માનું નામ કરુણામયી કેમ પડે? આપે જો પ્રથમથીજ પાન કર્યું હોત તો ફરી પણ આ વેદના ભોગવવી ન પડત. વારૂ બપોર થયા છે; આપ હજુ જમ્યા નથી; હવે ભોજન વ્યવસ્થા કરો અમે જઇએ છીએ.

નંદકુમાર જવાને તૈયાર થયો, મીરજાફરે તેને અટકાવી કહ્યું, "હવે ભોજન! મહારાજ! હવે મને ખાણું લેવાની ઇચ્છા નથી. જે સુધા પાન કર્યું છે, તેથી મારી ભૂખ તરસ ઉડી ગઇ છે. પરંતુ એક વાત કહેવાની છે. મને લાગે છે કે આજ મારો છેલ્લો દિવસ છે. વિષયકર્મ માટે જે કંઈ વાતચીત કરવાની હતી. તે થઇ ગઇ છે. તે બાબતમાં હવે કંઇ કહેવાનું નથી. પણ નાજિમ બંગાળાની ગાદીપર આવે, તે તરફ આપ લક્ષ રાખશો."

નંદકુમાર નવાઈ પામ્યો. પ્રથમ નવાબની સાથેની વાતચીતમાં

મુબારકને ગાદી આપવાની વાત થઇ હતી. પરંતુ આજે વળી નવાબ જૂદું બોલે છે. નંદકુમારે વિચાર્યું કે " કદાચ નવાબની ભૂલ થતી હશે. આથી તે તેને સ્મરણ કરાવવા માટે બોલ્યો, "આપની આજ્ઞા મુજબ મુબારકને સિંહાસનપર બેસાડવાનો બંદોબસ્ત કર્યો છે. આજે વળી બીજું કેમ કહો છો ? હવે વળી નાજિમને સિંહાસનપર બેસાડવાનો પ્રયત્ન કરતાં ગોલમાલ થવાની સંભાવના છે."

મીરજાફર—" તે બાબતમાં હું પાકું હુકમનામું લખતો જઇશ. સંધ્યાકાળ પહેલાં આપ અહીં આવી જાઓ તો સારૂં."

એકાએક નવાબની મતિ ફરી કેમ ? મહારાજ નંદકુમાર કશું સમજી શકયો નહિ. તે વારંવાર મુબારકની વકિલાત કરવા લાગ્યો. પરંતુ મીરજાફરે તે તરફ કર્ણપાત કર્યો નહિ. નંદકુમાર સમજી ગયો કે હવે કંઈ વળે તેમ નથી. જે થવાનું હશે તે થશે; હવે વધુ વાતચીતની જરૂર નથી. તો પણ સંધ્યાકાળ વખતે આવવાનું કહેતાં તેણે કહ્યું, " કેમ ? શું કંઈ ખાસ કામ છે ? "

નવાબ—" ખાસ કારણ ન હોય તો આટલો બધો આગ્રહ કરૂં કે ? "

નંદકુમાર—' કયારે આવવાનું કહો છો ? જરૂર આવીશ. "

નવાબ—' કયારે ! મારા અંતિમ વખતે."

નંદકુમાર—"આપ એવી અમંગળ વાત કેમ કહો છો ? આપને શરીરે ઠીક થયું છે. આપ હવે જલદી સાજા થઇ જશો. આપની કંઇ ચિંતા નથી. "

નવાબ—"મહારાજ ! ખરેખર મારૂં શરીર સારૂં થયું છે. ખરેખર ! મારી ચિંતા રાખવા જેવું નથી. ખરેખર ! હવે હું મૃત્યુને આલિંગન કરી શકીશ. ખરેખર ! દેવી કિરીટેશ્વરીએ આજ મારાપર કૃપા કરીછે. "

મીરજાફરે આકાશ તરફ નજર કરી કહ્યું, "ખરેખર! મહારાજ, જુઓ મા મને બોલાવે છે! તે મારી પીડા મટાડવા ઇચ્છે છે. મહારાજ! આખી જિંદગી મ્હેં મારૂં સુખ તાકવામાં જ ગાળી છે. મહારાજ! આખી જિંદગી મ્હેં બીજાનું અનિષ્ટ કરવામાં જ ગાળી છે. મહારાજ! આખી જિંદગી બળ્યા કર્યો છું, પરંતુ એક દિવસ પણ મ્હેં આવું સુખ મેળવ્યું નથી.

મીરજાફરની આંખોમાંથી જળધારા વહેવા લાગી. નંદકુમાર શાન્ત્વના આપતો બોલ્યો," આ વખતે ભૂતકાળની ચિંતામાં મનને વ્યથિત કેમ કરો છો?"

મીરજાફરે કહ્યું, "મહારાજ! હવે મનને વ્યથા થતી નથી! હવે હું ચોરની માફક વાત છુપાવવા માગતો નથી. કાલ સવારમાં જ્યારે આપને બોલાવ્યા હતા, ત્યાર પહેલાં મને ભાન આવ્યું, કોની પ્રેરણાથી કયું ખરાબ કર્મ કરી કેવાં ફળ ભોગવ્યાં છે, એ બધું મ્હેં પ્રત્યક્ષ જોયું."

નંદકુમારને ભારે કૌતુહલ થયું. મીરજાફર શી વાત કહેવા ઇચ્છે છે, તે સમજી ન શકવાથી નંદકુમારને તે જાણવાની ઇચ્છા થઇ. પરંતુ તે વખતે આગ્રહ પ્રકાશ કરવો બરાબર નથી એમ ધારી નવાબને શાન્ત્વના આપતો હોય એવી રીતે બોલ્યો, "હવે આપ વિશ્રામ લો. આખો દિવસ ઉપવાસ કર્યો છે, હવે આપને તસ્દી આપવાની ઇચ્છા નથી"

મીરજાફર અધીર અવાજે બોલ્યો, "મહારાજ! એમાં તસ્દી શાની? મારૂં બધું દુઃખ દૂર થયું છે. પણ મારૂં દુઃખ કેવી રીતે દૂર થયું છે, તે કહું છું. થોડુંજ કહેવાનું છે, આપ સાંભળો."

નંદકુમાર—"આપ જ્યાં સૂધી રહેવાનું કહેશો, ત્યાં સૂધી રહીશ. હું આપનો તાબેદાર છું. આપને દુઃખ ન થાય એટલે થયું. વારૂ, શું કહો છો તે સંભળાવો ! "

મીરજાફર કહેવા લાગ્યો, " ગઇ કાલે પાછલી રાતે હું અરધી નિદ્રામાં ઘોરતો હતો ત્યાં મ્હેં એક વિચિત્ર સ્વપ્ન જોયું. રોગની પીડાથી, કેટલીએ ખ્હીકથી મને આખી રાત ઉંઘ આવી નહોતી. આખી રાત મ્હેં પ્રભુપ્રાર્થના કરી હતી. મહારાજ ! શું કહું, આ જીવનમાં મ્હેં કદી પણ એ રીતે અંતઃકરણપૂર્વક પ્રભુને સંભાર્યા નહોતા. મારી સમસ્ત જિંદગીમાં આ એકજ દિવસ પ્રભુને આંતરિકતા પૂર્વક ભજ્યા હતા. ભગવાનને બોલાવતાં બોલાવતાં પાછલી રાતે થોડી ઉંઘ આવી ! તે અધકચરી ઉંઘમાં મ્હેં કેટલાએ દેખાવો જોયા. પ્રથમ એક પાડા પર બેઠેલા પુરુષે મારા સામે ઉભા રહી, પોતાના હાથમાંનો દંડ મારા તરફ ધરી કહ્યું, " પાપી, અનેક દિવસ પાપમાં રચીપચી તું પાપનો ઘડો ક્યારનો પૂર્ણ કર્યો છે. પરંતુ નરકમાં પણ તારે માટે સ્થાન નહોતું; તેથીજ આટલા દિવસ તને જીવતો રાખ્યો છે. તારે માટે હવે નવું નરક તૈયાર થઇ ગયું છે હવે તને ત્યાં લઈ જવો પડશે. " હું તેના પગમાં પડી આજીજી કરવા લાગ્યો. પરંતુ તેણે રોષથી લાલચોળ આંખો કરી મને કહ્યું, " પાપમતિ પિશાચ? ત્હેં તારા માલિક સાથે જે વિશ્વાસઘાત કર્યો છે, તે પાપનું પ્રાયશ્ચિત કરોડો વર્ષનાં પણ પૂરૂં થાય તેમ નથી. " હું કહેવા લાગ્યો, " હું શું કરૂં ! દોષ કલાઇવનો ! પાપીષ્ઠ કલાઇવએ મને પ્રભુદ્રોહમાં —સ્વદેશદ્રોહમાં લલચાવ્યો, " પેલા દંડધારીએ તે તરફ નજર કરી નહિ. તે બોલ્યો, " ત્હેં ન માન્યું હોત, તો કલાઇવ તને શું કરી

.ખત ? દોષ તારો જ નથી; માટે કલાઈવિનાં પાપનો દંડ પણ તા-
જ ભોગવવો પડશે ! હું કલાઈવને ઉદ્દેશી ગાળો વરસાવવા લાગ્યો.
યારે તે દંડધારી પુરુષે દંડ ઉપાડી મારા પર માર્યો હું પીડાથી રડવા
.ગ્યો. રડતાં રડતાં 'ખુદા–ખુદા–ખુદા ! તું મારી રક્ષાકર–હું તારા
.ાદેશથી ઉલટો નહિ ચાલું–'એમ કહી બૂમ પાડી ઉઠયો. બૂમની
.ાથે મારી ઉંઘ ઉડી ગઇ મારા રક્ષકો જાગી ઉઠયા. સ્વપ્ન આવ્યું
.હી મ્હેં વાત ઉડાવી. "

મહારાજ નંદકુમારે અધિક આગ્રહપૂર્વક પૂછ્યું, "ત્યાર
.છી શું થયું ? "

મીરજાફર—" ત્યાર પછી ભગવાનનું નામ લઇ હું ફરી ઉંઘ-
.નો પ્રયત્ન કરવા લાગ્યો. થોડીવારમાં મને તંદ્રા આવી. વળી હું
.ભુને શરણ ગયો. રડતો રડતો કહેવા લાગ્યો–"ભગવાન ! હવે પીડા
.હન કરી શકતો નથી એક વખત મને ચરણમાં સ્થાન આપો.
. હવે આપથી ઉલટો નહિ ચાલું. " તે વખતે કોઈ બૂમ પાડી
.હેવા લાગ્યું "મીરજાફર ! તારૂં આયુષ્ય પૂરૂં થયું છે. તું
જવાને માટે તૈયાર થા, " આ વાકય કહેનારને હું જોઇ શકયો નહિ.
. આર્તનાદ કરતો બોલ્યો–" હું તૈયાર છું. આપ ગમે તે હો
પણ મને ચરણ આગળ સ્થાન આપો. " પેલી અદૃષ્ટ વાણી બોલી,
" તારો પશ્ચાત્તાપ જોઇ દેવી ખુશી થયાં છે. મીરજાફર, તું દેવીને શ-
રણ થા. હું કાતર કંઠે બોલ્યો, " આપ કોણ છો ? આપ જે કહો
છો, તે હું સમજી શકતો નથી આપ મારાપર કૃપા કરી રસ્તો બ-
તાવો. " મને જવાબ મળ્યો કે, " મહારાજ નંદકુમારને શાન્તિનો
ઉપાય પૂછજે. તેજ તને બતાવશે. " તે દેવવાણી જેવું હતું. તે દેવ-

વાણીએ કહ્યું, " હવે ત્રણ દિવસનું તારૂં આયુષ્ય છે. જો શક્તિ હોય તો એ ત્રણ દિવસમાં કર્તવ્યપંથ શોધી લે." ત્યાર પછી મારી ઉંઘ ઉડી ગઈ. "

મહારાજે પૂછયું, " આપે બંગસિંહાસન અને મારાં ભાગ્ય વિપર્યયની બાબતમાં કંઇ કહ્યું હતું. સ્વપ્નમાં તે વિષે કંઈ સૂચના થઈ હતી ? "

મીરજાફર—" હા, તે માટેજ આપને આ બધું સંભળાવું છું. મહારાજ સાવધાન ! આપનું ભવિષ્ય બહુજ અમંગળમય છે.

નંદકુમારે પૂછયું—" દેવવાણીએ મારા સંબંધમાં શું કહ્યું હતું."

મીરજાફર—" મહારાજ ! માફ કરશો, તે વાત કહેવાનો નથી. ટુંકામાં એટલુંજ કહું છું કે મારાં જીવન સાથેજ તમારૂં ગૌરવ પણ નષ્ટ થશે. કલાઇવ આવે કે બીજું ગમે તે આવે—તમારે તેને વિશ્વાસે હિંમત રાખવી હોય તો રાખો,—પણ આપનો બચાવ કોઇ પણ કરી શકશે નહિ. "

એમ કહી મીરજાફર પોતાનાં સ્વપ્નનું કહેવા લાગ્યો, " ઉંઘ ઉડયા પછી સવારમાં ઉઠતાંવેંત મ્હેં આપને બોલાવ્યા. બધી વાતચીત થઇ રહ્યાબાદ તેથીજ મ્હેં આપને કહ્યું કે, " મહારાજ ! મારૂં શું થશે ? મને મરણ પછી પણ શાન્તિ મળશે ? " તેથી આપે મને દેવીનું ચરણામૃત પીવાની સલાહ આપી. " મહારાજ ! આપનું કહેવું ખરૂં પડયું. દેવીનાં ચરણામૃતે મારી બધી પીડા દૂર કરી. આ સંતપ્ત દેહ હવે ક્રમે ક્રમે શાન્તિ પામતો જાય છે. હવે પૂર્ણશાન્તિ ક્યારે મળશે તેની રાહ જોતો બેઠો છું. મહારાજ ! જો આપ કૃપા કરી થોડી ક્ષણ અહીં બેસશો તો કદાચ મારી કબર પણ જોઇ શકશો."

મહારાજ નંદકુમાર ચમક્યા; બોલી ઉઠયા, એ શું ! આપે શું કહ્યું ? માતાજીની કૃપાથી આપ સાજા થશો. આપ નકામો સંશય શા માટે રાખો છો ? "

મીરજાફર ગળગળે સ્વરે બોલ્યો, " મહારાજ ! અત્યારે તો અમંગળ એજ મારે માટે તો મંગળ છે. અત્યારે મરણ એજ મારે માટે શાન્તિરૂપ છે. "

એમ કહી નંદકુમારને એકવાર આવવાનું કહેતો બોલ્યો, "મહારાજ ! છેલ્લી ઘડીએ આપને જોવાથી મને તૃપ્તિ થશે. "

નવાબે વારંવાર આવવાનું શા માટે કહ્યું, નંદકુમાર તેનું કારણ વિચારવા લાગ્યો, પણ કંઈ પણ સુઝયું નહિ. તેણે ધાર્યું કે, " નવાબની અવસ્થા સારી નથી તેથી મને લાગે છે કે નાજિમને ગાદી આપવાનો કંઈ પાકો બંદોબસ્ત કરવા ઇચ્છતા હશે, તેથી તેઓએ મને બોલાવ્યો હશે. "

તે કાર્ય તો પહેલાંજ પૂરૂં થયું હતું, તે નંદકુમાર જાણતો નહતો ! ગમે તે હો એમ ધારી નંદકુમારે કહ્યું, " સંધ્યાકાળ સુધી હું નિજામતમાં રહીશ જ્યારે જરૂર પડે ત્યારે ખબર મોકલશો, એટલે હું આવીશ."

નંદકુમાર ચાલ્યો ગયો મીરજાફર બંગાળાનાં ભૂતભવિષ્યની ચિંતામાં પડયો.

પંચમ પરિચ્છેદ

બદલો

" Out on thee, villain! Wherefore dost thou mend me ? "

—Shakspear.

નાટોર રાજ્ય વિરૂદ્ધ જેઓ ફરિયાદ કરવા આવ્યા હતા, તેઓ નિયામતખાંના મકાનમાં તેની રાહ જોતા બેઠા હતા. નિયામતખાં નવાબ પાસે જઇ આવ્યો એટલે તેઓએ ઉઠી માન આપ્યું. તેઓને કેટલીએ આશા હતી, પૂરેપૂરો વિશ્વાસ હતો કે જ્યારે નિયામતખાં જેવા અપ્સરે આપણું કામ હાથમાં લીધું છે, ત્યારે ફતેહ મળવાની છે તેથી નિયામતખાં પાછો આવ્યો, ત્યારે તેઓ આનંદપૂર્વક બોલ્યા-આપને બહુ કષ્ટ આપ્યું છે. હવે આપને વધુ તસ્દી લેવી પડશે નહિ.

નિયામતખાં કંઇ પણ જવાબ ન આપતાં ગંભીરભાવે બીજા ઓરડામાં ચાલ્યો ગયો. પેલા આવનારાઓએ વિચાર્યું કે " આપણું કામ કરવામાં બહુ મહેનત પડી હશે; જરા વિસામો ખાઈ આપણને શુભ સમાચાર કહી સંભળાવશે.

એમ ધારી તેઓ તેની રાહ જોતા બેઠા. પણ નિયામતખાં તો ન આવ્યો. બેસીને થાકયા પછી તેઓએ બે ત્રણ વખત કહેણુ મોકલ્યું. છેવટે જવાબ આવ્યો, " આપ પધારો. "

આટગ્રામનો હલધર મિત્ર રઘુનંદનનાં કુટુંબીઓ તરફથી તજવીજ કરવા આવ્યો હતો. આ કામ તેણે રાખાલની ઉસ્કેરણીથી સ્વીકાર્યું હતું. તેને ઉત્સાહ આપવા રાખાલ પણ સાથે આવ્યો હતો.

નિયામતખાંના નોકરનો ઉત્તર સાંભળી જરા નવાઇ પામી હલધર મિત્રે કહ્યું, " અમે આખો દિવસ બેઠા છીએ, ખાંસાહેબને આ વાત સમજાવ. અમને થોડો જવાબ આપે એટલે ચાલ્યા જઇએ. "

નોકર–મ્હેં બધી વાત કહી છે. હવે મેળાપ નહિ થાય. "

હલધર મિત્રે ફરી સમજાવવાનો પ્રયત્ન કર્યો; પણ નોકર ગુસ્સે થઇ બોલ્યો, " હવે નકામી ગરબડ કેમ કરો છો ? હવે ખાંસાહેબ તમને જવાબ આપે તેમ નથી. હવે માથું ન પકાવો ચાલ્યા જાઓ."

હલધરમિત્રે જાણ્યું કે નોકરને કંઈ બક્ષિસની આશા લાગે છે તેથી તેને શાંત કરવા કહ્યું, " બક્ષિસની વાતમાં ફિકર કરતા નહિ. લ્યો અગાઉથી બક્ષિસ. "

એમ કહી હલધર મિત્રે નોકરના હાથમાં બે રૂપીઆ મૂકયા. નોકરનાં મુખપર આનંદની રેખા ફુટી નીકળી. તે હસતો હસતો બોલ્યો–" આપ જેવાનું ખાઇનેજ મોટા થતા છીએ ! આપ નહિ આપો તો કોણ આપશે ! કહો–ખાં સાહેબને શું કહેવાનું છે ? આ વખતે હું સારી રીતે સમજાવીશ. "

હલધર–" એક વખત બહાર આવી અમને જવાબ આપે એટલું કર એટલે થયું. "

" જેવી આજ્ઞા " કહી નોકર ખાંસાહેબ પાસે ગયો. નોકરે કહ્યું હોય કે ન કહ્યું હોય તે હલધરમિત્ર જાણી શકયો નહિ. પરંતુ એટલું તો જણાયું કે ખાંસાહેબે ઉગ્રમૂર્તિ ધારણ કરી છે. બહાર આવતાંજ નિયામતખાં હલધર વગેરેને સંબોધીને બોલ્યો–"જુગારી ! બદમાસો ! જુગાર ખેલવાની બીજી જગા ન મળી ? હવે મારાં મકાનમાંથી ચાલ્યા જાઓ.

હલધરમિત્ર વગેરેએ ધાર્યું કે નિયામતખાં કોઇ બીજાને કહે છે. આથી તેઓ તેના સામું જોઇ ઉભા રહ્યા. નિયામતખાં આંખો લાલચોળ કરી બોલ્યો,–"રમજાન! રમજાન! આ જુગારીઓને ધક્કા મારી બહાર કાઢ!"

આ વખતે હલધર વગેરે સમજી ગયા, તો પણ હલધર નમ્ર સ્વરે બોલ્યો–" ખાંસાહેબ! આપ ગુસ્સે થાઓ છો શા માટે?"

નિયામતખાં–" મારી સાથે છેતરપિંડી! તમને શૂળીએ ન ચઢાવ્યા એટલું તમારૂં નસીબ સારૂં માનજો."

હલધરએ શું બોલ્યા ખાંસાહેબ? આપે જેમ કહ્યું તેમ અમે કર્યું! અમે અમારૂં બધું તમને સોંપી દીધું છે; આપ આમ કેમ કહો છો?"

નિયામતખાં–" ન કહું! હજુ તો હું મ્હોંએ બોલું છું, કરી બતાવતો નથી. હમણાંજ શું છે તે જોશો."

હલધરે ધાર્યું કે ખાંસાહેબ કંઇ લાંચ માગવા લાગે છે. તેથી તેણે કહ્યું, " અમારૂં સર્વસ્વ આપને સોંપ્યું છે સાહેબ! રાજ્ય અપાવી શકશો તો અર્ધું આપને આપશું?"

નિયામતખાં વધુ ગુસ્સે થઈ ગાળો દેવા લાગ્યો.

આજથી પાંચ વરસ પહેલાં નિયામતખાં સાથે ઓળખાણ થઇ હતી, પરંતુ તે કદી પણ તુંકારાથી બોલાવતો નહિ. પરંતુ આજે આટલો બધો ફેરફાર કેમ થઇ ગયો? હલધર વગેરે આનું કારણ શોધી શકયા નહિ. બીજો વખત હોત તો આવું અપમાન તેઓએ સહન કર્યું નહોત, પરંતુ આજે કંઇ ઉપાય નહોતો! આથી હલધર મિત્રે ફરીથી કહ્યું, " આપ ગુસ્સે કેમ થાઓ છો! આપની સલાહ સુ-

જેમ અમે અમારૂં બધું ગુમાવ્યું છે. આપે આજે પણ કહ્યું હતું કે "તમારો દાવો વાજબી છે, તમે નક્કી જય મેળવશો." હવે આમ કેમ કહો છો ?"

મારો આશ્રય મળ્યો છે, એટલે અત્યાર સુધી તમને શૂળીએ ચઢાવવામાં આવ્યા નથી. તમે જાણોછો કે, નવાબે તમારા સામે કટો હુકમ કાઢયો છે. તમ્ને શૂળીએ ચઢાવવામાં આવશે."

એમ કહી નિયામતખાંએ રમજાનને બોલાવી એ બધાંને બાંધવાનું કહ્યું.

રમજાન આગળ વધ્યો. "જે હુકમ ખુદાવંદ !" કહી રમજાન મીઆં નિયામતખાં આગળ આવી ઉભો. નિયામતખાંએ ફરીથી હુકમ આપ્યો–"આ બધા જુગારીઓને બાંધ."

રમજાન મીઆં વિકટ મુખભંગી કરી હલધર વગેરેને બાંધવાની કોશીશ કરવા લાગ્યો. હલધર મિત્ર વગેરે બધા આજીજી કરવા લાગ્યા. "અમે અપરાધ કર્યો છે. આપ ક્ષમા કરો. હવે અમે જીવતા દેશમાં પહોંચીએ એવી વ્યવસ્થા કરો."

નિયામતખાં લગાર નરમ પડયો. તેના ઇસારાથી રમજાન મીઆં થોભ્યો, નિયામતખાં બોલવા લાગ્યો. "હજુ પણ તમે જીવ બચાવવા માગતા હોતો એકેક જણ એકેક દિશામાં નાસો. કદાચ તમારાં રહેઠાણુને નવાબના સિપાઇઓએ ઘેરો ઘાલ્યો હશે. માટે તે તરફ જતા નહિ. નાસો ! નાસો !

એમજ બન્યું. જેમ આવ્યું તેમ ઉભી પૂછડીએ તેઓ નાઠા. પોત પોતાને મુકામે જઇ સરસામાન લેવા જેટલું પણ સાહસ ન થયું.

આ વખતે રાખાલ વિખુટો પડયો જો તેની ઇચ્છા હોત તો તે ઘેર જઇ શકત. પણ ઘેર જવાની ઇચ્છા નહોતી. તેણેજ પિતાને મુર્શિદાબાદમાં આવવા ઉશ્કેર્યા હતા. તેનાજ ઉત્સાહથી આ તરકટ પાક્યું હતું. પરંતુ બધું વ્યર્થ જતાં એ કયું મ્હોં લઇ ઘેર જાય! તેણેવિચાર્યું કે જ્યારે કાર્યક્ષેત્રપર ઉતર્યો છું, ત્યારે તેનું છેવટ ક્યાં આવવાનું છે, તે જોવું જોઇએ. રાખાલનો બધો ગુસ્સો કુમાર રામકૃષ્ણ પર ઉતર્યો રાખાલે વિચાર્યું. "રામકૃષ્ણ! તારો પણ એક દિવસ છે, શું મારો પણ દિવસ નહિ આવે! આ દિવસની હું વાટ જોતો બેઠો છું. તું પરીક્ષા માટે તૈયાર થા."

બધા ચાલ્યા ગયા, એટલે નિયામતખાં વિચારવા લાગ્યો, "હાશ! ઠીક થયું સાલાઓની મિલ્કત ઠીક પચાવી! ખુબ બહાદુરીથી સાલાઓને નસાડયા! મને તો પ્રથમથીજ ખબર હતી કે કંઇ થવાનું નથી, પણ લાંચના પૈસાતો મળશે, એમ ધારી કામ હાથમાં લીધું હતું, તો પણ મ્હેં નિમકહરામી કરી છે, એવું કોઇ કહે તેમ નથી." નવાબનો મિજાજ સારો નહોતો, નવાબે ન સાંભળ્યું. તેમાં હું શું કરૂં!"

હતાશ થઇ હલધરમિત્ર વિચારવા લાગ્યા. "બધું વ્યર્થ ગયું! નિયામતખાં આટલો વિશ્વાસઘાતી છે! રઘુનંદનનાં કુટુંબને આટલું બધું કરી વશ કર્યું, લોભાવ્યું, પણ નિયામતખાંએ બધું વ્યર્થ કરી દીધું! શું આ પરિણામ આવ્યું? નિયામતખાં પ્રથમ તો લગારે ઈસારો કરતો નહિ, નંદકુમાર પણ નિરાશાનાધ્વનિ કાઢતો નહિ, ત્યારે શું બધાએ છેતરપિંડી કરી? હવે આ મ્હોં લઇ દેશમાં જાઉં! હરદેવરાય મારી મશ્કરી તો કરે છે. તેમાં પણ આ વાત જો તેના જાણવામાં આવશે તો મને ધૂતકારી કાઢશે. હું શું કરૂં? ક્યાં જાઉં? મેં નકામું નાટોર સાથે વેર બાંધ્યું. પ્રતિકૂળ મળ્યું!"

ષષ્ઠ પરિચ્છેદ.

ઐતિહાસિક બાબતો.

So once it would have been,–tis no more;
I have submitted to a new control;
A power is gone, which nothing can restore
A deep distress has humanised my soul.
—Wordsworth.

ઇ. સ. ૧૭૬૫ ના જાનેવારીની ૧૫ મી તારીખે નવાબ મીરજાફર મરણ પામ્યો. તરતજ મણિબેગમનો પુત્ર નાજિમ–ઉદ્–દોલા ગાદીપર બેઠો.

બંગાળાની ગાદી સબબ એ વખતે ભારે ગોલમાલ ઉત્પન્ન થવાની તૈયારી થઈ રહી હતી. એક તરફ બબ્બુ બેગમના પુત્ર મુબારકને ગાદીએ બેસાડવા તેના સંબંધીઓ વ્યાકુળ થઈ રહ્યા હતા. બીજી બાજૂ મીરાનના બાળકને સિંહાસનારૂઢ કરવા માટે તરકટ ચાલતું હતું. આ તરફ મણિબેગમ બધી અડચણો ખસેડી નાજિમને માટે દલ બાંધતી હતી.

મણિબેગમ સમજી ગઈ હતી કે, રૂપીઆથી બધુ બને છે! તેથીજ નવાબનાં મરણ પહેલાંજ તિજોરી પોતાના તાબામાં લીધી હતી. અત્યારે તે દ્રવ્યના જોરે બધાં કાર્યોમાં સિદ્ધિ મેળવવા લાગી.

મધપૂડાની પાસે જેમ મધમાખીઓ ગણુગણે તેમ મણિબેગમના પૈસા આગળ અનેક મનુષ્યો ભટકવા લાગ્યા. મીરજાફરનાં મરણના સમાચાર મળતાં ઇસ્ટ ઇંડિઆ કંપની તરફથી કલકત્તા કાઉન્સિલના સભાસદો મુર્શિદાબાદ આવી પહોંચ્યા. તરકટ અને ભયની બ્હીક બતાવી

પૈસા કઢાવવામાં કોઇએ પણ બાકી રાખ્યું નહિ. સ્પેન્સર નામનો એક ગોરો એ વખતે ઈસ્ટ ઇંડિઆ કંપનીનો ગવર્નર હતો આ પ્રસંગે તેણે પણ મુર્શિદાબાદ ગજાવી મૂક્યું. આનાં પરિણામમાં મણિ બેગમની તિજોરીમાંથી એક લાખ ચાલીસ હજાર પાઉન્ડ ઉડી ગયા. કાઉન્સિલના સભાસદોએ એ પૈસા અંદરોઅંદર વહેંચી લીધા.

નિજામત કિલ્લામાં નાજિમ-ઉદ્-દૌલ્લાનો રાજ્યાભિષેક થયો. મિડલ્ટન વગેરે કાઉન્સિલના સભાસદોએ દરબારની શોભા વધારી, ફ્રાન્સિસસાઇક્સે રેસિડેંટ તરીકે દરબારમાં હાજરી આપી. તેણે જૂદી જૂદી રીતે નવાબની સત્તા ઓછી કરી દીધી. નવાબનું ખાસ સૈન્ય અઢાર લાખ રૂપીઆ બચાવવાના ઉદ્દેશથી વીખેરી નાખ્યું. નવાબ નાજિમ-ઉદ્-દોલાને તેણે સમજાવ્યું કે " રાજ્ય શાસનની બાબતમાં આપને માથું મારવાની જરૂર નથી. તેથી આપને નકામી તસ્દી પડશે આપ તો નિશ્ચિતચિત્તે જીવન ગુજારો; અમે આપને માટે વાર્ષિક પેન્શનની વ્યવસ્થા કરીએ છીએ." છેવટે એવો બંદોબસ્ત થયો કે નવાબને ૫૮૬૧૫૧ રૂપીઆનું વાર્ષિક પેન્શન આપવું. મહમ્મદ રેજાખાં દુર્લભરામ અને જગતશેઠ રાજકાર્ય તપાસશે. સિપાહીઓનો પગાર અને બીજું બધું ખર્ચ રેજાખાં પર રહેશે; સૈયદ્-ઉદ્-દોલાને સાતહજાર રૂપીઆ, મુબારકને પાંચહજાર રૂપીઆ, મીરાનનાં બાળકને ૫ હજાર રૂપીઆ અને બેગમ તથા બીજા પરિવારને છ હજાર રૂપીઆનું વાષક પેન્શન આપવું." આ પ્રસંગે સાઇક્સે નવાબ પાસેથી ૧૦૬ પરગણાં મેળવ્યાં. એમાંનાં કેટલાંક પરગણાંમાં નવાબને ખાસ લાભ થતો હતો. એ સિવાય એવી વ્યવસ્થા થઇ કે ' બંગાળાના બધા જમીનદારોએ ઈસ્ટ ઇંડિઆ કંપનીની અધીનતા સ્વીકારવી નવાબ બંગાળા બહાર અને ઓડિઆનો

સુબેદાર કહેવાશે; પરંતુ રાજ્યનાં રક્ષણ માટે ઇસ્ટ ઇંડિઆ કંપની લશ્કરનું પોષણ કરશે; સૈન્ય પર નવાબની સત્તા નહિ રહે. સૈન્યનાં ખર્ચ પેટે બર્દવાન, મેદીનીપુર અને ચાટગ્રામ એ ત્રણ પરગણાં કંપ-નીને સોંપવામાં આવ્યાં. કોઇપણ વિપત્તિ આવી પડતાં વધુ સૈન્ય રાખવું પડે તો તે બદલ નવાબ સરકારે પાંચ લાખ રૂપીઆ વધુ આપવા. મુર્શિદાબાદ નવાબની રાજધાની તો રહી, પણ નવાબના દર-બારમાં કંપનીનો એક પ્રતિનિધિ રહે એવું ઠરાવવામાં આવ્યું. ઇ. સ. ૧૭૬૦ માં મીરજાફરે કંપનીને કલકત્તામાં ટંકશાળ સ્થાપવાની રજા આપી હતી. આ વખતે એ ટંકશાળના સિક્કા નવાબનાં રાજ્ય માં ચલાવવાનું ઠરાવ્યું. પહેલાં મુર્શિદાબાદમાં સિક્કા પડતા એ વખતે તે વ્યવસ્થા રદ થઇ." ટુંકામાં મીરજાફરના વખતમાં જેટલી સત્તા સેવી બાકી હતી, તે સત્તા નાજિમ–ઉદ્–દૌલાને ગાદીએ બેસાડતી વખતે કંપનીએ લઇ લીધી. નવાબ રહ્યો પણ નવાબી ન રહી; નામ રહ્યું, પરંતુ પદાર્થ ઉડી ગયો.

જાનેવારીમાં મીરજાફર મરણ પામ્યો; ત્યાર પછી પાંચ માસે કલાઇવ ફરીથી રંગભૂમિપર ઉતર્યો, મરાઠાઓ સાથે વારંવાર ઝૂઝી ઝૂઝી દીલ્લીનો પાદશાહ હીનબળ થઈ પડયો હતો. હિંદમાં આવતાંજ કલાઇવને એ સમજાયું. મોગલોના વખતમાં મોગલ પાદશાહે નીમેલા સુબેદારો તે તે પ્રદેશના પ્રતિનિધિ–રાજ્યકર્તા ગણાતા. તેઓ-ના તાબામાં એક એક દીવાન રહેતો. દેશનું મહેસુલ ઉઘરાવવાનું કામ તે દીવાનપર રહેતું. દીવાન મહેસુલ ઉઘરાવી દીલ્હી મોકલતો કલાઇવના મનમાં આવ્યું કે એ દીવાનીનો ભાર દીલ્હીના પાદશાહ પાસેથી કંપનીએ લેવું જોઇએ. બંગાળાનો નવાબ નામનો સુબેદાર તરીકે ભલે રહે; પરંતુ બંગાળા, બિહાર ને ઓરિસ્સાની દીવાનીનો ભાર

કંપનીના હાથમાં રહેવો જોઇએ.” આ ઉદ્દેશથી તેણે પાદશાહ શાહ આલમ સાથે મેળાપ કર્યો, તે વખતે અયોધ્યાના નવાબના કજીઆ સંબંધમાં શાહઆલમ અલાહાબાદ આવ્યો હતો. કલાઇવે અલાહાબાદ જઇ પાદશાહની પાસેથી દીવાનીની સનદ લીધી. નવાબ નાજિમ–ઉદ્–દૌલા-ને ગાદીએ બેસાડતી વખતે જે બંદોબસ્ત થયો હતો, તે બંદોબસ્ત કાયમનો ઠરાવી લીધો. આથી નવાબ બધી બાબતમાં કંપનીના મત મુજબ ચાલવાને બંધાયો. ઇ. સ. ૧૭૬૫ ના એપ્રિલની ૨૯ મી તારીખે કંપનીની તરફથી કલાઇવે મોતિઝિલમાં મોટો મેળાવડો કર્યો. ઇ. સ. ૧૭૬૫ ના ઑગસ્ટની ૨૨ મી તારીખે કલાઇવે શાહઆલમ પાસેથી પાકા દસ્તાવેજ કરાવી લીધા, અને ૩૦ મી સપ્ટેમ્બરે નાજિમ–ઉદ્–દૌલાએ તેપર સહી કરી. ત્યાર પછી એ દિવાની સનદની રૂયે માત્ર ૫૩ લાખ રૂપીઆનાં વાર્ષિક પેન્શનના બદલામાં નવાબનો બે કરોડ છપનલાખ રૂપીઆની ઉપજવાળો મુલક અને ત્રણ કરોડ ત્રીશ લાખ રૂપીઆની સંપત્તિ ઇસ્ટ ઇંડિઆ કંપનીએ ઝડપી લીધી. પરંતુ નવાબ નાજિમ–ઉદ્–દૌલા તો આનંદના આંસુ પાડી, ગદગદ થઇ કલાઇવને જણાયલા લાગ્યો કે–“ હવે હું નિશ્ચિંત થયો. હવે મારી મરજી મુજબ નૃત્યગીતમાં હું મારો કાળ વીતાડીશ. ”

આ પ્રમાણે નવાબના હાથમાંથી બંગાળાપર શાસન કરવાની સત્તા કંપનીના હાથમાં આવી. વાન્સિટાર્ટ વિલાયત જતી વખતે મહારાજ નંદકુમાર વિરુદ્ધ એક તીવ્ર અભિપ્રાય લખી ગયો હતો. આ અભિપ્રાયનું ફળ એ થયું કે નંદકુમાર પ્રત્યે કલાઇવ તીખાશથી વર્ત્તવા લાગ્યો. કલાઇવ આવશે એટલે નંદકુમાર નવાબનાં કુટુંબપર અધિકાર ચલાવશે એમ નંદકુમારે ધાર્યું હતું; પરંતુ તેની આશા જતી

રહી, તે જેમ જેમ કલાઇવની કૃપા મેળવવાનો પ્રયત્ન કરવા લાગ્યો, તેમ તેમ કૃપાને બદલે અકૃપા જણાવા લાગી.

એક વરસ પૂરૂં થતાં ન થતાં તો ઇ. સ, ૧૭૬૬ ની મેની ૮ મીએ નવાબ નાજિમ-ઉદ્-દૌલા મરણ પામ્યો. એ વખતે મણિબેગમ કલાઇવની કૃપાપાત્ર થઇ હતી. આથી નાજિમના મરણ બાદ પણ મુબારક અથવા મીરાનના પુત્રને નવાબીપદ મળ્યું નહિ. મણિબેગમનાં તરફટથી તેનોજ બીજો પુત્ર સૈફ-ઉદ્-દૌલા બંગાળાની ગસનદપર બિરાજમાન થયો. મણિબેગમપર તેનાં રક્ષણનો ભાર નાખવામાં આવ્યો. મહમ્મદ રેજાખાં, રાજા દુર્લભરામ અને જગતશેઠ જે પ્રમાણે રાજ્યકારભાર ચલાવતા હતા, તે મુજબ કારભાર ચલાવવા લાગ્યા. તે વખતે ૧૯ મી મેને રોજ ઇસ્ટ-ઇંડિઆ-કંપની સાથે નવા નવાબને તે એક બીજી સંધી થઇ. તે સંધિની રૂયે નવાબનું પેન્શન ઘટી ગયું. હવેથી ૪૧૧૬૧૩૧ રૂ. ૯ આના માત્ર પેન્શન ઠર્યું. એ પેન્શનમાંથી પણ ૧૭૭૮૯૫૪ રૂપીઆ ૧ આના નવાબનાં કુટુંબનાં ભરણપોષણ માટે ખરચવાના હતા અને ૨૪૦૭૨૭૭ રૂપીઆ ૮ આના નિઝામત વિભાગમાં ખરચવાની વ્યવસ્થા થઈ હતી.

આ બધી વ્યવસ્થા થયા બાદ ઇ. સ. ૧૭૬૭ માં કલાઇવ ફરીથી વિલાયત ગયો. ત્યારે કાઉન્સિલનો વડો મેમ્બર વેલ્સ્ટ બંગાળાનો ગવર્નર થયો. તે ફક્ત બે વરસ ગવર્નર પદપર રહ્યો. ઈ. સ. ૧૭૬૯ માં વેલ્રેસ્ટ વિલાયત ગયો એટલે કાર્ટિયર સાહેબ કાઉન્સિલના સભાપતિ અને ગવર્નર થયા. કાર્ટિયરને ગવર્નરનો ઓદ્દો મળ્યો તે જ સમયે સૈફ-ઉદ્-દૌલા શીતળાના રોગથી મરણ પામ્યો. તે વખતે થોડા દિવસ મણિબેગમનો અધિકાર લુપ્ત થયો. બબ્બુ બેગમના પુત્ર

મુબારકને નવાબી મળી. મુબારક–ઉદ્–દૌલાની નવાબીમાં બંગાળા દેશ એક જબરા દુકાળથી ઉજ્જડ બની ગયો. એ રૂવાડાં ઉભાં કરે તેવા ભયંકર દુકાળમાં સરકારી રિપોર્ટમાં જાહેર કર્યા મુજબ બંગાળાની વસ્તીનો ત્રીજો ભાગ નાશ પામ્યો. એ દુકાળની સ્મૃતિ અત્યારે પણ હૃદય વિદારી નાખે તેવી ભયંકર જણાય છે. એ દુકાળમાં રેજાખાં બંગાળાનો અને સિતાબરાય પટણાનો ડેપ્યુટીનવાબ હતા. એક તરફ દારુણ દુકાળ અને બીજી બાજુએ મહેસુલ ઉઘરાવવાની ભયંકર તકેદારી! વધારેલા કર ભરવા માટે પ્રજાને ખોરાક માટે સંઘરી રાખેલું અનાજ પણ વેચી નાખવાની ફરજ પડી. આ તરફ રેજાખાં એ બધું અનાજ ખરીદી અનાજનો વેપાર કરવા લાગ્યો. પરિણામે ૧૭૭૦–૭૧ ની સાલમાં બંગાળા દુકાળના દાવાનળમાં સળગી ઉઠયું. આ દુકાળમાં બંગાળાનાં કેટલાં ગામ ઉજ્જડ થયાં, કેટલાંક સ્મશાન સમાન થઇ ગયાં, તેની ગણતરી થઇ શકે તેમ નહોતું. ઇસ્ટ ઇંડિઆ કંપનીની ટુંકી દૃષ્ટિને લીધે, કેટલાક સ્વાર્થી કારભારીઓનાં સ્વાર્થને લીધે આ દુકાળમાં બંગાળાનું સત્યાનાશ વળ્યું. ઇતિહાસનાં પાનામાં આ ઇતિહાસ હંમેશને માટે લોહીથી લખાયલો રહેશે.

ઇ. સ. ૧૭૭૨માં કાર્ટિયરે ગવર્નરપદ છોડી દીધું; વોરન હેસ્ટિંગ્સ ઓદ્ધાપર આવ્યો. અઢાર વર્ષની ઉમરે વખારના ગુમાસ્તા તરીકે ઇ. સ. ૧૭૫૦ માં હેસ્ટિંગ્સ આ દેશમાં આવ્યો હતો. પ્લાસીનાં યુદ્ધ પછી ઇ. સ. ૧૭૫૮ થી ૬૧ સૂધી તે મુર્શિદાબાદમાં રેસિડેંટ તરીકે રહ્યો હતો. ૧૭૬૪ માં હેસ્ટિંગ્સ વિલાયત ગયો. બાકીનું જીવન વિલાયતમાંજ ગાળવાની ઇચ્છા છતાં અદૃષ્ટ ચક્રે તેને પાછો હિંદમાં નાખ્યો. ઇ. સ. ૧૭૬૯ માં તે મદ્રાસની કાઉન્સિલનો બીજો અધ્યક્ષ

થઇ હિંદમાં આવ્યો ને ઈ. સ. ૧૭૭૨ માં બંગાળાનો ગવર્નર થયો. બંગાળાની અવ્યવસ્થાથી તે પૂરેપૂરો જાણીતો હતો. પ્લાસીનાં યુદ્ધ વખતજ ગરબડ વખતે કાસિમ બજારના આદિ સ્થાપક કાન્તબાબુની સહાયતાથી તે નાસી છૂટયો હતો. મીરજાફર સાથે મિત્રતા હોવાથી મણિબેગમ સાથે પણ તેને દૃઢ મિત્રતા બંધાઇ હતી.

હેસ્ટિંગ્સ બંગાળાનો ગવર્નર થયો કે તરત મણિબેગમનું નસીબ ઉઘડયું. હેસ્ટિંગ્સની કૃપાથી મણિબેગમ વળી નવાબની રક્ષક બની. મુબારક બબ્બુબેગમનો પુત્ર હતો, બબ્બુબેગમ જીવતી હતી, છતાં તેના પુત્રના વાલી તરીકે તેની શોકય મણિબેગમ નિમાઇ કયા કારણથી બબ્બુબેગમને બદલે મણિબેગમ વાલી તરીકે નિમાઇ, તે કારણ બહુ છૂપું છે.

ગવર્નર થયા પછી હેસ્ટિંગ્સે જોયું કે ઇસ્ટ ઇંડિઆ કંપની દેવાદાર બની છે; તે દેવું વાળવા માટે ડિરેકટર સભા તાકીદ કરવા લાગી છે. હેસ્ટિંગ્સ ખરચ ઘટાડવાનો અને આવક વધારવાનો પ્રયત્ન કરવા લાગ્યો ખરચ ઘટાડતી વખતે પ્રથમ તેની નજર નવાબનાં પેન્શનપર પડી. મુબારક–ઉદ્–દૌલાને નવાબી આપતી વખતે, ઇ. સ. ૧૭૭૦ ની ૨૧ મી માર્ચે નવી સંધિ થઇ હતી તેમાં નવાબનું પેન્શન ૩૧૮૧૯૯૧ રૂપીઆ ૯ આના ઠરાવ્યું હતું. ઇ. સ. ૧૭૭૨ માં હેસ્ટિંગ્સે તે પેન્શન અડધું કરી નાખ્યું. અર્થાત્ તે વખતે નવાબને વર્ષે સોળલાખ રૂપીઆ આપવાના ઠરાવ્યા. એક વખતે નવાબના નાયબ–નાજિમો–પ્રાદેશિક મહેસુલ ઉઘરાવનારા–જે મેળવતા તેટલીજ રકમ નવાબને હવેથી મળવા લાગી. હેસ્ટિંગ્સે રેવન્યુ ઑફિસ મુર્શિદાબાદથી ખસેડી કલકત્તા આણી. દુર્લભરામના પુત્ર રાજા રાજવલ્લભને

કંપનીનું મહેસુલ ઉઘરાવવાનાં કાર્યનો ઉપરી નીમ્યો. ન્યાય અને શાસન વિભાગની ઑફિસો પણ કલકત્તા લાવવામાં આવી. આ વખતથી ખરેખરી રીતે કંપની આ દેશના રાજા તરીકે ગણાવા લાગી. 'કંપનીનો મુલક' એ નામ આ વખતથી જાહેરમાં આવ્યું.

બંગાળાના જમીનદારો અત્યાર સુધી મુર્શિદાબાદના નવાબને દેશનો રાજા માનતા હતા, આ વખતથી તેને કંપનીને રાજા તરીકે સ્વીકારવી પડી. અત્યાર સુધી તેઓ પોતપોતાની જમીનદારીમાં જે સત્તા ચલાવતા હતા, તે સત્તા હવે ઓછી થવા લાગી. પહેલાં જમીનદારો પોતાની પ્રજાના દિવાનીને ફોજદારી દાવા ચૂકવી શકતા, કેદખાનાં રાખી શકતા, તેના હુકમ મુજબ અપરાધીને દંડ કે સજા થતી એટલુંજ નહિ પણ કેટલાક જમીનદારોને ફાંસીની સજા કરવાનો પણ અધિકાર હતો; પરંતુ તેવી સજા કરતી વખતે નવાબની મંજુરી લેવી પડતી, પરંતુ હેસ્ટિંગ્સે જમીનદારોની આ સત્તા લઈ લીધી. તેમણે દરેક જિલ્લામાં એક સાહેબને નીમ્યો; દિવાની ફોજદારી કોરટો ઉઘાડી.

આમ થવાથી નાટોર રાજ્યની સત્તા પણ ઘણા પ્રમાણમાં ઘટી ગઇ. નાટોરનું કેદખાનું કાઢી નાખવાના પ્રયત્નો થયા. મહારાણી ભવાનીની જમીનદારીમાંથી કેટલોક ભાગ બીજાને આપવાનો ઉદ્યોગ થવા લાગ્યો. એટલુંજ નહિ પણ મહારાણી ભવાનીની રાજધાની નાટોરમાં કંપનીની કોરટો સ્થપાઇ. પ્લાસીનાં યુદ્ધ પહેલાં મહારાણી ભવાની એ ભવિષ્યનું જે ચિત્ર માનસ નયને જોયું હતું, તે ચિત્ર કેટલાક વરસ પછી તદ્દન ખરૂં પડયું.

સપ્તમ પરિચ્છેદ.

સુન્દરીનું સંમિલન.

" सुन्दरी !

त्वं दुरमपि गच्छन्ति हृदयं न जहासि मे ।
दिवावसाने च्छायेव पुरोमूलं वनस्पतिः ॥ "

श्री अभिज्ञानशा...लम् ।

થોડાં વર્ષોમાં કેટલુંય પરિવર્ત્તન થઇ ગયું છે. મહારાણી ભવાનીએ સંસારમાંથી વિદાય લીધી છે. તે કોઇ વખતે વારાણસીમાં, કોઇ વખત ગંગાતીરે તો કોઇ વખતે બીજો કોઇ તીર્થોમાં પ્રભુનું ભજન કરતાં ફર્યા કરે છે. વિશાળ નાટોર રાજ્યનો ભાર કુમાર રામકૃષ્ણપર નાખવામાં આવ્યો છે, કુમાર અત્યારે કુમાર નથી; કુમાર અત્યારે મહારાજ નામથી ઓળખાય છે. વયની વૃદ્ધિ સાથે વિશેષણ પણ ફર્યું છે. કુમાર અત્યારે વિષયી, સંસારી અને રાજપદવી ધારી બનેલ છે; કુમાર અત્યારે હજુરીઆથી વિંટાયલા રહે છે, કુમાર અત્યારે વિષય સુખમાં ડૂબેલા છે, કુમાર અત્યારે મોહિનીની મોહની માયામાં મુગ્ધ બની ગયા છે;–કુમાર અત્યારે નવ યૌવનનાં નવીન તરંગોપર તરે છે. જ્યારે બહાર હોય ત્યારે હજુરીઆઓનાં ખુશામત પૂર્ણ વાક્યોથી રીઝે છે, જ્યારે અંતઃપુરમાં હોય ત્યારે સુન્દરીનાં રૂપ સાગરમાં ડૂબકાં ખાય છે. રાજ્યની ખટપટતો ચંદ્રનારાયણ અને રૂદ્રનારાયણ વગેરે કર્યા કરે છે. બીજા વિચારોમાં કુમારનું મન ન જાય તે માટે કેટલાંક વર્ષોથી એવી વ્યવસ્થા કરવામાં આવી છે, સંસારે કુમારને બરાબર જકડયા છે.

કુમાર! તમેજ શું બંધનમાંથી મુક્તિ મેળવવા ઇચ્છયું હતું?

સંસાર કુમાર પ્રતિ ભમર ચઢાવી કુટિલ દૃષ્ટિ કરી જાણે મશ્કરી કરતો હોય તેમ કહે છે, " કેમ! કુમાર, શું તમે બંધનમાંથી છૂટવા ઇચ્છોછો? તમે જે પ્રશ્નનો નિકાલ કરવા એટલા બધા વિહ્વળ બની ગયા હતા, તે શું હવે ભૂલી ગયા?

પરંતુ સાંભળે કોણ! કુમારના કાન શું હવે કુમારના પોતાના રહ્યા છે! તે તો કિશોરીના કંદોરા અને નુપૂરના ઝણુકાર પાછળ પાછળ ઘૂમે છે!

સંસાર કુમારની આંખ સમક્ષ બંધનનાં સેંકડો યંત્રણામય ચિત્રો ઉપસ્થિત કરવા લાગ્યો. પરંતુ જૂએ કોણ? કુમારની આંખો હવે શું કુમારની રહી છે! તે તો સુંદરીનાં રૂપ રૂપી અમૃતનું પાન કરવા વિહ્વળ બની ગયેલ છે!

મન! કુમારનું મન અત્યારે ક્યાં છે! કુમાર અત્યારે તો વિચારે છે કે 'ઓ સુંદરિ, તું ક્યાં છે!' "કોઇ વખતે વિચારે છે—" સુંદરી મને કેટલી ચાહે છે; હું તેને કેટલો ચાહું છું!"

ખાઈ પાસે પેલાં ઝાડ નીચે બેસી થોડાં વર્ષો પહેલાં કુમાર વિચારતો હતો, "બંધનમાંથી શી રીતે છૂટાય?" આજ તે જગાથી થોડે દૂર ફુલવાડીમાં બેસી વિચારે છે—" મારી સુંદરી કેટલી બધી રૂપાળી છે!" તે દિવસે સ્નિગ્ધ ચંદ્રના પ્રકાશથી તેને તૃપ્તિ થતી નહોતી; વાયુથી લહરિ ઉપજાવતું નહેરનું પાણી તેને મુગ્ધ કરી શકતું નહિ; બાગમાંનાં ફુલો લચી પડતાં હતાં છતાં તે તરફ નજર પણ નહોતી! પરંતુ આજ? આજ તેની આંખને બધું સુંદર જણાય

બધું મનોહર જણાય છે. વળી બધાંને મુકાબલે તેની સુંદરી–
તિશય સુંદર, અતિશય મનોહર જણાય છે.

કુમાર ખિલેલી ચાંદની તરફ જોતા હતા–તેને ચાંદની અતિ
ર જણાય છે. પરંતુ સુંદરીનાં રૂપ સાથે તેની તુલના કરતાં મન-
હસી પડે છે–"ચંદ્ર ! તું ગમે તેટલો સુંદર હોય, તો પણ મારી
રી આગળ તો તારે હાર ખાવીજ પડશે." બાગમાં જુઈ ચંપેલી
ફુલો ખીલી રહ્યાં છે, કુમાર રામકૃષ્ણ વખતે વખતે તેના તરફ
ઠ કહે છે, "સુંદરીનાં હાસ્ય આગળ એ ફુલો તમારૂં હાસ્ય
છ છે !"

નહેરનાં પાણીમાં ચંદ્રનો પ્રકાશ ધોળાં વસ્ત્રોથી શોભતી સુંદર
ર્તિ ધારણ કરી રહેલ છે; મૃદુ પવનના સપાટાથી પાણી નાચે છે,
છે, રમે છે; તેમાં કોતરીવાળાં રત્નમય ઘરેણાંનું સૌન્દર્ય ઉછળી
છે. પરંતુ તે તરફ જોઈ, તે ભાવ અનુભવી, કુમાર હસતાં મ્હોંએ
છે–"સુંવાળાં મજલિનવાળી મારી સુંદરી કેટલી સુંદર છે ! સૂક્ષ્મ
ત્રોને ભેદી સુંદરીનું રૂપ કેવું ખીલી નીકળે છે, શું તે રૂપની તુલના
ય ?" પ્રકૃતિનાં જે જે સૌંદર્ય પ્રતિ કુમારની નજર પડે છે તે તે
દર્ય સુંદરીનાં સૌંદર્ય આગળ ઝાંખું પડી જાય છે.

આ પ્રમાણે વિચાર કરતાં કરતાં રાતનો એક પહોર વીતી ગયો.
ંદરીએ શયનગૃહમાં પ્રવેશ કરી સ્વામીને ન જોતાં બાગ તરફ
ગણ કરવાનો વિચાર કર્યો. બારીમાંથી બાગમાં નજર નાખતાં જ-
ાયું કે બાગમાંની આરસની વેદીપર રામકૃષ્ણ બેઠા છે. ચાંદનીથી
નું શરીર પલળે છે. કુમારનો ધોળો રંગ અને ચાંદનીનું મિશ્રણ


થઇ મધુર રસની રેલછેલ થઇ રહી છે, કુમાર નીરવ નિસ્પન્દ, સંજ્ઞા શૂન્ય થઇ ગયેલ છે. સુંદરીને લાગ્યું કે મહાયોગી મહાદેવ યોગમાં મશગુલ થઇ બેઠા છે.

બીજા માળપર શયનગૃહ હતું ઓરડાની દક્ષિણુ બાજૂએ બાગ હતો બીજા માળથી બાગમાં ઉતરવાની નીસરણી હતી. તેથી શયનગૃહમાંથી બાગમાં જવાતું હતું.

ધીરે ધીરે, મૃદુપાદ વિક્ષેપે, તે નીસરણી ઉતરી, સુંદરી બાગમાં આવી. કુમાર શયનગૃહ તરફ પીઠ કરીને બેઠા હતા. નહેરનાં પાણીપર પડતી ચાંદની, જ્યોત્સ્નાથી રસાઈ ગયેલું આકાશ, અને બાગમાંથી મૃદુ હાસ્ય કરતાં ફુલો તેની દૃષ્ટિનો વિષય બની ગયાં હતાં. વખતે વખતે આંખો મીચી સુંદરીનું ધ્યાન કરતાં કરતાં બેભાન બની જવાતું હતું. એ વખતે પગથિઆં ઉતરી ધીરે ધીરે પાસે આવી સુંદરીએ પાછળથી તેની આંખો દબાવી.

કુમાર સુંદરીનાં ધ્યાનમાં મગ્ન હતા. કલ્પનાવડે સુંદરીનાં સ્પર્શનો અનુભવ કરતા હતા. એ વખતે સુંદરીએ આવી કમળ જેવા હાથોવડે તેની આંખો દબાવી કુમાર આપોઆપ બોલી ઉઠયા, 'સુંદરી! સુંદરી!' સુંદરીએ આવી આંખો દબાવી અને તે કુમાર જાણી ગયા માટે 'સુંદરી! સુંદરી' પોકાર કર્યો એમ નહિ, પરંતુ તેની કલ્પના અને તેના વિચારોએ સુંદરીના સંબંધમાં તેનું ચિત્ત વિહ્વળ કરી મૂક્યું હતું. તેથી તેનાથી 'સુંદરી! સુંદરી!' એવું વાક્ય બોલાઈ જવાયું, તેના શ્વાસોચ્છ્વાસમાં સુંદરીનું જ રટન થતું હતું. કુમારે બંને હાથ સુંદરીનાં ગળાંમાં વીંટાળ્યા.

રાજા રામકૃષ્ણ—



“ ધીરે ધીરે, મૃદુપાદ વિક્ષેપે, તે નીસરણી ઉતરી, સુંદરી બાગમાં આવી. કુમાર શયનગૃહ તરફ પીઠ કરીને બેઠા હતા.” પૃષ્ઠ ૧૮૮

A 2638-Lakshmi Art, Bombay, 8.

આકાશમાં પૂર્ણચંદ્ર મૃદુ મૃદુ હાસ્ય કરે છે. નહેરના પાણીમાં ચંદ્રમા સંતામણી રમે છે. મૃદુમન્દ પવનની લહેરોથી ફુલોની સુગંધી ચારે બાજૂએ સુગંધી કરે છે. પ્રકૃતિ સ્નિગ્ધ છે, શાંત છે, મધુર છે.

અનેક ક્ષણુ સૂધી બંને એક બીજાનાં મ્હોં સામું જોઇ રહ્યાં, ચારે આંખો મળી, એક બીજાં એક બીજાંનાં રૂપથી મુગ્ધ બની ગયાં. કુમારે અનુભવ્યું કે સુંદરીના રૂપની સીમા નથી, સુંદરીએ જોયું કે કુમારનાં રૂપની સીમા નથી. કુમાર સુંદરીની કમનીય મૂર્તિ જોઇ રહ્યા છે, સુંદરી કુમારનાં સૌન્દર્યની વિભૂતિ જોઇ રહી છે અનેક ક્ષણુ આ ભાવે ચાલી ગઇ. જોતાં જોતાં વિહ્વળ થઇ કુમારે કહ્યું, "સુંદરી! તું આટધી બધી સુંદર છે! મને એમ થાય છે કે હું રાત દાહાડો તારાં મ્હોં સામુ જોઇ બેસી રહું."

સુંદરીએ શરમથી નીચું જોયું.

હડપચીપર સ્પર્શ કરી સુંદરીનું મ્હોં ઉંચું કરી કુમારે કહ્યું, "સુંદરી, તારૂં આ મ્હોં જોવાને માટેજ હું તલપી રહું છું, સુંદરી, દિવસનું અજવાળું શામાટે થતું હશે?—આપણા બેને જૂદાં શામાટે થવું પડે છે? આપણે રાતદહાડો એકત્ર કેમ રહી શકતાં નથી!"

સુંદરીએ મનમાં કહ્યું, "નાથ! એતો મારા મનનીજ વાત છે! અંતર્યામિ! તમે શું મારૂં મન જાણુવા માટે મારી પરીક્ષા કરો છો?" પરંતુ ખુલ્લી રીતે તે કંઇ જવાબ આપી શકી નહિ.

કુમારે વળી પૂછ્યું, "સુંદરિ! તું મારી પાસે કેમ આવતી નથી? હવે તો મા અહીં નથી! તો પછી આટલી બધી શરમ શા

માટે રાખે છે? હું સંધ્યાકાળથી તારી વાટ જોતો અહીં બેઠો છું, તું આટલી બધી મોડી કેમ થઈ?"

સુંદરી હવે નિરુત્તર રહી શકી નહિ. વારંવાર પ્રશ્નો પૂછતાં છતાં જવાબ ન આપવાથી પતિ ગુસ્સે થાય, એમ વિચારી વીણાના સૂરના જેવો સૂર કાઢી સુંદરી બોલી, "નાથ! દેવતાના ચરણનું દર્શન કરવું શું દાસીને તે ન ગમે? દેવતાને હૃદયપર રાખી હૃદય શાન્તિ મેળવે છે, આના કરતાં વધુ આનંદ આ દુનિયામાં બીજો કયો છે? તોપણ હંમેશાં—"

કુમારને ન ગમ્યું, કુમારે કહ્યું, "હું એ બધું સાંભળવા માગતો નથી. સુંદરી! ક્હે, મને તું કેટલો ચાહે છે!"

સુંદરી શો જવાબ આપે? હિંદુરમણી પોતાના પતિને કેટલો ચાહે છે તે શું ભાષામાં વ્યક્ત કરી શકાય કે?

સુંદરી જવાબ આપી શકી નહિ.

કુમારે વળી કહ્યું, "સુંદરિ, બોલ તો ખરી તું મને ચાહે છે કે નહિ! બોલ, બોલ, મારી વહાલી!" સુંદરીને જવાબ આપવો પડયો, પણ કુમારના પ્રશ્નનો જવાબ આપવો અતિ કઠણ હતો. તેણે કહ્યું "નાથ! નાથ! શું કહું? તમે મારાં હૃદયના દેવ છો!"

પ્રેમથી વિહ્‌વળ બનેલી સુંદરીની આંખોમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં.

કુમાર જુસ્સાથી બોલી ઉઠયા, "સુંદરિ! સુંદરિ! હું બીજું કશું પુચ્છતો નથી. ફક્ત એકજ વખત કહે કે હું તમને ચાહુંછું."

"ચાહુંછું." એ શબ્દો બોલવાનો પ્રયત્ન કરતાં કરતાં સુંદરીનો કંઠ ભરાઈ આવ્યો. તે શબ્દને બદલે સુંદરીના કંઠમાંથી જૂદોજ અવાજ નીકળ્યો—"ભક્તિ કરું છું"

પરંતુ કુમારના કાન તે શબ્દો સાંભળવાને તૈયાર નહોતા. કુમારે કહ્યું, "સુંદરિ, ત્યારે તો મને લાગે છે કે તું મને ચાહતી નથી ?"

"એમ કેમ બને નાથ ! એમ કેમ કહો છો !" સુંદરીનો અંતરાત્મા કંપી ઉઠયો. સુંદરી મૃદુસ્વરે બોલી, "હું ચાહું છું !"

"સુંદર એજ શબ્દો વારંવાર બોલ ! પ્રિયે, વારંવાર બોલ, બોલ કે હું ચાહું છું." કુમાર રામકૃષ્ણ તારા મનમોહક મુખડામાંથી "હું ચાહું છું" એજ શબ્દો સાંભળવાને તલપી રહ્યો છે."

કુમારે પુછ્યું, "ચાહે છે !"

"સુંદરીએ કહ્યું, ચાહું છું."

એક, બે ત્રણવાર કરતાં કરતાં કેટલીય વાર એના એ પ્રશ્નોત્તર ચાલ્યા કર્યા, કુમાર તે શબ્દો વારંવાર સાંભળવાને તલપી રહ્યો. બંને બંનેનાં મુખ સામું જોઇ અનેક ક્ષણપર્યન્ત એક જ ભાવે-એક જ ચિંતામાં વિભોર થઇ બેસી રહ્યાં.

સંસાર પ્રતિ કુમાર અનાસક્ત ન થાય એવી ઈચ્છાથી મહારાણી ભવાની સાથે ચંદ્રનારાયણ વગેરે એ જે યુક્તિ કરી હતી તેનું પરિણામ આવ્યું. તેઓએ ઇચ્છાપૂર્વક સુંદરી સાથે કુમારને જોડી દીધો છે. જ્યારથી કુમારના વિવાહ કરવાનો વિચાર થયો, ત્યારથી કન્યા શોધવાની ધમાલ ચાલવા લાગી. બે માસમાં સુંદરી જેવી મનોહર કન્યા મળી ગઇ. રાજશાહી જિલ્લામાં વીરકુત્સા ગામમાં મજુમદાર કુટુંબ રહેતું હતું. તેઓ વરેન્દ્રજાતિના શ્રોત્રીય બ્રાહ્મણ હતા. સુંદરી તે વંશમાં જન્મી હતી. વંશમર્યાદા તરફ બરાબર દૃષ્ટિ રાખતાં તો સુંદરી સાથે કુમારનો વિવાહ થઈ શકે તેમ નહોતું.

પણ સુંદરીનાં રૂપે બધી અડચણો ખસેડી નાખી હતી. સુંદરીની આકૃતિ, પ્રકૃતિ અને તંદુરસ્તી જોઇ તેની સાથે કુમારનો સંબંધ સ્થિર થઇ ગયો. અને આ વિવાહને લીધે સુંદરીનું કુટુંબ શુદ્ધ શ્રોત્રીય ગણાવા લાગ્યું.

રૂપના પ્રભાવથીજ સુંદરી આજે 'સુંદરી' ના નામથી ઓળખાય છે. સુંદરીનું ખરૂ નામ સુંદરી નહોતું; પણ જગદંબા હતું. કોઇ કોઇ શિવસુંદરી પણ કહેતા. પરંતુ વિવાહબાદ નામ ફર્યું. નાટોર આવ્યાબાદ તે સુંદરી નામથી ઓળખાતી. જો કે રાજદરબારમાં અથવા પાડોશીઓમાં તો 'વહુરાણી' નામથી પરિચિત હતી. તેઓમાંનાં ઘણાં ખરાં તો સુંદરીનું મૂળ નામ પણ ભૂલી ગયાં હતાં. કુમાર રામકૃષ્ણ તો સુંદરીને સુંદરીજ ધારતા હતા, સુંદરીને સુંદરી કહીનેજ બોલાવતા, સુંદરીના નામમાંજ તન્મય બની જતા.

આ તન્મયતા વચનોજ પ્રભાવરૂપ હતી કુમારની ઉમર હાલમાં બાવીશ વર્ષની હતી. સુંદરી સોળ વર્ષની હતી. આ ઉમરે આવો મેળાપ મણિકાંચનનો મેળાપ ન કહેવાય કે? તેથી જ આ જૂએ, પેલો જૂએ, બંને સામું જોઈ રહે, એક બીજાં એક બીજાંના સામું જોઇ ધરાયજ નહિ.

જોતજોતામાં રાત્રિ પૂરી થવા આવી. પૂર્ણિમાનો ચંદ્ર માથે આવી પશ્ચિમ બાજૂએ ઢળી પડયો. સુંદરી એક વખતે ચંદ્ર બાજૂએ અને બીજી વખતે પોતાના સ્વામી તરફ જોઇ બંનેનાં રૂપની તુલના કરતી હતી. ચંદ્રમાનાં હાસ્યને તે કુમારનાં હાસ્ય આગળ તુચ્છ ગણતી હતી. ચંદ્ર કિરણોની સ્નિગ્ધતા સાથે સ્વામીના સ્પર્શનો અનુભવ કરી ચંદ્રના સ્પર્શને તુચ્છકારી કાઢતી હતી. આ પ્રમાણે વિહ-

વળ બની પતિ પ્રેમમાં મસ્ત બનેલી સુંદરીને ઘણીવારે ભાન આવ્યું, સુંદરીએ જાણ્યું કે "ચંદ્ર આથમવાની અણીપર છે. હવે વધુ વખત બેસવાથી પતિદેવને કષ્ટ થશે." તેથી પતિને સંબોધન કરી ધીરેધીરે બોલી–"રાત પૂરી થવા આવી. આપ થોડો વિસામો લો–ચાલો. સવારે આપને કેટલું બધું કામ છે?"

કુમાર રામકૃષ્ણ સુંદરીનાં વાક્યોનો ઉલટો ભાવાર્થ ગ્રહણ કરી કહેવા લાગ્યો! "સુંદરિ! તને કષ્ટ થતું હશે, હું સમજી શકયો નહિ માટે માફ કરજે. ચાલ શયનગૃહમાં જઇએ."

સુંદરીને કેટલીય શરમ આવી. તેને તો જરાયે પણ દુઃખ થતું નહોતું. સુંદરીએ તો ફક્ત સ્વામીને માટેજ ઉપલાં વચનો કહ્યાં હતાં. પરંતુ સુંદરી વધૂ ખુલાસો કરી શકી નહિ.

કુમાર ઉભા થયા. કુમારના મનમાં આવ્યું કે, "સુંદરી મને ચાહતી નથી." પરંતુ કુમાર પોતાની મેળે બબડવા લાગ્યા. "સુંદરિ, તું મને ચાહતી નથી, પણ મારા પ્રેમથી હું તને મારા હૃદયમાં બાંધી રાખીશ."

સુંદરીને પણ એજ વિશ્વાસ હતો. સુંદરીના હૃદયમાં પણ એજ સૂર ઉઠયો. સુંદરી પણ મનમાં કહેવા લાગી–"મારાં હૃદયના દેવ! પ્રેમ ભક્તિની પૂજાથી હું આપને સંતોષીશ. મોઢેથી શું કહું?"

સુંદરીથી જવાબ ન અપાયો. કુમાર ઉભા થયા. સુંદરીને આલિંગન કરી હાથમાં હાથ મિલાવી બંને ધીરે ધીરે શયનગૃહ તરફ ચાલ્યાં. બંનેનાં હૃદયમાં એકજ વિચાર હતો. બંને જણાં નિર્વાક હતાં. એકજ શબ્દો બંનેના હૃદયમાં ઘૂંટાતા હતા છતાં શબ્દ થતો નહોતો.

સુંદરી વિચારતી હતી! "નાથ! મારાં હૃદય મંદિરમાં તમે ચીરકાલ રહેજો. હું મારા પ્રેમરૂપી પુષ્પોવડે આપની ચિરદિન પૂજા કરીશ. મારા સિવાય તમે ક્યાં રહેશો ?"

કુમારના હૃદયમાં પણ જાણે તેજ વાતનો પડઘો પડતો હતો. "સુંદરિ! તું મારાથી દૂર જવા માગીશ તોપણ મારૂં હૃદય તને દૂર જવા દેશે નહિ સાંજ પડતાં જેમ ઝાડની છાયા ઝાડને ઝાડના મૂળને તજી શકતી નથી, તેમ તું પણ મારાં હૃદયને છોડી શકીશ નહિ.

અષ્ટમ પરિચ્છેદ

વિષયાસક્તિ

"હે મન, તું શા માટે આવ્યું છે? તું કામનું મૂળ શોધી શકતું નથી, લોભથી દિશાભ્રમ થઇ ભટકે છે."

રામપ્રસાદ.

સવારમાં કુમાર સભાસ્થળે આવતા હતા. તેની વાટ જોતા સભાસદો બેઠા છે.

બધા બેઠકખાનામાં છે; પરંતુ કાલીશંકર કેમ બહાર ઉભો છે?

કુમાર જે માર્ગે થઇ સભા સ્થાનમાં આવતા હતા, તે સ્થળ તરફ નજર રાખી કાલીશંકર ઉભો છે. કુમાર રસ્તાપર આવ્યા કે તરત કાલીશંકર દોડતો દોડતો તેની પાસે ગયો અને દંડવત્ પ્રણામ કરી મૃદુસ્વરે કંઇક કહેવા લાગ્યો.

કુમાર સભા સ્થાનમાં ન ગયા. કાલીશંકરને લઇ એક બીજા સ્થાનમાં ચાલ્યા ગયા. જેઓ સભા સ્થાનમાં બેઠા હતા, તેઓ આ

બનાવ જાણી શકયા નહિ. તેઓ તો કોઈ કારણ સબબ કુમારને આવતાં વાર લાગે છે, એમ જાણી અંદરાઅંદર વાતો કરવામાં મશગુલ થઈ ગયા.

કાલીશંકરને કુમારની વાતો બહુ લાંબી ચાલી. કાલીશંકરે કહ્યું, "આપનું ભલું કરવાની પ્રતિજ્ઞા લઇ હું આપનાં કુટુંબમાં ઘૂસ્યો છું. ભવાનીના મંદિરમાં જ્યારે પ્રથમ મ્હેં આપનો આશ્રય લીધો, ત્યારે આપની પાસે બિલ્કુલ કપટ રાખ્યા વિના બધી વાત કહી હતી. તે વાત આપને કદાચ યાદ હશે."

રામકૃષ્ણ—"ભાઇ, તમારી વાત હંમેશ યાદ રહેશે. મારા હિતને માટે તે દિવસથી તમે જે ભોગ આપવા માંડ્યો છે, તે હું બરાબર જાણું છું. તમારા જેવા વિશ્વાસુ થોડાજ હોય છે. દરેક બાબતમાં તમારો ઉપદેશ માનવાનો મ્હેં નિશ્ચય કર્યો છે. જે વિષયમાં તમારે કહેવું હોય તે ખુશીથી કહો. હું તે અવશ્ય સાંભળીશ."

કાલીશંકર—"મારી બધી વાતો આપને સાંભળવીજ એવી સ્પર્ધા હું કરતો નથી. હું આપનો સેવક છું, નોકર છું. તોપણ આપ મને ભાઇ કહી બોલાવો છો, અને બધી વાત સાંભળવા માગો છો! તે આપની દયાનું ચિહ્ન છે. નહિ તો હું તો આપનાં ચરણમાં પડવાને પણ લાયક નથી."

રામકૃષ્ણ—"એ બધી વાત જવા દો ભાઈ, હું તમને પ્રાણ સમાન ચાહું છું."

કાલીશંકર:—"એ બધી વાત કેમ કહું છું? જે દિવસ એક મુઠી અનાજ માટે હું આપનાં બારણે ભીખ માગતો હતો, જે દિવસે હું અકૂલસાગરમાં પડી આત્મહત્યા કરવા ઇચ્છતો હતો, તે દિવસે આપે મારાપર કરેલી દયા હું ભૂલી શકું કે! જીવનથી કંટાળી

મ્હેં ભવાની મંદિરમાં આશ્રય લીધો હતો; મ્હેં નિશ્ચય કર્યો હતો કે આ વહન ન થઇ શકે તેવો જીવન ભાર લઇ સંસારમાં પાછો ફરીશ નહિ. એવે વખતે મારા પ્રતિ આપના ગુરુ મહામાન્ય ગોપીનાથ ઠાકૂરની કૃપાદૃષ્ટિ થઇ. તેમણે આપની સાથે મેળાપ કરાવી દીધો. તેમણે દયા ન કરી હોત તો આપનાં ચરણકમલની સેવા કરવાને આ દાસ કેવી રીતે શક્તિમાન થયો હોત, આપ જ્યારે ભવાનીપુરમાં માતાજીનાં મંદિરમાં આવ્યા, ત્યારે આપની સાથે પાંચ હજાર મથુરાવાસી સૈનિકો હતા; બીજાં પણ અસંખ્ય માણસો હતાં. તે વખતે તો મોટા મોટા ઉમરાવો પણ આપની મુલાકાત લઇ શકતા નહોતા. પરંતુ મને મળવાની આપે રજા આપી એ શું આપની થોડી દયા છે? એ દયા માટે જ હું આપનું દાસત્વ વહન કરૂં છું. આપનાં ભલાં માટે મ્હેં મારી જિંદગી આપી છે."

રામકૃષ્ણ—"ભાઇ, શું હું તમને ઓળખી શકતો નથી? હું તમારા હાથમાં મારો પ્રાણ પણ નિશ્ચિંત ચિત્તે સોંપી દઇ શકું તેમ છું. એથી વધુ શું કહું? વારૂ, ગમે તે બાબતમાં તમે જે કહેશો તે હું કરીશ."

કાલીશંકર વળી પોતાની કથની આગળ ચલાવવા લાગ્યો; "દેવીના મંદિરમાં પ્રતિજ્ઞા કરી આપનાં કાર્યમાં જીવન સોંપ્યું છે. આપનું ભલું કરવું એજ મારૂં લક્ષ્ય છે. એજ મારૂં કર્તવ્ય છે. એ સિવાય જગતમાં બીજું કશું જાણતો નથી. જાણવાની જરૂર પણ નથી."

કાલીશંકર જેમ જેમ વાત લંબાવતો ગયો તેમ તેમ કુમારનું મન મુદ્દાની વાત જાણવાને આતૂર થતું ગયું. કુમારે વળી પૂછ્યું. "ભાઇ! કાદિહાટી અને ભૂષણા પરગણા માટે તમે શું કહેતા હતા? ખરી વાત જાણવાની મને બહુ ઇચ્છા છે."

કાલીશંકર—" હું જ્યાં સુધી જાણું છું, ત્યાં સુધી મને લાગે છે કે એ બંને પરગણામાં ભયંકર કાવતરૂં ચાલ્યું છે મહેસુલમાં એક પાઇ પણ ઉઘરાવી શકાઈ નથી. વખતે વખતે પ્રજાનાં તોફાનની વાતો સંભળાય છે."

રામકૃષ્ણ—"એ વાત મ્હેં તો કદી સાંભળી નથી? ઠાકુર મહારાજને હમણાંજ પૂછુંછું."

કાલીશંકર જરા અચકાઇ બોલ્યો, "ખુશીથી પૂછજો; પરંતુ-"

"પરંતુ" કહી કાલીશંકર ચૂપ રહ્યો. કુમાર આતુરતાથી પૂછવા લાગ્યા, "કેમ અટક્યા!-શું કહેતા હતા? વચમાં કેમ અટક્યા?"

કાલીશંકર જરા થોભી કહેવા લાગ્યો-"ના-જવા દો! એ વાત આપને સાંભળવાની જરૂર નથી."

રામકૃષ્ણ—"તમે હજુ પણ મારી આગળ છૂપાવો છો? તમે મારો અવિશ્વાસ કરો છો!"

કાલીશંકર ધ્રૂજવા જેવો ડોળ કરી બોલ્યો-"આપનો અવિશ્વાસ ત્યારે તો મને નરકમાં પણ જગ્યા નહિ મળે! કહેતાં અચકાવું પડે છે, તેનું કારણ જૂદુંજ છે. રૂદ્રનારાયણ સાક્ષાત્ દેવતા છે; તેનો સ્વભાવ દેવ જેવો છે; કુટિલ મનુષ્યનાં કુટચક્ર તે કેવી રીતે જાણી શકે? તે તો દરેકને સારા ગણે છે. તે બધાની સાથે દેવની પેઠે વર્ત્તે છે. રાજ્યકારભારમાં તેને આસક્તિ નથી. રાજ્યકારભાર ચલાવવામાં કેવળ દેવત્વ કામનું નથી. ત્યાં તો જૂદા જૂદા પ્રકારના લોકો સાથે વ્યવહાર રાખવાનો હોય છે."

રામકૃષ્ણ—"ત્યારે શું એ બંને પરગણાની સ્થિતિ સંબંધી તેમને કશી ખબર નથી?"

કાલીશંકર—" તે પણ કેમ કહી શકું ! "

રામકૃષ્ણ—" આ બાબતમાં તેમને કંઇ પૂછું કે ? "

કાલીશંકર—" જેવી આપની મરજી, પૂછવાથી તેમને શરમ આવશે. તેઓ બધો કારભાર કરે છે. એટલે તેમને કોઇ પણ બાબત પૂછવી તે તેનો દોષ કાઢવા બરાબર ગણાય. તેથી આ બાબત પૂછવાથી તેમને ખોટું લાગશે ? "

રામકૃષ્ણ—" ત્યારે શું કરવું ?. "

કાલીશંકર—" હું પણ તેજ વિચારૂં છું ! વિશ્વાસુ લોક તો કોઈ જણાતું નથી ! "

રામકૃષ્ણ—" એકાદ બે વિશ્વાસુ માણુસ મળે તો પણ શું ? જે પ્રમાણે વાત સાંભળું છું, તે મુજબ જો હોય તો બે ચાર માણુસો શું કરી શકે ? "

કાલીશંકર—" વિશ્વાસુ માણુસ તો એક હોય તો પણ બસ છે. થોડું ઘણું દ્રવ્ય લઇ આપનો વિશ્વાસુ કોઈ પણ માણુસ ત્યાં જાય તો પ્રજા વશ થઇ જાય, પરગણામાંના બે ત્રણ આગેવાનો વશ થયા એટલે થયું. પ્રજા ઉચ્છૃંખલ થાય ત્યારે જમીનદારીનું રક્ષણ કેમ કરવું તેનાં ઉદાહરણો મારી ઉમર નાની છે, છતાં મ્હેં ઘણાં જોયાં છે. એ ભૂષણા પરગણું જ્યારે સીતારામ રાયના તાબામાં હતું, ત્યારે મારા પિતામહે થોડા રોજ ભૂષણા પરગણાની નાયબી કરી હતી. તે વખતે મુસલમાન પ્રજાએ હુલ્લડ મચાવ્યું હતું. પરંતુ તેણે અદ્દભૂત યુક્તિવડે તે બંડ સમાવ્યું હતું. એ યુક્તિની વાત જ્યારે જ્યારે હું તેમને

મુખે સાંભળતો ત્યારે આશ્ચર્ય પામતો. રાજ્યનું સારૂં કરવું હોય તો બધી તરફ સરખી નજર રાખવી જોઇએ."

રામકૃષ્ણ—"ત્યારે તો જમીનદારીના કામનો પણ તમને સારો અનુભવ લાગે છે."

કાલીશંકર—"પિતા પિતામહ તો જમીનદારીનું કામ કરતા કરતા મરણ પામ્યા હતા. જો કે મારૂં નસીબ મોળું છે, છતાં તેનો વંશધર મટી જવાનો નથી! પિતા-પિતામહનું કામ થોડું ઘણું તો વારસામાં ઉતરીજને?"

કુમાર મનમાં મનમાં વિચાર કરવા લાગ્યા. ત્યાર પછી બોલ્યા, "આ બાબતમાં સંધ્યાકાળ વખતે તમારી સાથે વાતચીત કરવા ઇચ્છું છું"

ત્યારબાદ બંને ઉઠયા. કાલીશંકર કોઇને ન મળતાં પોતાને ઘેર ચાલ્યો ગયો. કુમાર રામકૃષ્ણ ચિંતાતુર હૃદયે સભાસ્થાનમાં ગયા.

સભાસ્થાનમાં પ્રવેશ કર્યા પહેલાં સભાસ્થાનમાંથી એક વિકટ હાસ્યધ્વનિ પ્રકટી તેના કાનમાં અથડાવા લાગ્યો. તેણે પ્રવેશ કર્યો કે તરત તે ધ્વનિ વિરમી ગયો. બધા કુમાર પ્રતિ માન દર્શાવવા લાગ્યા.

બેઠકખાનાના મધ્ય ભાગમાં કુમારના આસન સામે, ગેરૂઆં વસ્ત્રધારી એક બ્રહ્મચારી બેઠો હતો. કુમારના હજુરિઆઓ તે બ્રહ્મચારીને ઘેરી તેની સાથે વાતચીત કરતા હતા. વાતચીતમાં બ્રહ્મચારી ગાંડા જેવો જણાતો હતો. બધા તેની મશ્કરી કરતા હતા.

——:૦:——

નવમ પરિચ્છેદ

બ્રાહ્મણ શું ગાંડો છે?

" कुभार्याञ्च कुमित्रञ्च कुराजानं कुसौहृदम् ।
कुबन्धुञ्च कुदेशञ्च दुरत परिवर्ज्जयेत् ॥ "

गरुड पुराणम् ॥

કુમારને બેઠક ખાનામાં પ્રવેશ કરતાં જોઇ બ્રહ્મચારી બોલી ઉઠયો–" શું આપજ મહારાજ છો? પાપને દુનિયામાંથી નસાડવાની વ્યવસ્થા કરવામાં શું જરાપણ સફળતા મેળવી છે? એ વાત જાણવા માટેજ હું આપની પાસે આવ્યો છું."

બ્રહ્મચારી શું કહે છે, તે કુમાર પણ સમજી શક્યા નહિ. હજુરિઆ પણ સમજી શક્યા નહિ. કુમારને નિરુત્તર જોઇ બ્રહ્મચારીએ ફરીથી કહ્યું, " મને ગાંડો ધારતા હશો, પણ હું ગાંડો નથી. મારો પ્રશ્ન ગાંડાનો પ્રલાપ ધારી ઉડાવી નાખો છો, પણ ઉડાવવા જેવો નથી. હું આપના રાજ્યમાં વસવા આવ્યો છું, તેથી પૂછુંછું કે આપનાં રાજ્યમાંથી પાપને દૂર કરી શક્યા છો કે નહિ?"

કુમાર ચૂપ રહ્યા. તે એકી નજરે બ્રહ્મચારી તરફ જોઇ રહ્યા.

બ્રહ્મચારીએ વળી પૂછ્યું, " મહારાજ, ચૂપ કેમ રહ્યા છો? મને ભારે સંદેહ ઉત્પન્ન થયો છે, માટે આપને આ પ્રશ્ન પૂછુંછું. આપ પુણ્યસ્વરૂપિણી મહારાણી ભવાનીના પુત્ર છો; આપનાં રાજ્યમાંથી શું પાપ દૂર થઇ શક્યું નથી?"

રામકૃષ્ણ હવે નિરુત્તર રહી શક્યા નહિ. બ્રહ્મચારીને પૂછ્યું, " આપ શા માટે એવો પ્રશ્ન પૂછો છો? હું કંઇ સમજી શકતો

નથી. આપને જે કંઇ કહેવું હોય તે મને સ્પષ્ટતાપૂર્વક કહો. જો મારાથી અશક્ય નહિ હોય તો હું આપની માગણી પૂર્ણ કરીશ."

બ્રહ્મચારી—"આપ શું એમ ધારો છો કે હું ભિક્ષાર્થી થઇ આપની પાસે માગવા આવ્યો છું? આપના મનમાં જો એમ હોય તો તે તમારી ભૂલ છે."

રામકૃષ્ણ—"ત્યારે આપ એવો પ્રશ્ન શા માટે પૂછો છો?"

બ્રહ્મચારી—"મ્હેં શાસ્ત્રવેત્તા પંડિતો પાસેથી સાંભળ્યું છે કે રાજાના પાપે પ્રજાને પીડા થાય છે. મારાં પોતાનાં જીવનમાં મ્હેં તે ઉક્તિની બરાબર પરીક્ષા કરી છે. મ્હેં મારાં જીવનમાં કદી પાપ કર્યું હોય એવું મને સાંભરતું નથી. પરંતુ મને ભારે સજા થઇ છે. કેમ કોને પાપે મને એટલી બધી સજા મળી? મારા મનમાં દૃઢ નિશ્ચય થયો છે કે રાજાનાં પાપથીજ મારૂં સત્યાનાશ વળ્યું છે!"

"રાજાનું પાપ" કુમાર કંપી ઉઠયા.

બ્રહ્મચારી અશ્રુગદગદ કંઠે કહેવા લાગ્યો, "મારો આઠ વર્ષનો પુત્ર રઘુનાથ–મારાં જીવનનો ધ્રુવ તારો રઘુનાથ–મારાં હૃદયરૂપી રણભૂમિમાં શાન્તિના ઝરારૂપી રઘુનાથ મારાં કયાં પાપે મને તજી ગયો? શાસ્ત્રના મત મુજબ પુત્રને મારનારને પુત્રનો શોક થાય છે. પરંતુ મ્હેં તો કોઇ પણ પિતાના ખોળામાંથી પુત્ર લઈ લીધો નથી! છતાં મને આટલું બધું દુઃખ કેમ થયું?"

કુમાર સમજ્યો–હજુરિઆઓ સમજ્યા કે બ્રાહ્મણ પુત્રના શોકથી પાગલ બની ગયો છે આથી બધા તેને સાન્ત્વના આપવા લાગ્યા.

પરંતુ શાન્ત્વનનાં વાક્યોથી બ્રહ્મચારી શાંત થયો નહિ, તે એકાગ્ર ભાવે પોતાની કથની કથવા લાગ્યો.

બ્રહ્મચારી કહેવા લાગ્યો–" સાન્ત્વન આપી શું મને ભૂલાવવાનો પ્રયત્ન કરો છો ? આ જીવનમાં તો એ આશા રાખતો જ નથી. મારો સંસાર સુખમય હતો. પુત્ર, પુત્રવધૂ, કન્યા, જમાઇ વગેરે બધું હતું. પરન્તુ તે બધું એકજ નિશ્વાસે ઉડી ગયું ! કોનાં પાપથી ? મ્હેં એવું શું પાપ કર્યું હતું કે આ ન બનવાનું બન્યું, કોનાં પાપથી આમ થયું ? મારો પ્રાણથી પણ પ્યારો રઘુનાથ જે દિવસે આ દુનિયામાંથી કુચ કરી ગયો, તે દિવસથી મારી પત્ની પાગલ બની ગઇ છે. કેટલાક દિવસ સુધી તો મ્હેં મહાપ્રયત્ને તેને મારી પાસે રાખી, પણ એક દિવસ તે કોણ જાણે ક્યાં ચાલી ગઇ, તેનો પત્તો ન જ મળ્યો. પુત્રના શોકથી મુહ્યમાન થઇ રહેલી એ બિચારી જીવતી હશે કે મરી ગએલી,–તે હું કહી શકતો નથી."

બ્રહ્મચારી વાત કરતાં કરતાં અટક્યો તેની કાતરોક્તિ કુમારનાં અંતઃકરણને ચીરતી હતી. બ્રાહ્મણ થોભ્યો, એટલે કુમારે કહ્યું, " આપ બહુ દિલગીર થતાં જણાવછો."

બ્રહ્મચારીએ પોતાની કથની આગળ ચલાવી–" મારી વાતનો આપે થોડોજ ભાગ સાંભળ્યો છે. મારી કન્યાને પુત્રવધૂ—બને પ્રસ્ફુટિત સોનાનાં કમળ સમાન મારાં સ્વચ્છ નિર્મલ સંસાર સરોવર વિષે પ્રકાશ મારી રહ્યાં હતાં. એક દિવસ અકસ્માત્ તે ડાંડીએથી તૂટી પડયાં ! હાય ! કઇ કુક્ષણે તેઓ કાળસ્વરૂપી કાલાદીધિમાં નહાવા ગયાં; પાછાં ફર્યાંજ નહિ ! ક્યાં પાપે, કોનાં પાપે,–કહી શકશો ?

કુમારે પૂછ્યું, " તેઓ ક્યાં ગયાં ? તેઓ શું પાણીમાં ડુબી ગયાં ? તેઓને શું મગરમચ્છ તાણી ગયો ? "

બ્રહ્મચારી આવેશથી બોલ્યો, " શું થયું, તે કોણ કહી શકે !

પરંતુ તેઓ પાછાં તો નજ ફર્યાં, કેટલીએ શોધખોળ કરી પરંતુ તેઓ ન મળ્યાં. મારો પુત્ર અને જમાઇ તેઓને શોધવા ગયા તે ગયાજ. કોનાં પાપે, ક્યાં પાપથી આ બધું બન્યું ?"

હજુરિયામાંનો એક બોલી ઉઠયો, "આપ શું રૂપનગરના કૃષ્ણનાથરાયની વાત કહો છો ? ઘણા દિવસ પહેલાં તેમનાં કુટુંબપર આવી આફત આવી પડી હતી, એમ મ્હેં મારા પિતાને મ્હોંએ સાંભળ્યું હતું. આપ શું એજ બનાવ વિષે કહો છો ? આપની કન્યા! જમાઇ, પુત્ર, પૂત્રવધૂ, ગૃહિણી,—એમાંનાં કોઇનો પત્તો નથી મળ્યો ? રૂપનગરમાં અત્યારે કોણ છે ?"

બ્રહ્મચારી ઘણોજ વિસ્મય પામી બોલ્યો, "રૂપનગર ? ક્યાં છે રૂપનગર ? રૂપનગરનું તો અત્યારે ચિહ્ન પણ જણાતું નથી! મારાં કુટુંબીમાંનાં દરેક મને તજી ગયાં, તે પછી મ્હેં તેઓની ઘણી શોધ કરી. પરંતુ કેટલાક માસ પછી વિફલ મનોરથ થઇ પાછો આવ્યો, મ્હેં જોયું—ગામનું ચિહ્ન માત્ર નથી. ગામ તો કોણ જાણે ક્યાં ઉડી ગયું છે !"

બધા નવાઇ પામ્યા. અનુપનારાયણે પૂછ્યું, "ગામ ઉડી ગયું' એ આપ શું કહો છો ? આ વાત તે સાચી હોય !"

બીજા હજુરિયા ગૌરીકાન્તે કહ્યું, "બ્રહ્મચારી ગાંડો થઇ ગયો લાગે છે."

બ્રહ્મચારીએ કહ્યું, "ગાંડો ? ગાંડોજ તો! મહારાજ વિશાળ રાજ્યના અધિપતિ છતાં પણ આ સમાચાર જાણતા નથી—તેથીજ હું ગાંડો બન્યો છું ! આપ શું જાણતા નથી કે એકેક રાષ્ટ્રવિપ્લવથી કેટલાં ગામો ઉજ્જડ બની જાય છે ? આપને શું યાદ નથી કે નવાબ મીરકાસમ સાથે અંગ્રેજોને જ્યારે વિવાદ થયો, મીરજાફરે જ્યારે

સૈન્યસહ મીરકાસમ સામે પ્રયાણ કર્યું, ભીષણ ગર્જનાથી મહાસેના જ્યારે ઘેરિયાના રણક્ષેત્ર તરફ દોડી—ત્યારે કેટલાં ગામડાં કેટલાં વસ્તી-ક્ષેત્રો નાશ પામ્યાં હતાં ? રૂપનગર પણ તે વખતેજ નાશ પામ્યું. તીડનાં ટોળાંની માફક જ્યારે સૈનિકો રૂપનગરને રસ્તે નીકળ્યા, ત્યારે રૂપનગરવાસી બાપદાદાનું સ્થાન છોડી નાસી ગયા. સાંભળવા મુજબ સૈન્યનો એક વિભાગ રૂપનગરમાં રહ્યો હતો, તેનું પરિણામ એ આવ્યું કે રૂપનગરનું ચિહ્ન પણ પૃથ્વીપર ન રહ્યું. જો વિશ્વાસ ન આવતો હોય, તે નજરોનજર જૂઓ કે રૂપનગરની શી દશા થઇ છે."

કુમારે કહ્યું, "રૂપનગર ! રૂપનગર શું અત્યારે નથી ? રૂપનગરના રાય ત્યારે ક્યાં છે ?

બ્રહ્મચારી—"રૂપનગરના રાય ? રાય અત્યારે નથી ! જે હતા, તેઓની એ પદવી અત્યારે લોપ પામી છે, રૂપનગર અત્યારે સ્મશાન ભૂમિછે."

અનુપનારાયણે પૂછ્યું, "ત્યારે આપનું જ નામ શું કૃષ્ણ-નાથરાય ?"

બ્રહ્મચારીએ કહ્યુ, "કૃષ્ણનાથરાયનું નામ નાશ પામ્યું છે. હું એ કૃષ્ણનાથરાયનો પ્રેતાત્મા છું. પરંતુ તે વાતમાં માલ નથી. હું મહારાજને જે પૂછવા આવ્યો છું. તેનો જવાબ મહારાજે આપવો જોઇએ."

મહારાજ—" આપ વારંવાર એવો પ્રશ્ન કેમ પૂછોછો ?"

બ્રહ્મચારી—"પ્રાણની જ્વાળાથી ! આ પાપી રાજ્યમાં ન વસ-વાની પ્રતિજ્ઞા લીધી છે માટે ! જે રાજાનું રાજ્ય પાપ પૂર્ણ છે, ત્યાં કોઇ પણ રીતે પ્રજાને શાંતિ મળતી નથી. હું અહર્નિશ અંત-ર્દાહથી દગ્ધ થાઉંછું, તેનું કારણ બીજું શું હોઇ શકે ! મ્હેં પાપનાં

રાજ્યમાં વસવાટ કર્યો હતો, તેથીજ નિશદિન ચિંતાની આગમાં બળું છું. ”

મહારાજે પૂછ્યું, “ આપ શું ઇચ્છો છો ? ”

બ્રહ્મચારી—હું જાણવા ઈચ્છું છું કે આપનાં રાજ્યમાં પાપ છે કે નહિ. જો આપ પાપકર્મના આશ્રયદાતા ન હો, જો આપની ધર્મરક્ષા તરફ દૃષ્ટિ હોય, તો મારે આપના રાજ્યમાં રહેવું છે. ”

બ્રહ્મચારી સાથે કુમારને આ પ્રકારની વાતચીત થતી હતી, તે વખતે રૂદ્રનારાયણ ઠાકુર ત્યાં આવી પહોંચ્યો. ઠાકુર આવ્યા કે તરત કુમારે ઉભા થઇ તેને માન આપ્યું. છેવટે દંડવત્ પ્રણામ કર્યાં. ત્યારબાદ બીજા બધા એ રીતે પ્રણામ કરવા લાગ્યા. ઓરડામાં આવી બ્રહ્મચારીને સંબોધન કરી રૂદ્રનારાયણ ઠાકુરે કહ્યું, “આપજ તે બ્રહ્મચારી ? આપ શું નિષ્પાપ સ્થાન ખોળો છો ? જો આપ બ્રહ્મચારીજ હો તો પછી સ્થાન–અસ્થાનની શી જરૂર છે ? આપની પાસે તો બધાં સ્થાન નિષ્પાપ જ હોઇ શકે ? બ્રહ્મચારી થયા છતાં આપને આવો સંદેહ ઉત્પન્ન થાય છે, તે બહુ નવાઇની વાત છે ? આપ અનાયાસે કોઇ પણ બિલીનાં ઝાડ નીચે રહી શકો છો. ”

બ્રહ્મચારી—“ મારો સંકલ્પ છે કે જે રાજાનાં રાજ્યમાં પાપ છે, તે રાજ્યમાં મારે ન વસવું. ”

રૂદ્રનારાયણ—“ પાપ ક્યાં નથી ? આ કળિયુગમાં આપને પાપ શૂન્ય સ્થાન મળશે ખરૂં ! આપના જેવી ભ્રાન્તિ તો કોઇને નહિ થઇ હોય ! બ્રહ્મચારી થયા છતાં આપને એટલુંએ જ્ઞાન ન થયું ? ”

બ્રહ્મચારી—“ મહારાજ રામકૃષ્ણનાં રાજ્યમાં ત્યારે પાપશૂન્ય જગ્યા નથી ? ”

રૂદ્રનારાયણ—“ તે કેવી રીતે કહી શકું ? ”

બ્રહ્મચારી—"ત્યારે આ રાજ્યમાં મારાથી વસી શકાશે નહિ. જે રાજ્ય પાપ પરિપૂર્ણ હોય, જે રાજ્યના રાજા રાજ્યમાંથી પાપને દૂર કરવા માટે યત્ન ન કરે, તે રાજ્યમાં વસવું નહિ. હું જાઉં છું. એક ક્ષણ પણ નહિ રહું."

બ્રહ્મચારી ઉભો થયો. રૂદ્રનારાયણ ઠાકૂરની પણ એવીજ ઇચ્છા હતી કે ગમે તે રીતે આ ઉન્માદ બ્રાહ્મણને કુમાર પાસેથી ખસેડવો. આથી રૂદ્રનારાયણે કહ્યું, "રાજધાની શું કદીપણ પાપ શૂન્ય હોય? અહીં તો હમેશાં પાપી કાર્યો—પરસ્ત્રી ગમન, નરહત્યા, ચોરી વગેરે બને છે. આપના જેવા માણસને તો જરૂર આ સ્થાન તજવા યોગ્ય છે. નિષ્પાપ સ્થાન જોઇતું હોય તો આપે વનમાંજ રહેવું."

બ્રહ્મચારી નિશ્વાસ નાખી બોલ્યો, "મહારાજ રામકૃષ્ણનાં રાજ્યમાં પણ પાપ! જો એમજ હોય તો ખરેખર મારે વનમાંજ વસવું પડશે."

બ્રહ્મચારી જતો રહ્યો. રૂદ્રનારાયણ ઠાકુરે ઇસારાથી એક નોકરને તે બ્રહ્મચારીની સેવા કરવાનું જણાવ્યું. મહારાજની પાસેથી બ્રહ્મચારીને આશ્રય ન મળ્યો, પણ તેની સેવા—પરિચર્યામાં કંઇ પણ કસર ન થઈ. ત્યારબાદ બહાર નીકળતી વેળા રાજમહેલના રક્ષકને તે કહેતા ગયા કે આવા ગમે તે કોઈ કુમારને ન મળી શકે તે બાબત ખાસ ધ્યાન આપશો."

બ્રહ્મચારી ગયા પછી રૂદ્રનારાયણ ઠાકુર પણ ચાલ્યા ગયા. સભા બરખાસ્ત થઇ. કુમાર રામકૃષ્ણને કોઈ પણ વાત ન ગમી. ફક્ત વખતોવખત વિદ્યુલ્લતી માફક તેના મનમાં ચમકારા થવા લાગ્યા કે "ત્યારે શું મારૂં રાજ્ય પણ પાપ પરિપૂર્ણ છે? શું હું પણ મારાં રાજ્યમાંથી પાપને દૂર નહિ કરી શકું?"



"એકાએક નદીના પેલે પારથી શબ્દ આવ્યો, "મહારાજ! ધર્મની રક્ષા કરો! મહારાજ—ધર્મની રક્ષા કરો!" પૃષ્ઠ ૨૦૭

A 2638–Lakshmi Art, Bombay, 8.

દશમ પરિચ્છેદ.

—!o:—

" ધર્મનું રક્ષણ કરો ! "

આ રાજ્યમાંથી કેવી રીતે પાપ દૂર થાય ? હું મારો ધર્મ કેવી રીતે પાળી શકું ? અત્યાચારીનો અત્યાચાર અટકાવવાને તો હું સદા તેયાર રહું છું સાધુનું સન્માન જાળવવા, ધર્મની મર્યાદા રક્ષવા મ્હેં કદી પણ આનાકાની કરી નથી ! તો પછી મારા રાજ્યમાં પાપ કેમ ?

સંધ્યાકાળે હવા ખાવા જતાં, નારદ–નદ પર હોડીમાં બેસી કુમાર રામકૃષ્ણ આ એકજ ચિંતામાં મશગૂલ બની ગયેલ છે. આજે તેના હજુરીયામાંનું કોઇ સાથે નથી. તે એકલા જ ફરવા નીકળેલ છે. નારદ-નદમાં નોકા મંદગતિથી ચાલી જાય છે. નૌકાપર બેસી કુમાર એક ચિત્તે વિચારે છે, " હું શું ધર્મનું રક્ષણ ન કરી શકું ? હું શું પાપને દંડ આપવાને સમર્થ નહિ થાઉં ? "

એકાએક નદીના પેલે પારથી શબ્દ આવ્યો, " મહારાજ ! ધર્મની રક્ષા કરો ! મહારાજ–ધર્મની રક્ષા કરો ! "

શબ્દ વજ્રધ્વનિ માફક કુમારના કાનોમાં પેઠો. કુમાર જોવા લાગ્યો—એક યુવાન પુરૂષ નોકાની સાથે સાથે દોડે છે, અને કિનારાને કંપાવતો કંપાવતો મહારાજ ! ધર્મની રક્ષા કરો ! એવો પોકાર કર્યા કરે છે.

કુમારે નોકાને કિનારે લાંગરવાની આજ્ઞા આપી. માછીઓએ નોકા લાંગરી. પેલો યુવાન જેમ જેમ નોકા કિનારે આવતી ગઇ,

તેમ તેમ વધુ વધુ ઘાંટા પાડવા લાગ્યો. કુમારે પૂછ્યું—"શું છે? શું કહેવા ઇચ્છો છો?"

યુવકે કહ્યું, "મારૂં સત્યાનાશ વળ્યું. મારી જાતિ, મારો ધર્મ જવા બેઠો છે. આપ રાજા છો, મને બચાવો."

રામકૃષ્ણ—"તમારૂં રહેઠાણ ક્યાં છે?"

યુવક—"મારૂં રહેઠાણ ક્યાંએ નથી. આજ કેટલાંક વરસ થયાં હું રસ્તાપર ભટકતો ભિખારી બની ગયો છું. પ્રથમ રહેઠાણ હતું ખરૂં, પરંતુ અત્યારે નથી."

રામકૃષ્ણ—"શું કોઇએ આપનાં રહેઠાણનો નાશ કર્યો છે? કોણે એવો અત્યાચાર કર્યો?"

યુવક—"કોણે અત્યાચાર કર્યો, એ તો કેમ કહી શકું! મ્હેં ઘેર જઇ જોયું તો મારૂં ઘર ગૂમ થઈ ગયું છે, મારાં માબાપ ગૂમ થઇ ગયાં છે; મારો એક વહાલો ભાઈ હતો તે પણ મને ન મળ્યો!"

રામકૃષ્ણ—"આપ ક્યાં ગયા હતા? આપે ક્યાંથી આવી આ બનાવ જોયો?"

યુવક—"તે વાત બહુ લાંબી છે. એટલું બધું સાંભળતાં આપને કંટાળો ઉપજશે. અત્યારે તો હું જે વિનંતિ કરૂં તે પૂરૂં કરો. મારી જાતિને ધર્મનું રક્ષણ કરો.

રામકૃષ્ણ—"આપને શું થયું છે. તે કહો. જો તમારી માગણી મારાથી પૂરી કરી શકાશે તો જરૂર પૂરી કરીશ."

યુવક—"આપ રાજા છો, આપ ધાર્મિક છો. તેથી આજ આપને શરણે આવ્યો છું. મારી સ્ત્રી અને બહેન બંને સંધ્યાકાળ વખતે ગામ બહાર આવેલી તળાવડીમાં નહાવા ગઇ હતી. તે બંનેને

મુસલમાન સૈનિકો આવી લઈ ગયા છે. મ્હેં ઘણી શોધ કરી પણ પત્તો ન મળ્યો. આપ જો મને સહાય કરો તો તેઓ બિચારી છૂટે અને એ નરપિશાચોને સજા થઈ શકે.”

રામકૃષ્ણ—“આ બનાવ ક્યારે બન્યો છે? શું કરવાથી તેનો ઉદ્ધાર થાય તેમ છે?”

યુવક—“મહારાજ! એ ઘણા દિવસની વાત છે. આજ કેટલાક વર્ષો થયાં હું તેની શોધ માટે દેશોદેશ, ગામેગામ અને જંગલેજંગલ રખડું છું. ભૂખ, તૃષાને દૂર કરી આહાર-નિંદ્રાનો ત્યાગ કરી રાત-દહાડો મ્હેં શોધખોળ કરી છે. જ્યારે હું ઘેરથી નીકળ્યો ત્યારે મારી સાથે એક બીજો માણસ પણ હતો, તે પણ મારી છાયાની માફક મારી સાથેને સાથે રહ્યો હતો. પરંતુ એક દિવસ મ્હેં પાછુંવાળી જોયું તો જણાયું કે તે મારી સાથે નથી. તે ક્યાં ગયો, તે બાબત મ્હેં બહુ તપાસ કરી પરંતુ પત્તો ન લાગ્યો.”

મહારાજે તેને અટકાવી કહ્યું, “હવે મારે શું કરવાનું છે તે કહો!”

યુવક—“મારી સ્ત્રી અને બહેનને છોડાવવી પડશે. પાપીને દંડ આપવો પડશે, અને ધર્મનું રક્ષણ કરવું પડશે.”

રામકૃષ્ણ—“આપની સ્ત્રીને બ્હેન અત્યારે ક્યાં છે, તે બાબત આપને ખબર મળી છે?”

યુવક—“કેટલાંય વર્ષ ભટક્યાબાદ આજ ત્રણ દિવસ થયાં તેનો પત્તો મળ્યો છે. અહા! અત્યારે તેઓ કેવું દુઃખ વેઠે છે! મહારાજ! નરરાક્ષસ મુસલમાન સૈનિકો મારી બહેનને સ્ત્રીને પકડી ગયા છે, તેને બંદીખાનામાં રાખી છે અને બહુજ પીડા આપે છે. મહારાજ! મને ખબર મળી છે કે તેઓ બંને અનાહારે મૃતપ્રાયઃ

થઇ રહી છે. વખતોવખત મુસલમાનો તેને કેટલીએ બ્હીક બતાવે છે. તેઓ બિચારી રડી રડીને પૃથ્વી પલાળી નાખે છે. માહારાજ! હવે સહન થતું નથી. આપ ચાલો, તેઓને બચાવો. હજુ પણ તેઓ મુર્શિદાબાદમાં છે, મને ખબર મળી છે કે આવતા મંગળવારે તેઓને કલકત્તા હેસ્ટિંગ્સ સાહેબને ઇનામ દાખલ મોકલવામાં આવશે."

મહારાજે ઉત્તર આપ્યો, "નવાબને આ બાબતમાં કેમ ન જણાવ્યું? નવાબના રાજ્યમાં, કુંપનીના શાસનતળેના પ્રદેશમાં હું શું કરી શકીશ?"

યુવક—"આપ શું કરી શકશો? આપ સતી-શિરોમણિ પુણ્યમયી મહારાણી ભવાનીના સિંહાસનપર બેઠા છો! આપની આંખ સમક્ષ શું એ સતી સ્ત્રીઓનું સતીત્વ નષ્ટ થશે? આપ શું તેનું રક્ષણ નહિ કરી શકો? ત્યારે તેનું રક્ષણ કોણ કરી શકશે? હું કોની પાસે જાઉં? હું દૂરથી આપનું નામ સાંભળતો આવ્યો છું, આપ રક્ષણ નહિ કરો તો કોણ કરશે? મહારાજ! ધર્મ જાય છે. માન જાય છે, પ્રાણ જાય છે, રક્ષા કરો. હિંદુનો ધર્મ હિન્દ નહિ રાખે તો પછી કોણ રાખશે?"

યુવકનાં વાક્યોથી મહારાજનું અંતઃકરણ દયાથી પીગળ્યું મહારાજે કહ્યું, "આપ મારી નૌકામાં આવો આપનું કહેવું સાંભળી જે યોગ્ય લાગશે, તે હું કરીશ આપ શાંત થાઓ. મારી શક્તિ મુજબ હું બધા પ્રયત્નો કરી ચૂકીશ."

યુવકે કહ્યું,—"મહારાજ! વખત લાગશે તો પછી તેનો પત્તો જ નહિ લાગે."

મહારાજ—" જેમ બને તેમ જલદી તમારૂં કામ પૂર્ણ થશે. મારી સાથે ચાલો."

યુવક નૌકાપર આવ્યો. નાવિકો નવાઈ પામ્યા. તેઓ વિચારવા લાગ્યા, "આ યુવક કોણ હશે! ખરસટવા વાળો, મેલાં કપડાંવાળો, ચંચળ દૃષ્ટિવાળો, ચિંતાક્લિષ્ટ વદનવાળો આ યુવક તે કોણ? તેની આકૃતિ ગૃહસ્થના જેવી, છતાં વેશ ગંદો હતો, યુવકે એકજ વસ્ત્ર પહેર્યું હતું; બધું અંગ ધૂળથી છવાઈ ગયું હતું; માથાના વાળમાંથી ધૂળ ઉડતી હતી; "આ યુવક કોણ!" એ મલિનવેશધારી યુવકને મહારાજે આદરપૂર્વક પોતાની નૌકા પર લીધો. નૌકા રાજધાની તરફ ચાલી. નૌકાની ઉતાવળી ગતિને લીધે પાણીમાં જળકલ્લોલ ઉઠયો તેમાં પ્રશ્ન પૂછાવા લાગ્યો કે "આ યુવક કોણ!"

નૌકાપર આવ્યાબાદ યુવકે પોતાની મર્મભેદી કહેણી મહારાજને કહી સંભળાવી. કહેતાં કહેતાં તેનું ગળું રૂંધાવા લાગ્યું, આંખમાંથી આંસુની રેલ ચાલવા લાગી, કુમારનું હૃદય શોકથી પ્રિયમાણ થઈ ગયું. તેણે મનમાં પ્રતિજ્ઞા કરી, "ગમે તેમ થાય પણ એ બે બ્રાહ્મણકન્યાને છોડાવી પાપીઓને દંડ આપીશ."

એકાદશ પરિચ્છેદ.

ખોટા માગે.

"Out of breath to no purpose,
and very busy about nothing"
—Addison.

યુવકને સાથે લઇ, સંધ્યાકાળ વખતે, મહારાજ રાજધાનીમાં પાછા આવ્યા, રાજધાનીમાં આવ્યા પછી તરતજ તેમણે રૂદ્રનારાયણ ઠાકુર સાથે મેળાપ કર્યો. બંનેએ ઘણીવાર સુધી વાતચીત કરી. બધી વાત જાણ્યા પછી એ બધું અલૌકિક જણાવા લાગ્યું; આથી રૂદ્રનારાયણ તો એ બધી વાતને ઉડાવી દેવાનો પ્રયત્ન કરવા લાગ્યા. વળી આટલા વખત પછી પણ એ યુવતીઓ હયાત હોય, તો પણ તેને છોડાવવી મુશ્કેલ છે એમ તે કહેવા લાગ્યા. તેઓ મુસલમાનના હાથમાં પડી છે તો પછી આટલા દિવસો સુધી તેણે ધર્મ ટકાવી રાખ્યો હોય, એ પણ અસંભવિત વાત છે, એમ સમજાવી તેઓ મહારાજને આ વાત હાથમાં નજ લેવાને સમજાવવા લાગ્યા. પરંતુ પેલા યુવકના વચનોથી મહારાજને એટલી તો અસર થઇ હતી કે રૂદ્રનારાયણની ઇચ્છાવિરૂદ્ધ પણ તેમણે પોતાની વાત ન છોડી. તે વિનીત સ્વરે રૂદ્રનારાયણ ઠાકુરને આ કામનું મહત્વ સમજાવવા લાગ્યા.

કોઇ પણ બાબતમાં આટલો બધો આગ્રહ કુમાર કદી કરતા

નહિ. આથી કુમારને ખુશી કરવા ખાતર અનિચ્છા છતાં તેમણે કુમારના અભિપ્રાયને સંમતિ આપી. તોપણ તેમણે પ્રથમ સમજાવ્યું કે આ કામમાં કુમારને પોતાને તસ્દી લેવાની કશી જરૂર નથી; નવાબની પાસે માણસ મોકલી અગર જરૂર પડશે તો હું પોતે જઈ તે બંનેને મુક્ત કરાવીશ. પરંતુ કુમારનું મન તેથી શાંત થયું નહિ, કુમારે કહ્યું "યુવક જે કહે છે, તેમાં અવિશ્વાસ રાખવા જેવું કશું નથી. ફળ સારૂં આવો કે બૂરૂં. પણ આ બાબતમાં આપણે જીવ સટોસટ ઝુઝવું જ જોઇએ. મારી ખાસ ઇચ્છા છે કે આપ મને અનુમતિ આપો. હું સવારમાંજ મુર્શિદાબાદ જાઉં. ત્યાં બડનગરમાં મા છે, આપના પિતૃદેવ પણ છે; તેની સાથે વાતચીત કરી કાર્ય પાર પાડી શકીશ. મારી વિનંતિ છે કે આ શુભ સંકલ્પમાં આપ મને સહાય કરો."

રૂદ્રનારાયણ ઠાકુર મનમાં વિચારવા લાગ્યાઃ—"એકાએક રાજધાની છોડવી એ યોગ્ય નથી. વળી પ્રકૃત તથ્ય ન જાણતાં, એક અજ્ઞાન માણસનાં વાક્યપર આધાર રાખી નાટોરના અધિપતિએ નવાબના દરબારમાં જવું યોગ્ય નથી." રૂદ્રનારાયણ ઠાકુર વિચાર કર્યાબાદ બોલ્યા, " વારૂ, જો જવુંજ હોય, તો પછી સારો દિવસ જોઇ લો. હું હમણાં જ જ્યોતિષીને બોલાવી સારૂં મુહૂર્ત્ત જોવરાવું છું આવી મુસાફરીમાં શુભ લગ્ન જોવું અગત્યનું છે."

કુમાર આ વાતમાં આનાકાની કરી શકયા નહિ. રૂદ્રનારાયણ ઠાકુર જયોતિષીને બોલાવી સારો દિવસ જોવરાવવાની ઉતાવળ કરવા લાગ્યા. કુમાર શાંત થઇ મહેલ ભણી ચાલ્યા. સારો દિવસ જોવડાવી રાત્રેજ કુમારને જણાવવાનું હતું. રૂદ્રનારાયણ ઠાકુરે જ્યોતિષીને બોલાવી ચાર દિવસ પછીનો દિવસ નક્કી કરાવી લીધો. અને બે વિશ્વાસુ

માણસોને મોકલી મુર્શિદાબાદમાં પેલી બે યુવતીઓની શોધ કરાવવી શરૂ કરી. તે દરમિયાન નાટોરમાંજ પેલા યુવકને રહેવાનું ઠર્યું:

રૂદ્રનારાયણ ઠાકુર સાથે વાત કરી કુમાર જોવા મહેલમાં પ્રવેશ કરવા જાય છે. તે વખતે ફરી કાલીશંકર સાથે મેળાપ થયો, કાલીશંકર ઘણીવાર થયાં કુમારની રાહ જોતો હતો. પરંતુ કુમારને તે ભાવ તેણે જણાવા દીધો નહિ. કાદિહાટી અને ભૂષણા પરગણાના બંદોબસ્ત સંબંધમાં સવારે કુમારની સાથે તેને જે વાતચીત થઇ હતી, તે બાબત વાતચીત કરવા તે અત્યારે આવ્યો હતો; છતાં તે બાબતમાં તે નિઃસ્વાર્થ છે, તેવું દેખાડવા તે પ્રથમ તો આડી વાત કાઢવા લાગ્યો. પરંતુ કુમાર ને તો કાલીશંકરને જોતાંજ એ વાત સાંભળી આવી. દિવાનજીનાં દફતરમાં શોધ કરતાં પણ એ બે પરગણાના ગેરબંદોબસ્તની બાબતમાં બધી ખબર પડી હતી. આથી પોતાની મેળેજ કાલીશંકરને વાતચીત કરવા ખાનગી ઓરડામાં આવવાનું કહ્યું. ઘણીવાર સુધી મસલત ચાલી. કુમાર સમજી ગયા કે એ બે પરગણાંનો બંદોબસ્ત જાળવવો હોય તો ત્યાં એક વિશ્વાસુ અમલદારને મોકલવાની જરૂર છે, પરંતુ કુમારને એવા વિશ્વાસુ માણસની શોધ લાગી નહોતી. રૂદ્રનારાયણ ઠાકુર સાથે એ બાબતની મસલત કરવાનું તો ભૂલી જવાયું હતું; કાલીશંકરની પણ તેમ કરવાની મરજી નહોતી. કુમારે કાલીશંકરને કહ્યું:—"ભાઇ, મને તો કોઈ વિશ્વાસુમાણસ મળતો નથી. ઠાકુર મહાશયને જણાવ્યા વિના કોઈ પણ પ્રકારનો બંદોબસ્ત કરી શકાય તેમ નથી." કાલીશંકરે કહ્યું, "વિશ્વાસુ માણસ નથી મળતો? વિશ્વાસુ માણસનો ક્યાં તોટો છે? મારા જેવો ક્ષુદ્રમાં ક્ષુદ્ર માણસ પણ આપનું એ કાર્ય કરવાને સમર્થ છે."

કુમારના મનમાં પણ એજ વિચાર આવ્યો તેને વારંવાર એજ વિચાર આવવા લાગ્યો. કાલીશંકરનો જવાબ સાંભળી કુમારને ઉત્સાહ ઉત્પન્ન થયો, કુમારે કહ્યું, "ભાઇ, જો તમેજ જાઓ, તો પછી કહેવું જ શું ? પરંતુ રૂદ્રનારાયણ ઠાકુરને આ બાબતમાં જણાવું તો કશી અડચણ છે ?"

કાલીશંકર—"મારા મત મુજબ હમણાં તેમને કશું કહેવાની જરૂર નથી. જો કંઇ કામ કહી શકીએ તો જણાવીએ તો ઠીક ગણાય. અત્યારે તો માત્ર દિવાનજીને જણાવશો તો બસ, પ્રથમ કામ પછી બીજી વાત."

કુમારે પ્રથમ મનમાં વિચાર કરી પછી કહ્યું, "વારૂ, તેમજ કરીએ. કાલે જ તમને રવાના કરવાની વ્યવસ્થા કરીશ."

વાત કહેતાં તો કરાઇ ગઇ, પણ મનમાં કંઇનું કંઇ થઇ ગયું. ઠાકુર મહાશય વિપત્તિમાં, સંપત્તિમાં બધા વિષયોમાં સર્વોપરિ સત્તા ચલાવતા હતા. નાટોર રાજ્યના તેજ સુકાની હતા. તેને ન જણાવતાં, તેનાથી છૂપી રીતે કાલીશંકરને અમુક જિલ્લામાં મોકલવો એ શું સારૂં કાર્ય કહેવાય ? કુમારના મનમાં આ સંદેહ વારંવાર ઉત્પન્ન થવા લાગ્યો. પરંતુ એ સંદેહ વધુવાર ટક્યો નહિ. કુમારે પોતાની મેળે એ સંદેહનો ખુલાસો કરી લીધો:—"જ્યારે કાલીશંકરને મોકલવાનું વચન આપ્યું છે, ત્યારે પછી વધુ વિચારવાથી શો લાભ ? હવે જો ઠાકુર મહાશયને જણાવવા જઇશ તો તેઓ કદાચ આનાકાની કરે તો મારે વચનભંગ થવું પડે, માટે અત્યારે તો જેમ ધાર્યું છે તેમ છૂપી રીતે કાર્ય કરવું, એજ સારૂં છે."

સંતલસ પુરી થઈ. કાલીશંકર પ્રથમ કાદિહાટી પરગણામાં જવા તૈયાર થયો.

કાલીશંકરને વિદાય કર્યાબાદ કુમાર મહેલમાં ગયા, એ વખતે રૂદ્રનારાયણ ઠાકુર પાસે મુર્શિદાબાદ જવાનો દિવસ નક્કી થઈ આવ્યો. મંગળવારે બપોરે સારૂં મુહૂર્ત હોવાથી મુસાફરી કરવી એવું કહેણુ આવ્યું હતું. વળી જણાવ્યું હતું કે " આજે જે એક વિશ્વાસુ માણુસને મુર્શિદાબાદ રવાના કરૂં છું. તે પ્રથમ જઈ શોધખોળ કરશે. જરૂર પડશે તો મારા પિતા ચંદ્રનારાયણ ઠાકુર પણ તેને મદદ કરશે."

હજુ પણ ચાર દિવસ રાહ જોવી પડશે! કુમારે વિચાર્યું; " યુવકે જે કહ્યું છે, તે જો ખરૂં હોય, તો પછી હું મુર્શિદાબાદ જઈશ, તોપણ કશું નહિ વળે." વળી બીજો વિચાર આવ્યો કે:—"પરંતુ અશુભ ક્ષણમાં મુસાફરી પણ શી રીતે થઈ શકે! માટે આ બાબતમાં જે વ્યવસ્થા થઈ છે તેજ ઉત્તમ છે, તેની વિરૂદ્ધ જવું યોગ્ય નથી. પરંતુ હું મુર્શિદાબાદ જાઉં તે પહેલાં એ બંને યુવતિને કલકત્તા રવાના ન કરવામાં આવે, એવી તજવીજ કરવી જોઈએ. એ વ્યવસ્થા ઠાકુર મહાશયનો વિશ્વાસુ અમલદાર કરશે, તેમાં શક નથી. તોપણ મારે એ વાત તેને સંભારી આપવી જોઈએ." એમ કહી કુમાર પાછા રૂદ્રનારાયણ ઠાકુરની સાથે મેળાપ કરવા ગયા.

દ્વાદશ પરિચ્છેદ.

સંકલ્પ સિદ્ધીનો પ્રયત્ન.

"　　　　　on, Ye brave
Who rush to glory, or the grave!"
—Champbell.

ચિંતાના ઉદ્દામ તરંગોથી કુમારનું હૃદય ઉછળવા લાગ્યું છે. આજે સંસારની કોઇ પણ સામગ્રી તેનાં ચિત્તને શાંત કરી શકતી નથી. એટલુંજ નહિ પણ સુંદરી–જે સુંદરીને જોતાં કુમાર તન્મય બની જતા-તે સુંદરી પણ આજે તેનાં ચંચળ ચિત્તને સ્થિર કરવાને સમર્થ ન થઈ.

કુમાર આજે આટલા બધા ચિંતાતુર કેમ? સુંદરી પાસે છે, સુંદરીના વીણા જેવા કંઠમાંથી વીણાના ધ્વનિનો ઝંકાર મચી રહ્યો છે;–તો પણ કુમાનું ચિત્ત ચંચળ કેમ?

અનેક ક્ષણ પછી સુંદરીએ પૂછ્યું, "પ્રાણેશ્વર! આજે આપને આટલા બધા દીલગીર કેમ જોઉંછું?" સુંદરીના મનમાં આવ્યું કે મ્હેં કદાચ તેમનો મોટો અપરાધ કર્યો હશે, કંઇ પણ ભૂલ કરી હશે, તેથી તે અતિ સંકોચ પામી બોલી–"નાથ દાસીએ કંઈ ભૂલતો નથી કરીને?"

કુમાર ચિંતાતુર હતા. પ્રથમ તો સુંદરીનાં વચનો કાનમાં પેઠાં છતાં હૃદયપર પ્રતિઘાત કર્યા વિના પાછાં વળ્યાં. પરંતુ જ્યારે સુંદરિએ બીજીવાર કહ્યું કે "પ્રાણનાથ! દાસીએ કંઇ ભૂલ કરી છે કે નહિ?"

ત્યારે કુમારનાં હૃદયને બહુ આઘાત થયો. તેણે વ્યથિત સ્વરે કહ્યું, " સુંદરિ! એવી વાત કેમ કહે છે! હું તો તારો અનુરક્ત છું."

સુંદરીને જણાયું કે મ્હેં પ્રશ્ન પૂછ્યો, એ ઠીક કર્યું નથી. તેથી તે અતિશય નમ્રભાવે બોલી " નાથ! માફ કરો, આપને દીલગીર જોઇને મ્હેં એવો પ્રશ્ન પૂછયો હતો. આપ આટલા બધા દીલગીર શામાટે છો?"

કુમાર ઉદ્વેગપૂર્વક બોલ્યા—"સુંદરિ, શું કહું? શું ઉત્તર આપું? તને છોડી જવું પડશે. તેથી—"

કુમારનો અવાજ રૂંધાઇ ગયો. સુંદરીને લાગ્યું કે આના કરતાં તો વજ્રપાત થયો હોત તો સારૂં. સુંદરી વ્યાકૂળ થઇ બોલી " મને તજી જશો! ક્યાં જશો? મારા પ્રાણ છે ત્યાં સૂધી જઇ શકશો નહિ." સુંદરીએ પોતાના કમલસમાન હાથ કુમારના પગપર મૂક્યા.

કુમારે ગળગળા અવાજે કહ્યું, " સુંદરિ! હું શું ઇચ્છાપૂર્વક તને તજી જાઉં છું? ભારે સંકટમાં ફસ્યો છું, ઉપાય નથી; તેથી—"

" ભારે સંકટ!" સુંદરીના કાનમાં વળી નવીન ભાલું ભોંકાયું. સુંદરીનું શરીર કાંપવા લાગ્યું. સુંદરીએ કંપતા કંઠે પૂછ્યું,—" સંકટની વાત શું કહો છો? હું કશું સમજી શકતી નથી. આ અભાગણીનું ભાગ્ય મંદ છે, તેથી શું આ અભાગણીના સબબે તો એ સંકટ નથી આવી પડયું? એવું તે શું સંકટ છે કે મને છોડી જવું પડશે! ત્યારે શું મારૂં મરણ થાય, તો આપનું એ સંકટ જાય ખરૂં?"

સુંદરી બહુ ઉતાવળી થઇ છે એમ જાણી કુમાર તેને સમજાવવા લાગ્યા, " સુંદરિ! તું શા માટે એવું ધારે છે? તું શા માટે આકળી થાય છે? તારો શો દોષ છે! તું શા માટે નકામો શોક કરી જીવ બાળે છે?"

સુંદરી—"ત્યારે શા માટે મને છોડી જશો ? એવું શું સંકટ આવી પડયું છે કે મને છોડયા સિવાય એ સંકટ દૂર ન થાય ?"

કુમાર—"એક ખાસ કામ સબબ થોડા રોજ મારે બીજે સ્થળે જવું પડશે. તે દરમિયાન હું તને મળી શકીશ નહિ. તેથી બહુ વિ-ચારમાં પડયો છું-હું તારા વિના કેવી રીતે રહી શકીશ !"

સુંદરીએ આગ્રહપૂર્વક પૂછયું, "ક્યાં જશો ? શા માટે જશો ? આ દાસી શું એ બધું જાણવાને અધિકારી નથી !"

કુમાર—"મારા પ્રાણ-મારાં હૃદય ! તારાથી છૂપી વાત તે કઇ હોઇ શકે ? હું તને જણાવ્યા સિવાય કશું કરૂં છું ખરો ? તને જ-ણાવવા માટેજ-તારી સલાહ લેવા માટેજ મ્હેં આ વાત ઉપાડી છે."

સુંદરી—"ત્યારે પછી બોલવામાં આટલો બધો સંકોચ કેમ રાખો છો ? હૃદય આટલું બધું ઉદ્વેગ કેમ પામે છે ?"

કુમાર—"હૃદયમાં ઉદ્વેગ કેમ છે, તે શું ભાષાથી સમજાવી શ-કાય ખરૂં ! સાંભળો છો સુંદરિ ! જ્યારે મારૂં ને તારૂં પ્રથમ શુભ મિ-લન થયું ત્યારથીજ આપણા પ્રાણ એક થયા છે, ત્યારથી અત્યાર સુધી આપણે ચકોર-ચકોરીની માફક એક બીજાનાં મુખ સામે જોઇ દિવસો ગાળતાં આવ્યાં છીએ. હવે એકાએક એ મિલનમાં વિચ્છેદ થશે. બે દિવસ માટે હો કે અમુક ક્ષણ માટે હો પણ એ મિલનમાં વિચ્છેદ તો થવાનોજ એ વિચ્છેદનું સ્મરણ કરતાં પ્રાણ વિદીર્ણ થઇ જાય છે, સુંદરિ-છતાં તું પૂછે છે કે પ્રાણ ઉદ્વેગમાં શા માટે ?"

સુંદરી—"ત્યારે શા માટે આ મિલન છિન્ન કરવા તૈયાર થયા છો ? તો પછી મને છોડી જવાનું કારણ શું છે ? હું આપને નહિ જવા દઉં, હું તમને નહિ છોડું"

સુંદરીએ પતિનાં ચરણુ યુગલ છાતીપર ધારણ કર્યાં. તે કરુણ અવાજે બોલી–" મને તજી ક્યાં જશો ? હું આપને ક્યાંએ જવા નહિ દઉં. "

કુમાર—" સુંદરિ ! હું શું ઇચ્છાપૂર્વક વને તજી જાઉં છું ? કર્તવ્ય મને પરાણે તાણી જાય છે. ધર્મ મને ભેરી સ્વરે બોલાવે છે. "

સુંદરી—"આપ આ શું બોલોછો ? હું તો કશું સમજી શકતી નથી. આપના કર્ત્તવ્ય પથમાં, આપના ધર્મ-માર્ગમાં આ દાસી છાયાની માફક અનુગામિની થવાને અધિકારી નથી કે ? તો પછી આપ મને તજી જવાનો વિચાર શા માટે કરો છો ? આપ ગમે ત્યાં જાઓ, ગમે ત્યાં રહો, હું તો આપની સાથેજ રહીશ. "

કુમાર—"સાથે રાખવાની સગવડ હોત, તો હું કદી પણ એ સગવડ ગુમાવત કે ? તારા સિવાય એક ક્ષણ રહેવાં પણ મારો પ્રાણ મુંઝાય છે. તો પછી આ કાર્યમાં તો તારા સિવાય મારે કેટલા દહાડા વિતાડવા પડશે તે નક્કી નથી, તો પછી મને શું નહિ થતું હોય ! પરંતુ કર્તવ્ય બજાવવામાં સ્વધર્મ પાળવામાં બીજો ઉપાય નથી."

સુંદરી—"કર્તવ્ય ને ધર્મ બજાવવામાં શું સહધર્મિણીનો ત્યાગ કરવો પડશે ! એવું તે શું કર્તવ્ય છે કે જેમાં સહધર્મિણીને તજવી પડે, આ દાસી એ જાણવાને અધિકારી છે કે ? નાથ ! પ્રાણ બહુ વ્યાકૂળ થયો છે; જો અડચણ ન હોય તો મને બધી વાત સમજાવો."

કુમાર—"સુંદરિ ! સમજાવવા જેવું કશું નથી. તું જો એક વખતે એ વાત સાંભળે તો પછી તારૂં હૃદય પણ બીનું થયા સિવાય રહેજ નહિ. તું હિંદુનારી છે; સતીનું મહાત્મ્ય તારી રગેરગમાં પ્રવેશી રહ્યું છે. તું રાજાની રાણી છે; રાજાનો રાજધર્મ પણ તું હૃદયે

હૃદય અનુભવ કરી શકી છે. વારૂ, તનેજ પૂછું, તું જવાબ આપ જોઉં–આ વખતે મારૂં કર્તવ્ય શું છે. આ વખતે મારો ધર્મ શો છે? એ હિંદુ સ્ત્રી–એક ગરીબ બ્રાહ્મણની સ્ત્રીનેબહેન–મુસલમાન સૈનિકોની ખટપટથી કારાગૃહમાં છે. પાખંડી મુસલમાન સૈનિકો એ એ સ્ત્રીઓનું સતીત્વધન લૂટવા પ્રયત્ન કરે છે. જો વધુ બે દિવસની વાર લાગશે, તો એ અભાગણીઓનું સત્યાનાશ વળશે. હું રાજા છું, મારી પાસે એ સમાચાર આવ્યા છે! હવે મારે શું કરવું? આ વખતે મારૂં કર્તવ્ય શું?"

સુંદરિ સિંહણની માફક ગર્જના કરી બોલી–" કર્તવ્ય? મહારાજ! પૂછોછો કે કર્તવ્ય શું? આ બાબત કર્તવ્ય તે કહેવાતું હોય કર્તવ્ય એજ કે પ્રાણ આપીને પણ સતી સ્ત્રીને છોડાવવી."

સુંદરિ! સુંદરિ! તુ શું એજ સુંદરી છે? તુ તો કમનીયતામાં નવનીત સમાન છે. સ્નિગ્ધ શાંત જ્યોત્સના જેવી છે, મર્ત્ય લોકમાંની મંદાકિનીની સ્નેહમય ધારા છે! તારૂં આ કેવું પરિવર્તન? અત્યારે તો તું વજ્રસમાન કઠોર જણાય છે! મધ્યાન્હના સૂર્યસમાન તેજસ્વી જણાય છે! આગ્નેય ગિરિના અનલ પ્રવાહ સમાન ઉત્તપ્ત જણાય છે! બહુ નવાઇ જેવું પરિવર્તન!

કુમાર જોઈ રહ્યા—સુંદરીની બે આંખો જાણે સળગી ઉઠી છે! મ્હોં લાલરંગથી રંગાઇ ગયું છે, ભુવન મોહિની જાણે ખર્પરધારણી સંહારિણીનીમૂર્તિ ધારણ કરી રહી છે.

કુમારનાં હૃદયમાં ઉદ્દીપનાનો અગ્નિ સળગ્યો. સુંદરીના જવાબ સાથેજ તે બોલી ઉઠયા–" સુંદરિ! તું ખરૂં કહે છે. સતી રમણીના ઉદ્ધાર માટે જીવતોડ પ્રયત્ન કરવો એજ કર્તવ્ય છે."

સતી સ્ત્રીના ઉદ્ધાર માટે પતિ જીવતોડ મહેનત કરવા બંધાયા છે, એ જોઇ સુંદરી બોલી–" આપનો શુભ સંકલ્પ સિદ્ધ થાઓ. હું ભગવાન પાસે મન, વાણીને કર્મથી એજ પ્રાર્થના કરૂં છું."

ત્યારબાદ સુંદરીએ પૂછ્યું–" બ્રાહ્મણની દીકરીઓ ક્યાં કેદમાં છે? તેને છોડાવવા માટે આપને જાતે જવાની શી જરૂર છે?"

કુમાર—"તે મુર્શિદાબાદમાં છે, નવાબના કારાગૃહમાં છે. જોર જુલમથી તેને છોડાવી શકાય તેમ નથી. હું જાતે જઇ નવાબને મળીશ, મારી માગણીથી કદાચ નવાબ તેને છોડી દે. તેથી હું જાતેજ મુર્શિદાબાદ જવાનો છું."

સુંદરી—"જો નવાબ આપની વાત ન માને તો! આપની માગણી ન સ્વીકારે તો!"

કુમાર—"ભગવાને જે લખ્યું હશે તે થશે. ઇશ્વર ન કરે, પણ તેમ થશે તો નવાબ સાથે વિરોધ ઉપસ્થિત થશે."

સુંદરીના પ્રાણ કંપવા લાગ્યા, સુંદરીએ કહ્યું, "નવાબની સાથે વિરોધ કરશો?"

કુમાર—"તે સિવાય બીજો શો ઉપાય."

સુંદરી—"નવાબની સાથે વિરોધ કરવાની વાતથી શરીર કંપે છે."

કુમાર—"સુંદરિ–હવે નવાબની શક્તિ નથી. કંપનીની પાસે નવાબના હાથ પગ બંધાયેલા છે. નવાબ જો મારી પ્રાર્થના નહિ સાંભળે, તો હું કંપનીના અમલદારોની સહાયતા લેવાનો યત્ન કરીશ.!"

સુંદરી—"તે કેવી રીતે?"

કુમાર—"મને ખબર મળ્યા છે કે નવાબ એ બંને સ્ત્રીઓને કલકત્તા મોકલશે. હેસ્ટિંગ્સ સાહેબ અત્યારે કંપનીના મુખ્ય અમલદાર થઇ આવ્યા છે. નવાબ જો મારૂં નહિ સાંભળે, તો હું હેસ્ટિંગ્સ સાહેબ પાસે જઇશ. તેથી પણ કશું પરિણામ નહિ આવે તો–"

સુંદરી—"શું કરશો ?"

કુમાર—"છેલ્લો ઉપાય બળ-પ્રયોગ ! જોર-જુલમથી એ બંનેને છોડાવીશ."

સુંદરી—"નવાબની સાથે, કંપનીની સાથે વિરોધ, શું થશે નાથ ?" સુંદરી વિચારમાં પડી.

કુમાર—"નસીબમાં જે લખ્યું હશે, તેજ થશે. અદૃષ્ટ સિવાય માર્ગ નથી."

કુમારે નિઃશ્વાસો મૂક્યો.

સુંદરીના મનમાં આવ્યું–"એક વખત કહું કે વિરોધ કરવાની જરૂર નથી જો સહજમાં કાર્ય ન થાય તો પછી વધુ કશું ન કરવું." પરંતુ વાત મનમાં ને મનમાં રહી ગઈ. બ્રાહ્મણ સ્ત્રીના સતીત્વનાં રક્ષણ કરવા કરતાં મોટું કર્ત્તવ્ય તે રાજા માટે બીજું કયું હોઇ શકે ? એ વિચારથી સુંદરી એમ કહેતાં અચકાઇ. સુંદરી કુમારના વિચારમાં અડચણ નાખી શકી નહિ.

કુમાર હતાશ બતાવનારા સ્વરે બોલ્યા–"જાય તો બધું ભલે જાય, પણ ધર્મરક્ષા કરવીજ પડશે." એમ કહી તેણે સુંદરીને પૂછ્યું ! "કેમ સુંદરિ ! તને તો આમાં કંઇ અડચણ નથીને ?"

સુંદરી—"આ બાબતમાં મારે તે શી અડચણ હોય ! હિંદુનો ધર્મ હિંદુ ન સાચવે તો પછી કોણ સાચવશે ? બ્રાહ્મણ સ્ત્રીઓની ધર્મ રક્ષા માટે બધું ગુમાવવું પડે તો પણ પાછું પડવું ન જોઇએ."

એટલું કહી વળી સુંદરીએ કહ્યું:-" તો પણ મારી એક પ્રાર્થના સ્વીકારશો? પ્રાર્થના એટલીજ કે મને આપ મુર્શિદાબાદ લઇ જશો!"

કુમાર—" સુંદરિ! તું શું ગાંડી થઇ છે? તને ક્યાં રાખું! ફક્ત મુર્શિદાબાદ જવાનું હોત તો બડનગરના મહેલમાં તને રાખત. પરંતુ ક્યાં રહેવાનું થશે તે નક્કી નથી. કદી મુસલમાનની છાવણીમાં, તો કોઇ વખતે અંગ્રેજોની છાવણીમાં એમ જૂદે જૂદે સ્થળે ફરવું પડશે. આવી સ્થિતિમાં તને સાથે રાખવી પરવડે કે?"

સુંદરી ગળગળા અવાજે બોલી-" નાથ! આપને મૂકી એક ક્ષણ પણ રહી શકીશ નહિ! આપને એક ક્ષણ જોતી નથી તો ચરે તરફ અંધકાર છવાઇ રહે છે!"

કુમારે પોતાના બાહુપાશથી સુંદરીને લપેટી લીધી:-" સુંદરી તું શું કહે છે, તને એક ક્ષણ જોતો નથી તો આ જગત સુનકાર સમાન ભાસે છે."

બંને બંને તરફ જોઈ રહ્યાં. સુંદરી મનમાં મનમાં વિચારવા લાગી:-" વિધાતા! ત્હેં આ મુશ્કેલી કેમ ઉભી કરી છે મ્હેં એવું તે શું પાપ કર્યું છે કે જેથી મારે આ જૂદાઇ વેઠવી પડશે?"

કુમારનાં હૃદયમાં પણ જાણે એજ વાતનો પડઘો પડયો કુમારે પણ મનમાં વિચાર્યું કે " વિધાતાએ મને આ જીવન-પરીક્ષાના મહાસાગરમાં કેમ નાખ્યો, તે સમજાતું નથી."

એ રીતે, એ ચિંતામાં તે રાત્રિ પૂરી થઈ. વખતે બંનેનાં હૃદય હતાશાના ગંભીર અંધકારમાં ડૂબતાં હતાં, જો વખતે કર્તવ્ય-પાલન અને સ્વધર્મ-સાધનથી ઉત્પન્ન થતા આત્મપ્રસાદના ભાવી આલોકથી ઉજ્વળ બનતાં હતાં. બંને પરસ્પર સામું જોઇ રહ્યાં. રાત્રિ કેવી રીતે વીતી, તેની બેમાંથી કોઇને ખબર ન પડી.

ત્રયોદશ પરિચ્છેદ.

ઘટના સ્રોત.

" Man proposes, God disposes "
Proverb.

કુમાર રામકૃષ્ણ આજે મુર્શિદાબાદ જવાના છે, હારબંધ નૌકા સજ્જિત થઇ રહેલ છે. નૌકાપર બધો સરસામાન ગોઠવાઇ ગયો છે. સાથે જવાને માટે સંખ્યાબંધ અમલદારો ને પ્રહરીઓ તૈયાર થઇ રહ્યા છે.

મહારાજની ખાસ નૌકાપર નિશાન ઉડી રહ્યું છે એ નૌકાની આગળ અને પાછળ માંગલિક વાદ્યો વાગી રહ્યાં છે. નૌકાની ચારે બાજૂએ રક્ષક નૌકાઓ પ્રહરીનું કામ કરવા લાગ્યાં છે. આ બાજૂએ બંને કિનારાપર સ્વારી જોવા માટે હજારો માણસોનાં ટોળાં ઉભાં છે.

શુભક્ષણે, શુભમુહૂર્ત્તે કુમાર મહેલમાંથી પધાર્યા, સુંદરીના પ્રેમ પાશમાંથી મુકત થઇ. કાળીમાતાનાં દર્શન કરી માતાજીની પૂજાનુ નમણુ આંખે લગાવી, બિલીપત્ર છેડે બાંધી, ખડગપરનાં સિંદુરનું તિલક કરી મા ભવાનીનાં શરણને ઉદ્દેશી પ્રણામ કરી કુમાર નૌકાપર પધાર્યા.

એ દરમિઆન રૂદ્રનારાયણ ઠાકુર એબાકળે વેશે કુમારપાસે આવી પહોંચ્યા, તેમણે કુમારને કહ્યું, "કુમાર, હમણાંજ મ્હેં મુર્શિદા-

બાદ મોકલેલ માણુસ પાછું ફર્યું છે. મારા પિતાજીએ આ પત્ર મોકલ્યો છે. આ પત્ર વાંચ્યાથી બધું સમજાશે. ચાલો નૌકાપર બેસી પત્ર બતાવું."

એમ કહી કુમારને સાથે લઇ રૂદ્રનારાયણ ઠાકુર નૌકાપર આવ્યા. નૌકાપર બંનેને બેસવા માટે યોગ્ય આસન તૈયાર હતા. બંને જણા તેપર બેસી પત્ર વાંચવા લાગ્યા.

× × × ×

આ તરફ કુમાર ગયા પછી સુંદરી દીલગીર હૃદયે શયનગૃહમાં ગઇ, બધું સૂનું સૂનું લાગવા લાગ્યું, હૃદય શૂન્ય, શયનગૃહ શૂન્ય, એ કોલાહલ પૂર્ણ રાજપુરી પણ શૂન્ય લાગવા લાગી, આખું જગત સુનકાર જણાવા લાગ્યું.

કંઈ ગમ્યું નહિ. પોતાની પ્રિયસહચરી પણ ગમી નહિ. પિતાને ઘેરથી અહીં આવતાં સુધી પોતાની બાલ સહચરીઓને સાથે લાવી હતી. સાસરે ગયા બાદ દીકરીનું મન અસ્થિર ન થાય, એવી આશાથી સુંદરીનાં માબાપે આ સહચરીઓને તેની સાથે મોકલી હતી. પરંતુ એ સહચરીઓ પણ આજે સુંદરીનાં મનને શાંત કરી શકતી નથી.

સુંદરીનો વહાલો કાકાકોઓ આજે પણ કુમારની માફક મધુર અવાજે " સુંદરિ—સુંદરિ " કહી પોકાર કરે છે; એ પંખીના સ્વરથી સુંદરી પાગલ બની જતી, તે પંખીનો સ્વર પણ આજે કશી અસર કરી શકતો નથી ઉલટું એ શબ્દે વિષ પાયેલાં બાણુની માફક કાનમાં ભોંકાય છે ઓરડામાં એક મોટું દર્પણ—ભોંયતળીએથી છત સુધી જડેલું હતું "સુંદરિ—સુંદરિ ! " કહેતા કુમાર જ્યારે એ ઓરડામાં

આવતા, ત્યારે પેલું પંખી પણ સુંદરિ-સુંદરિ બોલી ઉઠતું અને તે સાથેજ તે દર્પણમાં કુમારની મનમોહક છબીનું પ્રતિબિંબ પડતું.

પરંતુ આજે કાકાકૌઆના સ્વરથી વિચલિત થઈ સુંદરીએ દર્પણમાં કશું પ્રતિબિંબ ના જોયું, ત્યારે કાકાકૌઆપર તને બહુજ રીસ ચઢી. બાલ્યાસખી પાસે બેસી બોધ આપવા લાગી, પરંતુ સુંદરીના કાનમાં તેના શબ્દો ઉતર્યાજ નહિ.

અનેક ક્ષણ એ પ્રમાણે જતી રહી છેવટે લાંબો નિઃસાસો નાખી સુંદરીએ પોતાની સહચરીને કહ્યું-" બ્હેન ! કહી શકીશ કે ક્યાં પાપે નારી જન્મ ભોગવવો પડે છે ? કયાં પાપે આ જ્વાળા સહન કરવી પડે છે ?"

સહચરીએ ધીરે ધીરે જવાબ આપ્યો-"બ્હેન ! તમે થોડી વાતથી આમ અકળાઓછો ! કોનો પતિ વિદેશે નહિ જતો હોય ? વળી મહારાજ કેટલા દિવસને માટે વિદેશે ગયા છે તે જતાંવેંત નવાબને મળી પાછા આવશે "

સુંદરી-" તું જાણતી નથી બ્હેન ! તે કેવી અવસ્થામાં, કયાં કામ માટે મુર્શિદાબાદ ગયા છે. જો નવાબ તેની વાત નહિ માને તો ભારે વિપદ આવી પડશે. "

સહચરી-"હું બધું જાણુંછું, મ્હેં બધું સાંભળ્યું છે. પરંતુ બ્હેન તુંજ કહે છે કે સારાં કાર્યમાં ભગવાન સહાય કરે છે. મહારાજે જે પવિત્ર વ્રત લીધું છે તેમાં જરૂર સફળતા મળશેજ. તેમાં જરાપણ શંકા રાખવા જેવું નથી હું નિશ્ચયપૂર્વક કહી શકુંછું કે મહારાજ કાર્ય પારપાડી જલદી પાછા વળશે."

સુંદરી-" તેમ થાઓ, બ્હેન ! તારા મ્હોંમાં ખાંડ ! તેઓ કાર્ય

પુરૂં કરી પાછા ફરો એજ ઇશ્વર પાસે મારી માગણી છે, એ આવશે એટલે હું જયમાકાલીની સોડષોપચારે પૂજા કરવાની તૈયારી કરીશ. મા અભયા શું મને અભયદાન નહિ આપે ? ”

સહચરીના કંઠમાં જાણે પડઘો પડયો—“ મા અભયા નક્કી અભયદાન કરશેજ. ”

એ વખતે એકાએક મંગળવાદ્ય વાગવા લાગ્યાં, કુમાર ગયા પહેલાં દરવાજાપરની નહોબતો ગગડવા લાગી હતી, તે નોબતો પાછી તેજ સુરમાં વાગવા લાગી. પરિચારીકાઓના કંઠમાં ઓરડે ઓરડે પ્રતિધ્વનિ સંભળાવા લાગ્યો કે “ મહારાજ પાછા ફર્યા છે. ”

ચતુર્દશ પરિચ્છેદ.

ભૂલવાનું નથી !

“It is their maxim, Love is love's reward.”

—Dryden.

આ શું સ્વપ્ન ? આ શુ પ્રહેલિકા ? હજુ તો મહારાજને મુશિંદાબાદ ગયાં પહોર પણ થયો નથી ત્યાં પાછા ફરવાની વાત ! શું આ સંભવિત છે ! ત્યારે શું મુર્શિદાબાદ જવાનું બંધ રહ્યું.

સુંદરી પોતાની સખીને સંબોધીને બોલી—" બ્હેન ? એક વખત જોઉં ખબર ખરી છે કે નહિ ? "

આ વાત કરતાં કરતાં તો કુમાર ઓરડામાં આવી પહોંચ્યા. સખી ઉઠી ન ઉઠી ત્યાં તો કાકાકૌઆ " સુંદરિ સુંદરિ " કહી બોલાવવા લાગ્યો.

આ વખતે કાકાકૌઆનો સ્વર મીઠો લાગ્યો. આ વખતે દર્પણમાં કુમારનું પ્રતિબિંબ પડયું.

સુંદરી અને સખી એકમને વાતચીત કરતાં હતાં. આથી બારણામાં કુમારને થોડીવાર અટકવું પડયું, પરંતુ કાકાકૌઆના સ્વર સાથે દર્પણ તરફ નજર પડતાં સુંદરી ને તેની સખી બંને શરમાઇ ઉભી થઇ ગઇ, સહચરી બીજા બારણા વાટે જતી રહી.

કુમાર પાછા આવ્યા તેથી નવાઇ પામી સુંદરી કુમારને કંઇક પૂછવા જતી હતી, મેઘથી મુકત થયેલ ચંદ્રની માફક સુંદરીનું સુંદર મુખડું ત્યારે જણાવા લાગ્યું !

પરંતુ સુંદરી કંઇ પૂછે તે પહેલાં કુમારે કહ્યું. "સુંદરિ ? મુર્શિદાબાદ જવાની જરૂર રહી નથી. ત્યાંથી ઠાકુર મહાશયનો કાગળ આવ્યો છે, જે બ્રાહ્મણ કન્યાનો ઉદ્ધાર કરવા હું મુર્શિદાબાદ જવાનો હતો તે મુર્શિદાબાદમાં નથી."

સુંદરી— "ત્યારે તેઓ કયાં છે ? મુસલમાનો તેમને કયાં લઇ ગયા ? "

કુમાર—"મુસલમાનો તેમને પ્રથમથી પકડી ગયા નથી. લઇ ગયાની વાત ખોટી છે. તોપણ તેઓ કયાં છે. તેની તપાસ ઠાકુર મહાશય કરે છે, તપાસ પુરી થયે લખી જણાવશે."

સુંદરી—"ઠીક થયું જ્યારે તેમણે જવાબદારી સ્વીકારી છે ત્યારે જરૂર કામ પુરૂં થશેજ."

કુમાર—"મને પણ એમજ લાગે છે."

એમ કહી કુમાર પલંગપર બેઠા. સુંદરીના હાથ પકડી, પાસે બેસાડી, મૃદુહાસ્ય સાથે પૂછવા લાગ્યા.–"વારૂ સુંદરી? કહે જોઉં, અત્યાર સુધી આપણે કયાં હતાં?"

સુંદરી જવાબ આપી શકી નહિ, કુમારે કહ્યું, "દરરોજ હું જયાં વસું છું, જે જાળની અંદર હરૂંફરૂં છું, તેજ જાળમાં હું હરતો ફરતો હતો. પરંતુ હું પૂછું છું કે કહે જોઉં, તારી ને મારી વચ્ચે કેટલું બધું અંતર પડી ગયું હતું? એમ નહોતું લાગતું કે હવે મેળાપ થશે જ નહિ, કોણ જાણે કેટલો વિરહ વેઠવો પડશે!"

સુંદરીએ મનમાં કહ્યું, "એમજ? આટલા બધા પાસે હતા છતાં નાથ? કેટલા દૂર જણાતા હતા? વિરહની બ્હીક કેટલી ભીષણ છે!"

સુંદરીને નિરુત્તર જોઇ કુમાર ફરીથી કહ્યું "જોકે તું દૂર છે એમ મનમાં થતું હતું પણ મારૂં હૃદય તો તારાથી ભરપૂર હતું. મ્હેં જ્યારે દેવીના મંદિરમાં જઇ પ્રણામ કર્યાં ત્યારે ત્હેં મારૂં હૃદય-મન કેવું હરી લીધું છે, તેની ખબર પડી. મુસાફરી કરતાં દરેક ડગલે મ્હેં તનેજ જોઇ છે. પાછો કયારે ફરીશ, કયારે તારૂં મુખ પ્રાણ ભરીને જોઇશ, ઈત્યાદી વિચારોથી મગજ ભરાઇ ગયું હતું."

વાત કહેતાં કુમારે સુંદરીને પૂછ્યું—કહે જોઉં, સુંદરી! અત્યાર સુધી તું મારા વિષે શું વિચારતી હતી?"

સુંદરી શો જવાબ આપે? તેજ ધ્યાન, તેજ જ્ઞાન, તેજ ભાવના, પરંતુ સુંદરી વાકયદ્વારા જણાવી શકી નહિ.

સુંદરીએ કહ્યું—"આપની પાસેથી છૂટી પડયા બાદ મ્હેં કેવી રીતે વખત ગાળ્યો તે હું કહી શકતી નથી. હું કેવળ ચારે તરફ અંધકાર જોતી હતી "

કુમારના પ્રાણમાં કોણ જાણે કયાંથી સંશય પિશાચે દેખાવ દીધો તેણે કહ્યું " સુંદરી આટલી થોડી વારમાં તું મને ભુલી ગઈ. "

સુંદરી છલ છલ નેત્રે કુમાર સામું જોઇ રહી તેની એ એકાગ્ર દૃષ્ટિમાંજ જાણે બધી વાતો ખુલ્લી થઇ ગઇ, તેનાં ઇન્દીવર તુલ્ય નયન યુગલ જાણે કહેવા લાગ્યાં કે.." કદી પણ ભૂલી શકું ! આ દેવમૂર્તિ કદીપણ ભૂલાય ? હિંદુ રમણી પોતાનાં પતિ દેવને કદીપણ ભૂલી શકે? સુતાં, બેસતાં, જાગતાં, ઉંઘતાં, ખાતાં, પીતાં, જાણતાં કે અજાણતાં હિંદુ રમણીના પ્રાણમાં તેના પતિ દેવનું ચિત્ર વિરાજમાન થઈ રહેછે ! "

કદીપણ વિસરી જવાય કે ? સુંદરીના મનમાં જે પ્રશ્ન તેજ પ્રશ્ન કુમારના મનમાં પણ ઉભો થયો—એ કંઇ ભૂલવાનું ન હોય !

પંચદશ પરિચ્છેદ.

પત્રમાં શું હતું ?

Thou Know'st if best bestowed or not;
And let Thy will be Done.

—Pope

મનુષ્ય એક રસ્તે ચાલવાનું નક્કી કરે, ઘટનાસ્ત્રોત તેને બીજે

રસ્તે લઇ જાય, આ ઘટનાસ્ત્રોત ને વશ થઇ મહારાજ રામકૃષ્ણ ની મુર્શિદાબાદની મુસાફરી બંધ રહી.

મુસસાફરી શરુ કરવાની તૈયારીઓ થઇ રહી હતી, છતાં નૌકા પર ચઢયાબાદ કુમારને પાછું ફરવું પડયું કેમ ? ઠાકુર મહાશયના પત્રમાં શું લખ્યું હતું ?

પત્રમાં કાલાદીધિની દુર્ઘટના બાબત લખ્યું હતું, પત્રમાં લખ્યું હતું કે "આલિજાનને મહમ્મદી બેગ નામના બે સૈનિકો કાલાદીધિના ઘાટપર બે યુવતીઓનાં શરીરનો સ્પર્શ કરવા તૈયાર થયા હતા. પરંતુ તેનો સ્પર્શ કરે, તે પહેલાં યુવતીઓ તળાવનાં પાણીમાં કુદી પડી. તેથી બંને સૈનિકોના ઘોડા ત્યાંથી નાસી ગયા. સ્વાર વગરના ઘોડાઓ છાવણીમાં પાછા આવ્યા એટલે સેનાપતિએ તે બાબત તપાસ-શોધ કરતાં અલિજાન અને મહમ્મદી બેગ ની દૂષ્કિઓની વાત ખુલ્લી થઇ ગઇ. તેઓ પોત નાં કર્તવ્ય વિમુખ થયા તેથી નવાબે તેઓને સજા કરી. બંને યુવતીઓનો પત્તો લાગ્યો નથી, મુર્શિદાબાદમાં બંને યુવતીઓને બંદી કરેલ છે, તે વાતની સાબીતિ મળી નથી. માટે કુમારને અહીં આવવાની જરૂર નથી. બીજા સ્થળોએ એ યુવતીઓની ખોળ કરીએ છીએ. જો પત્તો લાગશે તો ખબર મોકલીશું,"

પત્રનો સાર જણાવી રૂદ્રનારાયણ ઠાકુરે કહ્યું, "આવી સ્થિતિમાં હવે મુર્શિદાબાદ જવાની જરૂર નથી. મહારાણી પોતે ત્યાં છે; મારા પિતાજી પણ ત્યાં છે, તેઓ ત્યાં છે તેથી તેમની નજર આગળ એવું નિંદનીય કામ નહિજ થાય."

કુમારે કહ્યું—"જે સમાચાર મળ્યા તે પરથી જણાય છે કે મુર્શિદાબાદ જવું નકામું છે. જ્યારે બંને સ્ત્રીઓનોજ પત્તો નથી તો પછી ત્યાં જવાથી શો ફાયદો ?"

કુમારે મનમાં વિચાર કર્યો કે "જ્યારે સ્ત્રીઓ મુર્શિદાબાદમા
ાથી, તો પછી ક્યાં હશે. તળાવમાં જાળ નાખ્યા છતાં તેનો પત્તો ન
ાગ્યો ત્યારે તો નક્કી તે જીવતીજ છે યુવક સાથેની વાતચીત પરથી
ણ તેમજ જણાય છે. જો જીવતી હોય તો તેઓ ક્યાં હશે?"

રૂદ્રનારાયણ ઠાકુરે કહ્યું જ્યારે તેઓનો પત્તો નથી ત્યારે તેને
જીવતી કે મૂએલી કહેવાની સાબીતિ શી? તોપણ મુર્શિદાબાદ જવાની
શી જરૂર નથી એતો નક્કી.

કુમારનો પણ એજ મત થયો.

ોડસ પરિચ્છેદ.

તે સંન્યાસી કોણ?

And at the sound it shrunk in haste away,
And vanished from my sight—"

Shakspeare.

કુમાર સંધ્યાવંદન કરવા માટે દેવાલયમાં ગયા. મહેલના આગલા
ાગમાંજ દશભુજાનું મંદિર હતું. કુમાર મંદિરમાં પ્રવેશ કરી દશભુજા
ન્મુખ સંધ્યાવંદન કરે છે. કુમારનાં સાયાહ્નિક સબબ બીજાં બધાં

મહામાયાનું મંદિર છોડી ગયા છે મંદિરના મુખ્ય દ્વાર પર એક પુરોહિત માત્ર બેઠો છે. મંદિરનાં દ્વાર વાસી કુમાર એક ચિત્તે સંધ્યાવંદનને મહામાયાનો જાપ જપે છે.

એકાએક એક સંન્યાસી દશભુજાનાં મંદિરનાં બારણા પર આવી ઉભો. તે સંન્યાસી હોવાથી મંદિરનાં મુખ્ય દ્વાર પર કોઇએ રોકયો નહિ. દશભુજાના મંદિરમાં સાધુ સંન્યાસીઓને જવા આવવાનો અટકાવ નહોતો.

મંદિર સામે આવી પુરોહિતને સંબોધી સંન્યાસીએ કહ્યું, " હું કુમારને મળવા આવ્યો છું, "

પુરોહિત નવાઇ પામી બોલ્યો, " આ રાતને વખતે આપ મહારાજને મળવા આવ્યા છો ! આ વખતે તો આપને મેળાપ નહિ થાય ! સવારમાં આવજો.

સંન્યાસી—" કેમ ? અત્યારે મેળાપ કરવામાં કંઇ હરકત છે ? સંન્યાસી સાથે મેળાપ કરવામાં વળી સમય અસમયની શી જરૂર ? "

પુરોહિત—" અત્યારે કોઇ રીતે મેળાપ નહિ થઇ શકે. " મહારાજ પુજા આહ્નિક કરે છે. ત્યારબાદ જમશે. માટે રાત્રિને વખતે તેમનો મેળાપ કરવાની વાત નકામી છે. "

સંન્યાસી—"એક સંન્યાસી મળવા માગે છે, એટલું આપ મહારાજને જણાવી શકશો ! "

પુરોહિત—" મહારાજની મના છે. તે પૂજામાં બેઠા હોય, તે વખતે મંદિરમાં કોઇને પણ પ્રવેશ કરવાની આજ્ઞા નથી. તેઓ એક ચિત્તે મહામાયાનું ધ્યાન કરે છે. આપ સંન્યાસી થઇ શા માટે એવું ધ્યાન તોડાવો છો ? "

સંન્યાસીને જરા ક્રોધ ચઢયો. સંન્યાસીએ રૂક્ષ સ્વરે કહ્યું, " મહારાજ ધ્યાનમગ્ન છે! મેળાપનો વખત નહિ મળે! ખબર આપવાની પણ મના છે!"

સંન્યાસીને અટકાવી પુરોહિતે કહ્યું, " ચૂપ રહો. અહીં ઘાંટા પાડશો નહિ. મહારાજના જપમાં અડચણ થશે."

સંન્યાસી બહુજ ગુસ્સે થયો. મોટેથી ઘાંટા પાડી બોલવા લાગ્યો. " મહારાજ! મહારાજ! આપ શું જપ કરો છો? આપ શાનું ધ્યાન ધરો છો?"

પુરોહિત સંન્યાસીને શાંત કરવાના પ્રયત્નો કરવા લાગ્યો. વધુ ગરબડ મચાવતાં દ્વારપાળો અહીંથી હાંકી કાઢશે, એવો ભય બતાવ્યો. પરંતુ સંન્યાસી તો તેથી અણુમાત્ર બ્હીનો નહિ. સંન્યાસી વધુ ઘાંટા પાડી બોલવા લાગ્યો, " મહારાજ! કોનાં મુખનું ધ્યાન કરો છો? કોના અલંકારનું આપ ધ્યાન કરો છો? શહેરમાંથી નવીન દાગીના વેચાતા લાવી કેવી રીતે સજાવવાથી મહારાણીનું સૌન્દર્ય વધશે, એ ચિંતામાં પડી જગદંબાને બદલે એવુંજ ધ્યાન ધરો છો! આશું આપનું ધ્યાન? આ શું આપનો જપ? આ શું આપની પૂજા? આવાં ધ્યાન, જપ ને પૂજામાં બેસી આપ શું સંન્યાસીને મળવા પણ માગતા નથી?"

સંન્યાસી એટલા મોટા ઘાંટાથી મહારાજને ધિક્કાર આપવા લાગ્યો કે તેથી દશભુજાનું મંદિરપણ કંપવા લાગ્યું, પુરોહિત કાંપવા લાગ્યો, મંદિરમાં કુમાર પણ કંપવા લાગ્યા.

સંન્યાસીનો વાક્પ્રવાહ સતત ચાલવા લાગ્યો:—મહારાજ! તમે શ્રેષ્ઠ પુરૂષ છો! તમેજ પવિત્ર પ્રાતઃસ્મરણીય મહારાણી ભવાનીનું સિંહાસન મેળવ્યું છે? હાય! તમે હજુપણ ન શીખ્યા હજુ

પણ ન જાણી શકયા કે શ્રેષ્ઠવ્યક્તિનાં કાર્યો કેવાં હોય છે ! જે પુરૂષ મનનાં બળવડે ઇંદ્રિયસમુહનેવશ કરી આસક્તિ તજી નિષ્કામ-ભાવે કર્મેન્દ્રિય સમુહદ્વારા કર્મરૂપ યોગાનુષ્ઠાન કરે તેજ શ્રેષ્ઠ છે. પરંતુ તે શ્રેષ્ઠ પદ મેળવવાનાં ઉપયુક્ત સાધનો મળ્યાં છતાં તમે આ શું કરો છો ? તમે શું મનુષ્ય છો ? સંન્યાસી સાથે મેળાપ કરવા જેટલો તમને સમય નથી ? ”

સંન્યાસીનો તે વજ્રગંભીર કંઠરવથી દિગદ્દિગન્તમાં પડઘા પ-ડયા. સંન્યાસીનાં એ અગ્નિમય વાકયો કુમારના હૃદયમાં પેસી ગયાં. પુરોહિત પૂતળાંની માફક ઉભો રહ્યો. કુમાર આસન તજી કાંપતાં શરીરે મંદિર બહાર આવ્યા.

પરંતુ ક્યાં ? સંન્યાસી કયાં ? આ તીવ્ર તિરસ્કાર કોણે કર્યો ? કુમાર કોઇને જોઇ શકયા નહિ; પુરોહિત પણ કશું જોઇ શકયો નહિ! અંધકારમાંથી આવી અંધકારમાંજ આવેલી વ્યક્તિ ગુમ થઇ ગઈ.

પુરોહિતને સંબોધી કુમારે પૂછ્યું–“ ઠાકુર, કોણ બોલતું હતું ? તે ક્યાં ગયું ? ”

પુરોહિતે વિમૂઢની માફક ઉત્તર આપ્યો,–“ એ–એ–કયાં–તે ક્યાં ગયા ? હમણાંજ તે મારાં આગળ વાતો કરતા હતા ! તે ક્યાં ગયા ! ”

કુમારે પૂછ્યું, “ ઠાકુર, આપે શું તેમને જોયા છે ? તેણે કેવાં વસ્ત્રો પહેર્યાં હતાં, તેનો આકાર કેવો હતો ? ”

પુરોહિત—“ મહારાજ ! તેનું રૂપ અલૌકિક હતું. જેવો આકાર

તેવું જ રૂપ હતું. જો તે સંન્યાસીના વેશમાં ન આવ્યા હોત તો રાજપુત્રજ લેખાત, કપાળ વિશાળ હતું, છાતી પહોળી હતી. હાથ ઢીંચણ સુધી લાંબા હતા, મુખમંડળ જ્યોતિપૂર્ણ હતું. આખા શરીરપર વિભૂતિ ચોળેલી હોવાથી ભસ્માચ્છાદિત અગ્નિની માફક તેનું શરીર જણાતું હતું. પીળા વર્ણની જટા ગોળાકાર વીંટાળેલી હોવાથી મુગટની માફક શોભતી હતી, ગેરૂઆં વસ્ત્રો પહેર્યાં હતાં, એક હાથમાં કમંડળ અને એક હાથમાં ત્રિશૂળ હતું, યુવાવસ્થાના પૂર બહારમાં હતા.

પુરોહિત જેમ જેમ સંન્યાસીનાં રૂપનું વર્ણન કરવા લાગ્યો, તેમ તેમ કુમારનો અંતરાત્મા કંપવા લાગ્યો તેના મનમાં પ્રશ્ન ઉઠવા લાગ્યો કે એ સંન્યાસી કોણ ?

કુમાર હવે વધુવાર મંદિરમાં રહી શક્યા નહિ. પૂજા આહ્નિક અધૂરૂં રહ્યું. કુમારનું હૃદય કંપવા લાગ્યું. કુમાર એકાંતમાં પુષ્પોદ્યાન તરફ ચાલ્યા ગયા.

કુમાર એકાંતમાં બેસી વિચારવા લાગ્યા, " એ સંન્યાસી કોણ ? તેને મ્હેં ક્યાંય જોયાં લાગે છે. એ અવાજ પણ સાંભળ્યો લાગે છે." જૂની સ્મૃતિ જાગૃત થવા લાગી. કેટલાંયે અદૃષ્ટ ચિત્ર માનસ પટપર આળેખાવા લાગ્યાં. ભૂતકાળના સૂચીભેદ્ય અંધકારમાં કુમાર આલોકરશ્મિ જોવા લાગ્યા. જ્યાંસુધી નજર પહોંચી, જ્યાં સુધી યાદદાસ્ત તાજી થઈ ત્યાં સુધીમાં કોઇપણ વખતે આ સંન્યાસીની સ્મૃતિ તાજી થવા લાગી.

બાળપણની વાત યાદ આવી ! આટઆમની સડકપર સંન્યાસી સાથેના મેળાપની વાત યાદ આવી. સંન્યાસીનો ઉપદેશ–પક્ષીનું બં-

ધન તોડવાનો—યાદ આવ્યો, તેની સાથે એ કાળની કેટલીક વાતો યાદ આવી એ બધી સ્મૃતિ ચંચળ છાયાની માફક હૃદય-દર્પણ પર આલેખાઈ પોતાની મેળેજ વિલીન થઇ ગઇ.

વિચારતાં વિચારતાં અદૃષ્ટ અતીત કાળની વાતો યાદ કરતાં કરતાં સંજ્ઞાહીત થઇ પડયા.

તૃતીય ખંડ સમાપ્ત

રાજા રામકૃષ્ણ

ખણ્ડ ચતુર્થ.

एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ॥

श्रीमद्भगवद्गीता.

હે મહાબાહો! એ પ્રમાણે આત્માને જાણી, બુદ્ધિદ્વારા મનને સ્થિર કરી, કામરૂપ દુરાસદ દુર્જય શત્રુનો વિનાશ કર.

"હિન્દુસ્થાનના ઇતિહાસમાંના એક કટાકટીના સમયમાં આપણો જન્મ થયો હોવાથી દેશ સેવા કરવાના પ્રસંગ જોઇએ તેટલા છે. અને તેટલા માટે આપણે ઇશ્વરનો ઉપકારજ માનવો જોઇએ. આપણે ભાગે આવેલું કાર્ય લોકોત્તર, કવિને પણ સ્ફુર્તિ આપનારૂં અને ક્રાન્તિકારક છે. કહેવત છે કે જે ખૂબ ઉંઘે છે, તે સંપૂર્ણ તાજા થઇને ઉઠે છે. હિન્દુ-સ્થાનને મહા ગાઢ નિંદ્રા આવી હતી, તેથી તેની જાગૃતિ પણ તેવીજ લોકોત્તર થવાની છે. હિન્દુ લોકોમાં આપણે જે ઉત્પન્ન કરવું છે તે આજ છે."

"દોષ શોધવાની દષ્ટિદૂર કરીને ગુણગ્રાહકતા વધારવી, બન્ધુભાવ, કાર્ય કરવાની વૃત્તિ, સંપ સંપીને કરવાની ટેવ અને મહેનત ભરેલાં કાર્યો કરવાને માટે હિંદીઓને જાગૃત કરવા એ હાલ ઘણું આવશ્યક છે."

"સ્વામી રામતીર્થ."

પ્રથમ પરિચ્છેદ.

અભાવની મીમાંસા.

"The lunatic, the over, and the poet,
Are of imagination all compact."
Shakspear.

શિરોમણિ મહાશય બહુજ વિચારમાં પડયા છે. માથું ફરી ગયું છે. ન્યાયવાર્તિક, ન્યાયબિંદુ, ન્યાયકંદલી વગેરે ટીકા જોયા છતાં મીમાંસા કરી શકતા નથી.

સવારમાં સ્નાનાન્હિક પૂરાં કરી પોથી લઈ બેઠા છે; બપોર થયો છતાં હજુ સૂધી ભાન નથી. પદાર્થ-તત્ત્વનો વિષય જોતાં જોતાં તેઓ સંસાર-તત્ત્વ ભૂલી ગયા છે.

એ કવખત કન્યાએ આવી કહ્યું, "પિતાજી! વખત થયો છે! શિષ્યોને ઘેર કયારે જશો?" પણ આ વાત તેના કાનમાં પેઠીજ નહિ.

બીજીવાર ચાકરડીએ આવી કહ્યું, "માજીએ આપને એકવાર દરબારમાં જવાનું કહ્યું છે." શિરોમણિ મહારાજ "વારૂ" કહી પાછા ચોપડીઓમાં માથું ઘાલી બેઠા.

આ પ્રમાણે ઘણો કાળ વીતેલો જોઈ ઘરવાળાંથી રહેવાયું નહિ. તેઓ સંદેહે ચંડી મંડપમાં આવી પહોંચ્યાં.

શિરોમણિ મહારાજ તે વખતે ન્યાયશાસ્ત્રનાં પહેલાં સૂત્રની આવૃત્તિ કરી તેનો અર્થ બેસાડવાના કામમાં ગુંથાયા હતા. તેઓ વાંચતા

હતા–"પ્રમાણ–પ્રમેય–સંશય–પ્રયોજન–દૃષ્ટાંત–સિદ્ધાન્તાવયવ–તર્ક નિર્ણય–વાદ–જલ્પ–વિતંડા–હેત્વાભાસચ્છલ–જાતિ–નિગ્રહ સ્થાનાનાં તત્ત્વજ્ઞાનવન્નિઃ શ્રેયસાધિગમઃ ॥ વળી પોતાની મેળે જ બોલતા હતાં–નિઃશ્રેયસ–રૂપ પરમ મંગળ મેળવવું હોય તો પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાંત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ, નિગ્રહસ્થાન–આ સોળ પદાર્થનું તત્વજ્ઞાન જરૂરનું છે,"

આવે વખતે ઘરવાળાંએ આવી હાથ પગ હલાવી કહ્યું, "આજ શું કોઇને ખાવા પીવાનું નથી? કેવળ તત્ત્વજ્ઞાન મેળવવાથી પેટ ભરશો?"

બધી વાત શિરોમણિ મહારાજના કાનમાં પેઠી નહિ. કેવળ તત્વજ્ઞાન માત્ર સાંભળી કહ્યું," સોળ પદાર્થનાં લક્ષણોનો વિચાર કરવાથી ને પરીક્ષા–પ્રણાલીની આલોચના કરવાથી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. પ્રથમ પદાર્થ–પ્રમાણ; પ્રમાણ શબ્દનો અથ–યથાર્થ જ્ઞાન મેળવવાનો ઉપાય."

એમ કહી શિરોમણિ મહારાજ પોથીનાં પાનાં ઉલટાવવા લાગ્યા, પત્નિ આવી શું કહે છે, તે તરફ જરા પણ ધ્યાન ન આપ્યું.

પત્નિ ગુસ્સે થયા ઘાંટો પાડી બોલ્યાં–"આજ શું ખાઇ જ્ઞાન મેળવાશે, તેનો કંઇ ઉપાય કરો છો કે નહિ?"

શિરોમણિ મહારાજ પોથીમાં ચિત્ત ઘાલી બેઠા હતા. આથી ડાબો હાથ ઉંચો કરી પત્નિને અટકાવવાનો પ્રયત્ન કરતા બોલ્યા, "જરા થોભ!" એમ કહી ફરી બબડવા લાગ્યા, "જ્ઞાન બે પ્રકારનું છે–યથાર્થ અને અયથાર્થ, રજ્જુને રજ્જુ તરીકે જાણવું એ યથાર્થ જ્ઞાન; અને રજ્જુને સર્પ તરીકે જાણવું તેનું નામ અયથાર્થ જ્ઞાન."

પત્નિથી હવે સહન ન થયું. પહેલાંની માફક કડક અવાજે કહ્યું, " હમણાં જ તમને યથાર્થ જ્ઞાન થાય એવું કંઇ કરૂં છું !" સામો શિકાર મળતાં વાઘ જેમ કુદકો મારી બળપૂર્વક તેના પર આક્રમણ કરે તેવી રીતે પત્નિ પણ પોથી પર કુદી પડયાં. શિરોમણિની ચારે તરફ સ્તુપાકારે પોથીનાં પાનાં ગોઠવેલાં હતાં, તેનાપર પત્નિનો બધો ક્રોધ ઉતર્યો. ક્રોધથી કાંપતા અવાજે ઘરવાળાંએ કહ્યું, " આ થોથાંને આજ બાળી મૂકીશ, ત્યારપછી બીજું કામ કરીશ. આ થોથાંજ બધાં દુઃખનું મૂળ છે." ઘરવાળાંના મનમાં આવ્યું કે "મારા પતિ દેશમાન્ય પંડિત છે, તેથી જો આ થોથાં સળગાવી મૂકું તો તેઓ દેશ-વિદેશે હરેફરે અને મોટા મોટાની ઓળખાણમાં આવે, તેથી કંઈ પ્રાપ્ત થાય. આ થોથાંજ તેના કાળસ્વરૂપ છે, તેની માયાથી જ તેઓ બંધાયા છે અને આટલું બધું દુઃખ વેઠે છે."

થોથાંના ઢગ પર પત્નિએ હાથ નાખ્યો તે જોઇ શિરોમણિ મહારાજને ભાન આવ્યું.

" અરે, શું કરે છે, શું કરે છે, છોડ-છોડ!" એમ કહી તેમણે પત્નિના હાથ પકડી રાખ્યા.

ઘરવાળાં જોરથી કહેવા લાગ્યાં, " ના-આજે હું કશું સાંભળીશ નહિ. આ થોથાં જ અનર્થનું મૂળ છે.

શિરોમણિ મહારાજ વિનયપૂર્વક બોલ્યા-" શું છે તે તો કહે !"

પત્નિ—"શું થયું છે! નાની પુત્રીને પણ હજુ ખાવાનું મળ્યું નથી; ચુલાપર હાંડલું પણ ચઢ્યું નથી; તે તરફ તો નજર નથી ને તત્ત્વજ્ઞાન તત્ત્વજ્ઞાન શું કરો છો."

શિરોમણિ—"એટલાં માટે જ આ બધું કરે છે ને-અત્યાર સુધી

કેમ કહેતી નથી. હું જાઉં છું, હમણાં જ બધી સગવડ કરી આવું છું. તું પોથીને હાથ અડકાડતી નહિ.”

અનેકવાર પ્રાર્થના કરી શિરોમણિ મહારાજે પત્નિને પાછી વાળી. પોથીપત્ર ત્યાંજ પડયાં રહ્યાં. શિરોમણિ મહારાજ દરબારમાં જવા ઉઠયા. દરબારગઢ ત્યાંથી એકાદ ગાઉ દૂર હતો !

શિરોમણિ મહારાજ દરબારમાં જવા તૈયાર થતા હતા, ખાંધ પર ઉત્તરીય નાખતા હતા, તે વખતે એક મજુર સાથે રામચરણ નૈવેદ્યનો પ્રસાદ લાવી ત્યાં ઉભો. રામચરણ નાટોર રાજ્યનો નોકર હતો. પ્રસાદ આગળ ધરી તેણે કહ્યું,” રાણીમાએ આજે જયકાલીનાં મંદિરમાં પૂજા દેવડાવી હતી. તેથી આ પ્રસાદ આપને મોકલ્યો છે.”

દરબારગઢનો પ્રસાદ—એ પણ રાજરીત પ્રમાણે જ હોય. એક મોટા થાળમાં દશેક શેર ભાતનો ઢગલો અન્નકૂટના માફક શોભતો હતો. તે સિવાય નાળિએર, કેળાં, નારંગી, ખજુર, પપૈયાં વગેરેનાં ફળ, બદામ, પસ્તાં, અખરોટને દ્રાક્ષ વગેરે નાના પ્રકારનો મેવો, કડોળ વગેરે ભાતના ઢગને ઘેરી રહ્યાં હતાં. પ્રસાદ એટલો જ નહોતો. પ્રસાદની સાથે બીજા થાળ છે, દહીં, દૂધ, ખીર અને મિઠાઇ ગોઠવેલી હતી. તે સિવાય મહારાણીએ શિરોમણિની ગૃહિણી માટે એક સાડી અને એક સોનામહોર મોકલી હતી.

આ બધું રામચરણે શિરોમણિ મહારાજ આગળ મૂકયું. ઘરવાળાં તો ખુશી ખુશી થઇ ગયાં. તે મનમાં વિચારવા લાગ્યાં—મારા પતિ ખરેખર દેશના પ્રધાન પંડિત છે. તેના પાંડિત્યની આ સાર્થકતા છે.”

ઘરવાળાં પ્રસાદને બીજો સામાન ઘરમાં લઇ ગયાં.

અન્ન મેળવવાનો પ્રયત્ન ખેડવાની હવે જરૂર ન રહી. તેઓ

ફરીથી પોથી ઉથામવા લાગ્યા. પોથી ઉઘાડતાં જ નીચેના શબ્દો નજરે પડયાઃ—પ્રમાણદ્વારા યથાર્થ અને અયથાર્થનો–ભેદ અનુભવાય છે. આથી તેઓ "પ્રમાણ એટલે શું?" એ ખોળવા લાગ્યા. ન્યાયશાસ્ત્ર જોતાં માલૂમ પડયું કે 'પ્રમાણ ચાર જાતનાં છે,–પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ! પ્રત્યક્ષ પ્રમાણનું લક્ષણ સૂત્રમાં લખ્યું છે કે "**इन्द्रियार्थ सन्निकार्षोत्पन्नं ज्ञानं अव्यपदेश्यं अव्यभिचारि व्यवसायात्मकं प्रत्यक्ष.**" તે બાબતમાં નાના પ્રકારના તર્ક વિતર્ક ઉઠવા લાગ્યા. શિરોમણિ મહાશય સમજવાનો પ્રયત્ન કરવા લાગ્યા. પ્રત્યક્ષ વળી બે પ્રકારનું છે, સવિકલ્પક અને નિર્વિકલ્પક ઘટ અને પટ જયારે ઘટ અને પટનાં નામથી ઓળખાય છે, ત્યારે તે સવિકલ્પક જ્ઞાન કહેવાય. અને જ્યારે સાધારણ વસ્તુની સંજ્ઞા પ્રાપ્ત કરે તે જ્ઞાન નિર્વિકલ્પક જ્ઞાન કહેવાય. જે પ્રમાણ નથી, છતાં પ્રમાણ જેવું જણાય તે પ્રમાણાભાસ માત્ર કહેવાય. પદાર્થ-તત્ત્વનું નિરૂપણ કરતી વખતે સાચું પડેલાં જ્ઞાનની જરૂર છે."

આ પ્રમાણે વિચારતાં વિચારતાં વિચારની સીમા ક્રમે ક્રમે વધવા લાગી; એ વખતે શ્રીહરિ વિદ્યારત્નને આવી પૂછ્યું, "ભદ્રપુરમાં જવા વિષે શો નિશ્ચય કર્યો? જવું હોય તો કાલેજ રવાના થવું જોઇએ"

શિરોમણિ મહારાજનું એ તરફ ધ્યાન ન હતું. તે તો બબડતા હતાઃ "પદાર્થ? કણાદના મત મુજબ પદાર્થ બે જાતના છે–ભાવ પદાર્થ અને અભાવ પદાર્થ."

"અભાવ" શબ્દ વિદ્યારત્નના કાનમાં પેઠો. વિદ્યારત્ને મનમાં વિચાર કર્યો" આ બધું મને ઉદ્દેશીને કહ્યું લાગે છે" આથી તેમણે કહ્યું," અભાવ નહિ તો શું? અભાવ છે માટે જ દૂર દેશમાં જવાને તૈયાર થયો છું. આપને પણ અભાવ તો છેજ!"

શિરોમણિ મહારાજ કંપી ઉઠયા. વિસ્મય પામી બોલ્યો—" શું કહો છો ? મારો અભાવ ! હું આપની સમક્ષ જીવતો જાગતો છું-ખડો છું-મારો અભાવ તે કેમ સંભવે ! આપ જૂઠું બોલોછો.

વિદ્યારત્ન—" હું તે વાત કહેતો નથી. હું કહેતો હતો કે આપણને ભારે અભાવ એ અભાવ ટાળવાને માટે—"

શિરોમણિ મહારાજ તેને અટકાવી બોલ્યા—" અભાવ નામના કોઈ પદાર્થનું અસ્તિત્વ સંભવિત નથી. જો કે મહર્ષિ કણાદે અભાવ નામના પદાર્થનો સ્વીકાર કર્યો છે, પણ તે પદાર્થ કેવળ કલ્પના માત્ર છે. ભાવનો અભાવ એ જ અભાવ એટલે 'ભાવ' પદાર્થ એ જ પદાર્થ પદવાચ્ય છે. અભાવ એટલે પદાર્થનો અસ્તિત્વાભાવ."

વિદ્યારત્ન—" આપણા સંસારના અભાવનું—"

શિરોમણિ મહારાજ તેને અટકાવી કહેવા લાગ્યા—જરા શાંત થાઓ. હું જે બોલું તે પ્રથમ સાંભળી લો. પછી જે પૂછવું હોય તે પૂછશો. પ્રમાણથી સાબીત થાય છે કે અભાવનું અસ્તિત્વ જ નથી માટે અભાવ રહી જ શકે કેવી રીતે ? હું તો અભાવ જોઇ શકતો નથી !"

વિદ્યારત્ન મહારાજ કંટાળ્યા. તે સમજી ગયા કે મને તર્કયુદ્ધમાં હરાવવા માટે જ શિરોમણિ મહારાજ તર્ક કરવા લાગ્યા છે. આથી તેઓ જરા કંટાળેલા સ્વરે બોલ્યા—" હું જાણવા ઇચ્છું છું કે આપ જવાના છો કે નહિ ?"

શિરોમણિ—" ક્યાં જવાનું છે ?"

વિદ્યારત્ન—" ભદ્રપુરમાં મહારાજ નંદકુમારને ઘેર !"

શિરોમણિ—" કેમ ?"

વિદ્યારત્ન—" તે દિવસે નિમંત્રણ પત્ર આવ્યું છે ને ?"

શિરોમણિ—" શાનું નિમંત્રણ ?"

વિદ્યારત્ન મહારાજ થોડા ગુસ્સે થઇ બોલ્યા, શાનું નિમંત્રણ! જાણતા નથી? મહારાજ નંદકુમાર લક્ષ બ્રાહ્મણના પદની ધૂળ ગ્રહણ કરવા ઇચ્છે છે. તેનો ઉત્સવ શરૂ થવાનો છે. તે વખતે આપને પધારવાનું નિમંત્રણ મળ્યું છે. ત્યાં જવાથી આપનો અભાવ દૂર થશે."

વિદ્યારત્ન મહારાજે અતર્કિતભાવે ફરીથી 'અભાવ' શબ્દનો ઉચ્ચાર કર્યો. જે 'અભાવ' શબ્દથી આટલા બધા તર્કવિતર્ક ઉત્પન્ન થયા હતા, તે શબ્દનું વળી ઉચ્ચારણ! શિરોમણિ મહારાજ વળી ગંભીર સ્વરે બોલ્યા—"અભાવજ નથી; તો પછી તે દૂર કેવી રીતે થાય?"

વિદ્યારત્ન–"આપને અભાવ નથી? આપ નહિ આવો?"

શિરોમણિ–"ના"

વિદ્યારત્ન કંટાળી ઘેર ચાલ્યા ગયા. જતી વખતે તેણે મનમાં વિચાર કર્યો:–"આટલું બધું અભિમાન! મહારાજ નંદકુમારના નિમંત્રણનું અપમાન?"

વિદ્યારત્ન ચાલ્યા ગયા બાદ શિરોમણિ મહારાજ પહેલાંની માફક થોથાં ફેંદવા લાગ્યા. એક સૂત્ર નજરે પડયું—" **दुःख-जन्म प्रवृत्ति-दोष-मिथ्याज्ञानानामुत्तरोत्तरापाये तदनन्तरापायादपवर्गः** " ભાષ્ય વાંચી સમજ્યા કે નિઃશ્રેયસ અર્થાત્ ત્રિવિધ દુઃખની નિવૃત્તિ એજ મુક્તિ; તે મુક્તિ મેળવવી હોય તો ત્રિવિધ દુઃખ મટાડવાં જોઇએ. મટાડવું હોય તો જન્મ ટાળવો જોઇએ; જન્મ ટાળવો હોય તો પ્રવૃત્તિનો વિનાશ કરવો જોઇએ; પ્રવૃત્તિનો વિનાશ કરવો હોય તો ત્રિવિધ દોષ અર્થાત્ રાગદ્વેષ મોહ દૂર કરવો જોઇએ; દોષ ટાળવો હોય તો મિથ્યાજ્ઞાન ટાળવું જોઇએ; મિથ્યાજ્ઞાન ટાળવું હોય તો તત્ત્વજ્ઞાન મેળવવું જોઇએ. તત્ત્વજ્ઞાન મળ્યું એટલે મુક્તિ વળી સમજવી.

દ્વિતીય પરિચ્છેદ

પરિવર્તન

नानृतं ब्राह्मणो ब्रुते न हन्ति प्राणिनं द्विजं ।
न सेवांकुरुते विप्रो न द्विजः पापकृद्भवेत् ॥
—शिवपुराणम् ।

શિરોમણિ મહારાજ પાસેથી વિદાય લીધાબાદ વિદ્યારત્ન મહારાજ બીજાં કેટલાંક સ્થાનોમાં ભટકયા. મહારાજ નંદકુમાર તરફથી ઘણા બ્રાહ્મણોને નોતર્યા જેણે એ આમંત્રણ સાંભળ્યું તેઓ તરતજ ભદ્રપુર જવા તૈયાર થયા.

મહારાજ નંદકુમારે જૂદાં જૂદાં ઠેકાણે પ્રતિનિધિ મોકલી ઘણા બ્રાહ્મણોને નોતર્યા હતા. શ્રીહરિ વિદ્યારત્ન મહારાજ મહારાજ નંદકુમારના પ્રતિનિધિરૂપે નિમંત્રણ ફેરવતા હતા અને બધાને આગ્રહ પૂર્વક લઇ જવાનો પ્રયત્ન કરતા હતા.

લગભગ દરેક ગામના બ્રાહ્મણો આગ્રહપૂર્વક નિમંત્રણ મુજબ જવાને તૈયાર થયા. પરંતુ એક શિરોમણિ મહારાજ આનાકાની કરવા લાગ્યા. વિદ્યારત્નને લાગ્યું કે “ જરૂર શિરોમણિનું માથું ફરી ગયું છે. નહિ તો આવું નિમંત્રણ કોણ ન ગ્રહણ કરે ?” વિદ્યારત્ન મહારાજ વિચારવા લાગ્યાઃ શિરોમણિ મહારાજ એક દેશ પ્રસિદ્ધ પંડિત છે. તે નહિ આવે તો જરૂર તેની ખોળ થવા લાગશે.

ખોળ થતાં મહારાજ જાણશે તો શિરોમણિના મુર્શિદાબાદ બાજૂનાં નિમંત્રણ એકી સાથે બંધ થઇ જશે. ”

આ પ્રમાણે સાત પાંચ કરતાં કરતાં વિદ્યારત્ન ચંડિપુરમાંના નવકુમાર શર્માને ઘેર આવી પહોંચ્યા, પહેલાં જે દિવસ નિમંત્રણ કરવા આવ્યા હતા, તે દિવસે ગામના બધા બ્રાહ્મણોએ નિમંત્રણ સ્વીકાર્યું હતું. પરંતુ નવકુમાર શર્મા ઘેર ન હોવાથી તેમને ઘેર નિમંત્રણ કરવામાં આવ્યું હતું, નવકુમાર શર્મા સાથે તે વખતે મેળાપ થએલો ન હોવાથી આજે તે તેની સાથે મેળાપ થયો. નવકુમાર શર્માની અવસ્થા સારી ન હતી; તેથી વિદ્યારત્ન મહારાજ ધારતા હતા કે આ આમંત્રણ સ્વીકારી નવકુમાર ઘણાજ ખુશી થશે. પરંતુ નવકુમાર શર્માએ આ શું કહ્યું ?

નવકુમારે કહ્યું—“હું એ નિમંત્રણ સ્વીકારી શકતો નથી.”

વિદ્યારત્ન મહારાજ નવાઇ પામી બોલ્યા—“કેમ? શા માટે નથી સ્વીકારતા?”

નવકુમાર—“એ વાત સાંભળવાની શી જરૂર છે, મારી ઇચ્છા નથી. હું આમંત્રણ સ્વીકારી શકીશ નહિ. આટલુંજ ધ્યાનમાં રાખશો એટલે બસ.”

વિદ્યારત્ન મહાર હજાર કરતાં વધુ બ્રાહ્મણને આમંત્રણ કરી આવ્યા હતા; પરંતુ આવી વાત આજ સુધી કોઇએ તેને કહી નહોતી. કેવળ નવકુમાર શર્માએજ આવી સ્પષ્ટ વાત જણાવી દીધી. આથી વિદ્યારત્ન મહારાજ લગાર કુતૂહળતાપૂર્વક ના પાડવાનું કારણ જાણવાની ઇચ્છા જણાવવા લાગ્યા. છેવટે નવકુમાર શર્માને મૂળવાત જણાવવી પડી. [illegible] કહ્યું; “ શા કારણથી હું આ આમંત્રણ સ્વી-

કારતો નથી, તે વાત જાહેર ન કરવાને મારી મરજી હતી. પરંતુ આપ વારંવાર પૂછો છો તેથી એ વાત રૂઢ હોવા છતાં આપને જણાવવી પડે છે. ”

વિદ્યારત્ન—“ગમે તેવી વાત હોય, આપ અનાયાસે તે વાત કહો. મારા વડે આપનું કંઇ પણ અનિષ્ઠ નહિજ થાય. ”

નવકુમાર—“હિત કે અહિતની મને પરવા નથી. તોપણ એ વાત જરા સખત હોવાથી કહેવાની આનાકાની કરતો હતો. હું મહારાજ નંદકુમારનું આમંત્રણ સ્વીકારતો નથી તેનું કારણ એ છે કેઃ મહારાજ સ્વવૃત્તિહીન છે. જે બ્રાહ્મણ યજન–યાજન–અધ્યયન–અધ્યાપન વગેરે પોતાનાં કર્ત્તવ્યોથી વિમુખ થઇ નોકરી કરે તે કદી પણ બ્રાહ્મણ સમાજમાં શ્લાઘનીય નથી. ’

શ્રીહરિ વિદ્યારત્ન તેને અટકાવી બોલ્યા—“મહારાજ નંદકુમાર જેવી નિષ્ઠાવાન્ વ્યક્તિ બીજી નથી. ”

નવકુમાર–“તેની કોણ ના પાડે છે. તોપણ તેઓ કર્ત્તવ્ય વિ-મુખ છે એતો નક્કી. જે બ્રાહ્મણ ચાકરીપર જીવિકા ચલાવે છે તે પતિત છે હું પતિત બ્રાહ્મણનું આમંત્રણ સ્વીકારી શકીશ નહિ. ”

વિદ્યારત્ન—“મહારાજ નંદકુમાર ચાકરી પર જીવે છે!” મહારાજ નંદકુમાર પતિત બ્રાહ્મણ છે ? એ વચનો બહુ અ-ન્યાયી છે ! ”

નવકુમાર—“ન્યાય હોકે અન્યાય હો, મને જે ખરૂં લાગ્યું તે મ્હેં કહી દીધું. જ્યારે તેઓ મુસલમાનના નોકર છે ત્યારે .તો હું કદી પણ તેને શ્રેષ્ઠ ગણી શકતો જ નથી. ”

શ્રીહરિ વિદ્યારત્ન સમજી ગયા કે તર્કદ્વારા જીત મુશ્કેલ છે.
ટે તેઓ નાના પ્રકારની પ્રલોભન જાળ ગોઠવવા લાગ્યા.
ણે કહ્યું, " આપ જો મહારાજ નંદકુમારને સંતોષશો તો
પને કશી વાતની મુંઝવણ નહિ રહે " પરંતુ નવકુમાર
પોતાના વિશ્વાસમાં દઢ રહ્યા. તેઓ કોઇ પણ લોભમાં
પટાયા નહિ.

ગમે તે થાઓ, આવા બે ચાર બ્રાહ્મણો ન આવ્યા તોપણ
હારાજ નંદકુમારને બ્રાહ્મણોની ખોટ ન પડી. એક લાખ બ્રાહ્મણો
ા મળી ગયા. મહારાણી ભવાનીએ જે ભપકાથી લાખ બ્રાહ્મણોની
ધૂલિ ગ્રહણ કરી હતી, તેટલા ભપકાથી તો નહિજ, પણ સાધા-
ણ રીતે સારા ભપકાથી મહારાજ નંદકુમારે પણ લક્ષ બ્રાહ્મણોનાં
ની રજ માથે ચડાવી.

આ ઉત્સવની બાબતમાં મહારાજ નંદકુમાર આગળ શ્રીહરિ
ધારત્નનાં માન વધ્યાં. આમંત્રણ આપ્યા છતાં જે જે બ્રાહ્મણો
પુરમાં ન આવ્યા, તેના સંબંધમાં મહારાજે સાચી જૂઠી વાતો
વારીને મહારાજ નંદકુમારને કહી. શિરોમણિ મહારાજ અને નંદકુમાર
ાં ન આવ્યા એ બાબતમાં શ્રીહરિ વિદ્યારત્ને નંદકુમારને કહ્યું કે—"એ
બ્રાહ્મણો ભારે ગર્વિષ્ટ થઇ ગયા છે. આટગ્રામના હલધરમિત્ર પાસેથી
" સાંભળ્યું છે કે એ કામમાં મહારાજ રામકૃષ્ણે તેમને ચડાવ્યા છે.
ાપનાં કાર્યમાં જેમ બને તેમ વિઘ્નો નખાય એવી ઇચ્છાથી મહા-
જ રામકૃષ્ણે એ બંને બ્રાહ્મણોને મુખે આપને 'પતિત બ્રાહ્મણ'
વરાવ્યા છે. " એમ કહી વિદ્યારત્ન નવકુમાર શર્માની વાતચીતને
તિશયોક્તિ પૂર્ણ કરી સંભળાવવા લાગ્યા.

પરંતુ મહારાજ નંદકુમારના મનમાં ભારે ચટપટી થવા લાગી. તેના મનમાં થયું કે એક વખત આ ખુશામતખોરને કહી દઉં કે ખરેખર હું પતિત બ્રાહ્મણ છું. તમે નકામા શા માટે રાતાપીળા થાઓ છો ? પતિત નહોઉં તો બ્રાહ્મણનો આદર્શ ત્યાગ તે તજી સામાન્ય ચાકરી માટે યવનોના પગમાં શા માટે પડું ? બ્રાહ્મણનાં કર્તવ્ય બજાવ્યાં હોત, તો મારે ડગલે ડગલે લાંછના શા માટે ભોગવવી પડત ? પરંતુ આ બધું કહેવું નકામું સમજી તેણે વિદ્યારત્નને કહ્યું, " હજુ પણ ઉત્સવ સંપૂર્ણ થયો નથી, માટે આ વખતે એવી વાત ન કરવામાંજ માલ છે. કોણ જાણે કયાંયથી વચ્ચે વિઘ્ન આવી પડે તો ! "

શ્રીહરિ વિદ્યારત્ને કહ્યું, " વારૂ, કોઇવાર આપને બધી વાત વિસ્તારપૂર્વક કરીશ. તો પણ એ વાત આપ ખાસ ધ્યાનમાં રાખશો કે આ બાબતમાં નાટોરનો હાથ છે. "

મહારાજ નંદકુમારે કહ્યું:—" આ વાત પછી થશે. અત્યારે તો આપ એટલું ધ્યાનમાં રાખશો કે કોઇની પરિચર્યામાં ભૂલ ન થાય. "

શ્રીહરિ વિદ્યારત્ન ફરીથી બોલવા લાગ્યા—" બધો ગૂન્હો નાટોરનોજ છે. "

મહારાજ નંદકુમારે કહ્યું " વારૂ ! " મનમાં વિચારવા લાગ્યા " વિદ્યારત્નને આ બધું શું કોઇએ શીખવી દીધું છે ? " તરતજ તેને સમજાયું કે " વિદ્યારત્ને હલધરમિત્રનું નામ લીધું હતું " આથી બધું સમજાઇ ગયું.

શ્રીહરિ વિદ્યારત્નને રજા આપ્યાબાદ નંદકુમારે મનમાં વિચાર્યું: "રાણી ભવાની વિરૂદ્ધનાં તરકટમાં મ્હેં બબ્બે વાર હાથ નાખ્યો હતો. બંનેવાર મને નિષ્ફળતા મળી છે. એ પુણ્યવતીના દીર્ઘનિશ્વાસને લીધેજ હું આ અશાન્તિ ભોગવ્યા કરૂં છું. પરંતુ હવે કશું કરવાનો નથી. હું જાણું છું કે મહારાજ રામકૃષ્ણ એક નિર્દોષને સજ્જન વ્યક્તિ છે. લક્ષ બ્રાહ્મણની પદરજ હું ગ્રહણ કરૂં અને તે તેમાં વિઘ્ન નાખે એ વાત કદી પણ વિશ્વાસ કરવા યોગ્ય નથી. મહારાજ રામકૃષ્ણના શત્રુ પક્ષનાં છળ કપટથીજ શ્રીહરિ વિદ્યારત્નના મનમાં એવો સંદેહ પેસી ગયો છે. ગમે તે હો, પણ નાટોર રાજ્યનું જરા પણ અનિષ્ટ હવે મારાથી થશે નહિ. જો કરી શકાશે તો કોઇ પણ પ્રકારનો ઉપકાર અવશ્ય કરીશ."

મહારાજ નંદકુમારનાં મનની ગતિ નવીન માર્ગપર જાવા લાગી. મહારાજે મનમાં નક્કી કર્યું:–" હું બ્રાહ્મણ છું! પૂરેપૂરી રીતે બ્રાહ્મપણાનું રક્ષણ કરવું એ મારૂં કર્તવ્ય છે. લક્ષ બ્રાહ્મણની પદરજ માથે ચડાવવાના નિશ્ચયથી મારા પ્રથમનાં પાપનું થોડાઘણે અંશે પ્રાયશ્ચિત થયું છે. હવે હું કદી પણ સત્યભ્રષ્ટ નહિ થાઉં. જેને સત્ય તરીકે જાણી શકીશ; સત્ય માની વિશ્વાસ કરીશ, જીવનનાં છેવટ પર્યન્ત તેનુંજ હું અનુસરણ કરીશ."

તૃતીય પરિચ્છેદ

સંકલ્પ

"and having power T'enforce wrong, for such a worthy cause, Dooms and devotes him his lawful prey."

—Cowper.

પ્રતિજ્ઞાની સાથેજ વિષમ પરીક્ષાના દિવસો આવી ઉભા.

નાયબ દિવાન રેજાખાંનાં અત્યાચારથી આખા દેશમાં હાહાકાર ફેલાઈ રહ્યો. તેનો પડઘો દૂર ઇંગ્લાંડમાં પડયો. ઇંગ્લાંડ કંપી ઉઠયું. ઇસ્ટ-ઇંડિયા-કંપનીના ડિરેકટરોએ રેજાખાંને સજા કરવાનો હુકમ હેસ્ટિંગ્સપર મોકલ્યો. રેજાખાં મુસલમાન સમાજના નેતા તરીકે ગણાતો હતો. આથી રેજાખાંને સજા કરવાથી મુસલમાન સમાજમાં ગરબડ મચે તેવો સંદેહ હતો. તેથી હેસ્ટિંગ્સે નંદકુમારની મદદ માગી.

મહારાજ નંદકુમાર તે વખતે હિંદુસમાજના અગ્રણી હતા. નંદકુમારની પાસે રેજાખાંને સજા કરવાની બાબતમાં સહાયતા મેળવી હેસ્ટિંગ્સે કાંટા મારફત કાંટો કાઢયો.

રેજાખાં અને સિતાબરાયની બંગાળા અને બિહારની નાયેબ દિવાનીના સંબંધમાં ભારે આરોપો મૂકાયા મુર્શિદાબાદના રેસિડેન્ટ મિડિલ્ટન સાહેબે રેજાખાંને બંદીવાન કરી કલકત્તા મોકલી દીધો. સિતાબરાયને પણ કલકત્તા મોકલવામાં આવ્યો. કામ ચાલવા લાગ્યું. મહારાજ નંદકુમારને આ મુકદ્દમામાં સરકાર તરફથી સાબીતિઓ રજુ કરવા નીમવામાં આવ્યા.

રેજાખાં અને સિતાબરાયના અત્યાચારથી તે સમયનો ભીષણ દુષ્કાળ અતિ ભીષણ થઇ પડયો હતો. એ દુષ્કાળના વખતમાં કર ઉઘરાવવાને બહાને રેજાખાંએ દેશનું બધું અનાજ લઇ લીધું હતું. અને બધું અનાજ એકત્ર કરી પોતાના કબજામાં લઈ ભારે કિંમતે વેચ્યું હતું. તેથી ભૂખથી ઘણી રૈયત નાશ પામી હતી. રેજાખાંની વિરુદ્ધ આ એક મોટું તહોમત હતું. બીજું તહોમત એ હતું કે નિજામતમાંનાં મૂલ્યવાન રત્નનાં દાગીના અને રોકડા વીશ કરોડ રૂપીઆ ને હજમ કરી ગયો હતો. સિતાબરાય પર પણ એજ રીતે નેવું લાખ રૂપીઆ ગુમ કર્યાનો આરોપ હતો. આ બધા ગુન્હાઓ-માંથી છૂટવા માટે તે બંને જણાઓએ નંદકુમાર અને હેસ્ટિંગ્સને મોટી લાંચ આપવાનું પણ જાહેરમાં આવ્યું હતું. ગમે તે કારણથી પણ હેસ્ટિંગ્સે તે બંનેને છોડી મૂકયા. તેથી ચારે તરફ જાહેર થઈ ગયું કે 'મહારાજ નંદકુમારે યોગ્ય સાબીતિ ઉપસ્થિત કરેલી હતી; છતાં હેસ્ટિંગ્સે લાંચ લઇ અપરાધીઓને છોડી દીધા."

એ ઘટનાબાદ રેજાખાં અને સિતાબરાય હેસ્ટિંગ્સના પ્રિય મિત્ર થઇ પડયા. મહારાજ નંદકુમાર વિરુદ્ધ તરકટ આરંભાયું. હે-સ્ટિંગ્સ સાથે જ્યારે નંદકુમારને સારૂં બનતું ત્યારે નંદકુમારની મા-ગણીથી તેના પુત્ર ગુરુદાસને હેસ્ટિંગ્સેન નવાબ દિવાન તરીકે નીમ્યો હતો. તેજ વખતે મુબારક–ઉદ્‌–દૌલાના વાલી તરીકે મણિબેગમ નિ-માઇ હતી. રેજાખાં વગેરેને મુક્તિ મળ્યાબાદ નંદકુમારનો હેસ્ટિંગ્સ પ્રત્યેનો સંદેહ વધ્યો. ત્યારબાદ હેસ્ટિંગ્સ પણ નંદકુમારને શત્રુ સમ-જવા લાગ્યો. તેજ વખતે હેસ્ટિંગ્સને એવું લાગ્યું કે કદાચ નંદકુમાર મારાં અપકૃત્યો જાહેર કરી દેશે તો! આવી શંકાથી તે કોઇ પણ રીતે નંદકુમારને સપડાવવાની યુક્તિઓ રચવા લાગ્યો. એ વખતે

મહારાજ નવકૃષ્ણ, દિવાન ગંગાગોવિંદ સિંહ, કૃષ્ણકાન્ત નંદી અને દેવીસિંહ વગેરે હેસ્ટિંગ્સના પ્રિયપાત્ર થઇ પડયા હતા.

હેસ્ટિંગ્સનાં શાસનથી દેશના જમીનદારો પીડાવા લાગ્યા. નંદકુમારને હેસ્ટિંગ્સનો જમણો હાથ સમજી જમીનદારો નંદકુમારને શરણે આવ્યા. પરંતુ તેથી તો ઉલટું ફળ આવ્યું. નંદકુમાર કંપનીનું રાજ્ય ઉથલાવી નાખવા માટે જમીનદારો સાથે તરકટ કરે છે એવો શક હેસ્ટિંગ્સ નંદકુમારપર લઇ ગયો. જોતજોતામાં એક દિવસ એ સંદેહનો અગ્નિ સળગી ઉઠયો. નંદકુમારે એક દિવસ હેસ્ટિંગ્સ આગળ હાજર થઇ નાટોર રાજ્યના બંદોબસ્તના સંબંધમાં જરા વાતચીત કરી. મહારાણી ભવાનીની જમીનદારીમાં બાહિર બંદર પરગણું એક સારામાં સારૂં પરગણું ગણાતું હતું. એ પરગણું ભવાનીની જમીનદારીમાંથી છૂટું પાડી હેસ્ટિંગ્સ પોતાના પ્રિય મિત્ર કૃષ્ણકાન્ત નંદીને આપવાનો વિચાર કરતો હતો. નંદકુમાર તે બાબતમાં હેસ્ટિંગ્સ આગળ ફરિયાદ કરવા લાગ્યા. બંને જણ વચ્ચે પુષ્કળ વાદવિવાદ થયો. હેસ્ટિંગ્સે કહ્યું, "મહારાણી ભવાની બાઇ માણસ છે. આવડી મોટી જમીનદારી સાચવવી એ કાર્ય તેનાથી બની શકે તેવું નથી. વળી તે અત્યારે તીર્થવાસ કરે છે. આથી જમીનદારી નહિ સચવાય એવી શંકાથીજ હું લોકનાથ નંદીને એ જમીનદારી સોંપું છું."

નંદકુમારે જવાબ આપ્યો—"મહારાણી તીર્થમાં રહે છે છતાં તેના પુત્ર મહારાજ રામકૃષ્ણ અત્યારે યોગ્ય ઉમરે પહોંચેલા છે."

હેસ્ટિંગ્સે કહ્યું—"રામકૃષ્ણ હજુ યુવાન છે. આવડી મોટી જમીનદારી તેનાથી સાચવી શકાય તેમ નથી."

નંદકુમાર—"કૃષ્ણકાંત નંદીનો પુત્ર લોકનાથ કેવી રીતે તે કાર્ય ચ-લાવી શકશે? કારણ કે લોકનાથ તો રામકૃષ્ણ કરતાં પણ ન્હાનો છે."

હેસ્ટિંગ્સનું મુખ લાલચોળ થઇ ગયું. હેસ્ટિંગ્સે ગુસ્સાથી કહ્યું, "આપની સાથે હું વાદવિવાદ કરવા ઇચ્છતો નથી. મને જે સારૂં લાગે તે હું કરૂં છું અને કરીશ."

નંદકુમારનો મનોરથ વિફળ ગયો. હેસ્ટિંગ્સ પાસેથી ઝીકે મ્હોંએ પાછું વળવું પડયું. હેસ્ટિંગ્સે મનમાં મનમાં કહ્યું, "નંદકુમારને ભારે ગર્વ ચઢયો છે. એ ગર્વના ચૂરેચૂરા નહિ થાય તો બ્રિટિશ રાજ્યનો પાયો મજબૂત થશે નહિ."

ચતુર્થ પરિચ્છેદ.

નિષ્ફળ પ્રયત્ન.

> " Vain, very vain, my weary search to find,
> That bliss which only centres in the mind"
> —Goldsmith.

બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. ૧૭૭૫ ની સાલમાં બાહિર બંદર પરગણું બીજાના હાથમાં ગયું. લોકનાથ નંદીના નામપર હેસ્ટિંગ્સે તે પરગણું ઇજારે આપ્યું.

કુમાર રામકૃષ્ણને જ્યારે આ સમાચાર મળ્યા, ત્યારે તે સંસાર સમુદ્રના એક નવીન તરંગના આઘાતથી ધવાયા. દક્ષિણજનના મંદિરમાં બેસી પેલા સંન્યાસીનો તિરસ્કાર સહન કર્યાબાદ તેનું મન ચંચળ થઇ

ગયું હતું. તે ચાંચલ્ય હજુ સુધી દૂર થઇ શક્યું નહોતું; એ વખતે તેમની જમીનદારીનું સુંદરમાં સુંદર પરગણું બીજાના હાથમાં ગયું. રાજ્યની ધુરા હાથમાં લીધાબાદ પણ તેમને રાજ્યના બંદોબસ્ત બાબત જરાપણ વિચાર કરવો પડતો નહિ. અત્યાર સુધીમાં કુમાર કેવળ વિલાસ આનંદ, સુખ, અને સૌભાગ્યનાં મોજાંપર હિંડોળા ખાતા હતા. તેમના માર્ગમાં વખતોવખત ન્હાની ન્હાની અડચણો આવતી હતી. પરંતુ પ્રબળ પ્રવાહ સાથે આવતાં તરણાંની માફક તે પોતેજ તે અડચણોથી દૂર જતા રહેતા હતા. પરંતુ આ વખતે જે અડચણ આવી તેથી કુમારનાં જીવનની ગતિને બીજા માર્ગે જવાનો વખત આવ્યો.

કુમાર વિચારતા હતા:—"એ સંન્યાસી કોણ? તે કોણ? હું દશભુજાના મંદિરમાં બેસી જપ કરતો હતો, તે વખતે મારા મનની વાત તે કેવી રીતે જાણી શક્યા? મારી સુંદરીને ક્યાં ક્યાં ઘરેણાં પહેરાવવાથી કેવી સુંદર દેખાશે, એ બાબત હું વિચારતો હતો, પરંતુ તે વાતની તેને કેવી રીતે ખબર પડી?"

વિચાર કરતાં કેટલીય વાતો સ્મૃતિપથપર યાદ આવવા લાગી. જે સ્વર સાંભળ્યો તે અગાઉ જરૂર સાંભળ્યો છે. મંદિરના પુરોહિતે સંન્યાસીના આકાર અને પોશાકનું જે વર્ણન કર્યું તે આકાર અને પોશાકવાળા સંન્યાસી મહારાજ ક્યાંએ જોયા છે. પરંતુ ક્યાં? ક્યારે? કેટલા દિવસપર એ મૂર્તિ જોઇ છે? કુમાર પોતાના ભૂતકાળની શોધ કરવા લાગ્યા. જોતાં જોતાં પોતાની બાલ્યાવસ્થાનું તે ઉજ્જવળ ચિત્ર નજર આગળ તરવરી રહ્યું. તેને યાદ આવ્યું કે સંન્યાસીએ આવાજ સ્વરે મને પંખીનું બંધન તોડવાનું જણાવ્યું હતું.

આ સ્મૃતિ જેમ જેમ સ્પષ્ટ થતી ગઇ તેમ તેમ ઉદાસીનતા તેના મગજને ઘેરી લેવા લાગી. "હાય! મ્હેં શું કર્યું! બંધન તોડવાની

પ્રતિજ્ઞા કર્યા છતાં હુંતો નવીન બંધનોમાં જકડાતો જાણું છું. મ્હેં વિચાર્યું હતું કે, સંધ્યાકાળ વખતે મુહૂર્ત્તમાત્ર એકચિત્તે ઇષ્ટદેવનું ચિંતન કરીશ, પણ હાય દુશ્ચિંતા ! ત્યારે પણ તું આવી મારા સામે ખડી થઈ, ત્હેં મારી જપમાળાનો આશ્રય લીધો !"

કુમારને કંઇપણ ગમ્યું નહિ. સુંદરીના પ્રેમરૂપી જે માળા તેમણે ઇરાદાપૂર્વક હૃદયપર ધારણ કરી હતી, તે માળા અત્યારે તેને બંધન રૂપ જણાવા લાગી.

એ વખતેજ બાહિરબંદર પરગણાના ખરાબ સમાચારે તેના ચિત્તને આઘાત કર્યો.

મોજાંપર મોજાં ઉછળવા લાગ્યાં. હજુરિયાઓ જેમ જેમ કહેવા લાગ્યા કે "અહા ! આવી જમીનદારી ચાલી ગઈ!" તેમ તેમ કુમારને કંટાળો આવવા લાગ્યો. તેને વિચાર આવ્યો:—"સારી આવકની જમીનદારી હતી, તે ગઇ; પરંતુ તેમાં હું શું કરૂં ?"

રૂદ્રનારાયણ ઠાકુર કુમાર સાથે મસલત કરવા આવ્યા. પરંતુ કુમારને કશું ન ગમ્યું.

ઠાકુર મહારાજે સલાહ આપી—"આપ જાતે જઇ હેસ્ટિંગ્સને મળો તો ઠીક." પરંતુ કુમારને એ વાત ઠીક ન લાગી.

રૂદ્રનારાયણ ઠાકુરે કહ્યું—"રાજ્યનું અંગ ગયું. આ બાબતમાં કદી પણ નચિંત રહેવું ઠીક નથી."

કુમારે જવાબ આપ્યો—"જે છે, તે પૂરતું છે !"

તે જવાબથી ઠાકુર મહાશય સહેજ કંટાળ્યા; થોડા ગુસ્સાથી બોલ્યા—"બાહિરબંદર પરગણું નાટોર રાજ્યનું માથું હતું. તેજ પરગણું કંપની લઇ લેછે. તમે બિલકુલ પણ પ્રયત્ન નહિ કરો ? ચાલો, હું પણ તમારી સાથે આવું. થોડો પ્રયત્ન કરવામાં આપણું જાય શું ?"

કુમારે કહ્યું:—" આ બાબતમાં હું કશું જાણતો નથી! મને આવી બાબતમાં શામાટે સપડાવો છો? આપ બધું કરો છો, તો આ બાબતમાં પણ યોગ્ય લાગે તે કરો."

રૂદ્રનારાયણ ઠાકુર સહેજ ક્રોધવ્યંજક સ્વરે બોલ્યા—" અમેજ બધું કરીએ છીએ! તમે કશું જાણતા નથી! વારૂ! જરા પૂછું: કાહિહાટી અને ભૂષણા પરગણાના બંદોબસ્ત માટે કાલીશંકરને કોણે મોકલ્યો હતો? તમે તો કોઇપણ કાર્યમાં હાથ નાખતા નથી!"

કુમાર લગાર શરમાય જઇ કહેવા લાગ્યા—" કેમ, કાલીશંકરે શું કર્યું છે"

રૂદ્રનારાયણ—" શું કરે! તે અત્યારે માલિક થઇ બેઠો છે! કોઇનું પણ માનતો નથી."

કુમાર નવાઇ પામી બોલ્યા—" કેમ શું થયું છે?"

રૂદ્રનારાયણ—" એક તરફથી બાહિરબંદર ગયું, બીજી તરફથી ભૂષણા પણ જવા બેઠું છે. એથી બીજું શું થાય?"

કુમાર અચકયા, મનમાં કહેવા લાગ્યા—" ભૂષણા પણ જવા બેઠું છે. ઠાકુર મહારાજ આ શું બોલે છે!" તેમણે પૂછ્યું—" આપને આ સમાચાર કેવી રીતે મળ્યા?"

રૂદ્રનારાયણ—" ત્યાંથી એક મારો માણસ આવ્યો છે. તેની પાસેથી મ્હેં જે સાંભળ્યું તેથી મારો આત્મા અચકી ઉઠયો છે. તમે જેને મિત્રધારી, વિશ્વાસ કરી, મારાથી છુપી રીતે, કાહિહાટી અને ભૂષણા પરગણામાં શાન્તિ ફેલાવવા મોકલેલ છે, તે તમારો વિશ્વાસુ કાલીશંકર આજ તમારાંજ ગળાંપર છરી ફેરવવા તૈયાર થયો છે."

રામકૃષ્ણ જરા નવાઇ પામી બોલ્યા—" શું! આપ શું કહો છો."

રૂદ્રનારાયણ—"શું કહું! તમારો તે કાલિશંકર અત્યારે એ બને પરગણાં પોતાને નામે ચઢાવી લેવા તૈયાર થયો છે. તમે તેને ત્યાં મોકલ્યો કે તરત તેણે ત્યાં પોતાનો અધિકાર ફેલાવી દીધો છે. અત્યારે તે કંપની પાસે એ બંને પરગણાંનો માલીક હોવાનો દાવો કરી રહ્યો છે. બાહિરબંદર નાટોર રાજ્યનું માથું હતું: હેસ્ટિંગ્સનાં તરકટથી આજે આપણે માથાં વિનાનાં થયા. ભૂષણા અને કાદિહાટી પરગણાં નાટોર રાજ્યના બે પગો હતા! વિશ્વાસઘાતક કાલીશંકર એ બંને પગો કાપવા તૈયાર થયો છે!"

કુમારે નવાઇ પામી કહ્યું—"કાલીશંકર આવો વિશ્વાસઘાત કરશે, તે મ્હેં સ્વપ્ને પણ નહોતું ધાર્યું."

રૂદ્રનારાયણ—"હવે શું થાય? એ દિવસ પછીજ બધું સમજી શકશો?"

કુમાર—"ત્યારે હવે આપ શું કરવાનું કહો છો?"

રૂદ્રનારાયણ—"તમારે જાતે બધું કામ સંભાળવું પડશે. કાલી-શંકરને પકડી લાવવા માટે પોલિસ મોકલવા પડશે. આજે આ ક્ષણેજ તે બંદોબસ્ત કરો."

કુમારે પૂછ્યું—"પોલિસ મોકલવા પડશે!"

રૂદ્રનારાયણ—"મોકલવા પડશે શું? આજેજ મોકલવાની જરૂર છે. નહિ તો કુમાર! તમે નક્કી જાણજો કે તમારૂં સુંદર રાજ્ય ભસ્મ થઇ જશે."

કુમારે ફરીથી પૂછ્યું—"આજેજ મોકલશું!"

રૂદ્રનારાયણ—"એક ક્ષણની પણ વાર લગાડવી નકામી છે."

કુમાર—"વારૂ–કાલ મોકલશું તો નહિ ચાલે। મને લાગે છે પ્રથમ તેને બોલાવીએ, જો તે હુકમ ન માને તો ઉચિત વ્યવસ્થા કરીશું."

રૂદ્રનારાયણ ઠાકુર મનમાં ખૂબ ગુસ્સે થયા. તે બોલ્યા–" હજુ પણ તમે તેના પર દયા રાખવા માગો છો તે તમારૂં સત્યાનાશ વાળવા બેઠો છે; તે એવો કપટી છે કે થોડો પણ સમય મળતાં સતર્ક થઇ જશે. તે વખતે તમે તેને કશું કરી શકશો નહિ. તેને જેમ બને તેમ જલદી કબજે કરવાની જરૂર છે."

કુમાર ભારે સંકટમાં પડયા.

" જેઓ નાટોર રાજ્યના મસ્તક રૂપી બાહિરબંદર પરગણું લઇ લે છે, તેને કશું કરી શકતો નથી, તેની પાસે દયા યાચવા જવું અને જે મારા પ્રિયમિત્ર છે તે દૂરનો એક મુલક કબજે કરી લે છે–અથવા કરી લેશે કે નહિ તેમાં પણ શક છે. તેને બાંધી આણવા માટે હુકમ મોકલવો ! એ ભારે સમસ્યા છે ! આજ શું સંસારનો ન્યાય છે ! "

કુમારે કહ્યું " આપે જે કહ્યું તે સાંભળ્યું, બધું સમજ્યો. પરંતુ મારી વિનંતિ છે કે આજની રાત મને વિચારવાની આપો."

રૂદ્રનારાયણ ઠાકુર કુમારનો મનોભાવ સમજી મનમાં જરા હસ્યા, મનમાં બોલ્યા–" આવીજ રીતે કુમાર ! રાજ્ય બચાવી શકશો. " ખુલ્લી રીતે કહ્યું, " વારૂ, તમારી જ્યારે ખાસ ઇચ્છા છે, ત્યારે આજે આ વાત પડતી મૂકો. પરંતુ મારી બે વાતો ખાસ વિચારવાની છે. પહેલી વાત એકે હેસ્ટિંગ્સને હાથમાં લેવો, અને બીજી વાત એકે કાલીશંકરને બંદીવાન બનાવી લાવવો. જૂઓ, કુમાર હવે વિચારમાં વધુ કાળ ગાળતા નહિ. વિલંબ કરવાથી ઘણાં વિઘ્નો આવશે. "

રૂદ્રનારાયણ ઠાકુર રજા લઇ ચાલ્યા ગયા.

પંચમ પરિચ્છેદ.

કેવું ભયંકર!

"O ye powers that search
The heart of man, and weigh his inmost thought,
If I have done amiss, impute it not,
The best may err, but you are good."

Addison.

કુમારના ચિત્તમાં વિચારનાં તરંગો ચાલવા લાગ્યા. સૂતાં, બેસતાં, ઉંઘતાં, જાગતાં એટલુંજ નહિ પણ જપ કરતી વખતે પણ કુમારનું ચિત્ત આજ વિચાર કરવા લાગ્યું.

સંધ્યાવંદના કરવા બેઠા, ઘણો પ્રયત્ન કર્યો પણ ચિત્ત સ્થિર ન થયું. "सायाह्ने शिवरूद्रपाश्च वृद्धां वृषभवाहिनीम् सूर्य मंडल मध्यस्थां सोमवेद समायुताम्"—એ ધ્યાનમાં ઉચ્ચારી મંત્રમાં કહેલી મૂર્તિનું ધ્યાન કરવા ગયા; પરંતુ એ મૂર્તિ હૃદયમાં આલેખાઇ નહિ. પરંતુ તેને બદલે કેટલાંય અવાસ્તવિક ચિત્રોએ આવી હૃદય પૂરી દીધું.

કુમાર હૃદયમાં દેવીનું સ્વરૂપ ખડું કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા, પરંતુ તેને બદલે બાહિરબંદર પરગણું અને હેસ્ટિંગ્સ તથા લોક-નાથ નંદીની વિચિત્ર ચરિત્રકથા મનમાં ઉભરાવા લાગી. કુમાર હાથ જોડી માતાજીનાં ચરણમાં ભક્તિરૂપી પુષ્પાંજલિ પ્રદાન કરવા

આગળ વધ્યા. મનમાં પડઘો પડયો કે, હેસ્ટિંગ્સની પ્રીતિ મેળવવાને આમ કરો! કુમાર હાથમાં પાણી લઇ પૂર્ણાહુતીના મંત્ર ભણુવા લાગ્યા, તે વખતે કોઇ કાનમાં કહી જવા લાગ્યું કે "કાલીશંકરને બાંધી આણો! કોઇ ક્ષણે હેસ્ટિંગ્સનો અન્યાય હૃદયને ઉછાળવા લાગ્યો. બીજીજ ક્ષણે કાલીશંકરની વિશ્વાસઘાતકતા યાદ આવવા લાગી.

શાંત, એકાંત સ્થળમાં બેસી એક મનથી મહામાયાની આરાધના કરવાનો વિચાર હતો, પણ જગતની ગડમથલે કુમારને ઘેર્યા. સંન્યાસીના તિરસ્કારની વાત પાછી યાદ આવી. તે દિવસ સુંદરીનાં સૌન્દર્ય વિષે વિચાર ચાલતા હતાં. આજે સંસારની ગડમથલના વિચાર ચાલે છે. બંને અવસ્થા એકજ સરખી છે. આથી એ વિચારમાંજ સંન્યાસીનું ચિત્ર મનમાં ખડુ થઈ રહ્યું.

ઘણા પ્રયત્ને સાયાહ્નિક સમાપ્ત કરી કુમાર અંતઃપુરમાં ગયા, પરંતુ ત્યાં પણ ચિત્ત શાંત થયું નહિ. જે સુંદરી સાથે વાતચીત કરતાં કલાકોના કલાકો એક નિમિષની માફક વીતી જતાં; જે સુંદરીનાં મુખકમલ સામું જોતાં જોતાં કુમાર ભાન ભૂલી જતા; જે સુંદરીનાં મધુર વાક્યો સાંભળતાં કાન તૃપ્ત થતા; જે સુંદરીની રૂપ—સુધા પીતાં પીતાં સકળ પિપાસાની નિવૃત્તિ થતી; આજે તેજ સુંદરી તરફ મન સહેજ પણ આકર્ષાયું નહિ. શયનમંદિરમાં પેઠા પછી કુમારને પોતાનો દેહ અને મન અતિશય શાન્ત થઈ ગયેલાં લાગ્યાં. માત્ર બે ચાર વાતો કરી "મારૂં શરીર સારૂં નથી" કહી કુમાર પથારીપર સુઇ ગયા. શરીર સારૂં નથી એમ જાણુતાં સુંદરી ચિંતાતુર થઇ કુમારનાં ચરણુ સેવતી બેઠી.

થોડીજ વારમાં કુમાને તંદ્રા આવી.

તંદ્રા લેતાં લેતાં કુમારને જણાવા લાગ્યું કે સંસાર કેવો ભયંકર છે! ત્યારે શું વનવાસ કરવાથી શાન્તિ મળશે?"

સ્વપ્નમાં જોયું કે "અરણ્ય પ્રકૃતિનું કેવું સુંદર સ્થાન છે! વૃક્ષોની અનંત હારો કેવી હારબંધ ગોઠવાઇ છે. તેનાં પાંદડાંપર સૂર્યનાં કિરણો કેવાં પ્રતિફલિત થાય છે. તેની નીચે થાકી ગયેલાં મુસાફરો કેવો આશ્રય લે છે! વન લતાકુંજ, ગુલ્મકુંજ અને ધોળાં, પીળાં, નીલ અને રાતાં પુષ્પોથી કેવું શોભી રહ્યું છે. સપાટ ભૂમિપર લીલી સાડીની માફક લીલું ઘાસ કેવું છવાઇ રહ્યું છે. વનના છેડાપર મંદ મંદ વહેતી સ્રોતસ્વિની કલકલ કરતી ચાલી જાય છે! અહા! કેવું સુંદર!"

કોઇએ કહ્યું—"એ વનમાં નદીતટપર મહર્ષિઓના પવિત્ર આશ્રમો હતા."

કુમાર ચારે તરફ જોઇ રહ્યા.

"ક્યાં, આજે તો તેનાં ચિન્હ પણ જોઇ શકતો નથી. ક્યાં તે ભગ્ન કુટીર, જ્યાં ઋષિઓ ઇષ્ટ નામ જપ કરે છે. ક્યાં છે તેનું પદ્માસન, કોઇ કહી શકશો—ક્યાં તેનું સ્થાન! કે જ્યાં બેસી હું ચિત્ત સ્થિર કરવાનો પ્રયત્ન કરી શકું."

કોઇએ જવાબ આપ્યો—"પાગલ! યુગ યુગાન્તર વહી ગયા, અણુ પરમાણુમાં વિલીન થઈ ગયાં; હવે તે સમાચાર ક્યાંથી મળશે? જો, નદીના પ્રવાહમાં હંમેશાં તટભૂમિ તૂટતી તણાતી જાય છે. જો, પેલો વિશાળ વડ બે ગાઉના વિસ્તારમાં ફેલાઈ રહ્યો છે, ત્યાં કયે સ્થળે ઋષિનો આશ્રમ હતો, તેનો નિર્ણય કોણ કરે!"

અકસ્માત્ એક રાફડા તરફ કુમારની નજર પડી.

"આશું! રાફડામાં સ્ફટિકમણિ ક્યાંથી? જોઉં, જોઉં, હાથમાં

લઇ જોઉં તો ખરો! આશું! રાફડામાંથી અનુતાપનો અવાજ ક્યાંથી? ત્યારે આ મૃતિકામાં ઢંકાયલી વસ્તુ જડ નથી? ત્યારે એ શું માટીમાં દટાયલો મનુષ્ય દેહ છે? હા, હા, તેજ ઋષિ કે જેના પર યુગ યુગાન્તર વ્યાપિ માટીના સ્તરો ચડી ચૂક્યા છે, તોપણ તેનાં ધ્યાનનો ભંગ થતો નથી, તોપણ તેની એકાગ્રતા નષ્ટ થઈ નથી! પરંતુ આ પાપીના સ્પર્શ માત્રથી તેની એકાગ્રતા તૂટી!"

કુમાર ચમક્યા. તેના મનમાં આવ્યું કે 'હું આ શું કરવા બેઠો છું!' તે રાફડા તરફ હાથ જોડી વિનીત શબ્દોથી કહેવા લાગ્યા–"હે ઋષિ! મારા પાપી સ્પર્શથી આપની એકાગ્રતા તૂટી! તમને નમસ્કાર કરૂં છું, મારો અપરાધ ક્ષમા કરો, દેવવા! તમે દયામય છો, તમારી એકાગ્રતાની કણીમાત્ર મને દાન કરો; હું સંસારનો કીડો છું, કૃપાદાન કરો, આ ભવસંસાર તરવાનો ઉપાય બતાવો."

કહેતાં કહેતાં કુમારની આંખોમાંથી દરદર ધારાવડે અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો. પ્રાણમા જે ચિંતાના તરંગો ઉછળવા લાગ્યા, તેનાથી હૃદયનાં બંધ તૂટવા લાગ્યા. કુમાર કાત્તરકંઠે વિનંતિપૂર્વક બોલવા લાગ્યા—"પ્રભુ! દયામય! મારૂં રક્ષણ કરો."

"પાગલ! ક્યાં છે પ્રભુ–ક્યાં છે દયામય! તારૂં કોણ રક્ષણ કરશે?"

વનભૂમિ કંપાવતો એક વજ્ર સંદેશ ધ્વનિ ઉઠ્યો–"અહીં કોણ છે–કોણ તારી રક્ષા કરશે? આ ચલચ્છકિતહીન, તરૂગુલ્મલતા અથવા આ મૂક મૃત્તિકાસ્તુપ?"

કુમાર નવાઇપૂર્વક જોવા લાગ્યા—"તે તેજ પુંજ કલેવર જ્યોતિર્મય સંન્યાસી સામે બેઠા છે! દિવ્યકાંતિ, નવધર દેહ, ગૌરવર્ણ

ગૈરિકવસન, વિભૂતિભૂષણ, બૃહજ્જટાજૂટસમન્વિત—આ મહાપુરૂષ કોણ ?"

આ મહાપુરુષ કોણ ! આ માણસ વગરની ભયંકર વનભૂમિમાં અકસ્માત્ તેઓ ક્યાંથી આવી ચઢયા ! આજ શું મારા ઇષ્ટ દેવતા છે? આજ શું મારા શાંતિહીન પ્રાણમાં શાંતિ સ્થાપવા આવ્યા છે?"

કુમાર સંન્યાસીના ચરણમાં આત્મસમર્પણ કરવા તૈયાર થયા; તેમણે વ્યાકૂળ થઇ કહ્યું, "આપજ શું મારા અભિષ્ટ દેવતા છો ? આપનાં ચરણમાં મને સ્થાન આપો."

કુમાર સંન્યાસીનાં ચરણમાં પડવા આગળ વધ્યા. સંન્યાસી જરા ખસી ગયા, તે વજ્રસદૃશ ગંભીર સ્વરે બોલ્યા-"તમે શું માગો છો ?"

કુમાર કિંકર્તવ્યમૂઢ થઇ ઉભા; કુમાર જવાબ આપી શક્યા નહિ.

"તમે શું ચાહો છો ? આ જનશૂન્ય અરણ્યમાં તમે શાંતિ મેળવવા આવ્યા છો ? અહીં આવી તમારૂં ચિંતા કલુષિત ચિત્ત સ્થિર કરવા ચાહો છો ? "

સંન્યાસી શું અંતર્યામી છે ? તેમણે શું મારા ચિત્તમાં પેસી મારા વિચારો જાણી લીધા છે ?

કુમારે કહ્યું—"અંતર્યામી ! મારા મનની વાત આપે જાણી છે. હવે કહો. મારે શો ઉપાયગ્રહણ કરવો ? બોલો આ મરૂમય પ્રાણમાં-આ હૃદય મરૂભૂમિ માંહે શાંતિનો પ્રવાહ કેમ રીતે વહે ?"

સંન્યાસી વિરક્ત સ્વરે બોલ્યો—"પાગલ ! પોતાનાં હૃદયમાં પોતે શાન્તિ સ્થાપી શકતો નથી; તો પછી બીજું તે કોણ સ્થાપી શકે ? ભિક્ષાથી માગી લીધેલી પાણીની અંજલીવડે શું મરૂભૂમિની કેની ધગધગતી વાલુકારાશિ સ્નિગ્ધ થાય ? "

કુમાર વ્યાકૂળ થઇ બોલ્યા—" ત્યારે શો ઉપાય ? આપે દર્શન આપ્યું છે, તો પછી ઉપાય પણ બતાવો."

વળી કુમાર તેનાં ચરણમાં પડવા ગયા, સંન્યાસી દૂર હઠી ગયા કુમાર તેનાં ચરણ પકડવા આગળ ગયા. પણ સંન્યાસી અદૃશ્ય થઈ ગયા; તે સાથે કુમારે આકાશવાણી સાંભળી—"કુમાર! જો શાન્તિ મેળવવી હોય, તો બંધન તોડવાનો પ્રયત્ન કરો."

એજ સ્વર! તેજ સંન્યાસી! સ્વપ્નમાં પણ તે! કુમાર આમતેમ શોધવા લાગ્યા પરંતુ સન્યાસીનો પત્તો ન લાગ્યો.

કુમાર ચકિતનેત્રે ચારે તરફ જોવા લાગ્યા–અરણ્ય કેવું ભીષણ!

અરણ્ય જનસમાગમ શૂન્ય જંગલી પશુઓથી ભરપૂર બની ગયું! સિંહની ગર્જના સંભળાવા લાગી હરણાં નાસભાગ કરવા લાગ્યાં, અજગરો પહાડની માફક અચળભાવે પડયા રહ્યા છે, એક મોટી ભેંસને અજગર ગળી ગયો છે! વાયુનાં તોફાનથી વૃક્ષની શાખાઓ હાલવા લાગી, પશુપક્ષી પ્રાણભયથી નાસી બીજાં વનભણી નાઠાં! અરણ્ય કેવું ભયંકર!

કુમાર ભયથી થરથરવા લાગ્યા. બ્હીકથી કુમારની ઉંઘ ઉડી ગઇ કુમાર પથારીપર બેઠા થઇ ગયા.

પતિની સેવા કરતાં કરતાં સુંદરી પતિના પગ પર ઉંધુ ઘાલી ઉંઘી ગઇ હતી. સ્વપ્નથી ચમકી કુમાર જ્યારે પથારીમાં બેઠા થયા, ત્યારે સુંદરી પણ ચમકી ઉઠી.

કુમારે લગાર ભાનમાં આવ્યા પછી કહ્યું, " સુંદરિ! બીની કે ?"

સુંદરીએ પૂછ્યું—" એકાએક આપની ઉંઘ કેમ ઉડી ગઇ ? આપ કેમ ચમકી ઉઠયા ?"

કુમાર—" ના–ના, તેવું કશું નથી ?"

પરંતુ સુંદરીનો શક દૂર થયો નહિ. તે સમજી ગઇ કે જરૂર

કુમારે ખરાબ સ્વપ્નું જોયું છે તેથી તેણે કહ્યું—" આપ કંઇક ખરાબ સ્વપ્નું જોઇ ચમકી ઉઠયા છો ? "

કુમારે જાણ્યું કે સુંદરીને બધી ખબર પડી ગઇ છે, મ્હેં ઉંઘમાં-સ્વપ્નમાં કહેલી બધી વાત સુંદરીએ સાંભળેલી જણાય છે. "

કુમારે કહ્યું, " એ બધી વાત બહુ લાંબી છે, કાલે હું તને વિસ્તારપૂર્વક બધું કહીશ. રાત ઘણી વીતી છે; મનવ્યગ્ર થઇ ગયું છે. ચાલો અત્યારે ઉંઘી જઇએ."

સુંદરીનું કુતૂહળ વધ્યું છતાં સ્વામીને કષ્ટ થાય એવા ઇરાદાથી તેમણે વધુ પૂછપરછ ન કરી. તેના મનમાં વિચાર આવ્યો —" તે લાંબી વાત છે ? તે વાત કઇ ? "

કુમાર પણ વધુ ન બોલતાં વિચારમાં પડયા. થોડીવારમાં સુંદરી ઉંઘી ગઈ.

દુશ્ચિંતાથી ઉંઘ ન આવી. કુમાર વરંવાર પથારી પરથી ઉઠી ફરવા લાગ્યા. વારંવાર સુંદરીનાં મુખ સામે જોવા લાગ્યા.

કુમાર વિચાર કરવા લાગ્યા-" સંસાર કેવો ભયંકર છે ! જેના પર મારો સંપૂર્ણ વિશ્વાસ હતો તે મારાં ગળાં પર છૂરી ફેરવવા તૈયાર થયો ! ચારે તરફ તરકટ ! ચારે તરફ છળકપટની જાળ પથરાઈ છે ! સંસાર કેવો ભયંકર છે ! "

કુમારે નક્કી કર્યું—" સંસારમાં કયાંએ સુખ નથી ! સંસારમાં કયાંએ શાંતિ નથી ! સંસારતો ઉલટો મને દૃઢ બંધનોથી બાંધે છે; અને હું પણ દહાડે દહાડે એ બંધનોથી જકડાતો જાઉં છું. "

કુમારે કહ્યું—"સંન્યાસીએ સાચું કહ્યું છે." " બંધનજ કષ્ટનું મૂળ છે; બંધન તોડવાથી શાન્તિ મળે છે, બંધન છેદન એજ સુખ છે ! "

કુમારના મનમાં વિચાર આવ્યો—" હું હજુ પણ આ બંધન નહિ છેદી શકું ? "

ષષ્ઠ પરિચ્છેદ

ઉદ્વેગ

I would lcse all, any sacrifice them all
to deliver you."
—Shakespeare.

આહિરચંદર પરગણાને લીધે નાટોર રાજદરબાર જ્યારે ઉદ્વેગમાં હતો, તેજ વખતે નંદકુમાર પરની દારુણ વિપત્તિના સમાચાર રાજધાનીમાં આવી પહોંચ્યા સ્વપ્ન–દર્શનથી કુમાર જ્યારે ઉદાસીન થઇ બેઠા હતા, ત્યારે રૂદ્રનારાયણ ઠાકુર એક વિનતિપત્રમાં તેની સહી કરાવવા આવ્યા.

એ વિનંતીપત્રમાં સહી કરતાં કુમારે પૂછ્યું, "શાનું વિનંતીપત્ર છે?"

રૂદ્રનારાયણ—"બહુ દુઃખના સમાચાર છે. મહારાજ નંદકુમારને ફાંસીએ લટકાવવાનો હુકમ થયો છે.

કુમાર—"શું બોલ્યા! ફાંસીનો હુકમ?"

રૂદ્રનારાયણ—"હું પણ પ્રથમ આ વાત માની શકતો નહોતા. પરંતુ જૂઓ, મારા પિતાજીએ આ શું લખ્યું છે. પત્ર વાંચતાં વાંચતાં પ્રાણ શોક સાગરમાં ડૂબી જાય છે.

રૂદ્રનારાયણ ઠાકુરે પત્ર કુમારના હાથમાં આપ્યો. પત્રમાં ચન્દ્રનારાયણ ઠાકુરે લખ્યું હતું કે–' મહારાજ નંદકુમારનો કોઇપણ રીતે છૂટકો થયો નથી. કલકત્તાની 'સુપ્રિમ કોર્ટે' તેને ફાંસીનો હુકમ

આપ્યો છે. મુખ્ય ન્યાયાધીશ 'ઇમ્પે' સાહેબે નંદકુમારના પક્ષની કોઇ પણ વાત ગ્રહણ કરી નથી. ૫ મી ઓગસ્ટનો દિવસ ફાંસી માટે નક્કી થયો છે. એ દિવસો દરમિઆન મહારાજ કલકત્તાનાં કારાગ્રહમાં કેદ રહેશે. ઇંગ્લાંડના રાજા પાસે તેને બચાવવાની અરજી કરવી પડશે એ અરજીનો જવાબ આવે ત્યાંસુધી નંદકુમારને થએલી શિક્ષાનો અમલ ન થાય, તે માટે નવાબ મુબારક—ઉદ્—દોલાએ કલકત્તાની કૌંસિલને અરજ કરી છે. બ્રાહ્મણને પ્રાણદંડ આપવો એ ભારે અમંગળનું ચિહ્ન છે. માટે તેને બચાવવા બનતા પ્રયત્નો કરવા જ જોઇએ. ”

પ્રાણદંડ ! મહારાજે શો અપરાધ કર્યો છે કે તેને પ્રાણ દંડની સજા થઇ ?

કુમારે કહ્યું—" હું કશું સમજી શકતો નથી; મહરાજે એવો કયો ગુન્હો કર્યો છે કે તેને ફાંસીએ ચઢાવવામાં આવે ? ”

રૂદ્રનારાયણ—" પેલા બુલાખીદાસના દસ્તાવેજનો મુકદ્દમો આમાં સાધનભૂત થયો છે. ”

કુમાર—" મ્હેં તો સાંભળ્યું હતું કે બુલાખીદાસની પાસે મહારાજ નંદકુમાર મોતીના માળા વગેરે કેટલોક મૂલ્યવાન સામાન ગીરવી મૂકવા ગયા હતા. અડતાળીશ હજાર એકવીશ રૂપીઆ એ સામાનની કિમ્મત નક્કી થઇ. અંગ્રેજો સાથે મીરકાસિમને વિવાદ થયો તે વખતે જે રાષ્ટ્રવિપ્લવ થયો, તે વખતે લૂટફાટમાં બુલાખીદાસનું ઘર પણ લૂંટાયું. તે વખતે જાહેર થયું કે એ લૂટફાટમાં મહારાજ નંદકુમારનો સામાન પણ લૂંટાયો હતો. નંદકુમારે જ્યારે એ ગીરવી ઝવેરાત પાછું ફેરવવાનું જણાવ્યું ત્યારે બુલાખીદાસે એ માલ ખોવાયો

છે, એમ કહી એક ખત લખી આપ્યું. એ ખત ખોટું શાથી સાબીત થયું?"

રૂદ્રનારાયણ—"એ વાત લાંબી છે. એ ખતના વ્યાજ સુદ્ધાંત નંદકુમારના બુલાખીદાસ પાસે બે લાખ રૂપીઆ લેણા થયા. ઇસ્ટ ઇંડિઆ કંપની પાસે બુલાખીદાસનું લેણું હતું. નંદકુમારનું લેણું પતાવવા માટે બુલાખીદાસે ઇસ્ટ ઇંડિઆ કંપનીનાં પોતાનાં લેણાં-માંથી મજકુર રૂપીઆ નંદકુમાર લઇ શકે તેવું ખત નંદકુમારને લખી આપ્યું. નંદકુમારે ઇસ્ટ ઇંડિઆ કંપની પાસેથી રૂપીઆ વસુલ લીધા. એ ખત અત્યારે તરકટી ઠર્યું છે!"

કુમાર—"મહારાજ માનો કે અપરાધી હોય, છતાં તેને પ્રાણ-દંડની શિક્ષા કેમ?"

રૂદ્રનારાયણ—"ઇંગ્લાંડના કાયદા મુજબ તરકટી દસ્તાવેજ બનાવ્યા બાબત પ્રાણદંડ થાય છે."

બુલાખીદાસની પાસેથી મહારાજે જે ખત લખાવી લીધું હતું, તે ખત ઇમ્પે સાહેબે બનાવટી ઠરાવ્યું છે. જેઓ એક વખતે નંદકુ-મારની કૃપાના ભિખારી હતા, તેઓજ નંદકુમારની સામે પડયા છે."

કુમારનો સહચર અનુપનારાયણ પાસે બેઠો હતો. વચમાં તે બોલી ઊઠયો. હેસ્ટિંગ્સની સાથે મહારાજે વિવાદ કરવો જોઇતો નહોતો. હેસ્ટિંગ્સ ઇસ્ટ ઇંડિઆ કંપનીનો ગવર્નર છે. પ્રબલ પ્રતાપશાળી છે; તેની વિરુદ્ધ ચાલવાથીજ નંદકુમારને આ દુઃખ આવી પડયું છે.

રૂદ્રનારાયણ—"નંદકુમાર હેસ્ટિંગ્સ વિરુદ્ધ ચાલ્યા હતા એ ખરૂં છે; પરંતુ તેઓએ ઇસ્ટ ઇંડિઆ કંપનીનું ભુંડું તાક્યું હોય એવું તો મને યાદ આવતું નથી. હેસ્ટિંગ્સના નાના પ્રકારનાં કુકર્મો બાબત ખબર

મળતાં ઇસ્ટ ઇંડિઆ કંપનીના કૌંસિલના સભાસદો નંદકુમાર પાસેથી તે બાબતની બાતમી મેળવતા હતા. તેથી નંદકુમારે હેસ્ટિંગ્સના કાર્ય-લાપની એક કુચી તૈયાર કરી આપી.

કુમાર—"એ કાર્ય બરાબર ન ગણાય."

રૂદ્રનારાયણ—તે કાર્ય બરાબર ન ગણાય એકલી રીતે કદાચ મહારાજ ઇસ્ટ ઇંડિઆ કંપનીના ખરેખરા શુભેચ્છક હોય. કંપનીના અમલદારોના અત્યાચારોથી પ્રજા તેના પર વેર રાખે, તે માટે જ તેમણે આ અત્યાચાર ટાળવા માટેના પ્રયત્નો આરંભ્યા હતા."

અનુપનારાયણે ધીમે ધીમે કહ્યું—"કંપનીના શુભેચ્છક તરીકે મહારાજે એક પણ કામ બજાવ્યું લાગતું નથી. નવાબ મીરજાફરના પક્ષમાં રહી અંગ્રેજો વિરુદ્ધ તેમણે ફ્રેંચો સાથે મસલત કરી હતી.

રૂદ્રનારાયણ—"એ વાત સંભળાય છે ખરી; પરંતુ તેમાં તો મહારાજની પ્રભુપરાયણતાનો પરિચય થાય છે. મહારાજ તે વખતે મીરજાફરના અન્નથી પોષાતા હતા. માટે મીરજાફરનું ભલું કરવાનો પ્રયત્ન કરવામાં તેઓ વાજબી હતા."

અનુપનારાયણ—"પરંતુ હેસ્ટિંગ્સ વિરુદ્ધ મહારાજે કંઇપણ કરવું તે કૃતઘ્નતા નથી. વાન્સિટાર્ટે નવાબ સાથેના સંબંધમાંથી નંદકુમારને છૂટાકરી દીધા હતા. પરંતુ હેસ્ટિંગ્સની કૃપાથી મહારાજ પાછા નવાબ સાથે સંબંધમાં આવ્યા. મહારાજનો પુત્ર ગુરુદાસ નવાબનો દિવાન થયો છે; તે શું હેસ્ટિંગ્સનો અનુગ્રહ નહિ કે?"

રૂદ્રનારાયણ—"અનુપ! તેં સાંભળ્યું નથી કે એ બાબતનું રહસ્ય અત્યારે જાહેર થયું છે! મણિબેગમને નવાબના વાલી તરીકે અને ગુરુદાસને નવાબના દિવાનપદે નીમવામાં હેસ્ટિંગ્સે મહારાજ પાસેથી કેટલા પૈસા લીધા છે, તે શું સાંભળ્યું નથી! તેણે ખાત્રીલાયક

સ્થળેથી જાણ્યું છે કે એ બાબતમાં કકડે કકડે હેસ્ટિંગ્સે ત્રણલાખ ચોપનહજાર ને પાંચસો રૂપીઆ એકંદર લાંચના લીધા છે."

અનુપનારાયણ—"હેસ્ટિંગ્સનો એ દોષતો જગજાહેર છે. વર્ધમાનાધિપતિ મહારાજ તિલકચંદની પત્ની પ્રતિને કાશીનરેશ ચેતસિંહપ્રતિ તેમણે જે અત્યાચાર કર્યા છે, તે બાબત મ્હેં સાંભળ્યું છે. પરંતુ મહારાજ નંદકુમાર જેવા ન્યાયી માણસે આ બાબતોમાં માથું મારવું યોગ્ય નહોતું."

રૂદ્રનારાયણ—"તે વાત હું પણ સ્વીકારૂં છું. પાણીમાં રહેઠાણ કરનારે કદીપણ મગર સાથે વાદવિવાદ કરવો ન જોઇએ."

કુમાર રામકૃષ્ણ આ વાતને અનુમોદન આપતાં બોલ્યા—"મહારાજ નંદકુમારની આપ કૂટરાજનીતિજ્ઞ તરીકે ખૂબ સ્તુતિ કરતા હતા, તેના જેવી વ્યક્તિ આમ હિતાહિત જ્ઞાનશૂન્ય કેમ બની ગઇ, એ મોટી નવાઇની વાત છે!"

રૂદ્રનારાયણ—"નવાઇની વાત તો ખરી; પરંતુ મારા જાણવા મુજબ તેની ઇચ્છા શુભ હતી. આજ સૂધીમાં હું અનેક વખત નંદકુમારને મળ્યો છું. પરંતુ તે દિવસે મુર્શિદાબાદમાં ગયા પછી મ્હેં તેને જે સ્થિતિમાં જોયા, તે સ્થિતિમાં તો મહારાજ નવીન માણસ જેવાજ જણાતા હતા."

કુમારે કુતૂહલતાથી પૂછ્યું "કેવી રીતે?"

રૂદ્રનારાયણ—"મ્હેં જોયું કે નંદકુમાર ગોપાલના મંદિરમાં મૂર્તિ સામે હાથ જોડી બોલે છે કે—"નારાયણ, મને સુબુદ્ધિ આપો, હું હવેથી સત્યના માર્ગેથી દૂર ન થાઉં.' તે તન્મય થઇ બોલતા હતા. 'હે ભગવન્, હે હરિ, હું કદીપણ સત્યભ્રષ્ટ ન થાઉં તેટલું બળ આપો. હું તેમને મળવા માટે તેને પડખે જઇ ઊભો, પણ તેમનું

ારી તરફ ધ્યાન જ ન ગયું. તે તો એકચિત્તે ગોપાલની પ્રાર્થના
રવા લાગ્યા. ”

કુમારે મનમાં વિચાર કર્યો—“એવી તન્મયતા મારા ચિત્તમાં
'મ નથી આવતી ? હે ભગવન્ તમારૂં નામ લેતાં લેતાં મારૂં મન
વેષયચિંતામાં કેમ પરોવાય છે ? ”

અનુપનારાયણે પૂછ્યું—“ આપની સાથે નંદકુમારને શી
ાતચીત થઇ ?”

રૂદ્રનારાયણ—“તેમણે ઉપલી બધી વાત મને કહી. તેમણે
ેસ્ટિંગ્સ સાથેના વાદવિવાદની વાત વિસ્તારપૂર્વક કરી કહ્યું, અદૃષ્ટમાં
જે હોય તે ભલે થાઓ; પરંતુ હું કદીપણ સત્યભ્રષ્ટ થઇશ નહિ.
છેવટે તેમણે કહ્યું, “ અદૃષ્ટમાં શું છે, તે હું જાણતો નથી.” નંદકુ-
ારના એ છેલ્લાં વચનો હજુ પણ મારા કાનમાં ઘૂમે છે. હેસ્ટિંગ્સ
ાથેના વિરોધથી છેવટે શું પરિણામ આવશે તે જાણીનેજ જાણે
મા વચન ઉચાર્યું ન હોય, હાય, મહારાજ નંદકુમારનું આવું છેવટ!”

કુમારે કહ્યું—“શું કોઇપણ રીતે તેનો બચાવ નહિજ થાય ?”

રૂદ્રનારાયણ—“તે માટે તો આ વિનંતિપત્ર તૈયાર કરવામાં
ાવ્યું છે.”

કુમાર—“વિનંતિપત્રથી શું થશે ? હેસ્ટિંગ્સનું ચરિત્ર મ્હેં જેટલું
જેવું સાંભળ્યું છે, તે પરથી તો જણાય છે કે તેને ઘણાજ પૈસા
ાપ્યાથી કદાચ નંદકુમાર છૂટી શકે ” એટલું બોલી કુમારે પૂછ્યું—
કેટલા પૈસા મળતાં હેસ્ટિંગ્સ નંદકુમારને છોડી દેશે ? ”

મહારાજ નંદકુમાર માટે કુમારની વ્યાકૂળતા જોઇ અનુપનારા-

યણે કહ્યું—"જો પૈસા આપ્યાથીજ છૂટકો થતો હોય તો શું આપ પૈસા આપવા તૈયાર છો? આપ શું જાણતા નથી કે મહારાજ નાટોર રાજ્યને ખરાબ કરવા કેટલા પ્રયત્નો કરતા હતા?"

અનુપનારાયણના પ્રશ્નથી કુમાર બહુજ ગુસ્સે થયા. તેને ચૂપ રહેવાનું કહી રૂદ્રનારાયણ ઠાકુરને સંબોધી કહ્યું, "ગુરુદેવ! મહારાજ નંદકુમારને બચાવવા માટે હેસ્ટિંગ્સને લાંચ આપવા તૈયાર છું. મારી સંપત્તિની શું એવી કિમ્મત થશે? બ્રાહ્મણનો જીવ બચાવવા માટે મારે ભિખારી થવું પડે તો પણ કંઇ વાંધો નથી. મારી વિનંતિ છે કે ગમે તે રીતે મારૂં બધું આપતાં છતાં જો મહારાજ નંદકુમારનો છૂટકો થતો હોવ તો કરો."

રૂદ્રનારાયણે મનમાં કુમારને આશીર્વાદ આપ્યા. તેમણે મનમાં કહ્યું. "તમેજ મહારાણી ભવાનીના યોગ્ય વંશધર છો, તમે બાહિર અંદર પરગણું ગયા છતાં વિચલિત ન થાય, આજ તમારૂં સર્વસ્વ ગુમાવવા તૈયાર થયા છો. તમારૂં આવું હૃદય! આવું મન જોઇ હું આશીર્વાદ આપું છું કે તમે રાજર્ષિનું પદ મેળવો." પરંતુ મોટેથી કહ્યું—"વારૂ, હું ખબર કાઢું છું. મારાથી બનશે તેટલા પ્રયત્નો કરીશ."

કુમારે તેજ ક્ષણે વિનંતિપત્ર પર સહી કરી. વળી ફરીથી રૂદ્ર-નારાયણ ઠાકુરને યાદ દેવરાવ્યું કે "બ્રાહ્મણને બચાવવા જતાં જો બધું ગુમાવવું પડે તો પણ પાછા પડતાં નહિ."

સપ્તમ પરિચ્છેદ.

છૂપી મસલત.

—:*:—

" Conspiracy.
Sham'st thou to show thy dangerous brow by night, When evils are most free." —
—Shakspear.

આજે ઘણીવારથી પંડિતાની સાથે શંકરથી વાતચીત ચાલે છે; ગભીર અરણ્ય છે, દિવસે પણ અરણ્યનો ઘણો ભાગ અંધકારમય જણાય છે. કયા રસ્તે, કેવી રીતે, એ અરણ્યમાં પ્રવેશ કરી શકાય છે, તે બીજું કોઈ જાણી શકે તેમ નહોતું. એ ભયંકર જંગલમાં માણસો રહેતાં હશે, તે વાત જંગલ તરફ નજર કરનાર અનુમાન પણ કરી શકે તેમ નહોતું.

એ ગાઢ અરણ્યમાં એક ઝાડ નીચે બેસી શંકર અને પંડિતા મસલત કરે છે.

શંકરે કહ્યું—"મને બરાબર ખબર મળી છે. આવતી રામનવમીને દિવસે રામકૃષ્ણ ભવાનીનાં મંદિરે જશે. તે દિવસે ભવાનીનાં બધાં ઘરેણાં ત્યાંજ રહેવાનાં છે. રામકૃષ્ણ સાથે પણ મૂલ્યવાન દાગીના હશે. તેની પાસે જે કંઇ મૂલ્યવાન ચીજો છે, તે બધી તે દિવસે સાથે જ હશે. ભવાનીમંદિરમાં ત્રણ માસ રહેવાનો તેમનો વિચાર છે.

કદાચ તેથી વધુ મુદત પણ રહે. આથી કિંમતી સામગ્રી બધી નારોર રહેશેજ નહિ."

પંડિતા—"મહારાજ ત્રણ માસ ભવાની મંદિરમાં રહેવાના છે, તો પછી રામનવમીને દિવસે જ મંદિર પર ચડાઇ કરવાનું કારણ શું ?

શંકરે મનમાં કહ્યું—"એ દિવસજ માતાજીને બલિદાન આપવાનો દિવસ છે. તેજ દિવસે મંદિરના ચોકમાં સેંકડો ઘેટાંબકરાં કપાશે. તે દિવસે શું માતાજી એક નરનું બલિદાન નહિ લે. તે મોટેથી બોલ્યો, "તે દિવસે નગરરક્ષકો પૂજાના ઉત્સવમાં ગુંથાએલા રહેશે, આપણે એકાએક નગર પર હલ્લો કરીશું, એટલે તેઓ આપણને અટકાવી શકશે નહિ. જ્યારે તેઓ નિશસ્ત્ર હોય, તે વખતે આપણે આક્રમણ કરવું એ શું યોગ્ય નથી ? "

પંડિતા—"માતાજીના તહેવારને દિવસે મંદિર લૂટવું. મને તે માટે રહેજ સંકોચ થાય છે."

શંકર—"માતાજીનું મંદિર કદી લૂટાતું હશે ગાંડા ! મા તો સર્વવ્યાપિની છે ! તે પણ માનું મંદિર છે, ને આ આપણી ભાંગી ઇમારત પણ માનું મંદિર છે. મા શું જૂદી છે ? તે મંદિરમાંથી લાવી આ મંદિરમાં રાખશું, તે મૂર્તિને બદલે આ મૂર્તિને સજાવશું. તેમાં વળી આનાકાની કેવી ? "

પંડિતા—"મા જો એક જ હોય તોપણ ત્યાંથી અહીં લાવવાની શી જરૂર ? "

શંકર—"પંડિતા ! એટલું પણ સમજાતું નથી. રામકૃષ્ણ ભારે પાંખડી છે તેના હાથમાં અતુલ સંપત્તિ હોવાથી તે ગમે તેવો અત્યાચાર કરી શકે છે. તું નથી જાણતો કે એ પાંખડી કર વસુલ કરવાને

કેટલો બધો જુલમ કરે છે ! તેને શાનો અભાવ છે? તોપણ તે શામાટે અત્યાચાર કરે છે ? તે માટે જ તેના પ્રતિ હું આટલો બધો તિરસ્કાર રાખું છું. તે તેની પેદાશની કણીપણ સારા માર્ગમાં વાપરતો હોત તો કેવું સારૂં !"

પંડિતા—"એવું કયું સારૂં કામ છે કે જેમાં તેણે પૈસા નહિ આપ્યો હોય ?"

શંકર—"એકમાં નહિ. તે જે કંઇ કરે છે, તે સ્વાર્થને લીધેજ. હું શું અમસ્થો તેનો મહેલ લૂટવાની પેરવી કરું છું. હજુ પણ તું સમજતો નથી, પણ જ્યારે તેનાં કામોનો પત્તો મેળવીશ, ત્યારે તારો બધો ભ્રમ દૂર થશે. હું જે કહું છું, તેમાં લગારેય અતિશયોક્તિ નથી. તું મારી વાતમાં જરા પણ સંદેહ લાવીશ નહિ. આ કાર્યમાં ધર્મ અને અર્થ—બંને ફળની પ્રાપ્તિ થશે."

પંડિતા—"આપને જ્યારે ગુરુ માની સ્વીકારૂં છું, ત્યાંસુધી આપ જે કહેશો તે કરવા તૈયાર છું. પરંતુ આપણાં આટલાં માણસો મહારાજ રામકૃષ્ણનો મહેલ લૂંટી શકશે ખરા ?"

શંકર—"તે બાબતમાં તું નચિંત રહે. જો નાટોર લૂંટયુ હોય, તો આપણને વધુ માણસોની જરૂર પડે, પરંતુ ભવાનીપુરના મંદિરમાં તો ઘણા જ થોડાં માણસો હશે. આપણે પાંચસો છીએ, તે એકી સાથે ભવાનીપુરના મંદિરમાં જઇ પડશું, ત્યારે કોઇની શક્તિ નથી કે આપણને રોકે ! તું જરા પણ શંકા રાખીશ નહિ. અત્યારે જેટલાં માણસો છે, તેટલાં પૂરતાં છે."

પંડિતા—"ત્યારે હું બધો બંદોબસ્ત કરૂં છું. ભવાનીપુરના પશ્ચિમ

છે કે જે જંગલ છે, તે જંગલમાં આપણે થાણું નાખીશું. ત્યારપછી નક્કી કરે લે વખતે હલ્લો કરીશું."

મસલત પૂરી થઇ. પંડિતો માણસો તૈયાર કરવા માટે ગયો. શંકર બેઠો બેઠો વિચારવા લાગ્યો. આ છેલ્લો પ્રયત્ન છે ! રામકૃષ્ણ ! તું મારો બાલ સખા છે. એક ફળ મળતું તોપણ તેના બે ભાગ કરી આપણે ખાતા. પરંતુ તું અત્યારે અરધા બંગાળાનો મહારાજા છે; હું કઇ અવસ્થામાં છું, તે તરફ તેં નજર પણ નાખી નહિ. તું જ્યારે રાજપદ પર આવ્યો, ત્યારે મ્હેં નાદાની કરી, તારી પાસે અરધું રાજ્ય માગ્યું પરંતુ તેં તો મ્હોં પણ ન બતાવ્યું ! તારા ઠાકુર મહારાજે મારૂં અપમાન કરી મને કાઢી મૂક્યો. બદલો ! બદલો ! આ અપમાનનો બદલો લઇશ જ."

પંડિતો અને શંકર જ્યાં બેસી વાતચીત કરતા હતા, ત્યાંથી થોડે દૂર તેજ અરણ્યમાં એક ક્ષીણ કાયાવાળી ખરસ્રોતા નદીને કાંઠે એક તૂટેલી હવેલી ઉભી હતી. આસપાસ એવું ભયાનક વન હતું કે આજૂબાજૂનું કોઇ એ હવેલી વિષે જાણતું નહોતું. લૂટારાઓએ એ ખંડિયેરને પોતાનાં રાજ્યનો કિલ્લો માની મરામત કરી સગવડ પડતું બનાવ્યું હતું."

પંડિતોના ગયા પછી થોડીવારે શંકર તે ખંડિએર તરફ ચાલ્યો. એક લૂટારૂ કે જે શંકરના રક્ષકરૂપે થોડેક દૂર ઝાડ નીચે બેઠો હતો. તે શંકરની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

અષ્ટમ પરિચ્છેદ.

ન્યાય.

" I could a tale unfold, whose lightest word,
Would harrow up thy soul;
Freeze thy young blood."

—Shakspeare.

શંકર તે ખંડિયર તરફ વધ્યો. નદીના કિનારાને એ ખંડિયર શોભાવતું હતું. ખંડિયરનો કોઇ કોઇ ભાગ નષ્ટ થયો હતો છતાં જે ભાગ બાકી રહ્યો હતો, તે પરની કોતરણી એવી સુંદર હતી કે જંગલની વચ્ચોવચ આવેલી એ હવેલી રાત્રિસમયના આકાશમાં ચંદ્રની માફક શોભતી હતી.

નદી તરફ ખંડિયરનું મુખ્ય બારણું હતું. તે બારણા વાટે અંદર પ્રવેશ કરતાંજ શંકરે જોયું કે આંગણામાં લુટારૂઓની સભા મળી છે કાર્તિકા મધ્ય સ્થળે બેઠો છે; તેની ડાબી બાજૂએ જિતુને જમણી બાજૂએ ફતુ બેઠો છે; સામે એક વ્યક્તિને હાથ પગ બાંધી ઉભી રાખેલી છે, તેની બંને બાજૂએ બીજા બે લુટારૂઓ યમદૂતની માફક ઉભા છે.

કાર્તિક કહે છે—"હજુ પણ જો તારૂં ભલું ઇચ્છતો હોય તો સત્ય બોલ, તેને ક્યાં રાખી આવ્યો છે ?"

આંગણામાં પ્રવેશ કરતાંજ કાર્તિકાનો પ્રશ્ન શંકરના કાનમાં

પેઠો. કુતૂહળતાને વશ થઇ શંકર તે સભા તરફ ચાલ્યો. કાર્તિકા, જિતુ અને ૠતુએ ઉભા થઇ બહુજ આદરમાનપૂર્વક તેને બેસવાનું આપ્યું.

શંકરે પૂછ્યું—"શું બન્યું છે કાર્તિકા ! આમણે શું કર્યું છે ?"

કાર્તિકાએ બધો ઇતિહાસ કહ્યો છેવટે બોલ્યો—" આ વિશ્વાસઘાતક છે. બે અસહાય યુવતીને બચાવવાનો ભાર તેના હાથમાં હતો. પરંતુ તે બંને યુવતીઓને લઇ આ પાપી નાસી ગયો હતો. આજ સુધીમાં તેનો પત્તો મેળવવા મ્હેં બહુ પ્રયત્નો કર્યા, છેવટે આજે અનેક કષ્ટે પકડી શકયો છું, મ્હેં નક્કી કર્યું છે કે મા ભૈરવીને આ પાપીનું બલિદાન આપીશ."

શંકર—"તેને માને બલિ રૂપે આપવાનું નક્કી કર્યું હોય, તો પછી આવા પ્રશ્નો કેમ પૂછે છે ?"

કાર્તિકા—"જો તે સાચું કહેશે તો તેને મા આગળ બલિ રૂપે અર્પણ કરીશ, અને જો જૂઠું બોલે તો મા આગળ ન લઇ જતાં જીવતો દાટીશ; અથવા હાથ પગ બાંધી જીવતો બાળીશ.

શંકર—"એ યુવતીઓ કોણ છે ? આના હાથમાં તેને સોંપવાનું કારણ શું ?"

કાર્તિકા—'એ લાંબી વાત છે. બુલાખીદાસ નામનો એક વાણીઓ મુર્શિદાબાદમાં રહેતો હતો. એક રાત્રે અમે તે વાણીઆને ઘેર લુટફાટ કરવા ગયા. જતી વખતે મેદાનમાં એક તળાવડીને કિનારે અમે થાણું નાખ્યું હતું. ત્યાં બધા એકઠા થયાબાદ છેવટે શહેર તરફ જવાનું નક્કી કર્યું હતું. રાત્રિનો લગભગ એક પહોર થયો હતો, તે સમયે અમારી આઠ માણસોની ટોળી સૌ પહેલી એ તળા-

વડી પાસે આવી પેહોંચી. અમારી સાથે મશાલો હતી. અમે જ્યારે તળાવડીની પશ્ચિમ બાજૂએ આવ્યા, ત્યારે પાણીમાં સ્ત્રીઓનું રૂદન સંભળાયું. રડતાં રડતાં કોઇ બોલતું હતુંઃ—"બાપુ ? અમને બચાવો." તરતજ અમે તળાવડીના પાણી પર નજર નાખી. પાણીપર બે સ્ત્રીઓ તરતી હતી. તેઓ કરુણ સ્વરે કહેતી હતી–" બાપુ–અમને બચાવો "આ દેખાવ જોઇ અમારા મનમાં આવ્યું કે નક્કી જળ દેવીઓ અમારી પરીક્ષા કરવા માગે છે. અમે ભકિતપૂર્વક પ્રણામ કરી કહ્યું " માતાજી, સંતાનને શો હુકમ કરો છો ?" તેઓએ રડતાં રડતાં કહ્યું–"બાપુ અમારો છૂટકો કરો; અમારા ધર્મનું રક્ષણ કરો." અમે તેમને ધીરજ આપી કહ્યું, " તમે કશો શક રાખતાં નહિં. મ્હેં મશાલ પકડી, તેઓ ધીમે ધીમે કિનારે થઇ ઝાડ નીચે આવી પહોંચી.

એમ કહી કાર્તિકા રૂપનગરની કાલાદીધિમાં પડેલી તારા ને શ્યામાની વાત વિસ્તારપૂર્વક કહેવા લાગ્યો.

શંકરે પૂછ્યું—"ત્યાર પછી તેઓની શી વ્યવસ્થા કરી ?"

કાર્તિકા તીવ્ર દષ્ટિએ પેલી કેદી વ્યક્તિ તરફ જોઇ બોલ્યો— "આ વિશ્વાસઘાતક પિશાચના હાથમાં તેઓને તેમને ઘેર પહોંચાડવા માટે સોંપેલ હતી."

એમ કહી કાર્તિકા વજ્રસમાન ગંભીર અવાજે બોલ્યો–"બોલ, બેઈમાન ! હજુ પણ ખરૂ બોલ ! તને જીવતો બાળતાં છતાં મારો ગુસ્સો શાંત નહિ પડે."

બંદી તરફ જોઇ શંકરે કહ્યું–"મરણ સમયે જૂઠું બોલી શા માટે નરકવાસી થાય છે. કહે, સત્ય વાત કહે ! "

બંદી ગંભીરભાવે બોલ્યો–"મારાં પાપનું ફળ હું જરૂર ભોગવીશ હું કદી જૂઠું નહિ બોલું. મારા ઉપર તેનાં રક્ષણની જવાબદારી નાખી તમે ચાલ્યા ગયા. ત્યારબાદ તેમનાં શરીરપરના દાગીના જોઇ મારૂં મન ચળ્યું. હું તેમને રસ્તો ભૂલાવી બીજે રસ્તે લઇ ગયો."

શંકરે પૂછ્યું–"બીજે માર્ગે જતાં તેમણે આનાકાની ન કરી ?"

બંદી–"મ્હેં તેમને સમજાવ્યું કે મુસલમાનોએ ગામ ઘેર્યું છે; તે જ રાત્રે ગામમાં પ્રવેશ કરતાં ભારે વિપત્તિની સંભાવના છે, તેને સમજાવ્યું કે 'તમે ઘેર જશો તો તમારાં કુટુંબી પણ વિપત્તિમાં આવી પડશે. માટે આજરાત્રે તમે મારી સાથે રહો, કાલે હું તમને ઘેર પહોંચાડીશ.' એ વચનો પર વિશ્વાસ રાખી તેઓ મારી પાછળ પાછળ ચાલવા લાગી. ઘણે દૂર ગયા પછી મ્હેં તેમનાં ઘરેણાં માગી લીધાં. તેમને સમજાવ્યું. રાતને વખતે દાગીના પહેરવાથી કદાચ મુસ્કેલી ઉભી થાય, માટે એ મને સોંપી દો, હું તે સાચવી રાખીશ.' તેઓએ બધા દાગીના મને સોંપી દીધા. દાગીના મારા હાથમાં આવ્યા બાદ હું એકાએક વનમાં અદૃશ્ય થઇ ગયો. ત્યારપછી તેમનું શું થયું, તેઓ ક્યાં ગઇ, તે હું કહી શકું તેમ નથી."

કાર્તિકાએ પૂછ્યું–"કયે રસ્તે ક્યાં તેમને છૂટી મૂકી હતી."

બંદી–"તે માર્ગે, મુર્શિદાબાદની ઉત્તરે તરફ જવાય છે. તે માર્ગે જતાં બરાબર પશ્ચિમે મહારાણી ભવાનીના અનાથાશ્રમમાં પહોંચાય છે."

કાર્તિકા–"એ અસહાય રમણીઓને તેં રસ્તે રાત્રિને વખતે મૂકી દેત તને જરાપણ દયા ન ઉપજી ?"

બંદી—"બીજે દિવસે જ્યારે પશ્ચાત્તાપ થવા લાગ્યો, ત્યારે મ્હેં શોધ કરી પણ તેનો પત્તો ન લાગ્યો. કેટલાંક વર્ષ થયાં હું નાના સ્થાને શોધખોળ કરૂં છું, પણ પત્તો લાગતો નથી."

બંદી સજાનો હુકમ સાંભળવાને કાર્તિકાના મુખ સામે જોઇ રહ્યો. કાર્તિકાએ કહ્યું, "કંઇ સજા કરવાથી તને બરાબર ફળ મળે તે હું સમજી શકતો નથી. સરકાર તારો ન્યાય કરશે. તું હજુ થોડા દિવસ કેદી તરીકે રહે."

—o—

નવમ પરિચ્છેદ.

પુત્ર દર્શન

"निवातपद्मस्तिमितेन चक्षुषा, नृपस्य कान्तं पिवतः सुताननम्
महोदधेः पुरइवेन्दुदर्शनात् गुरुः प्रहर्षः प्रबभूव नात्मनि ॥"

—रघुवंशम्

નાટોરમાં આ શાનો આનંદ—ઉત્સવ છે! રાજમહેલ એકાએક કયાં આનંદથી મુખરિત થઇ રહ્યો છે?

મહારાણી ભવાની સંસાર ત્યાગી થયાં છે, ગંગા કિનારે રહે છે. તો પણ આજે રાજધાનીમાં કેમ પધાર્યાં છે? ચારેતરફ મંગળ વાદ્ય વાગી રહ્યાં છે, ચારેતરફ મંગળધ્વનિ ઉઠી રહ્યો છે. રાજધાનીમાં આજે કયો નવીન મહોત્સવ મચી રહ્યો છે?

મહારાજ રામકૃષ્ણને એક પુત્ર જન્મ્યો છે. તે પુત્ર—નવકુમારને અન્નપ્રાશનનો ઉત્સવ આજે ભારે દબદબાપૂર્વક શરુ થયો છે.

પૌત્રનું મુખ જોઇ મહારાણી ભવાનીને આજે કેટલો બધો આનંદ થાય છે. મહારાણી ભવાની જે સંસારને વિષવત્ માની તજી ગયાં હતાં, તેજ સંસાર 'નવકુમારનાં' મુખને જોતાં આજે રમ્ય, સુંદર બની ગયો છે. મહારાણી ભવાની વારંવાર નવકુમારનાં મુખ તરફ જૂએ છે, અને સંસારમાં પડવાની વારંવાર ઇચ્છા કરે છે.

મહારાણી ભવાની આ વખતે માત્ર એક દિવસને માટે નાટોર આવ્યાં હતાં, પણ પૌત્રને જોતાં જોતાં અઠવાડીઉં વીતી ગયું છે. નવકુમારના જન્મોત્સવ અને અન્નપ્રાશનના ઉત્સવને લીધે ઘણા દિવસ સૂધી રાજધાની આનંદ કોલાહલથી પરિપૂર્ણ થઇ રહી છે.

નવકુમારને જોવા આવતાં મહારાણી ભવાની કુમારના ગળામાં એક સુંદર સ્વર્ણપદક પહેરાવી ગયાં છે તે પદકમાં મધ્ય સ્થળે હીરાજડિત અપૂર્વ ગોપાલ મૂર્તિ ઝગઝગે છે. તે પદક ભારતીય શિલ્પકળાનો આબાદ નમુનો છે.

સુંદરી નવકુમારને ખોળામાં લઇ વારંવાર કુમારના મ્હોં સામું જોયા કરે છે, અને વખતોવખત પેલી ગોપાલ મૂર્તિ સામું જોઇ દિંગ થઇ જાય છે. તે જોતાં જોતાં એટલી બધી તન્મય બની જાય છે કે ગળામાંથી ગોપાલમૂર્તિ અને ખોળામાંનો ગોપાળ એક બની તેની આગળ અભિન્ન મૂર્તિ ધારણ કરે છે. કોઇ વખત એ મૂર્તિનું ધ્યાન કરતાં કરતાં વિચારે છે કે આ ગોપાળે જ મારે ત્યાં બાળક રૂપે જન્મ લીધો છે, કોઇ વખતે વળી વિચાર જૂદે રસ્તે વળે છે; સુંદરી પદકમાંની ગોપાળમૂર્તિ તરફ નજર કરી કાતર કંઠે કહે છે— ભગવન્! કરૂણામય! મારો ગોપાળ તમારી દયાથી કદીપણ વંચિત ન થજો."

સુંદરી વિચાર કરે છેઃ આ બાળક અને મારા પતિ દેવતાનું રૂપ એકજ છે, આકાર એકજ છે, માટે પુત્ર મુખ જોતાં સ્વામીનું દર્શન આપોઆપ થઈ જાય છે.

સુંદરી પુત્રને ખોળે લઇ ઓરડામાં બેસી પુત્રનું મુખ જોવામાં તન્મય બની ગઈ છે; અકસ્માત્ મહારાજ રામકૃષ્ણ ત્યાં આવી પહોંચ્યા. પહેલાં તો તેનાં પગલાં સાંભળતાં જ સુંદરી ચકિત દૃષ્ટિએ તેના આગમનની પ્રતિક્ષા કરતી હતી. પરંતુ આજ તેનાં આગમનથી સુંદરી ચમકી નહિ.

ઓરડામાં આવતાં આવો ભાવવિપર્યય જોતાં મહારાજ રામકૃષ્ણ નવાઇ પામ્યા. ધીરે ધીરે પાસે આવી અભિમાન વ્યંજક સ્વરે પૂછ્યું, સુંદરી હું આવ્યો છું. "મારા તરફ નજર પણ નહિ કરે ?"

સુંદરી પુત્રને બાથમાં લઈ ઉભી થઇ ગઇ; શરમથી નીચું જોઇ કહ્યું, "આપ કયારથી આવ્યા છો; મને તો જરાએ ખબર ન પડી."

રામકૃષ્ણ–"પુત્રનું મુખ જોતાં મને વિસરી જવા લાગી છે ?"

સુંદરી મનમાં બોલી–"નાથ આ બાળકનાં મુખપર આપની છબી પ્રતિફલિત થએલી છે. તેથીજ હુ એનું મુખ જોતાં તમારા ધ્યાનમાં ભાન ભૂલી જાઉછું."

વિચાર કરતાં કરતાં ખોળામાંના બાળકનાં મુખ સામે જોઈ હર્ષભેર સુંદરી બોલી ઉઠી, નાથ, જૂઓ, જૂઓ, કવું સુંદર મુખડું છે. આ મુખપર આપની છબી કેવી સુંદર પ્રતિફલિત થઇ રહી છે !"

રામકૃષ્ણ–"તેથી જ તું મને વિસરી જવા લાગી છે ?"

સુંદરી જવાબ આપતાં સંકોચ પામવા લાગી; તે મનમાં બોલી–"નાથ ! હવે તમે મારા મનમાં છતાં અંતર–બહાર સર્વત્ર છો.

જ્યારે બહાર જાઓ છો ત્યારે મને છોડી દૂર રહો છો પરંતુ આ બાળકમાં હું તમને જોઇ રહી છું!"

સુંદરીને નિરુત્તર જોઇ રામકૃષ્ણે કહ્યું-"આજકાલ સુંદરિ! તમારા તરફ જરા પણ પ્રેમ જણાતો નથી. તારો બધો પ્રેમ અત્યારે વિશ્વનાથ પર રેડાયો છે.

અન્નપ્રાશન વખતે નવકુમારનું નામ 'વિશ્વનાથ' રાખ્યું હતું. મહારાજ રામકૃષ્ણે તેથીજ તેને 'વિશ્વનાથ' નામે સંબોધ્યો.

સુંદરીના મનમાં દુઃખ થયું. પોતાના વહાલા કુમારને ઉદ્દેશી મહારાજ આમ કહેછે, તે સાંભળી સુંદરીને થોડું ખોટું લાગ્યું.

બાળકના મ્હોં સામું જોતી જોતી સુંદરી વ્યથિત સ્વરે બોલીઃ-"આ સુંદર સરલ મુખને જોઇ તમને જરાપણ માયા ઉપજતી નથી?" બોલતાં બોલતાં સુંદરીની આંખોનાં ખુણા જળથી ઉભરાયા.

સુંદરી આટલી બધી કેમ દીલગીર થઇ, મહારાજ તે સમજી શકયા નહિ. આથી જરા શરમાઇ બોલ્યા." સુંદરી એટલામાં રડવું આવ્યું કે? તું શું એમ ધારે છે કે તારા વિશ્વનાથનું આ સુંદર મુખડું મારા પ્રાણમાં આનંદ ઉભરાવતું નથી? તું શું એમ ધારે છે કે તારા કરતાં હું કુમારને ઓછો ચાહું છુ? તું નક્કી યાદ રાખ કે કુમાર મારા આનંદનો ઝરો છે."

પોતાના પ્રાણ સમાન વ્હાલા કુમારને મહારાજ આટલો ચાહે છે, તે સુંદરીથી અજાણ્યું હતું. આ વખતે પતિને મ્હોડે એ વાત સાંભળી સુંદરીના આનંદનો પાર ન રહ્યો સુંદરીએ કહ્યું-"નાથ! કુમાર એટલો બધો સુંદર છે કે તેને કોઇ પણ તરછોડી શકે તેમ નથી. હું તો તેના મુખ સામું જોઇ ગાંડી બની જાઉં છુ."

મહારાજના મનમાં વળી નવો ધા પડયો! મહારાજે પૂછ્યું! વારૂ સુંદરિ! ખરેખરૂં કહેજે અત્યાર સૂધી તું મને જેટલું ચાહતી હતી તેટલુ હવે ચાહે છે ?"

સુંદરી-"નાથ એ વાત શા માટે પૂછો છો?"

રામકૃષ્ણુ-"કેમ પૂછું છું ? મ્હને લાગે છે કે હવે પ્રથમ જેટલું ચાહતી નથી. અત્યાર સૂધી તું મને જેટલું ચાહતી હતી, તેના અત્યારે બે ભાગ થઇ ગયા છે. કેટલોક પ્રેમ પુત્ર મેળવે છે ને કેટલોક હું. કેમ સુંદરિ ખરૂં કે નહિ!"

સુંદરી-"નાથ, ખરૂં કહો છો. પુત્રના મુખ સામું જોઇ હું સંસારની બધી ચિંતા-બધી જ્વાળા વિસરી જાઉં છું પ્રથમ આપને જોઇ હું જેવી ગાંડી બની જતી, તેવીજ ગાંડી આ પુત્રને જોઇ બની જાઉં છું. જૂઓ! જૂઓ! તેનું સુંદર મુખડું!"

પતિ પત્નિ બંને પુત્રનાં મુખ સામું જોઇ રહ્યાં. સુંદરી પ્રતિનું અભિમાન ગળી ગયું. બંને કુમારના મુખ સામું જોઇ રહ્યાં! વખતે વખતે એકબીજાંનાં મુખ સામાં જોવા લાગ્યાં.

મહારાજ રામકૃષ્ણુને દુનિયા આનંદમય જણાવા લાગી. સુંદરી રૂપી સંસારનું જે એક બંધન હતું, તેના પર પુત્ર રૂપી બીજું બંધન બંધાયું.

રામકૃષ્ણુના મનમાં પ્રશ્ન ઉઠયો-"કોણુ કહે છે કે સંસાર નિરાનંદમય છે! તેનો મને આપો આપો તે પ્રશ્નનો જવાબ આપો" જેના સંસારમાં આવી શાન્તિ સ્વરૂપિણી સ્ત્રી છે, જેના સંસારમાં આવો નયનના આનંદને વધારનારો પુત્ર છે! તેની આગળ સ્વર્ગનું સુખ તુચ્છ છે. તેનો સંસાર-મૃત્યુ લોકમાં અમરાવતી છે."

દશમ પરિચ્છેદ.

ક્યાં ?

શોધે ઘરે ઘરે, નગરે નગરે
શોધે વન ઉપવન,
શિખરે, ગહ્વરે પ્રાચીરે પ્રાન્તરે,—
નિશાન્તે આ શું સ્વપ્ન—

નવીનચંદ્ર.

એક ભિખારી ગાયન ગાતો હતો; ભિખારી ગાતો હતોઃ-
રામ દુરી માયા બઢાત ઘટતિ જાન મનમાહ ।
દુરી હોતિ રવિ–દૂરી લખિ શિરપર પગતર છોંહ ॥

ભિખારી નાચતો નાચતો એકતારો બજાવી ગાયન ગાતો હતો. દરવાનો એકાગ્રચિત્તે સાંભળતા હતા.

પ્રભાતના પહોરના જ્યારે ભિખારીના મધુર કંઠસ્વર ગુંજી રહ્યો હતો, તે વખતે મહારાજ રામકૃષ્ણ દરવાજાથી થોડે દૂર બાગ પાસે ફરતા હતા. અકસ્માત્ સંગીત ધ્વનિ કાનમાં પેઠો.

કેવો મધુર કંઠસ્વર ! સંગીતની લહરીથી પ્રાણ નાચવા લાગ્યો. આ સંગીત ઘણા વર્ષો પહેલાં એક વખત સાંભળ્યું હતું. ગાયનનો દરેક શબ્દ મહારાજના હૃદયમાં પ્રવેશ કરવા લાગ્યો. આજે ભિખારીના મધુર

ફરી પાછું પૂર્વશ્રુત ગાયન સાંભળાતાં મહારાજના મનની કેટલીએ શુભ સ્મૃતિ જાગ્રત થઈ.

ગાયક ગાવા લાગ્યો.

"રામ દૂરી માયા બઢતિ, ઘટતિ જાન મન-માહ."

આવૃત્તિની શાથે સાથે મહારાજ વિચારવા લાગ્યા–કેવી સરલ સુંદર સત્ય વાણી ! રામચંદ્ર દૂર રહેતાં માયા વૃદ્ધિ પામે છે; તે હૃ-દયમાં રહે છે ત્યારે માયા પલાયન કરે છે. "

ગાયક ગાયા લાગ્યો.

દૂરી હોતિ રવિ–દૂરી લખિ,
શિરપર પગતર છાંહ.

મહારાજ વિચારવા લાગ્યા. "સત્ય, સારસત્ય ! સૂર્યદેવ દૂર હોય છે ત્યાં સુધી છાયા વધે છે. તે જ્યારે મસ્તક પર આવે છે ત્યારે છાયા પદતળે આળોટે છે.

ગાયક, આનંદ પ્રસરાવી, ઇનામ મેળવી ભિખારી ચાલ્યો ગયો. પરંતુ ગાયનનો સૂર, ભાવ અને લહરિએ કુમારનું હૃદય તથા મન જીતી લીધું. તેને જણાવા લાગ્યુંઃ માયા ! ફક્ત માયા ! માયાથી બં-ધાઈ હું બધું ભૂલી ગયો."

હૃદયમાં દારૂણ સંગ્રામ મચ્યો. સંસાર એટલે માયાનું બંધન ! માયાપાશ ન તૂટે તો ભગવાનનું સાનિધ્ય કદી ન ઘટે.

તે દિવસે કામકાજમાં મહારાજનું મન ન પેઠું. તે દિવસે વળી

જપ-તપ-આરાધનામાં વિઘ્નો આવવા લાગ્યાં. દરબાર ભરાયો છે; પારિષદો ઉપસ્થિત થયા છે. પ્રતિહાર સંવાદ લઇ આવ્યો; મહારાજે તે સંવાદ નાકબૂલ કર્યો. સુંદરીના ખોળાપર વિશ્વનાથને જોયો; પણ તેમ માયાનું બંધન માની હૃદય તેનાથી દૂર નાસવા લાગ્યું! બાળકનું સુંદર મુખ; તે મુખપરનું સુંદર હાસ્ય, સ્વર્ગની શોભા પસરાવવા લાગ્યું. તે મુખનું તે હાસ્ય આજે બંધન જણાવા લાગ્યું. રાજૈશ્વર્ય, ધન સંપદ, બધું બંધન! મહારાજ જે તરફ દૃષ્ટિપાત્ કરવા લાગ્યા, તે તરફ બંધનોની સેંકડો સાંકળો જણાવા લાગી.

સંધ્યાકાળના આરંભ વખતે પુષ્પોદ્યાનમાના મર્મર આસન પર બેસી મહારાજ ખાઇનો લહરિમય જલરશ્મિ જોઇ રહ્યા. તેને જણાયું:-કલનાદિની કાલિન્દી, બંને કાંઠા પલાળતી, કલકલ્લોલ કરતી ચાલી જાય છે. પૂર્ણિમાના પ્રસ્ફુટ ચંદ્રાલોકથી તેનાં સ્ફટિક સમાન સ્વચ્છ નીલજલમાં મણિ મરકતની શોભા બતાવી રહી છે. કિનારે તાલ-તમાલનાં ઝાડો તૃષાતુરની માફક જોઈ રહી હતાશ થઇ જાય છે.

અકસ્માત્ નિધુ વનમાં કદંબની નીચે વાંસળી વાગી! યમુના આનંદમાં ગરક થઇ! ગાંડી યમુના ઉલટી વહેવા લાગી, યમુના! તેંતો સ્વર્ગની શોભા બતાવી.

વધુ વખત સારૂં ન લાગ્યું. મહારાજ રામકૃષ્ણ ઉઠયા. વળી નવીન ચિંતાએ હૃદય શોકાતુર બનાવી દીધું. સુંદરીનું સુંદર મુખડું મને પડયું! વિશ્વનાથનું સુંદર, સરલ, હાસ્યમય મુખડું નજરે પડયું, સુખસૌભાગ્યની અલૌકિક છબી દૃષ્ટિ પથપર પસરાઇ ગઇ.

પરંતુ ક્ષણ માત્રમાં એ ભાવ ફેરવાઇ ગયો. કલ્પના રૂપી નેત્રે અતીતનું એક દિવ્ય ચિત્રપટ દોર્યું.

સામે સોનાના પુતળા રૂપી પ્રાણસ્વરૂપ પુત્ર, પશ્ચાતે પતિગત પ્રાણસાધ્વી સતી ગોપા; દૂરથી કોઇ પોકાર કરે છે–' સિદ્ધાર્થ ! પાછો ફર; તારી આગળ વિશાળ કર્મક્ષેત્ર પડયું છે ! ' રાજ્ય, ઐશ્વર્ય, સ્નેહ, મમતા, બધું દૂર નાખ્યું; જીવનાં જન્મ, મરણ, ઘડપણ અને વ્યાધિનો નાશ કરવા રાજપુત્ર ત્યાગી થયો.

દૃષ્ટિ જરા પાસેસાળી, રામકૃષ્ણના મનમાં એક નવી છબી ચિતરાઇ.

નવદ્વીપનો ગૌરચંદ્ર, પ્રતિભાનો પૂર્ણચંદ્ર, વ્યાકૂળતાના કેવા સુંદર આદર્શથી કૃષ્ણ પ્રેમમાં પાગલ થઇ ગયો ! રામકૃષ્ણની આંખોમાંથી દડ દડ કરતી આંસૂની ધાર ચાલી.

રામકૃષ્ણે મનમાં કહ્યું–"તેજ બંસી, તેજ આહ્વાન, તેજ આદર્શ બધાંની સામે છે. પ્રાણ ! હજુ પણ પાગલ ન થઇ શક્યો !"

ધીમે ધીમે અંધકારે પોતાનું સામ્રાજ્ય ફેલાવ્યું. દૂર ગગનના છેડાપર એકાદ બે નક્ષત્ર ઝગમગવા લાગ્યાં. દશભુજાના મંદિરમાં થતી આરતીનો નિનાદ સંભળાવા લાગ્યો. રામકૃષ્ણ ધીરે ધીરે અંદર જવા લાગ્યા. મનમાં એકજ વિચાર થતો હતો. પ્રાણ ! હજુ પણ પાગલ થઇ શકયો નહિ ! "

* * * * *

બીજે દિવસે સવારમાં રાજપુરી દુશ્ચિન્તાના તરંગથી ઉછળવા લાગી, રાત્રિ પૂરી થયે સુંદરીએ સ્વપ્ન જોયું. એક જ્યોતિર્મય પુરૂષ મહારાજનો હાથ પકડી તેને ક્યાંઈ લઇ જાય છે. સુંદરી સાંભળી શકી કે એજ જ્યોતિર્મય પુરૂષ મહારાજને સંસાર તજવાનો ઉપદેશ આપે છે. તે કહે છે,–મૂઢ જીવ ! મિથ્યા માયાનાં બંધનમાં પડી શા માટે સંસાર સાગરમાં ડુબકાં ખાય છે ? જો મુક્તિની ઇચ્છા હોય, જો શાંતિ મેળવવાની ઇચ્છા હોય, તો આવ મારી સાથે, હું રસ્તો બતાવુંછું ' એમ કહી મહારાજને જાણે મંત્રમુગ્ધ કર્યા હોય તેમ તે તેને દોરી જાય છે.

સ્વપ્ન જોઈ સુંદરી પથારીપર બેઠી થઇ ગઇ. તેણે જોયું કે મહારાજ નથી, મહારાજની દૂધના ફીણ જેવી કોમળ પથારી ખાલી છે.

હૃદય કંપવા લાગ્યું. બેબાકળી થઇ પથારી છોડી નીચે ઉતરી, બારણાં તરફ નજર કરી, બારણાં ખુલ્લાં હતાં, ત્યારે શું મહારાજ પુષ્પોદ્યાનમાં હશે ?

સુંદરી બારી વાટે બગીચામાં જોવા લાગી, પરંતુ કોઇને જોઇ શકી નહિ. રાત્રિ પૂરી થવા આવી હતી. નિશાની શોભા ,નક્ષત્ર મંડળો ધીમે ધીમે મ્લાન થતાં જતાં હતાં. ઉદ્યાનમાંના પુષ્પો રાત્રિએ પડતી ઝાકળથી ભીંજાઇ જાણે અશ્રુ પાડતાં હોય તેમ જણાતાં હતાં.

મહારાજ ક્યાં ગયા ?

સુંદરીએ મનમાં વિચાર કર્યો–"આવી રીતે તેઓ કદી પથારી છોડતા નથી ! ત્યારે તે ક્યાં ગયા હશે ?"

સુંદરીએ સહચરીઓને બોલાવી પૂછ્યું. ' સહચરીઓ જવાબ આપી શકી નહિ. રૂદ્રનારાયણ ઠાકુરને કાને આ વાત પહોંચી, તે ચારે તરફ તપાસ કરવા લાગ્યા. પરંતુ પત્તો ન લાગ્યો.

અંતઃપુર, બહાર, ઉદ્યાનમાં કે બેઠકમાં ક્યાંએ પત્તો ન લાગ્યો. હજુરીઆઓને પણ પત્તો ન લાગ્યો. કુટુંબીઓમાં પણ પત્તો ન લાગ્યો ! રાજ મહેલમાં ક્યાંએ પત્તો ન લાગ્યો ! ત્યારે તે ક્યાં ગયા ?

સુંદરીએ વિચાર્યું–આજે મ્હેં તેમને આખો દિવસ દીલગીર જોયા છે, મ્હેં તેજ વખતે તેનું કારણ કેમ ન પૂછ્યું ? ત્યારે શું મારીજ કંઇ ભૂલ થઈ હશે ? તેથીજ શું તે અતિ માનભર્યા ચાલ્યા ગયા ?"

સુંદરી, પુત્રનાં મુખ સામું જોઇ મનમાં મનમાં પૂછવા લાગી–"આ! સુંદર બાળક, કે જે સ્વર્ગીય પુષ્પની પેઠે મહેલને પુલકિત કરી રહ્યું છે, તેને તજી તેઓ ક્યાં ગયા હશે ?"

સુંદરીની આંખોપર અંધકાર છવાયો.

રૂદ્રનારાયણ ઠાકૂર કામકાજની અનિયમિતતા બાબત વિચારવા લાગ્યા, મહારાણી ભવાનીની પાસે ખબર મોકલ્યા. ચારે તરફ શોધખોળ થઇ.

મહારાજ ક્યાં ગયા ? એ રાજપુરી, રાજૈશ્વર્ય, સુખસંપદ બધાં એકત્ર મળી આજે તેને પોકાર કરી બોલાવવા લાગ્યાં–" મહારાજ ક્યાં ગયા ! "

—(૦)—

રાજા રામકૃષ્ણ

ખણ્ડ પાંચમો.

असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।
नैष्कर्म्यं सिद्धिं परमां संन्यासेनाधिगच्छति ॥

श्रीमद्भगवद्गीता.

જેની બુદ્ધિ સર્વત્ર આસક્તિ રહિત છે, જે જિતાત્મા છે, ફળની સ્પૃહા રહિત છે, તે સંન્યાસદ્વારા સર્વ કર્મ-નિવૃત્તિરૂપ સિદ્ધિ મેળવે છે.

ॐ तत्सत् परमात्मने नमः

જનની પૂજન.

જન્મભૂમિ ! તુજ ચરણચૂમિ વંદન કરી વારંવાર,
વિનવીએ કર માતા ઉદ્ધાર,
અમારો જીવન મંત્ર ઉચ્ચાર...જન્મભૂમિ !

પૂનિત પ્રભાતે ભાગ્ય રવિનો ઉદય તેજ અંબાર,
સ્વદેશ વત્સલતાના કિરણો ફેંકી અપરંપાર.
અમારો જીવન મંત્ર ઉચ્ચાર.
વિનવીએ કર માતા ઉદ્ધાર...જન્મભૂમિ !

સ્વતંત્રતાના શુદ્ધ ગગનમાં મેઘધનુષ ટંકાર,
અમિવૃષ્ટિ સૃષ્ટિમાં વરસે 'સ્વરાજ્ય' નો જયકાર.
વિનવીએ કર માતા ઉદ્ધાર.
અમારો જીવન મંત્ર ઉચ્ચાર...જન્મભૂમિ !

દેવદત્ત ઠા. તારકસ.

રાજા રામકૃષ્ણ.

પ્રથમ પરિચ્છેદ.

દેશાની અવસ્થા.

" With fire and sword the country round was wasted far and wide."

—Southey.

થોડાં વર્ષોમાં કેટલું બધું પરિવર્તન થઈ ગયું. કેટલાએ કરોડપતિ ભીખારી થઇ ગયા. અને કેટલાય દરિદ્રી કરોડપતિ બની ગયા.

મહારાજ નંદકુમારને ફાંસીની સજા થઇ છે. કોઇ એ બનાવથી આનંદ પામ્યું, કોઈ દીલગીરીથી આંસૂ પાડવા લાગ્યા.

મોહની છલનાથી મણિબેગમ નિચોવાઇ જવા લાગી. આ તરફ "મધર ઓફ ઇસ્ટ ઇંડિઆ કંપની; અર્થાત્ ઇસ્ટ ઇંડિઆ કંપનીના નામથી તેનાં માનનાં નગારાં વાગવા લાગ્યાં.

પ્રાણ અને પૈસાને માટે ચારે તરફ પ્રાણઘાતક દાવ રમાવા

લાગ્યા. રાષ્ટ્રવિપ્લવનાં અવસ્યંભાવી ફળો ગામડે ગામડે જણાવા લાગ્યાં. દેશના કુલીનવંશજો દિન પ્રતિદિન નિર્બળ થવા લાગ્યા. બીજી તરફ સમયના સ્રોતમાં તણાતા આધુનિક માણસો ધીમે ધીમે માથું ઉંચું કરી ગર્વપૂર્વક હરવા ફરવા લાગ્યા. એક તરફ રાજ કર્મચારીઓનો અત્યાચાર અને બીજી તરફ લૂટારૂઓનો ત્રાસ, જન સાધારણ ચારે તરફનાં દુઃખથી પિસાવા લાગ્યો.

ઈ. સ. ૧૭૭૨ થી ૧૭૮૫ સુધી હેસ્ટિંગ્સ ઇસ્ટ ઇંડિઆ કંપનીના ગેવર્નર જનરલના પદપર હતો. તેનાં અપકૃત્યોની કથા વાચકોથી ક્યાં અજાણી છે ? તેનાં અપકૃત્યો સંબંધમાં કેવળ ભારતમાંજ નહિ, પણ ઇંગ્લાંડમાં પણ ભારે ચળવળ ચાલી હતી. અને તે ચળવળથી પાર્લામેન્ટ કંપી ઉઠી હતી. તેનાં અપકૃત્યો સંબંધી ડિરેકટરની સભાએ ભારે ઠપકો લખી મોકલ્યો. એ પત્ર મળતાંજ હેસ્ટિંગ્સને રાજીનામું આપવું પડયું. રાજીનામું આપ્યા પછી પણ લગભગ બે વરસ હેસ્ટિંગ્સ દેશમાં રહ્યો હતો. તે વખતે લગભગ વીશ માસ સુધી સર જોન મેક્ફર્સન નામના એક સવિલિયને અસ્થાયીભાવે ગવર્નર જનરલનો હોદ્દો લીધો હતો. ત્યારબાદ ઈ. સ. ૧૭૮૬ માં લોર્ડ કૉર્નવૉલિસે બધો કારભાર હાથમાં લીધો. કુળવાન વંશના અંગ્રેજોમાંથી પ્રથમ તેજ ભારતવર્ષના ગવર્નર–જનરલ અને સેનાપતિ થઈ હિંદમાં આવ્યો હતો.

ભારતવર્ષમાં ઇસ્ટ ઇંડિઆ કંપનીના શાસનના ઇતિહાસમાં હેસ્ટિંગ્સે જે કલંકની કાળાશ પૂરી હતી, તે કાળાશ ધોઇ નાખવાને લોર્ડ કૉર્નવૉલિસે પ્રયત્ન કર્યો. ઇ. સ. ૧૭૮૧ સુધી ઇસ્ટ ઇંડિઆ કંપનીને નાના પ્રકારની અશાન્તિથી મુંઝાવું પડયું હતું. યુદ્ધ અને

દંગાફિસાદે ચારે તરફ પોતાનો પ્રભાવ વિસ્તાર્યો હતો. કરની વસુલાત કરવામાં બહુજ અનિયમિતતા ફેલાઈ રહી હતી. ઇ. સ. ૧૭૮૧ માં બધો દંગોફિસાદ પતી ગયો. લગભગ તેજ સમયથી હિંદનો ગવર્નર જનરલ લગભગ સ્વતંત્રપણે કામ કરવાને શક્તિમાન થયો. કર વસુલ કરવા સંબંધમાં 'સુપ્રિમકોર્ટ'ની સત્તા ચોથી થઇ ગઇ.

ઇસ્ટ-ઇંડિઆ-કંપનીની શાસન વ્યવસ્થામાં લૉર્ડ કૉર્નવૉલિસે મોટામાં મોટા ત્રણ સુધારા કર્યા છે. તેણે જોયું કે કંપનીના અમલદારોમાંનાં ઘણા ખરા લાંચીઆ છે; અને તેથી બ્રિટિશ જાતિનું ગૌરવ ધીમે ધીમે ઘટતું જાય છે; તેણે 'પબ્લિક સર્વિસ'નાં અર્થાત્ કંપનીના નોકરોનાં કાર્ય સંબંધી કેટલા નિયમો ઘડયા. નોકરોનો પગાર વધારી દીધો; તેઓ લાંચ ન લે માટે લાંચ લેવાનો રસ્તો બંધ કર્યો.ત્યારપછી લૉર્ડ કૉનવૉલિસે ન્યાય અને શાસન સંબંધમાં નાના પ્રકારની વ્યવસ્થા કરી. હેસ્ટિંગ્સના સમયમાં દરેક જિલ્લામાં એકેક સાહેબ મુખ્ય કારભારી તરીકે નીમાયો હતો. તેજ દિવાનીને ફોજદારી બંને પ્રકારનાં કાર્યો કરતો. કૉર્નવૉલિસે તે દિવાનીને ફોજદારી વિભાગ જૂદા કરી જજ ને કલેકટર એમ બે પ્રકારની પદવીઓ કરી. મુન્સફ, દારોગો, વગેરે પદવી તેજ વખતે સરજાઈ લૉર્ડ કૉર્નવૉલિસનું ત્રીજું સહુથી મોટું કામ જમીનનો ચિરસ્થાયી બંદોબસ્ત એ છે. જમીનનું મહેસુલ એજ કંપનીની મોટી આવક હતી. હેસ્ટિંગ્સના સમયમાં વરસે વરસે એ બાબતનો બંદોબસ્ત થતો. તે વખતે જે વધુ કર વસુલ કરી આપવાનું માથે લેતો, તેને જમીનદારી આપવામાં આવતી. તેથી વધઘટ બહુ થવા લાગી. કોઇ વખતે આવક લગાર વધતી ખરી, પણ એકંદર આવક ઘટતી ગઇ.

વિલાયતની ડિરેકટર સભાના અભિપ્રાય મુજબ ઇ. સ. ૧૭૮૬ માં લોર્ડ કૉર્નવૉલિસે પ્રથમ 'દસસાલી' બંદોબસ્ત કર્યો. એ બંદોબસ્તથી જમીનદારો દશ વર્ષને માટે જમીનદારી લેવાને શકિતમાન થયા. એ વ્યવસ્થાથી થોડા દિવસમાં સારૂં ફળ આવ્યું; તેથી સમજાયું કે જમીનદારી લાંબાકાળ માટે આપવી એજ સારૂં છે. આથી ઇ. સ. ૧૭૯૩ માં લોર્ડ કોર્નવૉલિસે 'ચિરસ્થાયી બંદોબસ્ત' કર્યો. તેમાં નક્કી થયું કે બંગાળાના જમીનદારો નક્કી કરેલું મહેસુલ આપી હમેશને માટે જમીનદારી ભોગવી શકશે.

આ પ્રકારની ગડમથલથી નાટોર રાજ્યની શાસન વિધિ પણ ફેરવાઈ. પહેલાં નાટોરમાં કારાગૃહ હતું. રાજ્યના દિવાનીને ફોજદારી બંને પ્રકારના મુકદ્દમામાં નોટોરાધિપતિને સંપૂર્ણ સત્તા હતી. ઇ. સ. ૧૭૯૩ થી નાટોરનો એ અધિકાર ગયો. વખતે નાટોરમાં રાજશાહી જિલ્લાની વરિષ્ટ અદાલત અને મુખ્ય મથક સ્થપાયું ત્યારથી ઇ. સ. ૧૮૨૧ સૂધી નાટોરજ રાજશાહી જિલ્લાનું મુખ્ય મથક ગણાતું. તે વખતે નાટોર પાસેની નારદનદમાં પૂર આવતાં નગર બહુજ અસ્વાસ્થયકર થઇ જતું; તેથી જિલ્લાની સદર કચેરી નાટોરથી પદ્માના કિનારે આવેલ રામપુર જતી રહી. તે તો પછીની ઘટના છે. અમે જે સમયની વાત કરીએ છીએ, તે વખતે તો નાટોરનું ગૌરવ અત્યારના જેવું નષ્ટ થયું નહોતું.

ગમે તેમ હો, પણ નાટોર રાજ્યનો પાયો તો એ મુદત પહેલાં પણ ખળભળ્યો હતો. એ વખતે ઉત્તર ભાગમાં દેવીસિંહ વગેરેએ લીધેલા મહેસુલ વસુલ ભયંકર ઉપાયોથી અને દસ્યુઓના ત્રાસથી લોકો ત્રાસી ગયાં હતાં જેમ ઉત્તર બાજૂએ તેવુંજ દક્ષિણ બાજૂએ

હતું. દક્ષિણમાં યશોહર જિલ્લામાં એ વખતે ગળીવાળા સાહેબો આ-વી પહોંચ્યા હતા. તેઓની મરજી મુજબની વર્ત્તણુકથી અને નાટોરના અમલદારોની વિશ્વાસઘાતકતાને લીધે તે બાજૂએથી પણ મહેસુલ વસૂલ થતું નહિ. તેમાં પણ મહારાજ રામકૃષ્ણ કામકાજમાં ધ્યાન ન આપતા હોવાથી તેમની સહી વિના કામ અટકતું હતું. રૂદ્રનારાયણ ઠાકુર ઘણા પ્રયત્ને તેમનું કાર્ય કરતા હતા; પણ અત્યારે પાછું વિ-ઘ્ન આવ્યું. મહારાજ ગુમ થયા ! ચારે તરફ શોધખોળ ચાલી "મહારાજ ક્યાં ગયા ?"

દ્વિતીય પરિચ્છેદ

વિપત્તિમાં.

"It droppeth as the gentle rain from Heaven Upon the place beneath."

—Shakspeare.

મુસાફરે પૂછ્યું—"આપ શા માટે રડો છો ? આપના ખોળા પાસે આ કોનું મુડદું છે ?"

અપરિચિત કંઠસ્વર સાંભળી ચમકી ઉઠી ગહસ્થે પૂછ્યું—"આપ કોણ છો ! ક્યાંથી આવો છો ?"

મુસાફર—"હું બ્રાહ્મણ છું."

ગૃહસ્થને લાગ્યું કે નક્કી મારૂં રૂદન કોઇ દેવતાના કાન સુધી પહોંચ્યું છે. ગૃહસ્થે ગળગળે અવાજે કહ્યું:—" મહાશય ! આપ મારી માની અગ્નિ સંસ્કારની ક્રિયા કરવામાં મદદ કરશો ? "

ગૃહસ્થ વધુ બોલી શક્યો નહિ. શોકથી તેનો કંઠ રૂંધાઇ ગયો.

મુસાફરે આશ્વાસન આપી કહ્યું—" કેમ ? તમને શાનો તોટો છે ? ખરચપત્ર જોઇએ છે ? "

ગૃહસ્થ—' ના, ખરચપત્ર તો છે. મારી માને અગ્નિસંસ્કાર કરવાને માણુસો મળતા નથી."

મુસાફર—"કેમ, આ ગામમાં બ્રાહ્મણો નથી રહેતા !"

ગૃહસ્થ—"રહે છે, અમારી જ્ઞાતિનાજ છે. "

મુસાફર—"તેમને ખબર કેમ આપી નથી ?

ગૃહસ્થ—"ખબર નથી આપ્યા ! બપોર પછી મારી મા મરણ પામી, તરતજ મ્હેં ખબર મોકલ્યા. પરંતુ તેઓ મને મદદ કરવા આવતા નથી."

મુસાફર—"ન આવવાનું કારણ શું ? બ્રાહ્મણપર આવું સંકટ આવી પડેલું જોઇ કોઇ પણ બ્રાહ્મણનો બચ્ચો નચિંત રહી શકે નહિ."

ગૃહસ્થ—"મારા જાતિ ભાઇઓને આ બાબતમાં દોષ આપી શકતો નથી, તેઓ મારા પ્રત્યે શત્રુતા રાખે છે ખરા; પરંતુ મારા આ વિપત્તિના સમયમાં તેઓ કદી નચિંત રહી શકે નહિ."

મુસાફર—"ત્યારે તેઓ કેમ નથી આવ્યા ?"

ગૃહસ્થ—"રાજાની બ્હીકથી !"

"રાજાની બ્હીકથી !" મુસાફર ચમકી ઉઠયો.

સંધ્યાના અંધકારમાં મુસાફરનું મુખમંડલ ઢંકાએલું હતું; આથી ગૃહસ્થ મુસાફરનો ભાવવિપર્યય જાણી શકયો નહિ. પરંતુ મુસાફરને ગુપચુપ જોઇ પેલા ગૃહસ્થે કહ્યું, "આપને વિશ્વાસ આવતો નથી ? હું ખરૂં કહું છું. રાજાની બ્હીકથીજ મારી જ્ઞાતિ મને મદદ કરવા આવતી નથી !"

મુસાફર—"કયા રાજાની વાત કહે છે ?"

ગૃહસ્થ—"અહિં તે બીજો કયો રાજા હોય ? આપ કયાં રહો છો ? આપ જાણીતા નથી કે નાટોરના રાજાના હુકમથી હું ઘણા રોજ થયાં જ્ઞાતિ બહાર થયો છું."

મુસાફર—"નાટોરનો રાજા ! કયો રાજા ! રાજા રામકૃષ્ણની વાત કરો છો ?"

ગૃહસ્થ—"તે પોતે નહિ તો તેનો અમલદાર તો ખરા ને વારૂ, તે ગમે તે હોય લાંબી વાતની જરૂર નથી. અત્યારે આપ મને મદદ કરી શકશો ?"

ગૃહસ્થનો જવાબ સાંભળી. મુસાફર ઘણીવાર સ્તબ્ધ થઇ ઉભો. મુસાફર કદાચ વિચારતો હશે કે પુણ્યમયી મહારાણી ભવાનીનાં પુણ્યમય રાજ્યકાળમાં ધર્મપ્રાણ મહારાજ રામકૃષ્ણના અમલમાં આવી અસંભવિત ઘટના કેમ બની ? બ્રાહ્મણના રાજ્યમાં બ્રાહ્મણ કન્યાને અગ્નિસંસ્કાર વખતે બ્રાહ્મણો મદદ કરતા નથી, એ બહુ આશ્ચર્યની વાત છે."

મુસાફર શું વિચારતો હતો, તે મુસાફર જ કહી શકે. પરંતુ તેને નીરવ જોઇ ગૃહસ્થે પૂછયું–" બ્રાહ્મણ આપ પણ શું બીઓ છો? મારી માના સત્કારમાં આપ મદદ નહિ કરો ?"

બોલતાં બોલતાં બ્રાહ્મણની આંખ્યોમાંથી આંસૂ વહેવા લાગ્યાં. મુસાફરથી તે ન જોવાયું, તેણે જુસ્સાથી કહ્યું—"એ શું બોલ્યા, હું એકલોજ આપની માની બધી ક્રિયા કરીશ. તમે તેને મારા ખભાપર ચઢાવી આપો. હું એકલોજ તેને સ્મશાનમાં લઇ જઇશ."

ગૃહસ્થે ધાર્યું, " આ નક્કી દેવતા છે; માનવ રૂપ ધરી મને સહાયતા કરવા આવ્યા છે. "

સડકની બાજૂએ બહારનાં આંગણાં આગળ આવેલા તુલસીના માંચડા આગળ શબ પડયું હતું, ગૃહસ્થ પાસે બેઠો બેઠો આર્તનાદ કરતો હતો. ગૃહસ્થનાં કુટુંબમાં એક સ્ત્રી ને એક બાળક પુત્ર હતો. સ્ત્રી બિચારી થાકી લોથપોથ થઇ બાળકને ખોળામાં લઇ રૂદન કરી રહી હતી. તેનાથી થોડે દૂર તુલસીના માંચડા નીચે ગૃહસ્થ જનનીનું માથું ખોળા પર રાખી રડતો હતો. ગામડું સૂનકાર લાગતું હતું. એકાદ બે ઘરમાં માણસો વગતાં જણાતાં હતાં. તેઓ ઇચ્છા છતાં આ ઘર તરફ નજર કરતાં નહોતાં. પરંતુ દૂરથી ખબર કાઢતાં હતાં.

મુસાફરે જ્યારે અભયદાન આપી કહ્યું:—" તમે કશી ચિંતા કરશો નહિ, હું એકલોજ તમારી માની ક્રિયા કરીશ." ત્યારે ગૃહસ્થના જીવમાં જીવ આવ્યો.

ત્યારબાદ મુસાફરે એકલે શબ ખાંધે ચઢાવ્યું; ગૃહસ્થને કહ્યું, " તમે મારી પાછળ પાછળ આવજો. સત્કારનો ભાર મારા પર છે."

એક પાડોશીને બોલાવી મુસાફરે પેલા ગૃહસ્થનું ઘર સંભાળવાનું કહ્યું.

મુસાફરમાં શારીરિક શક્તિ ઘણીજ હતી, વાક્યમાં ગંભીરતા પણ તેટલી જ હતી.

તૃતીય પરિચ્છેદ.

સ્મશાનમાં.

" Like fountains of sweet water in the sea,
Kept him a living soul."

Tennyson.

રાજધાનીથી લગભગ ત્રણ ગાઉ દૂર ઉત્તરે બાગસરનું સ્મશાન આવેલું હતું.

બંને બાજૂએ ગાઢ જંગલ આવેલું હતું. વચમાં એક સાંકડો રસ્તો હતો. તે માર્ગે પૂર્વાભિમુખે ગાઉ એક ચાલતાં નદીનો કિનારો દેખાતો હતો.

નદીને કિનારે બંને બાજૂએ મોટું વડનું ઝાડ હતું. મધ્યમાં સ્મશાન હતું. આજૂબાજૂ માણસોનું ચિન્હ પણ નહોતું. દિવસે પણ તે સ્થળે આવતાં જતાં બીક લાગતી હતી.

આ અમાવાસ્યાની ભયંકર રાત્રિને વખતે પેલો કયો મહાપુરુષ આ મહા સ્મશાનમાં એકલો બેઠો બેઠો ગાયન ગાય છે.

સામે ચિતા સળગે છે. અગ્નિશિખા આકાશનું ચુંબન કરે છે. શબકંકાલ વિકટ આકાર ધારણ કરી ચિતાનલમાં ભસ્મીભૂત થાય છે. આજૂબાજૂ કોઇ સ્થળે માથાની ખોપરી તો કોઇ સ્થળે હાથપગના નળા વેરણ સેરણ થઇ રહ્યા છે. કોઇ સ્થળે અર્ધદગ્ધ કોલસા અને અર્ધદગ્ધ વાંસના ટુકડા પડયા છે; કોઇ સ્થળે પાણીની અર્ધભગ્ન

માટલી તો કોઇ સ્થળે હાંડલીના કાંઠલા પડયા છે; કોઇ સ્થળે શિયાળનાં ટોળાં શબનું માંસ ખાવાની ઇચ્છાથી આમતેમ ભટકે છે; કોઇ સ્થળે કુતરાંઓ વિકટ ચિત્કાર કરી પેલાં શિયાળની પાછળ દોડે છે.

આ ભયંકર સ્મશાનમાં આ ભયંકર રાતે કયો મહાપુરુષ ચિતા પાસે બેઠો બેઠો ભજન કરે છે?

કોનું શબ છે? તે ક્યાંથી આવ્યું? કોણ લાવ્યું? આ કોણ છે? ચિતારૂપી ભયંકર ભઠ્ઠી આગળ બેસી ગણગણે છે?

ગાયન ગાય છે, અને આંખમાંથી દડદડ કરતી અશ્રુધારા તેની છાતીને પલાળે છે. વચમાં વચમાં ગાયનની લીટીઓના અર્થ બડબડે છે. "હજુ પણ ઓ બ્રહ્મમયી! તારા મનનું માન્યું નથી થયું!" વળી રડતો રડતો કહે છે—"જો તારા મનનું માન્યું ન થયું હોય, તો મા કહે, મનનું માન્યું કેમ થાય? બોલ, મા બોલ,

વળી બડબડે છે: આ અધમ સંતાન પ્રતિ મા, વંછના કરતી નહિ! હું અધમ સંતાન છું, મને ન ઠગતી, મા, મને ન ભૂલાવતી.

ગાતાં ગાતાં વળી બડબડે છે; મા, સંસારમાં તો ત્હેં જ નાખ્યો. વિષયરૂપી વિષ તો તેંજ ખવરાવ્યું! વિષની જવાળાથી હવે હું સળગું છું! દુઃખ સહન થતું નથી! વિષ ઉતાર મા!

મા, તેં જ્ઞાનરૂપી રત્ન આપ્યું હતું, પણ ભૂલ્યો. પણ મા, તેમાં મારો શો દોષ? તેંજ જ્ઞાન આપ્યું ને તેંજ ભૂલાવ્યું! મારો શો દોષ મા!" મા, હવે કેટલુંક દુઃખ ભોગવવું બાકી છે, એક વખત હિસાબ કરીને કહે મા!"

નિર્જન સ્મશાનમાં ગંભીર રાતે આવી રીતે મનોવ્યથા જાહેર થતી હતી અને આંખોમાંથી દડદડ કરતો અશ્રુપ્રવાહ વહ્યે જતો હતો.

અકસ્માત્ રૂદ્રનારાયણ ઠાકુરે પોકાર કર્યો, " કુમાર ! કુમાર !"

કેવી નવાઇ ! મહારાજ રામકૃષ્ણ સ્મશાનમાં !

ક્યાંથી, કેવી રીતે તેઓ સ્મશાનમાં આવ્યા ? સામે કોની ચિતા સળગે છે ? ચિતા સળગે છે છતાં ચિતા પાસે બીજું કોઇ માણસ નથી કેમ ? રૂદ્રનારાયણ ઠાકુર પણ અહીં કેવી રીતે આવી પહોચ્યા ?

" કુમાર ! કુમાર ! " કહી બોલાવતા બોલાવતા ઉન્માદની માફક રૂદ્રનારાયણ ઠાકુરે કુમારનો હાથ પકડયો. તે ગળગળે સાદે કહેવા લાગ્યા—" કુમાર ! આવી રીતે અમને રોવરાવી અવાય કે ? "

મહારાજ પુતળાંની માફક ઠાકુર મહારાજની સામે જોઇ રહ્યા.

——:o:——

ચતુર્થ પરિચ્છેદ.

પ્રત્યાવર્ત્તન.

" There now lean on me;
place your foot here. "
—Manfred.

રૂદ્રનારાયણ ઠાકુરે કહ્યું—"કુમાર આવો ઘેર."

રામકૃષ્ણ—"ગુરુદેવ, માફ કરો, મને માંડ માંડ શાન્તિ મળી છે."

રૂદ્રનારાયણ—"કુમાર, તમે શાન્તિ મેળવી શકો; પરંતુ તમારૂં કુટુંબ, આત્મીય સ્વજન, પુત્ર પરિજનાદિ હમેશાં અશાન્તિની અગ્નિમાં સળગે છે! બધાંને અશાન્ત કરી પોતે શાંતી મેળવવી એ શું ન્યાય છે? હું તમને પૂછુંછું કે તેમને શાન્ત આપવાની શી વ્યવસ્થા કરી છે?"

રામકૃષ્ણ—"હું તેમને માટે શું કરૂં?"

રૂદ્રનારાયણ—"તમે તેને માટે શું કરો! ઘણા આરોહિથી પૂર્ણ નૌકા ભરસમુદ્રે તોફાને ચઢે, ત્યારે નાવિક હલેસાં છોડી હું શું કરૂં એમ કહેશે? વિશાળ નાટોર રાજ્યના તમે સુકાની છો, વિષમ વાવાઝોડોમાં તે રાજ્ય ઉછળી રહ્યું છે, અતલ જળમાં ડૂબવા લાગ્યું છે. તે વખતે તમે આમ ઉદાસીન રહો, તે સંભવે?"

રામકૃષ્ણે આતુરતાથી પૂછ્યું—"ત્યારે મને શું કરવાનું કહો છો?"

રૂદ્રનારાયણ—"ચાલો, ઘેર ચાલો."

રામકૃષ્ણ—"ઘેર આવી શું કરૂં! વિષયના વિષથી દેહ તથા મન જર્જ થઈ ગયું છે. શાન્તિ મેળવવા શ્મશાનમાં આવ્યો છું. ઘેર ગયે શાન્તિ મળશે?

રૂદ્રનારાયણ—"કુમાર! મૂર્ખની માફક શું બોલો છો? તમે તો શાસ્ત્રનાં તત્ત્વો જાણો છો. તમે ગુરૂમુખે હંમેશ શાસ્ત્રો સાંભળો છો. કહોજો કે ઘરમાં શાન્તિ ક્યાં છે? ઘરમાં શાન્તિ નથી તો પછી બીજે ક્યાં છે?"

રામકૃષ્ણ—"ગુરૂદેવ! આપનેજ પૂછુંછું, શાન્તિ ક્યાં છે?"

રૂદ્રનારાયણ—"જો એક વાક્યમાંજ સમજી જતા હો તો કહું છું કે શાન્તિ સ્વધર્મ પાલનમાં છે.

રામકૃષ્ણ—"કશું સમજી શકતો નથી."

રૂદ્રનારાયણ—"જનકાદિ રાજર્ષિઓની વાત યાદ છે? તેઓ સંન્યાસી છતાં સંસારમાં રહ્યા હતા. જન્મ જન્માન્તરનાં તપને પ્રભાવે તમે નાટોરના અધિપતિ થયા છો. તમારે ધન-ઐશ્વર્યનો અભાવ નથી. તો પછી તમે એ પુણ્યશ્લોક રાજર્ષિઓને પગલે ચાલવાને કેમ સમર્થ ન થાઓ? તમે રાજા છો, રાજાનો ધર્મ પાળવો એજ તમારો સ્વધર્મ છે. તમે જો સ્વધર્મ પાળવાને સમર્થ થશો, તો શાન્તિ કરતલગત થશે."

રામકૃષ્ણ બોલવાનો પ્રયત્ન કરવા લાગ્યા—"હું બ્રાહ્મણ છું! મારો સ્વધર્મ—" પરંતુ બોલી શકાયું નહિ. તે વાતને બદલે પૂછી જવાયું કે "કેવી રીતે રાજ્યધર્મ પાળવાથી શાન્તિ મળે? કેવી રીતે જનકાદિ રાજર્ષિઓના આદર્શ મુજબ ચાલી શકું?"

રૂદ્રનારાયણ—"ચાલો, ઘેર ચાલો. એ ઉપદેશ તમને ત્યાંજ મળશે."

રામકૃષ્ણ—"ગુરૂદેવ! મને ઘેર જવાનું મન થતું નથી."

રૂદ્રનારાયણ ઠાકુર ઉત્તેજિત કંઠે બોલ્યા—"શું કહ્યું કુમાર! ઘેર જવાની ઇચ્છા થતી નથી? એક વખત વિચાર કરો કે તમારા વિના તમારી સ્ત્રીના દિવસો કેમ જતા હશે! અહા! એ સ્વર્ણલતિકા તો સૂકાઇ ગઇ છે! સંસારમાં સોનાનાં પુતળાં સમાન પુત્ર છે, તેનું સરળતાવાળું મુખ પણ તમને ઘેર જવાની પ્રેરણા કરતું નથી?

રામકૃષ્ણ કિંકર્તવ્યમૂઢ થઇ આમતેમ ગલાંતલાં મારવા લાગ્યા. સુંદરીનું સુંદર મ્હોં નજરે પડયું, વિશ્વનાથની વિશ્વને પ્રકાશ કરતી દૃષ્ટિ નજરે પડી! પ્રેમ અને ભક્તિરૂપી પુષ્પાંજલિ નજરે પડી. હૃદયમાં સ્નેહ મમતાનો ઝરો ફુટયો.

રામકૃષ્ણને નીચું મ્હોં કરી વિચારતા જોઇ રૂદ્રનારાયણે ફરીથી કહ્યું-"કુમાર ! કોઇના સામું નહિ જૂઓ ? જૂઓ, સેંકડો પ્રજાપુંજ તમારા સામું જોઇ રહ્યાં છે, સેંકડો અંધાતુર, લુલાં લંગડાં તમારી પાસે ભીક્ષા માગતાં ઉભાં છે ! કુમાર ! તમેજ કહેતા કે દાનથી અધિક બીજો ધર્મ નથી. તમેજ નહોતા કહેતા કે બધું દાન કરતાં મારૂં મન તૃપ્ત થતું નથી ? તમે નહોતા કહેતા કે ભિખારૂને મારૂં બધું આપતાં પણ મારૂં મન અચકાતું નથી ? ક્યાં ? એ પ્રાણ ક્યાં ગયો ? આર્તના આર્તનાદ નિવારવાને માટેની તમારી વ્યાકૂળતા અત્યારે ક્યાં ગઇ ? કેવળ આત્મતૃપ્તિને માટે-પોતાનીજ શાન્તિને માટે તમે આખા સંસારને અશાન્તિમય કરી મૂકો છો ?"

રામકૃષ્ણ એકાગ્રચિત્તે રૂદ્રનારાયણ ઠાકૂરના આ ગાંભીર્યમય વાક્યાંવલી સાંભળતા હતા, અને વિચારતા હતા, " ખરીવાત ! મારા વિના ઘણાં દુઃખ ખમે છે ? ખરેખર ? મારાં પોતાના સુખ માટે હું ઘણાને દુઃખ આપું છું ! "

વિચારતાં વિચારતાં રામકૃષ્ણ કાંપી ઉઠયા.

એ વખતે ઠાકૂર માહારાજ ગંભીર સ્વરે બોલ્યા—"જો કોઇ પણ તરફ ધ્યાન આપવાની મરજી ન થતી હોય, તોપણ ગુરુની આજ્ઞા તરફ તો ધ્યાન આપો-પાછા વળો."

" ગુરુની આજ્ઞા ! " રામકૃષ્ણ મનમાં બોલ્યા, " ગુરૂની આજ્ઞા ! "

હવે વધુ કહેવાની કશી જરૂર નથી. રામકૃષ્ણે કહ્યું " ચાલો —ગુરુદેવ ! જે કહેશો તે માથે ચઢાવીશ. "

પંચમ પરિચ્છેદ.

પરિચય.

પરસ્પરે પરસ્પરને ઓળખ્યો.

—સાધના.

શ્મશાનમાંથી રામકૃષ્ણને સાથે લઈ રૂદ્રનારાયણ ઠાકૂર રાજધાની તરફ ચાલ્યા. તે વખતે પક્ષીઓના કલરવરૂપી ઉષારાણીના સત્કારનું ગીત આરંભાઇ ગયું. નિશાનો અંધકાર દૂરની ગુફામાં આશ્રય લેવા છૂટયો ચિતાની અગ્નિ ભસ્માવશેષ થઇ ધારાસન પર પથરાઇ.

બધા ચાલ્યા ગયા; પરંતુ એક વ્યક્તિ પાછળ રહી. તે કઇ વ્યકિત ? તે ગહસ્થ—કે જેમાંની છેલ્લી ક્રિયા કરવામાં મદદ મેળવી આનંદ પામ્યો હતો—તે ફકત પાછળ રહ્યો તોપણ અત્યારે તે એકલો નથી; તેની સંભાળને માટે નાટોર રાજ્યના બે અમલદારો નીમાયા છે. આ તરફ તેના ઘરની સંભાળ લેવા માટે પણ રૂદ્રનારાયણ ઠાકૂરે ખાસ વ્યવસ્થા કરી છે.

ગૃહસ્થનું નામ હતું ભોળાનાથ ચક્રવર્તી ભોળાનાથ પેલા મુસાફરની મદદથીજ માનુ શબ શ્મશાનમાં લાવ્યો હતો; મુસાફરની મદદથીજ ચિતાપર તે શબને ગોઠવ્યું હતું; અને તેની સહાયતાથીજ તેણે બધી ક્રિયા પૂરી કરી હતી.

ઘણો વખત થયાં અતિ દુઃખથી ભોળાનાથ બેભાન થઇ ગયો હતો, એમ કહેવામાં જરાપણ ખોટું નથી. પરંતુ ચિતા સળગી એટલે

જનનીનું સત્કાર કાર્ય પૂરૂં થયું સમજી, તે જ્યારે આનંદ પામવા લાગ્યો, ત્યારે તેને જ્ઞાન આવ્યું; તે વખતે ચિતાના ભડકાથી સ્મશાન ભૂમિ પ્રકાશિત થઇ રહી હતી, તે પ્રકાશમાં તેણે પોતાને મદદ કરનાર વ્યક્તિના મુખ સામું જોયું તો જણાયું કે મદદ કરનાર વ્યક્તિ બીજું કોઇ નહિ. પણ સ્વયં મહારાજ રામકૃષ્ણ છે.

ભોળાનાથે તે વખતે રામકૃષ્ણની ક્ષમા માગી. તેમને રાજધાનીમાં લઇ જવાની રજા માગવા લાગ્યો, પરંતુ મહારાજે તે વાતપર જરાપણ ધ્યાન ન આપ્યું. રાજધાનીમાં લઇ જવા માટે તેમને વધુ આગ્રહ કરતાં મહારાજે નદીના પાણીમાં કૂદી પડવાની ઇચ્છા બતાવી, અને છેવટે કહ્યું કે "આ કાર્ય પૂરૂં થયા બાદ હું જલદી જંગલમાં ચાલ્યો જઇશ."

આવી સ્થિતિમાં ભોળાનાથ નચિંત રહી શકયો નહિ. પ્રથમથીજ સંતલસ હતી કે અગ્નિસંસ્કાર કર્યાબાદ ભોળાનાથે ચાલ્યા જવું. તેથી ભોળાનાથ અગ્નિસંસ્કાર કર્યાબાદ ચાલ્યો ગયો. મહારાજની તરફ દૃષ્ટિ ન ગઈ. સાગે ચિતા સળગવા લાગી. મહારાજ ગીત ગાતા ગાતા બેભાન બન્યા.

ભોળાનાથ તે દરમિયાન ઉંચે શ્વાસે રાજધાની તરફ દોડયો. રૂદ્રનારાયણ ઠાકૂર પાસે જઈ બધી વાત જણાવી. ઠાકૂર મહારાજ પણ ખબર મળતાં જ માણસો લઈ સ્મશાનમાં આવ્યા.

ષષ્ટ પરિચ્છેદ.

क्व गताः मथुरापुरी.

का तव कान्ता कस्ते पुत्रः संसारोऽयमतीव विचित्रः ।
कस्य त्वं वा कुत आयातः तव चिन्तय तदिदं भ्रातः ॥
—मोहमुद्गर ।

મહારાજ રામકૃષ્ણ પાછા ફર્યા, નિરાનંદપુરી પાછી આનંદના હિસાબે ચઢી.

સુંદરીનાં અશ્રુસિક્ત મુખકલપર શારદીય જ્યોત્સ્નાની હાસ્યરાશિ ફેલાઇ. રાજધાનીમાં લાંબો આનંદોત્સવ મળ્યો.

મહારાજ પાછા આવ્યા છે, એ વાત સાંભળી બધી પ્રજા તથા કુટુંબીઓ તેમને જોવા આવ્યાં. મહારાજના માથાપર આશીર્વાદનાં ફુલો વરસ્યાં. આશીર્વાદ લેનાર માણસને મહારાજે મુક્ત કંઠે આશીર્વાદ આપ્યા, જેને જેને દુઃખ હતું, તે તે સાંભળી મહારાજે તે બધું નિવાર્યું

દરરોજ દરબાર ભરાવા લાગ્યો. રાજ્યકાર્ય સુંદર રીતે થવા લાગ્યું. માગણ માત્ર સંતોષાઇ આશીર્વાદ આપી જવા લાગ્યા. જૂદાં જૂદાં સ્થાનોના લોકો રાજધાનીમાં આવી પોતપોતાની અડચણો રાજા પાસે કહેવા લાગ્યા. રૂદ્રનારાયણ ઠાકુરે થોડા દિવસ માટે વિશ્રાંતિ લીધી.

વરસ વીતી ગયું. સુંદરીના ખોળામાં બીજો પુત્ર શોભવા લાગ્યો.

મહારાણી ભવાની પાછાં રાજધાનીમાં આવ્યાં. બીજા કુમારનું નામ શિવનાથ પાડવામાં આવ્યું. શિવનાથના ગળામાં પણ મહારાણી પ્રદક એક સ્વર્ણપ્રદક ઝૂલવા લાગ્યું. મોટા કુમારનાં પ્રદકમાં જેમ ગોપાલ-મૂર્તિ આંકેલી હતી, તેજ રીતે નાના કુમારના પદકમાં કાલીમૂર્તિ શોભતી હતી. સંસારમાં નવીન આનંદ વહેવા લાગ્યો.

સાંસારિક કાર્યો, રાજધર્મ અને દાન એ ત્રણે કાર્યો એકી સાથે ચાલવા લાગ્યાં. મહારાજની યશ; જ્યોતિ ચારે તરફ ફેલાઇ રહી.

મહારાજ પાસે બધા જઇ શકતાં. આથી દૂરદૂરથી ભિક્ષાર્થીજનો આવવા લાગ્યા. રૂદ્રનારાયણ ઠાકુરની સલાહ મુજબ મહારાજ દરેકને યથાશક્તિ દાન આપી સંતોષવા લાગ્યા.

એક દિવસ રૂદ્રનારાયણ ઠાકૂર કામ સબબ અન્યત્ર ગયા હતા. મહારાજ દરબારમાં બેઠા હતા. સભાના પંડિતો, મંત્રીઓ, હજુરીઆઓ અને મોટા અમલદારો મહારાજને ઘેરી વળ્યા હતા. રાજકાર્ય સારી રીતે કેમ ચાલે તેની ચર્ચા થઇ રહી છે. એ વખતે એક દુબળો બ્રાહ્મણ દરબારમાં આવી મહારાજને આશીર્વાદ આપવા લાગ્યો. આશીર્વાદ આપી તેણે મહારાજના હાથમાં એક પત્થરનો ટુકડો મુકયો. પત્થરના ટુકડા પર પત્થર વડે કેટલાક અક્ષરો કોતરેલા હતા. અક્ષરો આ હતા. "ય–રી ર–લા ઇ–રં ન–ય" અક્ષર પરીના અક્ષરો વાંચી મહારાજ કોઈ પણ અર્થબંધ બેસાડી શકયા નહિ. સભાસદો જૂદા જૂદા મત દર્શાવવા લાગ્યા કોઇએ કહ્યું આ બધી ગાંડાઇ છે, 'કોઇએ કહ્યું', "સમસ્યા છે," કોઇએ કહ્યું–"આપની મશ્કરી છે." મહારાજે બ્રાહ્મણને આ અક્ષરોનો અર્થ પૂછયો. પરંતુ બ્રાહ્મણ પણ અર્થ સમજાવી શકયો નહિ. મહારાજે પછી પોતાના પંડિતોને આ

અક્ષરોનો અર્થ બેસાડવાનું જણાવ્યુ. પંડિતોએ ઘણીવાર સૂધી વિચાર કર્યા. અનેક વિચારકર્યા બાદ એ અક્ષરો પાદપૂરણમૂલક છે, એવો વિચાર સૂઝયો. ત્યારે તેઓએ તે પરથી એક શ્લોક બનાવ્યો.

કાવ્યરત્ન મહાશયે કહ્યુ—" આ અક્ષરોથી નીચેનો શ્લોક સમજાય છે—

" यमजायापनये त्वमिहेश्वरी रति रतश्चरणेऽस्व सुमंगला ।
इममतित्रस्त मार्त्तियुतं नरं नाति परं यमजायादुद्धारय ॥ "

અથાત્ હે માત કાલિકે, તુંજ યમભય નિવારવાને માટે એક માત્ર ઇશ્વરી અને મંગલમયી છે. તે માટે મેં તારૂં શરણ સ્વીકાર્યું છે. તું આ પ્રણુતિપરાયણુ, અતિત્રાસ પામેલ, પીડિત વ્યક્તિને યમના ભયથી બચાવ."

મહારાજ રામકૃષ્ણુને આ શ્લોક બરાબર ન લાગ્યો. મહારાજ શાસ્ત્રીને સંબોધી બોલ્યા, " આપ શું ધારો છો ? "

શાસ્ત્રી મહારાજે કહ્યું—'એ અક્ષરો પરથી મેં એક શ્લોક બનાવ્યો છે. મારો શ્લોક આ છેઃ

" यः पित्रोः सततं करोति नितरां भक्ति नमश्चेश्वरी
रक्तो नापि चिरं ·षीकाविष । भक्तिर्गुरौ निश्चल ।
ई या नापि कदा विभर्त्तिमनसा नाय य वैरो वरः
नो किं तं सततं नमस्ति त्रिबुधाः स्थिरो हि मे निश्चयः ॥ "

અર્થાત્—જે માબાપ પ્રતિ નિશ્ચલ ભક્તિ રાખે, માતાઓનેજ હમેશાં નમન કરે, વિષયેન્દ્રિયો પ્રતિ જેને પ્રીતિ નથી, ગુરૂજનો પ્રતિ જેની અચળ ભક્તિ છે, કામદેવનું જે મનદ્વારા પણુ પોષણુ કરતો

નથી, જેણે વેર બાંધેલું નથી–તે શું પંડિતોનો પૂજ્ય નથી? મારો નિશ્ચય છે કે તે હમેશાં પંડિતોનો પૂજ્ય છે.”

પરંતુ એ અર્થ પણ મહારાજને યોગ્ય ન લાગ્યો. બ્રાહ્મણને થોડા રોજ રહેવાનું કહી મહારાજે જૂદાં જૂદાં સ્થાનોથી કેટલાક વિદ્વાન બ્રાહ્મણોને બોલાવ્યા. તે પ્રસંગે શિરોમણી મહારાજ પણ આવ્યા.

શિરોમણિ મહારાજે વિચાર કરતાં કરતાં એ અક્ષરોની એક અર્થ–નિષ્પત્તિ કરી. તેણે કહ્યું–આ વર્ણ સમષ્ટિ એક સમસ્યામાત્ર છે. આ સમસ્યા પૂર્ણ કરતાં એ અક્ષરોમાંથી એક શ્લોકની ઉત્પત્તિ થઈ શકે.”

બધા આગ્રહવશ થઈ શિરોમણિ મહારાજનાં મુખ સામું જોઇ રહ્યા. મહારાજે પૂછ્યું “એ અક્ષરો પરથી કયો શ્લોક નિષ્પન્ન થાય છે?”

શિરોમણિ મહારાજે જે શ્લોક લખી આપ્યો. મહારાજ રામકૃષ્ણે તે વાંચ્યો:

“ यदुपतेः क्वगता मथुरापुरी रघुपतेः क्वगतोत्तर कोशला ।
इति विचिन्त्य कुरुष्व मनः स्थिरं,न सदिदं जगदित्यवधारय ॥”

અર્થાત્—યદુપતિની તે મથુરાપુરી અત્યારે કયાં ગઇ છે? રઘુપતિનું પેલું ઉત્તર કોશલ પણ અત્યારે કયાં છે? એ વિચારતાં મન સ્થિર કર, જગતનાં નશ્વરત્વનો અનુભવ કર.

શ્લોકની એકેક લીટી વાંચી મહારાજનું મન ચંચળ થઇ ગયું. હજુરીઆઓએ પૂછયું-‘ એ અક્ષરોમાંથી આ શ્લોક કેવી રીતે ઉત્પન્ન થયો?”

શિરોમણિ મહારાજે કહ્યું—શ્લોકની દરેક લીટીનો પહેલો ને છેલ્લો અક્ષર આ પત્થરપર કોરેલો છે. શ્લોકનાં પ્રત્યેક ચરણના પહેલાને છેલ્લા અક્ષર તરફ ધ્યાન આપો, સમસ્યા જલદી સમજાશે."

બધા નવાઇ પામ્યા. મહારાજના મનમાં દુનિયાની નશ્વરતાના સંબંધમાં નવીન વિચારો ઉછળવા લાગ્યા. મહારાજે પેલા બ્રાહ્મણને પૂછ્યું. "પત્થરપર આ અક્ષરો કોણે કોતર્યા છે? આપ શા માટે એ પત્થર લઇ મારી પાસે આવ્યા છો?

બ્રાહ્મણે કહ્યું "એ લાંબી વાત છે. એ અનુમતિ આપો તો કહી શકું."

મહારાજ રામકૃષ્ણે બ્રાહ્મણને બધી વાત કહેવાનું જણાવ્યું.

બ્રાહ્મણે કહ્યું—"હું બહુ ગરીબ છું. પુત્ર પરિજનનું ભરણ પોષણ કરવાને અશક્ત હોવાથી મેં ઘર તજ્યું. પરંતુ જ્યારે શાન્તિતો ન જ મળી, ત્યારે ગળે ફાંસો ઘાલી આપઘાત કરવા તૈયાર થયો. એ ઇચ્છાને વશ થઇ હિમાલયની તળેટીમાં ઉભેલાં એક ઝાડની ડાળીપર ચઢયો. તે ડાળીપર દોરડું બાંધી લટકી પ્રાણ ત્યાગ કરીશ એવો મારો વિચાર હતો. ડાળી પર ચઢી એ પ્રમાણે ગળે ફાંસો નાખવાની તૈયારી કરતો હતો; એટલામાં એક મહાપુરૂષે મને બોલાવ્યો. તેનો સ્વર સાંભળતાં જ મેં તેના તરફ જોયું. તે હાથ ઉંચો કરી મને કહેતા હતા–"બ્રાહ્મણ, આપઘાત કરીશ નહિ, આત્મહત્યા મહાપાપ છે, તારૂં દુઃખ દૂર થાય, તેનો ઉપાય બતાવું છું." સાધુ પુરૂષનાં વાકયો સાંભળી મ્હેં આપઘાત કરવાનું બંધ રાખ્યું, હું ઝાડ નીચે ઉતર્યો અને તેની પાસે જઇ તેના પગમાં પડયો. અહા! તે કેટલા દયાળુ હતા! તેનાં ચરણમાં પડતાં જ હું શાન્તિ પામ્યો!"

બ્રાહ્મણ જાણે વિચારમાં ડૂબ્યો હોય તેમ સ્તબ્ધ થઇ ગયો. મહારાજે પૂછ્યું–"ત્યાર પછી શું થયું ?"

બ્રાહ્મણ—ત્યાર પછી આ પત્થર ઉપાડી એક બીજા પત્થરવડે તેમણે તે પર આ અક્ષરો લખ્યા. લખ્યા પછી તેણે મને કહ્યું, જા બેટા, આ પત્થરનો ટુકડો લઇ તું નાટોરમાં મહારાજ રામકૃષ્ણ પાસે જા. તેની પાસે જઇ તારી બધી હકીકત કહેજે; અને આ પત્થર આપજે. એ પ્રમાણે કરતાં તારૂં દુઃખ જશે."

બ્રાહ્મણનાં વાકયો જેમ જેમ મહારાજના કાનમાં પ્રવેશ કરવા લાગ્યાં, તેમ તેમ તે ચિંતાસ્રોતમાં ધસડાતા ગયા. બ્રાહ્મણનું બોલવું પૂરૂં થતાં મહારાજે કહ્યું, "આપણી માગણી હું અવસ્ય પુરી કરીશ. આપનું દુઃખ જેમ બને તેમ જલદી દૂર થાય, તેવા પ્રયત્નો કરવામાં હું ગફલત કરીશ નહિ."

એમ કહી મહારાજે પૂછ્યું, "વારૂ ! એ સાધુ પુરુષ સાથે મારો મેળાપ થઈ શકે કે નહિ ?"

બ્રાહ્મણ—તેમણે કહ્યું હતું કે વખત આવતાં તે આપને મળશે. અત્યારે તેઓ કયાં હશે, તે કહી શકાય નહિ. માટે હાલ તુરત તો એ પ્રયત્ન નકામો છે."

મહારાજ—એ મહાપુરૂષ સાથે મારે કોઈ પણ પ્રકારની ઓળખાણ હોય, એમ જણાયું ?"

બ્રાહ્મણ—" હા, મને જણાયું કે તેમની સાથે આપને ઓળખાણ છે."

મહારાજે તે મહાપુરૂષની આકૃતિ–પ્રકૃતિ વિષે પૂછપરછ કરી.

બ્રાહ્મણે કહ્યું-તેનું રૂપ સુંદર હતું! તે જો સંન્યાસીના વેશમાં નહોત તો રાજપુત્ર જેવા લાગત. એ કન્દર્પકાન્તિ યુવાપુરૂષે શામાટે સંન્યાસવ્રત લીધું હશે? સંન્યાસીને જોતાં જ આ વિચાર સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન થતો હતો."

એમ કહી બ્રાહ્મણ સંન્યાસીનાં રૂપનું બ્યાન કરવા લાગ્યો. પરંતુ બ્રાહ્મણની એ વાતો મહારાજના કાનમાં ન પેઠી. મહારાજ તો કેવળ વિચારવા લાગ્યા-" તે મહાપુરૂષ કોણ હશે? શું આ જીવનમાં તે મળશે કે?"

બ્રાહ્મણનું દારિદ્રય દૂર કરવા માટે મહારાજ રામકૃષ્ણે એક જાગીર બક્ષીસ આપી. તે જાગીર બ્રાહ્મણ અને તેના વંશજો વંશપરંપરા ભોગવે એવી વ્યવસ્થા થઈ.

બ્રાહ્મણના ગયા પછી મહારાજનું મન તે મહાપુરુષના વિચારમાં ગુંથાયું. પેલો પત્થર યાદ આવ્યો, તે પરથી ઉપજતો પેલો શ્લોક યાદ આવ્યો. એ શ્લોક બેચારવાર મનમાં ગણગણવા લાગ્યા. જેમ જેમ આવૃત્તિ કરવા ગયા, તેમ તેમ રાજૈશ્વર્યની નશ્વરતાની સ્મૃતિ ઉદય પામી, તેમ તેમ પોતાનું અભિમાન ગળી જવા લાગ્યું. તેને વિચાર આવ્યો; હું તે કોણ! મારૂં રાજ તે કોણ માત્ર! જ્યારે યદુપતિની મથુરાપુરીનો ધ્વંસ થયો, રઘુપત્તિની અયોધ્યા નાશ પામી, ત્યારે પછી મારૂં રાજ્ય તે કેટલા દિવસ રહેવાનું! આ નશ્વર રાજ્યની માયામાં હું અવિનશ્વર સામગ્રીને ભુલી ગયો !

સપ્તમ પરિચ્છેદ.

માતૃમંત્ર.

મન, તું કેમ માનું ચરણ છોડી દે છે,
ઓ મન, શક્તિને ભજ, મુક્તિ મળશે;
ભક્તિરૂપી દોર વડે બંધ બાંધ.

—રામપ્રસાદ.

બરાબર વખતે રૂદ્રનારાયણ ઠાકુર રાજધાનીમાં આવ્યા, તેમણે પત્થરપરના અક્ષરોની વાત તથા શિરોમણિ મહાશયે કરેલી સમસ્યા પૂરણની વાત સાંભળી. દરિદ્ર બ્રાહ્મણને આપેલ દાનની વાત પણ તેમણે સાંભળી, તેમનો આત્મા કહેવા લાગ્યો “ આ પ્રબળ પૂરની સાથે રેતીનો બંધ કેટલીવાર ટકશે ? ”

તો પણ મહારાજનું ચિત્ત સ્થિર કરવા તરફ તેમણે પોતાથી બન્યા તેટલા પ્રયત્નો કર્યા ! મહારાજનાં ચિત્તને ફેરવવા માટે તેમણે વિવિધ વિષયો પ્રતિ તેનું ચિત્ત ફેરવવાના યત્નો કર્યા, કોઇ વેળા મહારાજની સાથે શાસ્ત્રની આલોચના કરતા, તો કોઇ વેળા તીર્થભ્રમણ કરવા સાથે લઇ જવા લાગ્યા. કોઇ વખતે બડનગરમાં, તો કોઇ વેળા કાશીનગરમાં મહારાજને જવા દેવામાં આવ્યા. કોઇ વેળા કામકાજ તરફ તેમનું ધ્યાન ખેંચવામાં આવ્યું. પરંતુ કોઇ પણ ઉપાયે તેમનું ધ્યાન ર્ક્યું વિચલિત ન જ થયું. રૂદ્રનારાયણ ઠાકૂરને કેમ લાગ્યું તે તો તે જાણે પરંતુ શાસ્ત્રાદિ આલોચના અને તીર્થપર્યટન

રૂપી અનુકૂલ વાયુના પ્રવાહમાં તણાઇ મહારાજનું ચિત્ત પોતાના ગંતવ્યમાર્ગે આગળ વધવા લાગ્યું. પરિણામ એ આવ્યું કે તેમનું મન દિનપ્રતિદિન સંસાર તરફ સ્પૃહાહીન થવા લાગ્યું. જ્યારે તે કાશી ધામમાં ગયા, ત્યારે અન્નપૂર્ણાના મંદિરમાં ઉતર્યા હતા. ત્યાં તેઓ રાતદિવસ એક જ ગાયન ગાતા હતા.

" અન્ન દે મા અન્નપૂર્ણા અન્ન દે મા અન્ન દે
સારદે હૃદયપદ્મે જ્ઞાનં દેહિ મા અન્ન દે.
ધન્ય કાશી શિવ ધન્ય, સુરધૂની અવતીર્ણ,
વિરાજિતા અન્નપૂર્ણા અંજલિ કરે ભવ દે.
થઇ છે મા ક્ષુધા–વ્યાધિ દે મા રે સુધા–ઔષધિ,
અંતે ચરણે સમાધિ મોક્ષં દેહિ મા મોક્ષ દે.

જ્યારે બડનગરમાં આવ્યા, ત્યારે માકિટીરેશ્વરીના મંદિરમાં ઉતારો કર્યો હતો. ત્યાં રહી તન્મય થઇ બોલતા હતા;—

આ ભવમાં એજ પરમાનંદમય છે કે જે પરમાનંદમયીને જાણે છે. તે તીર્થભ્રમણમાં કાળઆગળ તો નથી અને કાલીકિર્તને વિના કશું સાંભળતો નથી. સંધ્યા–પૂજા કંઇજ માનતો નથી, પણ કાલી જે કરાવે તેજ કરેછે. જે માણસનું મન કાલીનાં ચરણમાં પરોવાયું છે, તે કદાચ દુનિયાદારીમાં ભૂલો કરી બેસે, તો પણ આ ભવાર્ણવ વિષે દિશા ભૂલ થતો નથી. તે કદી પણ આડે રસ્તે ચડતો નથી તેવો માણસ લોકનિંદાથી ડરતો નથી, તેમની આંખો કાલીનામૃત રૂપી પીયુષનાં પાનથી રાત દહાડો અલસ રહે છે.

નાટોરમાં કદી કદી બાગસરના શ્મશાનમાં જતા, કદી કાલીના

મંદિરમાં જતા હતા; જ્યારે કાલીના મંદિરમાં જતા ત્યારે કાલીના નામનાં કિર્તનમાં મસ્ત બની જતા, કાલીકિર્તન, કાલીનાં રૂપનું વર્ણન કરતાં કરતાં પરોઢીઉં થતું.

શ્મશાનમાં જતા ત્યારે બબડતા કે: લોકનિંદાથી ન ડરતાં કાલીના નામ રૂપી અમૃત પીવાથી આંખો રાત દહાડો અલસ બની જાય છે.

• આ પ્રમાણે દિવસ જવા લાગ્યા. એક વખત રામનવમીના ઉત્સવ સબબ કેટલા માસ માટે મહારાજ ભવાનીપુરના ભવાની મંદિરમાં રહેવા લાગ્યા.

અષ્ટમ પરિચ્છેદ.

ઉદ્યોગ.

March on, join bravely, let us to't pell-mell!
If not to heaven, then hand in hand to hell.
—Shakespeare.

મારૂં મન માનતું નથી—"જાણે જાણે આજે નસીબમાં શું લખાયું છે."

"તારૂં મન ક્યારે કોઇ પણ કામમાં ચોટયું છે! જેમ જેમ ઉમર વધતી જાયં છે, તેમ તેમ તારી બ્હીકપણ વધતી જાય છે."

"શું હું ઈરાદાપૂર્વક ભય પામું છું! મને બ્હીક એ છે કે ધર્મનષ્ટ થાય તો મહા અપરાધ થશે."

"આપણો ધર્મ તો લૂટફાટ છે!"

"લૂટફાટ એ આપણાં ધર્મનું અંગ છે ખરૂં! પરંતુ ગુરૂદેવ! જે ઉદ્દેશે આપણે આ વ્રત લીધું છે, તે આપથી અજાણ્યું નથી. આપે જ કહ્યું છે કે માનું કાર્ય કરવું એજ આપણો મુખ્ય ઉદ્દેશ છે!"

"માનું કાર્યજ કરવાનું કહું છું. એક માણસ અતુલ સંપત્તિનો અધિકારી થાય અને હજારો માણસો અન્ન વિના હાહાકાર કરે તે કદી પણ મા સહન કરી શકે. તેથી જ મ્હેં કહ્યું છે કે માએ મને લૂટફાટ કરવાની આજ્ઞા કરી છે."

"પરંતુ મા કદી પોતાનું મંદિર લૂટવાનું કહે?"

"પંડિતા! તને સમજાવી શકીશ નહિ! સમજતાં છતાં તું સમજતો નથી! તને તો મેં અગાઉથી જ કહ્યું છે કે માનું મંદિર કયાંએ નથી! તું કોઇનું ઘર લૂટે છે, ત્યારે શું ત્યાં મા નથી હોતાં? તેમ છતાં તું તો હજારો ગૃહસ્થોને લૂટે છે, તને લગારે સંકોચ થતો નથી!"

"ગૃહસ્થોના ઘર લૂટું છું ખરો; પરંતુ આપણે દેવાલય તો કદી લૂટતા નથી! ગૃહસ્થનું દ્રવ્ય લૂટીએ છીએ ખરા, પણ માના અલંકાર તો કદી લૂટતા નથી! ગૃહસ્થનું ઘર લૂટતી વખતે પણ આપણે કદી માતૃસ્વરૂપિણી તેમની સ્ત્રી કે દીકરાઓનાં અંગનો સ્પર્શ કરતા નથી! વળી ધાર્મિક દાનેશ્વરી કે મિત્રનું ઘર તો આ-

પણ કદી લૂટતા નથી ! તેથીજ મને ડગલે ડગલે સંદેહ થાય છે, તેથીજ મને પાછા ફરવાનું મન થાય છે."

"તું પાગલ છે! જે સ્થાન લૂટવાની મના છે, તે સ્થાન લૂટવાનું હું કદી કહેતા પણ નથી. આજે હું ભવાનીપુર લૂંટવાનું કહું છું તો તેમાં તું શા માટે અડચણ નાખે છે?"

"અડચણ તો એકી સાથે અનેક છે. દેવાલય ન લૂટવાની પ્રતિજ્ઞા છે, પરંતુ ભવાનીપુર તો મુખ્ય પીઠસ્થાન છે,. તેમાં મા પોતે વિરાજમાન છે, સાધુ દાતાર વગેરેનાં મકાન ન લુટવાની પ્રતિજ્ઞા છે; પરંતુ મહારાજ રામકૃષ્ણના જેવો સાધુ, દાતા આ દુનિયામાં બીજો કોઇ છે? આપણી પ્રતિજ્ઞા છે કે માતૃસ્વરૂપિણી રમણીનો અંગસ્પર્શ નહિ કરીએ, તેના અલંકારો નહિ લઇએ પરંતુ આપ તો કહો છો કે મહારાણીના અલંકારો સાથે છે, માટે તે લૂટી જવા પડશે."

પંડિતો કિંકર્તવ્ય મૂઢની માફક ઉભો રહ્યો.

શંકરે કહ્યું—"જે બાબતમાં તને અડચણ છે, તેમાંનું કંઇ પણ કરવાનું હું તને કહેતો નથી. વારૂ, ભવાનીનું મંદિર લૂટવાની કશી જરૂર નથી. મંદિરના પાસેજ મહેલ છે, ચાલ તે મહેલપર હલ્લો કરીએ. કેમ, બધી અડચણ ટળી ગઇ કે? સ્ત્રીઓનાં અંગસ્પર્શ ન કરવાનું કહે છે, તો આપણે મહારાણીના અલંકારોને નહિ અડકીએ. રામકૃષ્ણને તું ધાર્મિક કહે છે? પરંતુ તે ધાર્મિક ક્યાંનો? તે કેવળ પોતાનાં સુખમાં જ મસ્ત છે; તેના રાજ્યમાં કેટલા માણસો અનાહારે મરી જાય છે? તે તરફ તે નજર પણ કરે છે? માટે જ હું કહું છું કે આ કાર્યમાં કશું પાપ નથી.

પંડિતા નીચું મુખ કરી ઉભો રહ્યો.

શંકરે કહ્યું—"કેમ ચુપ રહે છે! જા, હું કહું છું કે આ ગળથી એક વખત જોઈ આવકે કયે રસ્તે નગરપર હલ્લો કરી શકાશે. વાર ન લગાડ, જા."

પંડિતા ત્યારે પણ વિચાર કરતો હતો.

શંકરે ફરીથી કહ્યું—"શું વિચારે છે? જો તુ મને ગુરૂ માનતો હતો તો મારો હુકમ છે કે જા, એક વખત શોધ કરી આવ, જરૂર જણાય તો જિતુ અને ફતુને પણ સાથે લઇ જા!

મન તો ન થયું. પણ પંડિતા વધુ આપત્તિ પણ કરી શક્યો નહિ તેણે મનમાં કહ્યું-"મા, તારી ઇચ્છા મુજબ થશે, તુંજ આજ્ઞા કરે છે, તું જ લઇ જાય છે. જે કર્તવ્ય છે તે તું મને બતાવ."

જંગલ તજી પંડિતા ભવાનીના મંદિર તરફ આગળ વધ્યો. જિતુને ફતુ પણ સાથે ચાલ્યા.

આ તરફ શંકરના ઇસારાથી કાર્તિકા લૂટારાઓને સજ્જ કરવાં લાગ્યો. કોઇએ તરવાર, તો કોઇએ ભાલાં અને બંદુકો ધારણ કરી. ક્યાં ટોળાંએ કઇ રીતે હલ્લો કરવો, એ બાબત કાર્તિકા ઉપદેશ દેવા લાગ્યો.

બધા તૈયાર થયા, એટલે શંકરે કહ્યું-"આજે તમારી પરીક્ષાનો દિવસ છે. એક તરફ સ્વધર્મ પાલન અને બીજી તરફ અધર્મનો નાશ કરવામાં જીવન-મન સોંપી દેવાનું છે. જો સ્વધર્મ બજાવવાની ઇચ્છા હોય, જો સ્વર્ગ મેળવવાની ઇચ્છા હોય, તો તમારૂં તુચ્છ જીવન અર્પણ કરવા તૈયાર થાઓ, અને જો જિંદગીપર પ્રીતિ હોય

તો, સ્વર્ગ ભૂલી જાઓ, તથા નર્કને માટે તૈયાર થાઓ, ધર્મને અતલજળમાં ડુબાડો. તોપણ એટલી વાત ધ્યાનમાં રાખશો કે જીવન તુચ્છ છે. જીવન ક્ષણસ્થાયી છે, પરપોટા જેવું છે, પણ ધર્મ શાશ્વત છે, અવિનશ્વર છે. તમારી સન્મુખ બે રસ્તા છે. જો અક્ષય સ્વર્ગનું સુખ ભોગવવા ઇચ્છતા હો, તો જાઓ, આગળ વધો ને રાજપુરી પર હલ્લો કરો; અધર્મનો નાશ કરી ધર્મનો વિજય ધ્વજ ઉડાડી યશનો મુગુટ ધારણ કરો."

બધા તૈયાર થયા; દરેકે પૂરી લૂટવાની પ્રતિજ્ઞા લીધી. બધા પંડિતાની વાટ જોઇ રહ્યા.

નવમ પરિચ્છેદ.

વિભીષકા !

"Or where culd ruin'd castles gray,
Nod to the moon,
Ye fright the nightly, wand'rers' way
Wi' eldritch croon."
—Burns.

ભયંકર રાત્રે, વનમાં એકત્ર થઇ લૂટારૂનું ટોળું ભવાનીપુરી પર હલ્લો કરવાની તૈયારી કરતું હતું; તે વખતે મહારાજ રામકૃષ્ણ મંદિરની જોડાજોડ આવેલ મહેલપર બેસી ગાયન ગાતા હતા. અસુર વિદારિણી માનું યુદ્ધ વખતેનું ભયંકર રૂપ અને તેની યુદ્ધકળાના ભયંકર વર્ણનથી મહારાજ જૂદા જૂદા ભાવોમાં તન્મય બની જતા હતા,

સંગીતના સ્વરથી આકાશ પ્રતિધ્વનિત થઇ રહ્યું હતું. સંગીતના સુરથી મા જગદંબા જાણે ખરેખર તીક્ષ્ણ કૃપાણ કરે લઇ હુંકાર કરતાં દનુજ દલને દળવા માટે આગળ વધતાં હોય તેવું જણાતું હતું. મહારાજ ગાતા હતા અને જોતા હતા કે મા આવી અસુરોનો સંહાર કરે છે.

ગાયનમાં તન્મય બની ગયા છે, સંગીતમાં માનું વર્ણન કર્યું છે. તેની મૂર્તિ પ્રત્યક્ષ થઇ રહી છે; એ વખતે ભવાની મંદિરની પશ્ચિમે આવેલાં જંગલ તરફ તેની નજર ગઇ.

મહારાજે જોયું સો કરતાં વધુ દીવા ભવાનીપુર તરફ આવે છે.

દીવા ચાલ્યા આવે છે! ચાલવાની શક્તિવાળા દીવા! આ કેવું અપૂર્વ દૃશ્ય! રાત્રિને વખતે ભૂતના ભડકા તો ઘણાએ જોયા હશે; પરંતુ સેંકડો ભૂતના ભડકા એકી સાથે કોઇએ કદી પણ જોયા નહિ હોય, સાંભળ્યા પણ નહિ હોય. જો આ ભૂતનાં ભડકા ન હોય, તો બીજું શું હોય ?

આ શું ! આગળ વધતાં વધતાં એ દીવાઓ પાછળ ચાલ્યા જાય છે, વળી આગળ વધે છે, દીવા આગળ પાછળ વધે—આવું કોઇએ જોયું છે ?

મહારાજ રામકૃષ્ણ આ બધું પ્રત્યક્ષ જોતા હતા. ગાયન ગાતાં ગાતાં તેણે જોયું કે જંગલમાંથી બહાર નીકળી બધા દિવા ભવાનીપુરના પાધરમાં એકત્ર થયા. ત્યારપછી પાછા પોતાને સ્થળે ચાલ્યા ગયા. આમ કેમ થયું ?

લૂટારૂનું ટોળું ભવાનીનું મંદિર લૂટવા તૈયાર થયું હતું. પંડિતા, જિતુ ને ફતુ આવે કે તરત લૂટારૂઓ ચારે તરફથી મહારાજનો મહેલ ઘેરી લૂંટફાટ કરવા તત્પર હતા. લૂટારૂનું ટોળું ભવાનીપુરનાં પા-

ઘર સુધી આગળ વધ્યું છેઃ એ દરમિઆન પંડિતા બેબાકળો આવી પહોંચ્યો.

પાછા આવતાંજ તેણે લૂટારૂઓને સંબોધી ભીતિવિહ્વલ કંઠે કહ્યું, "નાસો–નાસો. આજે તમે મૂવા સમજો."

બધા નવાઇ પામ્યા. શંકરે કહ્યું, "શું કહે છે પંડિતા! નાસવું શા માટે! રાજાના દશેક સિપાઇઓ જોઇ તને બ્હીક લાગી કે?

પંડિતા કહેવા લાગ્યો–"ના, ના, તેમ નથી, મા પોતે આજ પુરીનું રક્ષણ કરે છે. કોની મગદૂર છે કે આજે પુરીપર હલ્લો કરે!"

શંકર—"તું પાગલ છે! તારૂં માથું ફરી ગયું લાગે છે."

પંડિતા—"ના, મારૂં માથું ફરી ગયું નથી. મેં નજરોનજર જોયું કે લાલ જિહ્વા વાળી, વિકટદશના નૃમુંડમાલિની, ખર્પધારિણી મા ભવાની અટ્ટહાસ્ય કરી આપણો સંહાર કરવા આગળ વધી છે. જો વિશ્વાસ ન હોય તો ચાલો બતાવું."

પંડિતાનું વાક્ય પૂરૂં થતાંજ જિતુ ને ફતુ પાછા ફર્યા, પંડિતા પશ્ચિમ અને દક્ષિણ તરફના સમાચાર લેવા ગયો હતો; તેઓ ઉત્તર ને પશ્ચિમ તરફ ગયા હતા. તેઓએ આવીને પણ એજ વાત જાહેર કરી. તેઓએ કહ્યું "મા ચામુંડા પોતે આજે પુરીનું રક્ષણ કરે છે. આજે માનાં કૃપાણથી કોઈ છૂટવાનું નથી."

તેઓ કહે છે તે વખતે પંડિતા પુરી તરફ એકી નજરે જોઇ કાંપતો કાંપતો કહેવા લાગ્યો–" જૂઓ! જૂઓ! મા આવે છે! મુક્તકેશી, દિગમ્બરી, મુંડમાલાવિભૂષિતા મૂર્તિ જૂઓ! તેનાં હાથમાં નૃમુંડ અને ખપ્પર શોભી રહ્યું છે, તેના હાથમાં કૃપાણ આપણાં બધાને યમસદનમાં પહોંચાડવા તૈયાર છે. કેવી ભયંકર મૂર્તિ, નાસો! નાસો! ભવાનીપુરની સીમામાં આગળ વધશો કે તરત માનું કૃપાણ તમારા ટુકડે ટુકડા કરી નાખશે.

લૂટારૂઓનો હૃદય થરથરવા લાગ્યાં. બધાની આંખ આગળ પંડિતાએ કરેલ વર્ણન મુજબ કાલિકાની છબી તરવા લાગી. એકતો દલપતિ પંડિતા પોતે તેને પાછા ફરવાની આજ્ઞા કરે છે; તેમાં વળી સામે કાલી મૂર્તિ તેમનો સંહાર કરવાને ખરેખર આવે છે, આવી ભીતિને લીધે લૂટારૂમાંનું કોઈ પુરી તરફ આગળ વધી શક્યું નહિ. કોઇ સ્થિર થઇ ઉભું પણ રહી શક્યું નહિ; તેઓ જે માર્ગે આવ્યા હતા તેજ માર્ગે પાછા ફર્યા.

ટોળાંની સાથે જે મશાલો હતી, તે પણ તેમની સાથેજ પાછી ફરી.

મહારાજ જે પ્રકાશ કે દીવા જોતા હતા, તે આ ટોળાંમાંની મશાલો હતી.

ભવાનીપુરી લૂટવા જતાં જતાં ટોળું વચમાંથીજ પાછું વળ્યું, એ જોઇ શંકરને બહુજ ગુસ્સો ચઢયો. તે વિચારવા લાગ્યો–"મ્હેં જે આશાથી લૂટારૂઓનો સાથ શોધ્યો, એ આશાતો પૂર્ણ ન થઇ. આ અંધવિશ્વાસી મૂઢ લૂટારૂઓ સાથે મળી કામ લેતાં મારી આશા પૂર્ણ થવાની નથી."

શંકર વિચારવા લાગ્યો–"ત્યારે હવે શું કરવું! ત્યારે શું મારો સંકલ્પ સિદ્ધ નહિજ થાય? ત્યારે શું હું રામકૃષ્ણનો જીવ નહિ લઇ શકું? ત્યારે શું મારૂં આ નીચ વ્રત નિરર્થક ગયું? શું કરૂં? શો ઉપાય ગ્રહણ કરૂં?"

શંકર વિચારમાં પડયો. પંડિતા આગળ આવી ઉભો રહ્યો. વાતવાતમાં વચકું પડવા લાગ્યું.

શંકર પંડિતાનેજ અપરાધી માનવા લાગ્યો. પંડિતાએ અપ-

રાધ ના કબૂલ કર્યો. પરંતુ એટલું તો કહ્યું કે આપની સલાહ મુજબ ચાલતાં અમે કેટલાંએ ખરાબ કૃત્ય કર્યાં છે, આજે માએ અમને સાવધાન કરી દીધા છે. અમે હવેથી કદી પણ એવાં અન્યાયી કાર્યો કરીશું નહિ ”

પંડિતા કદી પણ આવી રીતે શંકર સાથે બોલતો નહોતો. આથી આજે પંડિતાની વાત સાંભળી તેને બહુજ રોષ ચઢયો. રોષથી, ક્ષોભથી, અભિમાનથી શંકર તેજ દિવસે એ ટોળું તજી કોણ જાણે ક્યાં નાસી ગયો. ત્યારં બાદ લુટારૂ ટોળાંમાંથી શંકરનું નામ લોપાઇ ગયું. શંકરે સર્પની કાંચળીના માફક નવીન નામ ગ્રહણ કર્યું.

* * * * *

બીજે દિવસે સવારમાં મહારાજ રામકૃષ્ણ પાસે એક પત્ર અને હજાર રૂપીઆની કોથળી આવી પહોંચી. એ બંને ચીજો જે વ્યકિત લાવેલ હતી, તે તેણે મહારાજના નોકર સાથે મોકલાવી દીધેલ હતી. નોકર રૂપીઆ ને પત્ર મહારાજને પહોંચાડે તે દરમિયાન પેલી વ્યક્તિ અંતર્હિત થઇ ગઈ.

પત્ર વાંચ્યા બાદ મહારાજ પત્ર લાવનારને બોલાવવા લાગ્યા. પરંતુ પત્તો ન લાગ્યો. આટલી બધી ત્વરિત ગતિથી પત્ર લાવનાર કામ પૂરૂં કરી ચાલ્યો ગયો.

પત્ર કોણે લખ્યો ? રૂપીઆ ક્યાંથી આવ્યા ? પત્ર લાવનાર ગયો પણ પત્ર તો મહારાજ પાસે હતો ! આથી એ વાત સહજમાં જણાઈ જાત. પરંતુ મહારાજ રામકૃષ્ણે એ વાત જાહેરમાં ન મૂકી. કેવળ એકવાર મનમાં કહ્યું “ પંડિતા ! તું લુટારૂ છતાં સાધુ પુરુષ છે.”

——(०)——

રાજા રામકૃષ્ણ

ખંડ છઠ્ઠો.

" मत्तः परतरं नान्यत् किंचिदस्ति धनंजय ।
मयि सर्व्वमिदं प्रोतं सुत्रे मणिगणाइव ।
रसोऽहमप्सु कौन्तेय प्रभाऽस्मि शशिसूर्ययोः ।
प्रणवः सर्व्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ॥ "

श्रीभगवद्गीता.

હે ધનંજય! મારા સિવાય સંસારમાં સૃષ્ટિ-સ્થિતિ-લયનું શ્રેષ્ઠ કારણ કશું નથી. સુતરમાં જેમ મણુકા પરોવાયા હોય, તેમ મારામાં આખું વિશ્વ સમાએલું છે.

હે કૌંતેય! હું પાણીમાં રસરૂપે, ચંદ્રસૂર્યમાં તેજરૂપે, સર્વ વેદમાં પ્રણવધ્વનિરૂપે, આકાશમાં શબ્દરૂપે અને મનુષ્યોમાં પૌરુષરૂપે છું.

ॐ तत्सत् परमात्मने नमः

માતૃ સ્તવન.

હમારિ જન્મભૂમિ માટે

જીવન તન મન ધન સહુ કુરબાન.

હમે દેશી સ્વદેશીમાં—

મદે મસ્ત—વાહ—વાહ—વાહ...હમારિ.

આ અંગને આતમા તણો સત્સંગ જ્યાં સુધી,

માતૃભૂમિ પૂજન પ્રતિજ્ઞા:પ્રાણ ત્યાં સુધી...હમારિ.

દેવદત્ત ઠા. તારકસ.

રાજા રામકૃષ્ણ.

પ્રથમ પરિચ્છેદ.

જયકાલીની પૂજા.

દો કરતાલિ, જયજય બોલી,
પૂરી અંજલિ કુસુમ લઇ

—હેમચંદ્ર.

જયકાલીનાં મંદિરનાં આંગણામાં એકી સાથે સેંકડો નગારાં વાગી રહ્યાં.

આજે તો કોઇ પર્વ નથી! આજ અકસ્માત્ આ ઉત્સવ થવાનું કારણ શું?

માતાજીની ષોડશોપચાર પૂજા કરવાની વ્યવસ્થા થઇ છે. મંડપમાં બ્રાહ્મણ-પંડિતો ચંડિપાઠ ભણે છે, ધૂપ દીપાદિથી આખું મંદિર સુગંધિત થઇ રહ્યું છે. તે સાથે નગારાના નિનાદથી રાજધાની કંપી રહી છે.

એક તરફ બ્રાહ્મણ ભોજનની તૈયારી થઇ રહી છે. અન્ય તરફ ગરીબોને ભોજનની વ્યવસ્થા થાય છે. રાજધાનીના લગભગ દરેક અમલદારો એજ કાર્યમાં રહેલા છે.

કેમ? આ મહોત્સવ શાનો છે?

મહારાજ રામકૃષ્ણ કેટલાક માસ થયાં ભવાનીપુરમાં રહ્યા છે. રાજકાર્યમાં ધ્યાન આપતા નથી, આ વાતની મહારાણી ભવાનીને ખબર મળતાંજ તેઓએ તેમને નાટોર લઈ જવાની વ્યવસ્થા કરી. પરંતુ નાટોર ગયા છતાં મહારાજનું મન રાજ્યની વ્યવસ્થામાં નજ પેઠું. વિષય સંપત્તિ તેને ઝેર સમાન જણાવા લાગી.

જે કાલીશંકર ભૂષણા પરગણામાં જઇ જમીનદારી સ્વાહા કરી જવાના પ્રયત્નો કરતો હતો, તેને મહારાજ રામકૃષ્ણના કારભારીઓના ઉદ્યોગથી નાટોર કેદ કરી લાવવામાં આવ્યો. મહારાજે તેના બધા અપરાધો માફ કર્યા. તેને કંઇ દંડ દેવો તો બાજૂએ રહ્યો. પણ કાલીશંકરની માગણી મુજબ ભૂષણા પરગણું તેને ઇજારે આપ્યું. બગુડા જિલ્લાનાં શેરપુર વગેરે સ્થાનો મહારાજે પોતાના હજુરિયા અનુપનારાયણને દાનમાં આપ્યાં. એજ રીતે બીજી સંપત્તિ પણ ધર્માદા કે દાન રૂપે બીજાને આપવા લાગ્યા. મહેસૂલ ઉઘરાવા તરફ પૂરૂં ધ્યાન ન આપ્યું. કોઇ કોઇ નાયેબ-ગુમાસ્તા વચમાંથીજ પૈસા ઉડાવવા લાગ્યા. તેઓને સજા કરવાના પ્રયત્નો થતાંજ તેઓ રડી પડતા કે તરત મહારાજ તેને છોડી મૂકતા.

રૂદ્રનારાયણ ઠાકુર આમ થવાથી મહારાણી ભવાની પાસે ચાલ્યા ગયા. આ તરફ કંપનીનું મહેસૂલ ન ભરાવાથી સંપત્તિ એક પછી એક હરરાજ થવા લાગી. બેચાર માસમાં આ બધા બનાવો બની ગયા.

જે દિવસે પ્રથમ કંપનીના કર બદલ અમુક સંપત્તિ નિલામ થઇ તેજ દિવસે મહારાજે મોટી ધામધુમ સાથે જયકાલીની પૂજા કરવાની વ્યવસ્થા કરી. તેણે ઉચ્ચ કંઠે પ્રાર્થના કરી. "હાશ! હવે હું બચ્યો! આજે મારૂં એક બંધન છિન્ન થયું!"

આજે જે આનંદોત્સવ થઇ રહ્યો છે, જે જયનિનાદ મચી રહ્યો છે; જે બ્રાહ્મણ તથા ગરીબો સંતોષાઈ રહ્યા છે તે બધું મહારાજને પેલાં નિલામની ખબર પડતાંજ શરુ થયું છે. એક તરફથી મહા આડંબરપૂર્વક પૂજા–હોમાદિ ક્રિયા થાય છે; બીજી તરફ મા સન્મુખ હાથ જોડી મહારાજ પ્રાર્થના કરે છે કે–"મા! તું ઇચ્છામય છે, તમારી ઇચ્છા ક્યારે પૂરાશે, તે કોણ જાણે તેમ છે! કોણ જાણે કેટલા દિવસે તું મારાં બંધન તોડીશ!"

પહેલાં નિલામ વખતે જે પ્રકારે જયકાલીની પૂજા થઇ હતી, તેવીજ રીતે બીજી વખતે બીજી સંપત્તિ નિલામ થઇ, તે વખતે પણ મહારાજે ષોડશોપચારે મહામાયાની પૂજાની વ્યવસ્થા કરી હતી.

દ્વિતીય પરિચ્છેદ

વેરનું ઇનામ!

"The fairest action of our human life,
In a scorning to revenge an injury."
—Lady Carew.

સંસારી વિચારે છેઃ–"રૂપીઆ એજ ગોલમાલનું કારણ છે;" જે સંસારથી વિરક્ત છે, તે વિચાર કરે છે કે "રૂપીઆ

સર્વસ્વચ્છ છે, રૂપીઆથી મનની કાળાશ વધતી નથી." સંસારીની આગળ રૂપીઆ ગોલમાલનું કારણ પણ છે અને નથી પણ ખરૂં. જેની જેવી પ્રવૃત્તિ તેની આગળ રૂપીઆ તેના જેવું જ સ્વરૂપ ધારણ કરે છે, જેમ જેમ તેને ખટપટનું મૂળ ધારો, તેમ તેમ ને ખટપટનું મૂળ બનતો જાય છે, અને જેમ જેમ તેને પાપ-શૂન્ય માનો તેમ તેમ તે પાપ શૂન્ય બનતો જાય છે.

સાધુઓ કહે છે—"પૈસા હોય તો પણ દોષ છે, ન હોય તે પણ દોષ છે. મનુષ્ય માત્ર કામનાના દાસ છે જેઓ કામનાના પ્રધાન છે, તેઓ પૈસા છતાં મુંઝાય છે; અને રૂપીઆ ન હોય તો પણ મુંઝાય છે."

રામકૃષ્ણ દારિદ્રનું સંતાન હતા; અતુલ ઐશ્વર્યના અધિપતિ થયા, હવે સુખી થઇશ એવો તેનો વિશ્વાસ હતો. પરંતુ તે તો અ-ત્યારે દારુણ દુઃખમાં દિવસો ગાળે છે. વિષયને તે દારૂણ બંધન માની બેઠા છે. અને તે બંધનથી અનિંવ તરફડે છે.

આ તરફ તેનોજ બાળ સ્નેહી રાખાલ, સંસારની સાથે દારુણ સંગ્રામ કરતાં છતાં, કુકર્મ અને ખરાબ વર્તનને પ્રાણમન સેવા છતાં પૈસા મેળવી શકતો નથી. તેના ક્ષોતાથી તેની જિંદગી અશા-ન્તિમય બની ગઇ છે. તેનો બાલસ્નેહિ ગોપાલ, મહારાજ રામકૃષ્ણ-ના નામથી ઓળખાઈ અનાયાસે અર્ધબંગેશ્વર થયો છે, અને તે સમસ્ત જીવન " હાય પૈસા ! હાય પૈસા !! " કરી તરફડે છે, છતાં દરિદ્રતા દૂર કરી શકતો નથી. ગોપાલ રાજા થયો, અને રાખાલ ભિખારી રહ્યો. ગોપાલ કરોડપતિ થયો અને રાખાલ કોડી પણ સં-ચય કરી શકયો નહિ ? આ શું ઓછા ક્ષોભનો વિષય છે ? આ અનિલર્થ રાખલાનું હૃદય રાત દહાડો સવાલ કરે છે; દારિદ્રયના ડંખ

ગમે તેવા કઠોર હો પણ ગોપાલ રાજા થયો એ સ્મૃતિ તે વીંછીની માફક ડંખ મારી ઉન્માદ કરી મૂકે છે.

મહારાણી ભવાનીએ જે દિવસે ગોપાલને ખોળે લીધો, જે દિવસે મનોભંગ થઇ રાખાલ ઘેર પાછો ફર્યો, તે દિવસથી રાખાલના હૃદયમાં ઇર્ષાંકુર ફુટયો છે. પિતા હલધરના ઉત્સાહથી તે વિષાંકુર ધીમે ધીમે મોટા થયો છે. અત્યારે તે વિષમય ફળ આપવા માટે મોટાં ઝાડ સમાન થઇ. તેનાં સમસ્ત હૃદયને પરાધીન બનાવી રહેલ છે.

રાખાલને એજ વિચાર આવે છે કે "ક્યા ઉપાયથી રામકૃષ્ણને નીચો પાડું. ક્યા ઉપાયથી રામકૃષ્ણની અતુલ સંપત્તિ તાબે કરૂં.!"

પિતાને ઉશ્કેરી રાખલે બે ત્રણવાર ખુલ્લી રીતે રામકૃષ્ણનાથી વિરુદ્ધ ઝુંડા ઉઠાવ્યા હતા. ખાગ્જુરા ગામના રઘુનંદન લાહિડીના કુટુંબીઓની સહાયતાથી રામકૃષ્ણને પદભ્રષ્ટ કરવા માટે નવાબ મીરજાફર પાસે જે ફરિયાદ થઇ હતી, તેમાં પણ પ્રધાન ઉત્સાહદાતા રાખાલજ હતો. હલધર તે બાબતમાં કાર્ય કરતો હતો, પણ દોરી ખેંચતો હતો રાખાલ. રાખાલ બધાં કાર્યોમાં પિતાનો સોબતી હતો. પરંતુ તે વખતે તે નાનો હોવાથી અદાલતમાં આવી શકે તેમ નહોતું. તેથીજ પોતાનાં કુકર્મો માટે પ્રજાજનમાં સારી રીતે જાહેર પણ થયો નહોતો.

બધાં તરકટો તૂટી ગયાં, રાખાલે તેથી બીજો માર્ગ લીધો.

જે દિવસ જયકાલિની પૂજા થઈ હતી, તેજ દિવસે રાત્રે મહારાજ રામકૃષ્ણનું મન બાગસરનાં સ્મશાન ભણી દોડયું. તેજ રાત્રે મહારાજ છૂપી રીતે ફરીથી બાગસરનાં સ્મશાન ક્ષેત્ર તરફ ચાલ્યા.

× × ×

રાત્રિ ભયંકર હતી આકાશમાં વાદળાં ચઢયાં હતાં, આકાશ કાળાં વાદળાંથી છવાઇ ગયું હતું. ક્ષણે ક્ષણે વિદ્યુત્ ચમકે છે. કડકડ કરતા મેઘ ગર્જનાના કાટકા દિગન્ત કંપાવી રહ્યા હતાં.

એકાએક વાયુ ફૂકાયો, મેઘમંડલના કકડેકકડા થઇ ગયા. વરસાદ ન વરસ્યો.

પ્રકૃતિનું આ વૈચિત્ર્ય જોઇ મહારાજ રામકૃષ્ણ ચંચળ થઇ ગયા. આકાશ તરફ જોઈ ઉંચી નજર કરી મનમાં બબડવા લાગ્યા—

" વરસાદ કેમ ન વરસ્યો ? મારા હૃદયરૂપી મરૂભૂમિમાં કોઈ વખતે કાળાં વાદળાં છવાય છે, કવચિત વીજળી ચમકે છે, કદી અશનિપાત થાય છે; પરંતુ વરસાદ કેમ વરસતો નથી ? દુશ્ચિંતારૂપી વાયુ! તું એ બધું ક્યાં ઉડાવી નાખે છે? ટીપે ટીપે વરાળ એકઠી થઈ વાદળાંનો જમાવ થાય છે; પ્રચંડવાયુ આવીજ રીતે ઉડાવી દેછે ! "

મન કંઇપણ જવાબ આપી શકયું નહિ. મહારાજે પોતાની મેળેજ કહ્યું—" ત્યારે ઉપાય શું ? આ મરૂભૂમિમાં શું કદીપણ મેઘનો સંચાર નહિજ થાય ? વર્ષાનાં પૂરથી પૃથ્વી પલળી જાય છે; મારા પ્રાણમાં શું પ્રેમનાં પૂર નહિજ ચઢે ? ઓ દીનાનાથ ! તમારી કરૂણાની સુધાધારાથી મારા પ્રાણને પલાળો. "

બોલતાં બોલતાં વિચારતાં વિચારતાં તેણે જોયું કે, સામે મા આદ્યશક્તિની મૂર્તિ વિરાજમાન છે ! મનપોકાર કરી ઉઠયું " પ્રાણર્પણ કરી માની પૂજા કર " મહારાજની હૃદયતંત્રી ઝણઝણી ઉઠી. માના અપરુપ રૂપનાં વર્ણન કરતી કવિતા મહારાજના કંઠમાંથી સ્વતઃ નીકરી પડી.

કવિતા ગાતાં ગાતાં મનમાં વિચાર આવ્યા; "રક્તજવાનાં ફુલ રૂપી હૃદય અને રક્તરુપી ચંદન મારાથી માને અર્પણ કરી શકાશે" તેમણે પ્રતિજ્ઞા કરી–"હું પણ છાતી ચીરી મારા લોહીનું ચંદન કાલીને ચડાવીશ."

× × ×

આ શું? આ ભયંકર રાત્રે અંધકારમાં મુખ છૂપાવી, ઉન્માદની માફક કાંપતું કાંપતું પેલું કોણ આવે છે?

પાસેની ચિતાના પ્રકાશમાં આવનારના હાથમાં કોઇ પ્રકાશિત ચીજ જણાય છે? તે શું તીક્ષ્ણ છરી છે? મહારાજની છાતીને લક્ષ્ય કરી એ તીક્ષ્ણ ધારવાળી છરી હાથમાં પકડી એ આવનાર કેમ આગળ વધે છે?

આવનારનું મુખ ભીષણતાથી પરિપૂર્ણ થઈ રહ્યું છે! તેનાં આખા શરીરપર કાળી મેશ ચોપડેલી હતી; કેડપર ભેઠ બાંધેલી હતી. આવા ભીષણ વેશમાં, આવી ઘોર રાત્રિના વખતમાં, છરી હાથમાં લઈ, મહારાજ તરફ શા માટે આવે છે?

જૂઓ! તે ધીરે ધીરે પાસે આવ્યો! જૂઓ તેણે છરી ઉપાડી! જૂઓ જૂઓ હમણાંજ તે છરી મહારાજનાં હૃદયને ચીરી નાખશે!

આ શું! તે પાછો કેમ ફર્યો? વળી પાછો કેમ વળ્યો?

મારાએ જોયું કે રામકૃષ્ણનું વદનમંડળ સરલતાની સુજ્યોતિથી પરિપૂર્ણ છે. તેનાં મુખપર દયા દાક્ષિણ્યાદિ ભાવો પ્રકટી નીકળી, સ્વર્ગીય શોભા બતાવી રહ્યા છે!

તેથી શું તે પાછો ફરી આવ્યો! આવી નિર્દોષ, શાંત, મૂર્તિ જોઈ તેના હૃદયમાં દયાનો સંસાર થયો!

આ શું ! મારો ચમક્યો કેમ ?

મારાના મનમાં આવ્યું કે " આ ઉદાર સહૃદય મહાત્માને વિના કારણ શામાટે મારૂં ! મારે પૈસાની જરૂર નથી ! મારી વૈરવૃત્તિનો નાશ થાઓ ! આવું ક્રૂરકર્મ હું કદી કરી શકીશ નહિ ! હું તેના ચરણમાં ભેટી પડીશ. તેની ક્ષમા માગીશ.

મારો આનાકાનીમ કરવા લાગ્યો. શું કરવું તે નક્કી કરી શક્યો નહિ.

આશું ! પાછો ફર્યા છતાં તે પાછો આગળ કેમ વધ્યો ? વળી તે તીક્ષ્ણ છરી મહારાજ તરફ કેમ ઉગામી !

દુર્મતિરૂપી રાક્ષસીએ તેનું માથું ભમાવી નાખ્યું.

મારો વિચારવા લાગ્યો–' હું આટલો બધો કાયર છું ! શું હજુ સુધી મારૂં મન દૃઢ ન થયું ! હવે હું પાછો નહિજ ફરૂં. રામકૃષ્ણ ! આજે તારી મુક્તિ નથી ! '

એવો દૃઢ સંકલ્પ કરી છરી ઉપાડતો તે આગળ વધ્યો. પણ આ શું ! મારો ચિત્કાર કરતો ભૂમિપર કેમ પડયો.

મહારાજ રામકૃષ્ણને મારવા આગળ વધતાંજ મારાએ જોયું કે મા ભૈરવી હાથમાં તરવાર લઇ તેનું માથું કાપવા તૈયાર થઇ રહી છે " તેથી તે બ્હીકથી " મા, મા " કરતાં ભૂમીપર પડયો. તેના હાથમાંની છરી જમીનપર પડી ગઇ. એ છરીના ખખડાટથી મહારાજ રામકૃષ્ણનું ધ્યાન ભાંગ્યું. મહારાજ ચમકી ઉઠયા.

આ આવનાર તે કોણ !

આતો દસ્યુપતિશંકર ! ભવાનીપુરનું મંદિર લુટવામાં વિઘ્ન આવતાં તે આ રીતે પોતાનું વેર વાળવા આવ્યો છે ?



મારાના મનમાં આવ્યું કે "આ ઉદાર સહૃદય મહાત્માને વિનાકારણે શા માટે મારું! મારે પૈસાની જરૂર નથી! મારી વૈરવૃત્તિનો નાશ થાઓ!"

પાન ૨૪૨

શંકરને મહારાજ ઓળખતા નહોતા. પરંતુ શકરનું મુખ તેને પરિચિત લાગ્યું. તેના હૃદયમાં કેટલાય દિવસની શુભ સ્મૃતિ જાગૃત થઇ.

મહારાજે પૂછ્યું—"તું કોણ છે? આવી અંધારી રાત્રે સ્મશાનમાં આવવાનું કારણ શું?"

મહારાજે જમીનપર પડેલા પેલા ઘાતકનો હાથ પકડી ઉભો કર્યો.

"હું, હું! મને ક્ષમા કરો!" એમ કહી આવનાર મહારાજના પગમાં પડ્યો.

"આ શું! આતો પરિચિત અવાજ છે! સ્વર સાંભળી, મુખ જોઇ મહારાજ બોલી ઉઠયા," રાખાલ! રાખાલ! તું આવે સ્થળે ક્યાંથી આવી ચડયો ભાઇ!

આવનારનો હાથ પકડી મહારાજે કહ્યું. "ભાઇ! ઘણા દિવસ થયાં હું તને જોઇ શક્યો નહોતો, તેથી આજે મને ઘણો આનંદ થાય છે! કેમ ખુશીમાં છે ને ભાઇ!"

પેલો મારો કંઇપણ બોલી શક્યો નહિ. તે અનેક ક્ષણ સુધી મહારાજના મુખ સામું જોઇ રહ્યો. તેના મુખપર પશ્ચાત્તાપનાં ચિન્હો જણાવા લાગ્યાં.

તેને નિરુતર જોઇ મહારાજે કહ્યું-" રાખાલ! કેમ બોલતો નથી! તને આવા વેશમાં કેમ જોઉં છું?

આવનાર હવે નિરુત્તર રહી શક્યો નહિ. તેનું હૃદય ધડકવા લાગ્યું. તેણે કહ્યું "હું હવે રાખાલ નથી! હું રાખાલનું પ્રેત છું; હું દસ્યુપતિ શંકર છું. શા માટે આવ્યો હતો? આ છરીના ઘા વડે તમારા પ્રાણ લેવા."

રામકૃષ્ણ નવાઇ પામ્યા. જે દસ્યુપતિ શંકરના નામથી ઉત્તર બંગાળા સર્વદા થરથરતો હતો, તે દસ્યુપતિ તે શું તેનોજ બાલમિત્ર! રામકૃષ્ણ એ માનવા આનાકાની કરવા લાગ્યા. શંકર દસ્યુપતિ રાખાલ હોય તોપણ તે વળી તેનેજ મારવા આવે, તે તો તદ્દન અસંભવિત લાગ્યું. તેથી તેણે પૂછ્યું,—"ભાઇ! તું શું મારી પરીક્ષા કરે છે તું મને મારવા આવ્યો હો, તે હું કદીપણ ખરૂં ન માની શકું."

આવનાર શોક કરતો બોલ્યો, "હું ખરૂં કહું છું, હુંજ શંકર લુટારો છું. હું સત્ય કહું છું. હું સત્ય કહું છું કે હું તમને મારવાજ આવ્યો હતો."

રામકૃષ્ણ—"કેમ ભાઇ! તેં શામાટે આ ધંધો લીધો? મેં તારો કંઈ અપરાધ કર્યો હતો કે તું મને મારવા આવ્યો?"

રાખાલ મુંગો મુંગો રડતો હતો. તે આ પ્રશ્નનો શો જવાબ આપી શકે?

રામકૃષ્ણે વળી કહ્યું—"બોલ ભાઇ! તું મને શામાટે મારવા આવ્યો હતો? મને મારવાથી તને શો ફાયદો થાત! તું બધી વાત કહે. તું ગમે તે ઇરાદાથી મારો ઘાત કરવા આવ્યો હશે પણ તારો હેતું હું નક્કી પાર પાડીશજ."

રાખાલ નવાઇ પામ્યો. તેના મનમાં વિચારો આવ્યા—"રામકૃષ્ણ કોણ છે? રામકૃષ્ણ શું દેવ છે! હું લુટારો છું હું તેને મારવા આવ્યો હતો; તે મને કહે છે કે તારે જેની જરૂર હોય, તે કહે; હું તે પૂરૂં પાડીશ. આવું શું કોઇ પણ માણસ કહી શકે?"

જેમ જેમ વિચારો આવતા ગયા, તેમ તેમ રાખાલનું હૃદય

પશ્ચાત્તાપથી ઉભરાવા લાગ્યું. તે રામકૃષ્ણના પગમાં ફરીથી પડયો, ધીમે રહી બોલ્યો—" ભાઇ! ક્ષમા કર—મને ક્ષમા કર. તને ઓળખી ન શકવાથી મેં આ કુકર્મમાં હાથ નાખ્યો હતો—હવે હું સમજી ગયો કે તું માણસ છતાં દેવ છે! તું મને ક્ષમા નહિ કરે તો મારો પશ્ચાત્તાપ નકામો છે."

રામકૃષ્ણ—રાખાલનો હાથ પકડી ઉભો કર્યો, અને કહ્યું "ભાઇ તું નકામો શા માટે પસ્તાવો કરે છે! જે થયું તે થઇ ગયું. હવે તું શા માટે મને મારવા આવ્યો હતો, તે કહે એટલે મારો ઉદ્વેગ જાય. તું જરા પણ સંકોચાઇશ નહિ. મને સ્પષ્ટતાપૂર્વક બધું કહે."

રાખાલ—"હું ભયકંર પાપી છું! મને ઉચિત શિક્ષા પ્રાણદંડની છે! આ છરી પડી છે તે મારી છાતીમાં મારો! મારાં પાપનો યોગ્ય બદલો મળે."

એમ કહી ગાંડાની માફક જઇ તે છરી ઉપાડી રાખાલે કહ્યું— "આપને જો સંકોચ થતો હોય તો આપની આગળ આ છરી મારી છાતીમાં હુંજ ભોકું છું"

રાખાલ પોતાની છાતીમાં છરી ભોકવા તૈયાર થયો, રામકૃષ્ણે તેનો હાથ પકડી કહ્યું, " રાખાલ! તું ગાંડો થયો છે કે? હું તો તને કશું કહેતો નથી, તો પછી તું શા માટે આત્મહત્યા કરવા તૈયાર થયો છે? આત્મહત્યા તો પાપ છે!"

રાખાલ—"હું જે પાપ કરવા આવ્યો હતો, તેની આગળ આ પાપ તો તુચ્છ છે! હું વિના કારણ આપના જેવા દેવતાને મારવા તૈયાર થયો હતો! મારાં પાપની તે હદ છે?"

એમ કહી રાખાલ એક પછી એક પોતાની જિંદગીના હેવાલ કહેતો ગયો. કેવી રીતે ખોળે લેવાની ક્રિયામાં નિષ્ફળ નિવડવાથી તેનો ઇર્ષાનલ સળગી ઉઠયો, રાજૈશ્વર્યની ઇચ્છાથી માગવા આવતાં કેવી રીતે અપમાન થયું, અને તેથી તેનું વેર લેવાની કેવી રીતે પ્રતિજ્ઞા લીધી; શંકરનું નામ સ્વીકારી દસ્યુદલમાં ભેળાઇ ભવાનીપુર પર આક્રમણ કરી રામકૃષ્ણને મારી નાખવાનો વિચાર દસ્યુઓની બ્હીકથી કેવી રીતે ભાગી પડી, અને છેવટે કંઇ પણ ન વળવાથી શ્મશાન ભૂમિપર રામકૃષ્ણનું લોહી રેડવાના વિચારથી થયેલું આગમન વિગેરે બાબતો તેણે એક પછી એક જણાવી.

મહારાજ રામકૃષ્ણે પૂછ્યું, "ભાઇ, જો તું પૈસાના લોભથી જ મને મારી નાખવા આવ્યો હોય, તો મને મારવાથી તને શો ફાયદો થવાનો હતો? મારા મરણ પછી તો તું કોડી પણ ન પામત! તો પછી તું કઇ ઇચ્છાથી આવું કામ કરવા તૈયાર થયો હતો?"

રાખાલ—"મહારાજ, હવે મને શા માટે મુંઝાવો છો? તે વાત યાદ લાવતાં મારૂં હૃદય ચિરાઇ જાય છે. હવે મારી એક જ વિનંતિ છે કે આપ એ છરી મારા હાથમાં આપો; હું મારે હાથે આ પાપપૂર્ણ જીવનનો અંત લાવું."

રામકૃષ્ણ—"ભાઇ! એક પાપનાં દુઃખથી તરફડે છે, ત્યાં બીજાં પાપમાં પડવાની મરજી શા માટે કરે છે? બધી વાત કહે; હજુ પણ શાન્તિ મેળવવાનો ઉપાય છે? કહે ભાઇ, આજે શી આશાથી આ શ્મશાનમાં મને મારવા આવ્યો હતો?"

રાખાલ—"મારી સાથે એક બીજા માણસને પણ ખેંચી લાવવો પડશે! તેથી ખરી વાત કહેવામાં આનાકાની કરતો હતો. પરંતુ આપ ફરી ફરીને આજ્ઞા કરો છો, તેથી કહું છું."

એમ કહી રાખાલે એક માણુસનું નામ લીધું. તે મહારાજ રામકૃષ્ણુનો જ્ઞાતિ ભાઇ હતો. મહારાજ રામકૃષ્ણુનું જો મરણુ થાય તો મહારાજની કેટલીક સંપત્તિ તેના હાથમાં આવી શકે તેમ હોવાથી, તે કેટલાક દિવસ થયાં તેમની હત્યા કરવાના પ્રયત્નો કરતો હતો. કોઇ પણુ રીતે કાર્ય તમામ ન થતાં છેવટે તેણે દસ્યુપતિ શંકરની મદદ માગી. શંકરરૂપી રાખાલ પણુ તેજ માગતો હતો. એટલે બંનેનો મેળ મળ્યો. સર્ત થઇ શકે કે રામકૃષ્ણુનાં મરણુ બાદ તેનો જ્ઞાતિભાઇ જે કંઈ મેળવે તેનો અર્ધો ભાગ રાખાલને આપવો. મહારાજ રામકૃષ્ણુ તે રાત્રે એકલા સ્મશાનમાં આવવાના છે, તેની ખબર પણુ મહારાજના પેલા જ્ઞાતિભાઇએ આપી હતી.

મહારાજ રામકૃષ્ણુ જેમ જેમ વાતો સાંભળતા ગયા, તેમ તેમ તેને થવા લાગ્યું કે " હાય પેસા ! તુંજ બધા અનથનું મૂળ છે." તેણે વિચાર્યું કે મારી પાસે અતુલ સંપત્તિ છે, તેમાંથી થોડો ભાગ મેં રાખાલને આપ્યો હોત તો રાખાલ આવી નીચવૃત્તિ અવલંબન કરત નહિ ! " વળી વિચાર કર્યો,–" મારા જેવા ધનકુમેરોજ દેશમાં જેટલાં કુકર્મો થાય છે, તેનું મૂળ છે. અમે જો દેશની બધી દોલત ન લઇ બેસત, જો બધી દોલત બધાંને સરખે ભાગે વેંચાઇ ગઇ હોત, તો દેશની ઘણીખરી અશાન્તિને કુકર્મો નાશ પામત."

વિચારતાં વિચારતાં મહારાજ રામકૃષ્ણે રાખાલને કહ્યું–" ભાઇ, તારૂં બધું કષ્ટ દૂર થાય, તું જેથી સારા માર્ગે જીવન ગાળી શકે, તે માટે હું બધી વ્યવસ્થા કરીશ."

રાખાલ એકી નજરે રામકૃષ્ણુના મુખ તરફ જોઇ રહ્યો. તેણે મનમાં કહ્યું, " રામકૃષ્ણુ ! તું કોણુ છે ! હું તને ઓળખી શકતો નથી. તું દેવતા છે ! "

મહારાજે વધુમાં કહ્યું કે—"ભાઇ, તેં જે મારા જ્ઞાતિ ભાઇની વાત કહી, તેની ઇચ્છા પણ હું પૂર્ણ કરીશ. તેને કહેજે કે જો તેને બીજો કોઈ ઉદ્દેશ ન હોય, તો મારી હત્યા કરવાની જરૂર નહિ પડે. તેણે ધારેલ સંપત્તિ કરતાં વધુ હું તેને કાલે જ આપીશ.

તૃતીય પરિચ્છેદ.

શઠેશાઠ.

પરસ્પર પરસ્પરની શત્રુતા કરવા તૈયાર થયા.

—સાંવનતરત્ન.

સ્મશાનમાંથી બંને જણ બે રસ્તે નગર તરફ ચાલ્યા. બે સ્વભાવના બે લોકોનું ચિત્ત બે પ્રકારના ભાવથી ઉછળવા લાગ્યું.

મહારાજ રામકૃષ્ણ વિચારવા લાગ્યા-" હાય ભ્રાન્ત જીવ! તુચ્છ અર્થને માટે તમે અનાયાસે બીજાંનો જીવ લેવા તૈયાર થાઓ છો. મા જગદંબા તમારા પ્રતિ કયારે કરુણાયુક્ત નેત્ર નિહાળશે? કયારે તમે પૈસાનું અસારત્વ અનુભવી શકશો! પૈસો–દોલત કેટલા દિવસને માટે?"

રાખાલ વિચારતો હતો–" રામકૃષ્ણ ખરેખર માણુસ નથી. તે માણુસના રૂપમાં દેવ છે. તે જો દેવ ન હોય, તો મા ચામુંડા પોતે

તેનું રક્ષણ કરવા કેમ આવે? તેની સાધનાને ધન્ય છે, તેના યોગને ધન્ય છે! યોગના પ્રભાવથી તેણે પોતાના દેહ અને પુરીનાં રક્ષણનો ભાર કાલીને સોંપ્યો છે. બે બે વાર હું વિફળ થયો છું. બે બે વાર નૃમુંડમાલિનીએ સંહારિણી મૂર્તિ ધારણ કરી મારા પર હલ્લો કર્યો છે! યોગબળથી, સાધનાના બળથી રામકૃષ્ણે આવું અલૌકિક કાર્ય કર્યું છે. મા પોતે પ્રત્યક્ષ રીતે રામકૃષ્ણનું રક્ષણ કરવા ઉભાં રહે છે! આવું તો મેં કદી જોયું નથી, સાંભળ્યું નથી. રામકૃષ્ણ કયા ગુણવડે જગજ્જનનીને વશ કરવાને સમર્થ થયા! મા જગદંબા જેને સહાય છે, તેને કોણ સતાવી શકે? રામકૃષ્ણે આજે મને તેનું ઉદાહરણ આપ્યું!"

એ પ્રમાણે વિચારતો વિચારતો રાખાલ આગળ વધતો હતો, તે વખતે ભૂતનાથરાય તેની સામા આવી ઉભાં. ભૂતનાથરાય મહારાજ રામકૃષ્ણના જ્ઞાતિભાઇ હતા. તેની જ પ્રેરણાથી રાખાલ રામકૃષ્ણને મારી નાખવાના કામમાં જોડાયો હતો.

રામકૃષ્ણને મારી નાખી દસ્યુપતિ શંકર આવતો હશે, એવી આશાથી ભૂતનાથ રસ્તાપર જ તેની રાહ જોઇ ઉભો હતો.

શંકર આવ્યો. કેમ—તેના હાથ તો લોહીથી ખરડાયેલા નથી! તેનાં મુખ પર તો ભીષણતાનું ચિન્હ માત્ર જણાતું નથી! પરંતુ તે તો અત્યારે જાણે નવીન માણસની પેઠે નવીન વિચારોમાં મશગુલ છે. આશું! શંકરમાં આટલું બધું પરિવર્તન કેમ થઇ ગયું?

ભૂતનાથે શંકર સામે આવી પૂછ્યું—"કેમ શંકર! શું કરી આવ્યો! તારા હાથમાં લોહીથી ખરડાએલી છરી જોવાના ઇરાદાથી હું અહીં ઉભોં છું. કયાં એ છરી કયાં? તારા શરીર પર તો લોહીનો છાંટો પણ નથી! શું તું નદીના પાણીથી એ બધું ધોઇ આવ્યો છે?"

રાખાલે ઉન્મત્તની માફક જવાબ આપ્યો—" હા. હા- એ બધું હું ધોઇ આવ્યો છું. એ દેવતાના સ્પર્શથી મારા બધાં પાપ દૂર થઇ ગયાં છે. હવે હું શંકર નથી. આજથી જાણજે કે શંકર મરી ગયો છે. તું પણ સારૂં ઇચ્છતો હોય તો મારે રસ્તે વળ. "

ભૂતનાથે કૌતુહલવશ થઇ પૂછ્યું—કેમ? શું થયું છે? ત્યારે તમે શું રામકૃષ્ણને મારી શકયા નથી? ત્યારે શું રામકૃષ્ણ હજુ જીવતો છે?"

રાખાલ—"રામકૃષ્ણ મહાપુરુષ છે! રામકૃષ્ણ દેવતા છે! તેની હત્યા કરવાની શક્તિ મારામાં નથી? જો મારૂં માને તો કહું છું કે તમે પણ તેને શરણ જાઓ. તેનાં ચરણ પકડી માફી માગો."

ભૂતનાથ ગર્જી ઉઠયો. ક્રોધથી કાંપતા અવાજે બોલ્યો—" પ્રવંચક! કાયર પુરુષ! તું મને ભૂલાવવા આવ્યો છે? શું એમ કહે છે કે હું રામકૃષ્ણની ક્ષમા માગું!"

રાખાલ—"આજ નહિ તો કાલે પણ તારે તેની ક્ષમા માગવી જ પડશે. તારૂં બધું તરકટ તેણે જાણ્યું છે."

ભૂતનાથે કહ્યું—" શું–શું! તેં બધી વાત કહી દીધી કે? પાખંડી! પિશાચ! વિશ્વાસઘાતક! તારૂં આવું કામ?"

રાખાલ—"હું વિશ્વાસઘાતક હોઇશ, પણ તારા જેવો તો નહિ જ. હું પિશાચ હોઇશ પણ તારા જેવો તો નહિ જ. હું પાપી પણ છું, પણ તારા જેટલો નહિ. હું લુટારૂ થઇ શકયો છું, પણ તારા જેવો તો નહિ જ."

રાખાલનાં આ કઠોર વાકયનો જવાબ ન આપતાં ભૂતનાથે કહ્યું

"રામકૃષ્ણને તું મળ્યો ? તેની આગળ તેં બધી વાત કહી દીધી છે? અથવા તું વચનમાંથી જ પાછો વળ્યો છે ! "

રાખાલ—"શંકર રસ્તામાંથી પાછો વળે એવો નથી. મેં તેને બધી વાત કહી છે. જો તું પણ એવી દશામાં આવી પડત તો એમજ કરત. તારો વાળ પણ વાંકો થવાનો નથી. તેની હત્યા કરવાનો ઉદ્દેશ તેના વડે જ સિદ્ધ થશે. તે મહાપુરૂષ છે! તે દેવતા છે। "

ભૂતનાથે મનમાં વિચાર્યું—" રામકૃષ્ણે આને વશ કર્યો છે. આ નરપિશાચે પૈસાના લોભથી તેની તાબેદારી સ્વીકારી છે, તેની પાસેથી જ રામકૃષ્ણ બધી વાત જાણી શકયો છે. હવે શું કરવું ? શો ઉપાય ? "

ભૂતનાથને ચૂપ જોઈ રાખાલે પૂછ્યું,,- શું કહે છે ? તમે મહારાજ પાસે આવી તેને શરણ માગવાને ખુશી છોકે ? "

ભૂતનાથ ફરીથી ગર્જી ઉઠયોઃ "પાપી પિશાચ ! લાંચ આપી લુટારૂને પણ તે વશ કરી શકે; પણ હું તારા જેવો નીચાશય ચંચળ ચિત્તવાળો નથી, મારૂં મન કદી પણ પાછું હઠે તેમ નથી. તું ડરપુ છે, તું પૈસાનો દાસ છે. તું અર્થ લોભથી તેના પગ ચાટવા તૈયાર થયો છે. હવે હું તારૂં કદી મુખ નહિ જોઉં. દૂર થા, તું મારી આગળથી જા.!"

રાખાલ—"તારાં પાપનું ફળ તારે જલદી ભોગવવું પડશે."

એમ કહી તીવ્ર દૃષ્ટિથી ભૂતનાથ સામું જોઇ તે ચાલ્યો ગયો. ભૂતનાથ રોષથી, ક્ષોભથી કાંપવા લાગ્યો.

રાખાલના ગયા બાદ ભૂતનાથે મનમાં નક્કી કર્યુંઃ આ લૂટારાને પકડાવી દેવો જોઇએ " એવો વિચાર કરી તેણે નક્કી કર્યું કે " આજે

પકડાવી દેવાથી કંપની ઇનામ આપશે. માટે આ સુયોગ જવા દેવો નહિ. શંકર પકડાવાથી એક તરફથી ઈનામ મળવાની આશા છે, બીજી તરફથી તેનું કહ્યું કોઇ માનશે નહિ. જો મહારાજ રામકૃષ્ણ આગળ શંકરે મારી વાત કરી હશે, તો પણ ત્યારબાદ એ બધું ઉડાવી શકાશે. ”

ભૂતનાથને શંકરના ઠેકાણાની પ્રથમથીજ ખબર હતી. નાટોરમાં તુરતજ સ્થપાએલાં થાણાના દારોગાને તે ઓળખતો હતો. તેજ રાત્રે શંકરને પકડાવવાને માટે ભૂતનાથ તરકટ કરવા લાગ્યો.

ચતુર્થ પરિચ્છેદ.

ઉપાધ-પ્રાપ્તિ.

The world's esteem is but a bribe,
To buy their peace yon sell your own;
The slave of a vain-glorious tribe.
Who pate you while they make you known."
—Cowper.

બીજે દિવસે સવારમાં મહારાજ રામકૃષ્ણ રાખાલની વાટ જોતા રહ્યા; પરંતુ રાખલ તો નજ આવ્યો. ભૂતનાથને બોલાવવા માણુસ મોકલ્યું, પણ તેનો પત્તો ન લાગ્યો. મહારાજે ધાર્યું કે

"શરમના માર્યા મોઢું છૂપાવે છે કે અનુશોચનાના તીવ્રતાપથી સંકોચ પામતા હશે!"

એમ જાણી તેઓની શોધમાં સ્થાને સ્થાને લોકો મોકલવાની ઇચ્છા થઇ. તેણે નિર્ણય કર્યો કે રાખલ તથા ભૂતનાથને હું યોગ્ય પૈસા આપીશ પૈસાના લોભથી તેઓ ખરાબ કામ કરવા તત્પર ન થાય, તેવી વ્યવસ્થા કરીશ. રાખાલ મારો બાલમિત્ર છે, ભૂતનાથ મારો જ્ઞાતિ ભાઇ છે. જો તેમને સન્માર્ગે ન લાવું, જો તેની મતિ ન ફેરવું, તો પછી મારી દોલતનો શો સદુપયોગ! મારા જીવનનું શું મહત્ કાર્ય !!

મહારાજ રામકૃષ્ણ મનમાં મનમાં આવા વિચારો કરે છે, તે વખતે એક અડચણ આવી પડી. દરવાને સમાચાર આણ્યા કે દીલ્હીથી બાદશાહનો દૂત આવ્યો છે યોગ્ય આદરમાન આપી તેનો સત્કાર કર્યો છે. દિવાન આપની પાસે આવે છે."

"બાદશાહનો દૂત! દિલ્હીથી! શા માટે આવ્યો છે?" મહારાજ કંઇ નક્કી કરી શકયા નહિ.

થોડીજવારમાં દિવાન વગેરે અમલદારો આનંદ બતાવતા બતાવતા મહારાજ પાસે આવી પહોંચ્યા. દિવાને કહ્યું—"દિલ્હીના સમ્રાટે આપનાં કર્ત્તવ્યોથી સંતુષ્ટ થઇ, આપનાં સારાં કાર્યોથી જાણીતા થઇ, આપને "મહારાજાધિરાજ પૃથ્વીપતિ બહાદુર"નો ખિતાબ આપ્યો છે. બાદશાહના દૂતે દીલ્હીથી આપને માટે બાદશાહની સહી સાથેની સનંદ આણી છે. તેની સાથે ઇસ્ટ-ઈંડિઆ કંપની અને બંગાળાના નવાબના પ્રતિનિધિઓ પણ આવ્યા છે, તે લોકો જાહેર રીતે દરબાર ભરી દેશના આબરૂદાર લોકો સમક્ષ આપનાં ગુણગાન કરી સમ્રાટની સહી સાથેની સનદ આપને અર્પણ કરશે."

મહારાજ રામકૃષ્ણ મનમાં જરા હસ્યા. તેમણે મનમાં કહ્યું, "બાદશાહની પાસેથી સનદ ! વળી નવું બંધન ! ઇચ્છામયી તારા ! તારા મનમાં જે હોય તે કર." તેણે મોટેથી પૂછ્યું "આવનારના સત્કારની વ્યવસ્થા કેવી રીતે કરી ?"

દિવાન—"તેમના આવવાના સમાચાર મુર્શિદાબાદના પત્રમાં મેં પ્રથમથી જ જાણ્યા હતા. માટે તેમના સત્કારમાં કશી ખામી આવી નથી."

દિવાને બીજું એ પણ જણાવ્યું કે—"સમ્રાટે આપેલ સનદને માટે રાજધાનીમાં મહોત્સવ કરવાની જરૂર છે. એક દિવસ હાથી ઘોડા વગેરે સજી સ્વારી કાઢી મહારાજે શહેરમાં ફરવા નીકળવું પડશે. એ પ્રસંગે રાજધાનીમાં ધામધૂમ કરવાની જરૂર છે."

મહારાજે જરા હસી કહ્યું—"બીજું કંઇ કરવાની જરૂર છે ?"

મહારાજના મનનો વિચાર દિવાન સમજી ગયો. તેણે કહ્યું.—"બીજું જે કરવાનું છે, તે તો મહારાજનું નિત્યવ્રત છે! દેવપૂજા, બ્રાહ્મણ ભોજન, ગરીબોને ભોજન એ બધાં કાર્યો તો સાધારણ હિસાબમાંજ ગણાય છે."

મહારાજ રામકૃષ્ણે કહ્યું—"દિવાનજી ! બીજી બાબતોમાં અસાધારણ વ્યાપાર જમાવશો, કેવળ પૂજાને દાનમાંજ સાધારણપણું રહેશે કે ?"

દિવાન—"મહારાજ, ક્ષમા કરો. આ સંસારમાં દાનાદિ કાર્યો હંમેશાં અસાધારણપણે થતાં આવ્યાં છે. બીજાને માટે જે અસાધારણ તે આપની પાસે સાધારણ ગણાય છે. માટે મેં નવી વ્યવસ્થા કરવાનું નથી જણાવ્યું."

મહારાજ—"દિવાનજી! આનંદના દિવસો તો થોડાજ આવે છે. આજે આનંદનો દિવસ છે-દિલ્હીના બાદશાહે પદવી મોકલી છે! આજે પણ શું સાધારણ રીતે કામ ચાલશે? મારી ઇચ્છા છે—"

દિવાનજીનો જીવ ઉડી ગયો ચંદ્રનારાયણ ઠાકુર અને રૂદ્રનારાયણ ઠાકુર બંનેએ મળી અનેક મસલત બાદ રાજ્યનું ખર્ચ ઘટે ને આવક વધે એ માટે આ નવીન દિવાન નીમ્યો હતો. દિવાનજીને તેમણે ખાસ ભલામણ આપી હતી કે "સાવધાન! જો જો-ખર્ચ વધતાં રાજ્યનું સત્યાનાશ ન વળે."

દિવાનજીએ તેમની પાસે એ બાબતની પ્રતિજ્ઞા લઇ કારભાર હાથમાં લીધો હતો. માટે મહારાજ જ્યારે વધુ દાનની ઇચ્છા બતાવતા, ત્યારે તેનું હૃદય કાંપવા માંડતું આજે પણ મહારાજના મુખે અતિ દાનનું નામ સાંભળતાંજ તે ચમકી ઉઠયા.

મહારાજે કહ્યું—"મારી ઇચ્છા છે કે આ પ્રસંગે મનુષ્યોની એક મોટી પીડા દૂર કરવાનો પ્રયત્ન કરૂં!"

વળી તેજ વાત! મનુષ્યની પીડા દૂર કરવાની વાત! દિવાનજી ચિંતાતુર થઇ ગયા.

મહારાજે કહ્યું—"આપ કદાચ મનમાં હસતા હશો! આપ વિચારતા હશો કે આતે કોણ માત્ર! દુનિયાનો કીટ મનુષ્યોની પીડા મટાડવા તૈયાર થયો છે! તે ખરી વાત છે! પરંતુ દિવાનજી હું કોણ છું? હું તે શું કરી શકું? મા જગજ્જનની વિશ્વમાં ચરાચર વ્યાપી રહી છે. હું તો તેનું અંગમાત્ર છું. જે અંગ દ્વારા જે કાર્ય

કરવાની જરૂર હોય, મા તે અંગ દ્વારા તે કાર્ય સમાપ્ત કરાવે છે. હું તો નિમિત્ત માત્ર છું!"

દિવાનજીએ એ વાતમાં ધ્યાન ન આપ્યું, ખર્ચ કરવાનો આગ્રહ થતો જોઈ તેણે કહ્યું-"આપના હુકમ મુજબ વર્ત્તવા તૈયાર છું. પરંતુ રાજકોષ તરફ નજર રાખી આજ્ઞા કરવા મહેરબાની કરશો."

જે વાત કહેતા હતા, તે મહારાજે ન ઉપાડી. દિવાનજીને કહ્યું-"સમ્રાટે આપેલી સનદને યોગ્ય જે કરવાનું હોય તે કરશો તેમ કરવામાં આપને કષ્ટ ન થાય તે પણ ધ્યાનમાં રાખશો."

દિવાનજીને આવી આજ્ઞા આપી ખરી. પરંતુ મહારાજે મનમાં અનેક કર્તવ્યો નક્કી કરી લીધાં. તેણે નક્કી કર્યું કે-"પૈસા સંબંધી સંકડામણને લીધે જેઓ કુકર્મ કરવા તૈયાર થયાં હોય, અગર કરતાં હોય તેઓનું તે દુઃખ દૂર કરી તેને સુમાર્ગે ચડાવવાં" બીજું; "જેઓ અપરાધી છે તેને ક્ષમા કરી સારૂં ઉદાહરણ બતાવી, તેને સન્માર્ગે આણવાં." ત્રીજું "આ બાબતમાં કદાચ બધો ખજાનો ખાલી થાય તોપણ ન અચકાવું." આ પ્રસંગે ભૂતનાથ અને રાખાલને ખોળવા તરફ મહારાજે ખાસ ધ્યાન આપ્યું.

પંચમ પરિચ્છેદ.

સ્વારી.

पुरोपकंगपवनाश्रयाणां कलापिनामुद्धतनृत्य हेतौ !
प्रध्मातशंखे परितो दिगन्तान् तुर्यस्वने मुर्च्छति मंगलार्थे ॥
—रघुवंशम् ।

આજે સ્વારી ચઢવાની છે. નગરના રાજમાર્ગો સુંદર રીતે શણગારેલા છે. રસ્તાની બંને બાજૂએ આંબાનાં પાંદડાના તોરણો શોભી રહ્યાં છે. વચ્ચે વચ્ચે ધજા પતાકા ઉડી રહ્યા છે. ઠેકાણે ઠેકાણે કૃત્રિમ દરવાજા, હારબંધ કેળનાં થાંભલા અને પાણી ભરેલા કુંભો રસ્તાને શોભાવી રહ્યા છે. રસ્તાની બંને બાજૂએ, અગાસીઓમાં, છાપરાંપર લોકો જથાબંધ ભેગા મળ્યા છે. ગામેગામથી સ્વારી જોવાને માટે લોકો આવ્યા છે.

રાજ સૈન્ય પદોચિત વેશ પહેરી અસ્ત્ર શસ્ત્રથી સજ્જ થઈ, રસ્તાપર પહેરો ભરે છે. નગરી આજે નવીન જીવન પામી હોય એમ જણાય છે. સેંકડો હાથી, સેંકડો ઘોડા, સેંકડો યોદ્ધાઓ અને સેંકડો આબરૂદાર વ્યક્તિઓ પોતપોતાની પદવી મુજબ સ્વારીમાં ગોઠવવા તૈયાર ઉભેલ છે.

બપોર પછી, ત્રીજા પહોર બાદ વારંવાર તોપના અવાજ થવાથી લોકોએ જાણ્યું કે સ્વારી ચઢી.

ચારે તરફ શંખને ઘંટ વાગવા લાગ્યા. ચારે તરફ માંગળિક ક્રિયાઓ થવા લાગી. ચારણો ગુણગાન કરવા લાગ્યા. દેવો અને ગુરૂજનોને પ્રણામ કરી મહારાજ રામકૃષ્ણ હાથીપર ચઢયા.

સ્વારીને મોખરેજ સો લાઠીવાળા જુવાનીઆઓ લાકડી ખભે લઇ કુદતા કુદતા ચાલતા હતા. તેઓમાંના દરેકની આકૃતિ યમદૂત સમાન હતી. તેનું શરીર કદાવર હતું, છાતી વિશાળ હતી, હાથપગ લોખંડ જેવા હતા. તેઓની કેડો બાંધેલી હતી. દેશના પ્રખ્યાત લાઠીવાળાઓમાંથી આ સો જણને ચુંટી કાઢવામાં આવ્યા હતા. તેમની પછી ભાલાંવાળા પહેરેગીરો હતો. તેઓનો પહેરવેશને આકૃતિ વગેરે લાઠીવાળા જેવાં જ હતાં. તેઓના એક હાથમાં ઢાલ ને બીજા હાથમાં ભાલાં હતાં. ત્યારબાદ સો તરવારવાળા યોદ્ધાઓ હતા. તેઓએ બખ્તર પહેરેલાં હતાં, તેઓનાં માથાપર શિરસ્રાણ હતાં. તેઓએ તરવારો ઉઘાડી રાખેલી હોવાથી માણસોની આંખો ઝંખવાઇ જતી હતી. તેમની પછી સો બંદુકધારી પાયદળ હતું. રાતા રંગનાં લુગડાંથી તેઓનાં શરીર ઢંકાએલાં હતાં. તેઓનાં માથાંપર પાઘડી શોભતી હતી. તેમની પછી સો ઘોડેસ્વારો હતા. તેઓનાં શરીર ચિત્ર વિચિત્ર પહેરવેશથી શોભતાં હતાં. તેઓની કેડે તરવાર લટકતી હતી. તેઓએ એક હાથમાં ધજાવાળો દંડ પકડેલો હતો. ત્યારબાદ સો સુસજ્જિત હાથી મંદગતિએ ચાલતા હતા. આગળને પાછળના થોડા હાથી રૂપેરી સાજથી શોભતા હતા, મધ્યના હાથી સુવર્ણના સાજથી ચટચક થઇ રહ્યા હતા. બધાની વચ્ચે ચાલતા એક હાથીનો સાજ તો બધાથી ઉત્કૃષ્ટ હતો. તે હાથીપર મહારાજ રામકૃષ્ણ બેઠા હતા. હાથાની પેઠેજ મહારાજનાં વસ્ત્રાભૂષણ પણ અમૂલ્ય હતાં. મહારાજના માથાપર મણિમુક્તા ખચિત છત્ર શોભી રહ્યું હતું. ગળામાં

કિંમતી મોતીની માળા હતી. શરીર પર મણિ માણિક્ય ખચિત મૂલ્યવાન સોનેરી પરિચ્છદ હતો. મહારાજ ઐરાવત પર બેઠેલ ઇન્દ્રની માફક શોભતા હતા. મહારાજની આગળને પાછળ દેશની આબરૂદાર વ્યક્તિઓ પદવી અનુસાર શોભતી હતી. બાદશાહનો દૂત અને કંપની તથા નવાબના પ્રતિનિધિઓ પણ એજ હાથીઓ પર હતી. હાથીઓની પાછળ અશ્વારોહીને પદાતિક સૈન્ય ચાલતું હતું. તેની પાછળ વળી તરવારવાળું પાયદળ, ભાલાંવાળું પાયદળ અને લાઠીવાળા શોભતા હતા. આગળ ને પાછળ લાઠીવાળા પછી ને પહેલાં ભેરી, તુરી, નગારાં વગેરે વાજિંત્રો વગાડતા વગાડતા વાદકો સ્વારીની શોભા વધારતા હતા. સ્વારી પાછળ અસંખ્ય જોનારાની સેના ચાલતી હતી.

એક રસ્તેથી નીકળી, શહેરની પ્રદક્ષિણા કરી, બીજે માર્ગે વળી મહારાજનો હાથી જ્યારે "બંગોજવળ" નામના દરવાજા આગળ આવ્યો; ત્યારે રક્ષક સૈન્યની હાર તોડી એક તેજસ્વી સંન્યાસી મહારાજ સામે આવ્યો. આટલાં બધાં માણસોમાંથી કોઈ પણ તેને અટકાવી શક્યું નહિ. સંન્યાસીએ મહારાજ સામે આવી કહ્યું—"મહારાજ! આજ શું ખઈ સુખ છે?"

મહારાજની મોહનિદ્રા ઉડી ગઇ. સંન્યાસીની તરફ નજર કરતાંજ મહારાજને દિવ્ય ચક્ષુ મળ્યાં. તેને ભૂત ભવિષ્યની વાતો સાંભળી! બાળપણની વાત સાંભળી! પંખીને છોડવાની વિનંતિ સાંભળી! સંન્યાસીનું જ્યોતિર્મય મુખ સાંભર્યું! કંઠરવ સાંભર્યો! દશભુજાના મંદિર પરનો તિરસ્કાર સાંભર્યો! સુતાં, બેસતાં જાગતાં જે મૂર્તિ હૃદયપર અંકાઇ રહી હતી, તે યાદ આવી.

હાથીનાં પૃષ્ટ પરથી કુદી પડી સંન્યાસીનાં ચરણ પકડયાં. સંન્યાસીએ તેમ કરતાં અટકાવી મહારાજને આલિંગત કર્યું. બધા વિસ્મય પામી તેના તરફ જોઇ રહ્યા. કોઇ કશું બોલ્યું નહિ.

આ સંન્યાસી તેજ શ્રીજી હતા.

સ્વારી પૂરી થઇ. સંન્યાસીનો હાથ પકડી મહારાજે મહેલમાં પ્રવેશ કર્યો.

છઠ્ઠ પરિચ્છેદ.

સંન્યાસી પાસે.

Our birth is but a sleep and a forgetting;
The soul that rises with us, our life's Star,
Hath had elsewhere its setting,
And cometh from afar:
Not entire forgetful-ness.
But trailing clouds of glory do we come
From God who is our home
Heaven lies about us in our infancy."
Wardsworth.

મહારાજ રામકૃષ્ણ સંન્યાસી સાથે પોતાના ઓરડામાં ગયા ત્યાં બંનેની વચ્ચે વાતચીત થવા લાગી.

સંન્યાસી—"મહારાજ ! આપ શું પૂર્વસ્મૃતિ વિસરી ગયા છો ? આપને શું નથી યાદ આવતું કે આપ કોણ હતા ને હાલ શું છો ?"

સંન્યાસી શું બાળપણની વાત કહે છે ! સંન્યાસી દક્ષિણ-જાના મંદિરની વાત કહે છે ! સંન્યાસી પેલાં સ્વપ્નની વાત કહે છે ? સંન્યાસી કઇ વાત સ્મરી આપે છે, મહારાજ કંઈ સમજી શક્યા નહિ.

સંન્યાસીએ ફરીથી કહયું-" આપને સાંભરતું લાગતું નથી. પૂર્વજન્મની સ્મૃતિ ઘણી દૂર ચાલી ગઇ છે. ઘણાં ઢાંકણોથી ઢંકાઈ ગઇ છે, તેથી મને લાગે છે કે આપ યાદ લાવી શકતા નથી ! "

પૂર્વજન્મની યાદ ! આ જન્મની, બે દિવસ પહેલાંની યાદ તો માણસ ભૂલી જાય છે. પૂર્વજન્મની સ્મૃતિ તો બહુ દૂર રહી–તે કેવી રીતે યાદ રખાય ? મનુષ્યની સીમાબદ્ધક્ષુદ્ર ધારણાશક્તિ એ અતીત સ્મૃતિ કેવી રીતે યાદ લાવી શકે, એ સ્મૃતિ નથી માટેજ માણસો ભ્રાન્ત પથિકની માફક ભટકયા કરે છે.

મહારાજ રામકૃષ્ણ, ગમે તેમ પણ સંસારબદ્ધ મનુષ્ય છે. તે સ્મૃતિ મહારાજ રામકૃષ્ણના માનસપટ પર કેવી રીતે આળેખાય ?

સંન્યાસીએ સ્પષ્ટતાથી કહ્યું, " મહારાજ ! યાદ આવે છે– હિમાલયની તળેટીમાં, હરિદ્વારની પુણ્યવતી ભૂમિપર બે સંન્યાસી સાથે આપ યોગાસન પર આરૂઢ હતા. જ્યાં મૃગચર્મ પર બેસી આપ યોગ સાધના કરતા હતા. ત્યાં આપના માથા પર બરફમય

પાણીની ધાર ખરખર કરતી પડતી હતી. અનેક દિવસ સૂધી આ. પને ઠંડીનુ ભાન થયું નહિ ટાઢ તરફ ભ્રૂક્ષેપ પણ ન કરતાં નિવાત નિષ્કમ્પ પ્રદીપની માફક આપ આત્માના આનંદમાં મસ્ત હતા. પરંતુ અકસ્માત્ એક દિવસ આપને ટાઢ જણાઇ ઝરાની ધારા અ. ટકાવવા માટે એક કેળનું પાન માથા પર રાખ્યું. એ સુખની ઇચ્છાથીજ આપને યોગભ્રષ્ટ થવું પડ્યું. તે પછી ગુરુદેવની આજ્ઞાથી દેહ પડયા બાદ રામકૃષ્ણરૂપે આપનો જન્મ થયો, અને આપ અર્ધબંગેશ્વર થયા.

શ્રીજી જેમ જેમ કહેતા ગયા, તેમ તેમ રામકૃષ્ણની સ્મૃતિ જાગ્રત થતી ગઇ. તેના મનમાં તે કઠોર તપની સ્મૃતિ ધીમે ધીમે પ્રકટવા લાગી, દારુણ ઠંડી, ઠંડીમાંથી બચવાને માટે કેળનું પાન માથા પર મૂક્યું, વગેરે બાબતો આછાં ચિત્રની માફક માનસપટ પર ચિતરાઇ, પરંતુ કોઇ પણ વાત સ્પષ્ટ તો નજ થઈ, તેથી તેણે પૂછ્યું—“ એ કેટલા દિવસોની વાત છે !—આપે તે કેવી રીતે જાણ્યું ! ”

શ્રીજી—મહારાજ ! આપને નથી યાદ આવતું ? આપની સાથે હું પણ યોગ સાધનામાં મસ્ત હતો ! આપ રાજા થશો, એ જાણી મને પણ ભોગ ભોગવવાની વાસના થઇ ! હું યોગભ્રષ્ટ થઇ રજપુતામાંનાં બુંદીમાં જન્મ્યો આપે સાંભળ્યું હશે કે બુંદીનો રાજા ઉમેદ સંસારનાં વિષયથી જર્જર થઇ રાજ્ય તજી શાન્તિ ભોગવવા માટે સંન્યાસ ત્યાગી થયો હતો. મહારાજ ! હુંજ તે બુંદીરાજ ઉમેદ. અત્યારે મારૂં નામ શ્રીજી છે. શ્રીજીનાં નામથી જ હું સર્વત્ર ઓળખાઉં છું.”

રામકૃષ્ણ—"જરા છાયાની માફક એ બધું યાદ આવે છે; પરંતુ કંઈ પણ સ્પષ્ટ થતું નથી."

સંન્યાસી—"કેમ ? કઇ બાબતમાં સંદેહ પડે છે ?"

રામકૃષ્ણ—સંદેહ અનેક છે ! મને જોઇનેજ આપને સુખ ભોગવવાની લાલસ થઇ, તો પછી યોગભ્રષ્ટ બુંદીરાજ થઇ આપે જન્મ ગ્રહણ કર્યો હોય તો તે કેટલા દિવસની વાત થઈ ? મારી વય તો અમુક વર્ષનીજ થઇ છે અને બુંદીરાજ ઉમેદને થઇ ગયાં તો ઘણાં વર્ષો થયાં નાનપણમાં પિતામહની પાસે બુંદીરાજના સંસાર ત્યાગની નવાઇ જેવી વાત મેં સાંભળી હતી. તેણે કહ્યું હતુ કે તારાજન્મ પહેલાં ઘણાં વર્ષો થયાં બુંદીરાજે સંસાર તજ્યો હતો તેણે કહ્યું હતુ કે, તારા જન્મ પહેલાં બાવીસ વર્ષ પહેલાં એ સંસાર ત્યાગી રાજા આપણાં ગામમાં ફરવા આવ્યો હતો. મારા, પિતામહ પાસે મેં એ રાજપુત્રની આકૃતિ પ્રકૃતિ બાબત જે કંઇ સાંભળ્યું છે, તે બધું આપની આકૃતિ પ્રકૃતિ સાથે મળતું આવે છે ખરૂં; પરંતુ, હું સમજી શકતો નથી કે એવું સાદશ્ય શું સંભવિત છે ? એટલુંજ નહિ; મારા બાળપણ વખતે મેં આપની જે મૂર્તિ જોઇ તેજ મૂર્તિ અત્યારે પણ જોઉં છું. તેથી મને ભારે સંશય પેદા થાય છે."

સંન્યાસી—"આપે જે કહ્યું, તે પરથી મને જણાય છે કે બે બાબતમાં આપને સંદેહ છે. પહેલું તો એકે આપની સાથેજ યોગભ્રષ્ટ થયા છતાં આપની પહેલાં મેં ભોગો ભોગવી શા માટે સંન્યાસ લીધું ? બીજું યોગાનુષ્ઠાન વખતે મારી જે મૂર્તિ આપે જોઇ હતી તેજ અત્યારે પણ જૂઓ છો. એજ આપના સંદેહો છે ને ?"

રામકૃષ્ણ—"બરાબર. મને લાગે છે કે એ બે ઘટના બનવી અસંભવિત છે."

સંન્યાસી—આપ અદૃષ્ટ યા કર્મફળમાં વિશ્વાસ કરો છો તો પછી તમારા મનમાં આવો શંશય કેવી રીતે ઉત્પન્ન થાય છે? એક સામાન્ય દૃષ્ટાંતથી એ બાબત સમજાવી શકાય. ખેડુત એકજ દિવસે બી વાવે છે; પરંતુ બધાં બી એકજ દિવસે ફણગા રૂપે બહાર આવતાં નથી. એકજ ઝાડપર એકજ ડાળીએ બે ફળ થયાં હોય, છતાં તેમાંનું એક આજે પાકે છે તો બીજું દશ દિવસ પછી પાકે છે; આવી ઘટના ઘણે સ્થળે બને છે. એકી સાથે આપણે બંને યોગભ્રષ્ટ થયા છતાં મેં વહેલો જન્મ લીધો, તે પણ એ દૃષ્ટાંત પરથી સમજાશે. અદૃષ્ટ જેને જે રીતે દોરી જાય, તેને તેજ રીતે દોરવું પડે છે.

રામકૃષ્ણ—"અદૃષ્ટજ કર્મફલ છે!"

શ્રીજી—"કર્મફળ એજ અદૃષ્ટ છે, એકજ વિષય છે–નામ માત્ર જૂદાં છે. જ્યારે કર્મફળ સાધારણ દૃષ્ટિએ ન પડે ત્યારે તે અ–દૃષ્ટ બને છે. કર્મફળની અદૃષ્ટ સંજ્ઞાનું એજ તાત્પર્ય છે. પ્રથમ મેં જે બી અને ફણગાની વાત કહી, તે પરથી આ તત્ત્વ સ્પષ્ટ થશે. બી જ્યારે માટીમાં વાવ્યું, ત્યારે બી રૂપી કર્મ અદૃષ્ટ રહ્યું. માટીમાં બી છે કે નહિ તે નજરે જણાતું નથી; તે અદૃષ્ટ તેજ બી જ્યારે ફણગા રૂપે બહાર આવશે, ત્યારેજ તેને કર્મફળ રૂપે સમજી લેવાશે. પૂર્વજન્મ અને પરજન્મના સંબંધમાં પણ આ પ્રમાણે સમજવું જોઇએ. પૂર્વજન્મનાં કર્મો માટીમાં વાવેલાં બીની માફક અદૃષ્ટ રહી પરજન્મમાં ફળ આપે છે. કર્મ છુપાં રહે છે માટેજ તે સાધારણ દૃષ્ટિથી જોઇ શકાતાં નથી આપણો આ જન્મ પણ તે કર્મનું ફળ છે. જરા વિચાર કરતાંજ આ બાબત સમજાશે."

રામકૃષ્ણ—ઘણે દૂર જઇ પડયો છું, તેથી સમજતાં વાર લાગે છે. ! ”

સંન્યાસી—દૂર ! તુલના કરતાં કેટલાં દૂર જણાય છે ? ત્રણ દિવસમાં જે બીનો ફણગો ફુટવો સંભવિત છે, તે બીમાંનાં કેટલાંક અઠવાડીએ ઉગે છે તેમ સામાન્ય વૃક્ષ તૃણાદિને માટે પણ આટલો અંતરાય ઘટે છે. તો પણ જગતના શ્રેષ્ઠ જીવ મનુષ્યના જન્મ—જન્માન્તરના માર્ગમાં તો ઘણા અંતરાયો છે મનુષ્યની દૃષ્ટિએ જે સમય યુગ—યુગાન્તર છે, તેજ સમય પ્રભુ પાસે નિમેષમાત્ર છે, તેમની એક નિમેષ-એક મૂહૂર્ત આગળ પાછળ પડતાં, કેટલા યુગ યુગાન્તર—કેટલી કલ્પાન્તર-પાછળ પડી જવાય ! ”

રામકૃષ્ણ—“મારી બુદ્ધિ અલ્પ છે; તેથી ધારણા કરી શકતો નથી. ”

સંન્યાસી-હવે મારી આકૃતિપ્રકૃતિનાં નિત્યત્વના સંબંધમાં આપને જે સંદેહ થયો છે, તે બાબત બે ચાર વાત કહું છું. આપને કર્મફળ પ્રતિ નક્કી વિશ્વાસ છે યોગરૂપ કર્માનુષ્ઠાન દ્વારા ઇચ્છિત કાર્યો કરી શકાય છે. યોગ પ્રભાવે યોગીઓ અનંતકાળ પર્યન્ત અનાહારે જીવી શકે છે શાસ્ત્ર, પુરાણ વગેરે ગ્રંથોમાંથી સેંકડો ઉદાહરણો મળશે કે યોગમગ્ન યોગી પર રાફડા થઇ ગયા છે, કેટલાક માટીમાં દટાયા છે, કેટલાક પશ્વાદિના ઉદરમાં ગયા છે. યોગબળથી અસાધ્ય કશું નથી મારૂં શરીર આજ સુધી પરિવર્ત્તન વિનાનું રહ્યું છે, તેનું કારણ પણ એજ છે, જે દિવસે હું યોગભ્રષ્ટ થયો, તેજ દિવસે મારી આકૃતિમાં પ્રથમ પરિવર્ત્તન થયું, બુંદિરાજના ઘરમાં જન્મી બાલ્ય, કિશોર, વિગેરે અવસ્થાના પરિવર્ત્તન પ્રવાહમાં તણાયો. ત્યાર પછી વૈરાગ્ય

ઉપજવાથી બધું તજી, સંન્યાસ લઈ યોગાનુષ્ઠાનમાં મસ્ત થયો, ત્યારથી દેહમાં કશો ફેરફાર થયો નથી. તેથીજ આપનાં બાળપણમાં મારૂં જે રૂપ હતું, તેજ રૂપ અત્યારે પણ હૈયાત છે.

રામકૃષ્ણ—"આપને સંસારમાં જ—"

સન્યાસીએ તેને અટકાવી કહ્યું—આપ જે પૂછવા ધારો છો, તે હું સમજી ગયો છું. આપ પૂછવા માગો છો કે " આપને હું તો સંસારમાંજ જોઉં છું, તો પછી યોગ ક્યારે સાધો છો ! તે વાત આપને કેમ સમજાવું ? આપ જરા ધ્યાનપૂર્વક જોશો તો મારા શરીરમાં જરા ફેરફાર થયો છે એ ફેરફાર તેથીજ થયો છે. તમે કહી શકશો કે હું કેમ આવજા કરૂં છું ? સંસારમાં કેમ આવું છું ?"

સંન્યાસીનું રૂપ ફર્યું, તે આવેગ સાથે બોલવા લાગ્યો—" રામકૃષ્ણ ! તમને શું સમજાવું. કેમ આવું છું ! એ વાત જે હું સમજી શકતો હોત, તો અત્યાર સુધીમાં મને મોક્ષ મળી ગયો હોત. પરંતુ બંધુત્વના દૃઢ બંધનથી આપે મને બાંધી રાખ્યો છે, તેથી તમને છોડી હું યોગાભ્યાસમાં તન્મય થઇ શકતો નથી. રાજ તજી યોગ તજી હું તમારી પાછળ પાછળ ભટકું છું. રામકૃષ્ણ ! નક્કી જાણી રાખજો કે તે પણ માયાનું બંધન છે. એ બંધનના દોરથી બંધાઇને હું ભટકું છું. જો તને સંસારબંધનમાંથી છોડાવી લઇ જઈ શકું તો જ મારી યોગસાધના સફળ થાય. અને તે માટે જ વખતોવખત આવી આવી હું ચેતવી જાઉં છું. રામકૃષ્ણ ! આપણા પહેલાં મિલનની વાત યાદ છે ! આપણે કઇ પ્રતિજ્ઞા કરી યોગસાધનામાં મગ્ન થયા હતા, તે યાદ છે ? જો યાદ આવે તો હવે વિલંબ ન કરતા, જલદીથી દુનિયાનું કાર્ય સમાપ્ત કરી લો. "

એમ કહી સંન્યાસી એકદમ ચાલ્યો ગયો. મહારાજ એક ચિત્તે સંન્યાસીની વાત સાંભળતા હતા. અને તેની વાતોમાં બેભાન બની ગયા હતા; એ વખતે સંન્યાસી ચાલ્યો ગયો. સંન્યાસીનાં વાક્યો સંભળાતાં બંધ પડયાં એટલે મહારાજે આંખો ઉઘાડી જોયું કે સંન્યાસી તો નથી. વ્યગ્રભાવે ચારે તરફ જોવા લાગ્યા, પણ સંન્યાસી તો નજ મળ્યો. કયે રસ્તે થઇ સંન્યાસી ગયો તે દરવાન પણ કહી શકયો નહિ.

સપ્તમ પરિચ્છેદ.

દિવ્યજ્ઞાન.

असतो मा सद्गमय, तमसो मा ज्योतिर्गमय, मृत्योर्मा मृतं गमय

श्री - हृदारण्यकोपनिषत् ।

આયુષ્ય. ઉંચાં ઝાડપર કંપતાં પત્ર પર પડેલાં જલબિન્દુની માફક પતનોન્મુખ છે; શરીર, શંકરની શશિકલાની માફક દેખાતું જ નથી; ભોગ માત્ર, વાદળામાં ફરકતી સોદામિનીની માફક ચંચળ છે; જીવના મિત્રો, સજ્જન સમાગમ, ઇત્યાદિ જાળના બંધન સમાન છે; ક્રૂળ કાળરૂપી બિલાડો, સર્વભૂતરૂપી ઉંદરોને ખાઇ જવા વ્યગ્ર થઇ રહ્યો છે; પતનનું પ્રાચુર્ય ડગલે ડગલે છે. આવી અવસ્થામાં મારે શો ઉપાય લેવો ? મારી ગતી શી ? મારો આધાર શો ? ”

ભગવાન રામચંદ્રે કુલગુરુ વશિષ્ઠને એક દિવસ ઉપરો પ્રશ્ન કર્યો હતો. કામક્રોધાદિ રિપુથી ભરપુર આ મહાસાગરની ભીષણતા અનુભવી. વિદ્યાર્થીની માફક, શિષ્યની માફક, મુમુક્ષુની માફક તેણે એક દિવસ વિશિષ્ઠને પૂછ્યું કે "હે ભગવન્! મારે શો ઉપાય લેવો ? મારિ ગતિ શું? રસરૂપી રસપ્રદ પારો અગ્નિમાં પડે છે છતાં બળી જતો નથી, તે પ્રમાણે જ્ઞાનરસસંપન્ન સંસારી સંસારરૂપી અનલમાં પડતાં છતાં કેવી રીતે ન બળે; હે બ્રાહ્મણ! તેનો ઉપાય મને કહી દો.

મહામતિ વશિષ્ઠ દેવે શ્રીરામચંદ્રને જવાબ આપ્યો." મૂક્તિનો માર્ગ જાણવા માટે પ્રથમ મુમુક્ષુને ન્યાયતત્વ જાણવું જોઇએ; ત્યાર પછી સદ્દગુરુ પાસે શાસ્ત્રોનું જ્ઞાન મેળવવું જોઇએ; તે સાથે શાસ્ત્ર મુજબ સદાચારીને સદ્દગુણ સંપન્ન થવું જોઇએ. સારાં કૃત્યો કરવાં જોઇએ. સત્કર્મની પરંપરા મનુષ્યની મુક્તિના પથરૂપ છે. જે સંસારમાં સ્પૃહાશૂન્ય થઇ ચિત્તને સ્થિર કરી નિષ્કામભાવે કર્મ કરે છે તેજ મુક્તિનો અધિકારી છે.

સંન્યાસીના ચાલ્યા ગયા બાદ રામકૃષ્ણના મનમાં શ્રીરામચંદ્ર અને વશિષ્ઠની તે પ્રશ્નોત્તરમાલા યાદ આવી. તે વિચાર કરવા લાગ્યા, "મારી ગતિ શી? મારો ઉપાય શો ?" મનમાં બબડવા લાગ્યા, "શાસ્ત્ર વારંવાર કહે છે, ગુરુમુખે વારંવાર સાંભળ્યું છે, મુક્તિ મેળવવી હોય તો ચિત્તને સ્થિર કરવાની જરૂર છે, પરંતુ મારૂં ચિત્ત તો સ્થિર થતું નથી. વાયુથી ઉછળતા સમુદ્રની માફક મારૂં ચિત્ત ઉછળે છે ! મારો પૈસો, મારો પુત્ર, મારો સ્ત્રી, મારાં કુટુંબી એવા વિચારોથી, દુશ્ચિંતા રૂપી વાવાઝોડાંથી ચિત્તસાગર ઉછળ્યા કરે છે; ચિત્ત કેવી રીતે શાંત થાય !

રામકૃષ્ણે પોતાના મનમાં જ વિચાર કર્યો:—શાસ્ત્રે રસ્તો બતાવી દીધો છે કે જે વિષય, વાસના અને મોહનો ત્યાગ કરી શકે, તેનું ચિત્ત હમેશાં શાન્ત હોય છે. પરંતુ હું તો તેનો ત્યાગ કરી શક્યો નથી ? મારૂં ચિત્ત કેવી રીતે શાંત થાય ?

વિચાર કરતાં છતાં મહારાજ કશું નક્કી કરી શક્યા નહિ. તેણે વિચાર્યું કે શાસ્ત્ર કહે છે કે શંસયસ્થળે સદ્ગુરૂના ઉપદેશની જરૂર છે."

એ શાસ્ત્રવાક્યનું સ્મરણ કરી, મહારાજ રામકૃષ્ણ ઠાકુર મહાશય પાસે ગયા.

ઠાકૂર મહાશય, મહારાજનાં ચિત્તની અવસ્થાથી જાણીતા હતા. આથી પ્રશ્ન સાંભળતાંજ બધી વાત સમજી ગયા. તે સમજી ગયા કે:—મહારાજ રામકૃષ્ણનું મન અત્યારે જે અવસ્થામાં છે. તે અવસ્થામાંથી પાછું સંસારમાં વળે તેમ નથી. માટે એ અવસ્થાને ઉપયોગી ઉપદેશ આપવો જોઇએ.

ઠાકુર મહાશયે કહ્યું,—"તમે જે કહો છો, તે સત્ય છે. શાસ્ત્રે કહ્યું છે કે જે વિષય, મમતા તજે તેનું જ ચિત્ત શાંત થાય છે. શાસ્ત્ર ઉદાહરણદ્વારા એ વાત સમજાવે છે. સમુદ્રમાં તરંગો ઉઠે છે, પણ તે જલમય સમુદ્ર સિવાય બીજું કશું નથી—તેમ આ અખિલ સંસારની વાસનાથી ઉત્પન્ન થયેલ કલ્પનામય જગતરૂપી પ્રપંચ કલ્પનાકુશળ ચિત્તમાં જ ઉછળે છે. વિચાર કરી જોતાં, સંસારની ભાવના છોડી શકતાં, કેવળ માત્ર તે અદ્વિતીયની સત્તા ધ્યાનમાં લાવી, બીજી નકામી ખટપટો તજી દેવાથી સંસારને જન્મ આપનારી વાસનાઓ હંમેશને માટે લય પામે છે, તેનું નામ પણ રહેતું નથી. સંસાર એજ તરંગ

છે. શાંતચિત્તમાં સંસાર નથી. શાંતસમુદ્રમાં તરંગ નથી. તે કેટલું સુંદર છે !"

રામકૃષ્ણ—"આજે નાનાત્વ બોધ, તે પણ પ્રભુ રૂપ જ છે !"

ઠાકુર મહાશય—"ખરૂં ! બધા વિચારનું મૂળ પ્રભુ જ છે. આજે મન બુદ્ધિ અહંકાર વગેરે અને આ જીવગણ ચિન્મયને વટાળી ક્યાં રહી શકે ? આ જે જૂદી જૂદી વસ્તુમય સંસાર તે શું છે ? જેમ આંખનો રોગ થતાં અથવા દર્પણમાં જોતાં એક ચંદ્ર અનેકરૂપે દેખાય છે, તેમ આપણે ભ્રમમાં પડી તેને જ જૂદી જૂદી વસ્તુરૂપે જોઇએ છીએ."

રામકૃષ્ણ—"તેને સર્વમય ભાવે ક્યારે જોઈ શકીશ ? આ ચંચળ ચિત્ત ક્યારે સ્થિર થશે ?"

ઠાકુર મહાશય—શાસ્ત્ર તેનો રસ્તો પણ બતાવે છે. શાસ્ત્ર કહે છે કે જ્ઞાન અગ્નિ છે અને ચિત્ત તૃણ છે. એ તૃણને તે અગ્નિવડે એવી રીતે બાળવું જોઇએ કે તેનું મૂળ ન રહે. મારો પૈસો, મારો પુત્ર, મારાં કુટુંબી, એજ વાસનાનાં મૂળ છે; એ મૂળ સહિત તેને બાળી મૂકતાં તેની હયાતી જ રહેતી નથી. તેમ ન થાય તો ઉપાડી લીધેલ ઉગાવો જેમ બાળી નાખતાં છતાં વારંવાર ઉગે છે, તેમ તે પણ પાછાં વિકાસ પામે છે, ચિત્તનું ચિત્તરૂપ વિકાસ પામે એટલે જગત વિકાસ પામે છે. ચિત્તને દગ્ધ કરો; ત્યારપછી તમારી આગળ જગત રહેશે જ નહિ. ત્યારે જે બ્રહ્મ, તે જ જગત થશે.

રામકૃષ્ણ—જ્ઞાનાગ્નિથી ચિત્તરૂપી તૃણ કેવી રીતે બાળી શકાય ?

ઠાકુરમહાશય—જે મંત્ર ગ્રહણ કર્યો છે, તેજ મંત્રની સાધના

કરવાથી બધો ઉદ્દેશ સિદ્ધ થશે. માનું 'તારા' નામ સંસારબદ્ધ જીવના ઉદ્ધાર માટે છે. તારાના નામનો જપ કરો; ધ્યાન કરો; તેની કૃપાથી સંસાર પારાવાર તરી જવાશે. મા જગજ્જનનીની કૃપા થતાં પછી વિચાર-વિતર્કની જરૂર રહેશે નહિ. મુક્તિના માર્ગ પર મા પોતાની મેળે લઇ જશે 'તારા' માનાં નામ સિવાય આપણે બીજું કયું અનુષ્ઠાન કરવાનું છે ? જગજ્જનની જ્ઞાનસ્વરૂપિણી છે. તેની દયા પ્રાપ્ત થતાંજ દિવ્યજ્ઞાન મળશે. તે દિવ્યજ્ઞાન એજ મુક્તિ."

મહારાજ રામકૃષ્ણ સમજ્યા કે મા જગજ્જનની તારા એજ સંસાર સમુદ્રમાં ઝુકેલી નૌકાની સુકાની છે તેણે મનમાં નિશ્ચય કર્યો કે આજથી બધું ભૂલી, સર્વ ત્યાગી, એ જગજ્જનનીનો આશ્રય ગ્રહણ કરીશ. માના મંત્ર વિના બીજું કયું અનુષ્ઠાન છે ?"

તે દિવસથી મહારાજ રામકૃષ્ણે ભવાનીપુરમાં જઇ માની સાધનામાં પ્રવૃત્ત થવાનો સંકલ્પ કર્યો; તે દિવસથીજ હંમેશને માટે રાજપાટને જલાંજલિ આપી, સંપૂર્ણરૂપે સંસારનાં બંધનથી છિન્ન થવાનો સંકલ્પ કરી માનો મંત્ર સાધવામાં મન ને પ્રાણ સોંપી દેવાનો નિશ્ચય કર્યો.

અષ્ટમ પરિચ્છેદ.

પ્રથમની તૈયારી.

What shall I render thee Father supreme,
For Thy rich gifts, and this the best of all.
—Mrs. Sigourney.

મહારાજ રામકૃષ્ણ સંસાર બંધન તોડી નાખશે. રાજ્ય તજી જીવનનો અવશિષ્ટકાળ ભવાની મંદિરમાં ગાળશે. આ જાતના વિચારે મહારાજના મનમાં દઢ થયા. તેનો વિચાર ચારે તરફ જાહેર થઇ ગયો. મહારાજ ભવાનીપુર જતા, પણ થોડા દિવસ રહી પાછા આવતા રહેતા, પરંતુ આ વખતે આટલી બધી ધામધૂમ કેમ ? શા માટે, કેટલા દિવસને માટે મહારાજ ભવાનીપુર જાય છે ? જો કે મોઢેથી કોઇને આ વાત કહી નહોતી. છતાં ક્રિયાકલાપ દ્વારા બધી વાત જાહેર થઇ ગઇ હતી.

ભવાનીપુર જતી વેળા છેલ્લે દિવસે મહારાજે દાનની પરાકાષ્ટા બતાવી દીધી. મહારાજ રામકૃષ્ણ તે દિવસે બીજા બલિરાજા કે દાતા કર્ણ રૂપે અવતર્યા હોય તેમ જણાયું. તે દિવસે શત્રુ મિત્રનો વિહાર ભૂલી જવાયો, જેને જેનું દુઃખ હોય તેને તેનું દુઃખ દૂર કરી દીધું.

ભૂતનાથનાં તરકટથી શંકર પકડાયો હતો. તેને પકડવા જતાં શંકરના અસ્ત્રઘાતથી ભૂતનાથ માર્યો ગયો હતો. મહારાજ રામકૃષ્ણે ભૂતનાથનાં સંતાનોને માટે અને રાખાલના વારસો માટે યોગ્ય દાન સંપતિ આપી. શંકર પકડાયો છે એ જાણી લૂટારૂ પંડિતાએ મહા-

રાજાનું શરણુ લીધું. રામકૃષ્ણે ઘણી ચેષ્ટા કરી પણ શંકરને છોડાવી શકયા નહિ. શંકરને જન્મ દેશનિકાલની સજા થતાં પંડિતા સ્ત્રી–પુત્ર સાથે રામકૃષ્ણને શરણે આવ્યો; છેવટે મહારાજના ઉપદેશથી પંડિત, દસ્યુવૃત્તિ તજી પરસેવાવ્રત ધારણ કરી કૃતકર્મનાં પ્રાયશ્ચિત દાખલ જીવન ગાળવા લાગ્યો. મહારાજનાં ભવાનીપુર ગમન સબબ પંડિતાનું કુટુંબ મહારાજનું નોકર બન્યું. પંડિતા મહારાજનો નોકર થઇ તેની સાથે ભવાનીપુર ગયો.

આટગ્રામમાં મહારાજ રામકૃષ્ણનાં માબાપ હતાં. તેઓ ઘણા દિવસ થયાં મરણ પામ્યાં હતાં. તેમના પિતા હરિદેવરાય સાથે હલધરમિત્રને ઘણા દિવસ સૂધી વિરોધ ચાલ્યો હતો. પરંતુ નાટોર રાજની સહાયતાથી એ બધી વિપત્ત ટળી ગઇ હતી. આટગ્રામમાં અત્યારે મહારાજ રામકૃષ્ણના ભાઇઓ રહેતા હતા. ભવાનીપુર જતાં પહેલાં એમનું કોઇપણ દુઃખ દૂર કરવાની ગફલત કરી નહિ.

આ વખતે અને મહારાજ રામકૃષ્ણુથી દાનશીલતાથી નાટોર રાજ્યની આવક અનેકાંશે કમી થઇ ગઈ હતી. મહારાણી ભવાનીએ જયારે રામકૃષ્ણના હાથમાં રાજ્ય સોંપ્યું, ત્યારે ગવર્મેન્ટને લગભગ પીસ્તાળીશ લાખ રૂપીઆ કર દેવો પડતો હતો. પરંતુ મહારાજે જયારે રાજ્ય તજ્યું, ત્યારે કરનો દર ઓછો થઇ બત્રીસ લાખ રહ્યો હતો. રામકૃષ્ણના અમલમાં ઘણી સમ્પત્તિ નિલામ થઇ ગઇ. ઘણા રૂપીઆ અમલદારો ખાઇ ગયા. ઘણી જમીન મહારાજે દાનમાં આપી દીધી. મહારાજની આ દાનશીલતાને પરિણામે નાટોરના સામાન્ય અમલદારો પણ–તહશીલદાર, ચોપદાર, જમાદાર અદ્યાપિ પર્યન્ત આજે પણ દાનમાં આપેલી જમીન ભોગવે છે. વળી નાટોર રાજ્યના ભાગમાંથી બીજા ઘણા જમીનદારો ઉત્પન્ન થયા. યશોહરમાંના નડાઇલના જમી-

નદાર વંશ નાટોર રાજ્યની જમીન લઇ તેજ આબરૂદાર થયા છે. હાલમાં બગુડા જિલ્લામાંના શેરપુરના જમીનદારો પણ રામકૃષ્ણની જમીનદારીનો સામાન્ય ભાગ મેળવી જમીનદાર થયા છે. મહારાજના હજુરિયા, અનુપનારાયણ અને કાલીશંકર પણ નવીન જમીનદાર થયા હતા. ત્યાર પછી પુખુરિયા પરગણું મેળવી મયમનસિંહના ચૌધુરીઓ પણ જમીનદાર થયા છે. ડિહિ અને આડપાડા પરગણું મેળવી ગોબરડાંગાના મુખોપ્યાય વંશની શ્રીવૃદ્ધિ થઇ છે. આ પ્રમાણે મહારાજ રામકૃષ્ણના સંસાર પરની અનાસક્તિને પરિણામે બંગાળામાં ઘણા જમીનદારો થયા.

મહારાજ રામકૃષ્ણ જવાના છે, એ સાંભળી સુંદરીએ પણ સાથે આવવા ધાર્યું; પરંતુ મહારાજે તેમ ન કરવાનું કહ્યું; સુંદરીને તેને સમજાવ્યું–હું તો તારી સાથેજ છું. જ્યારે જરૂર પડશે ત્યારે આવીશ. તું પણ ભવાનીપુર આવશે તો વિશ્વનાથ અને શિવનાથને કોણ સંભાળશે ? બંને કુમારો તો હજુ નાના છે. આવી અવસ્થામાં તેને એકલા રાખવામાં માલ નથી. રાજપુરીની ચારે બાજૂએ તરકટો થાય છે. તરકટીઓ તક જોઇ રહ્યાં છે, કોઇ વખતે શું થાય તે કોણ કહી શકે ? માટે તારે અહિંજ રહેવું. વખત આવશે એટલે હું તને લઇ જઇશ."

પતિની આજ્ઞાથી પુત્રના સ્નેહરૂપી શૃંખલાબદ્ધ થઇ સુંદરી ત્યાંજ રહી. તેણે વિચાર્યું કે "પતિની આજ્ઞા પાળવી એ મારો ધર્મ છે. વળી આ બે બાળકને સંભાળવાં એ પણ મારો ધર્મ છે. માટે મારે ભવાનીપુર જવાની જરૂર નથી." આથી હૃદયની અનિચ્છા છતાં સુંદરી નાટોર રહી.

———:૦:———

નવમ પરિચ્છેદ.

તેઓ કોણ ?

—*:*—

Thus to relieve the wretched was his pride,
And even his failing leaned to virtue's side.
—Goldsmith.

મહારાજ રામકૃષ્ણ ભવાનીપુર જવાના છે; સહધર્મિણી સુંદરીને પણ સાથે લઇ જતા નથી.

પરંતુ આ કોણ ? આ કોણ સાથે જવા ધારે છે ?

મહારાજ ભવાનીપુર જવાના હતા તે પહેલાં એક સ્ત્રી મહારાજને મળવા આવી. રાજમહેલની પાસેજ તે રહેતી હતી. રાજમહેલમાં તે આવજા કરી શકે તે માટે મહારાજે બધી વ્યવસ્થા કરી દીધી હતી. મહારાજ ભવાનીપુર જવાના છે, એ ખબર સાંભળી તે સ્ત્રી મહારાજ પાસે આવી પહોંચી.

તેણે કહ્યું—" મહારાજ ! આપ જાઓછો, ત્યારે અમે ક્યાં રહીએ ? અમને સાથે રાખો ! "

મહારાજ—કેમ ! મેં તો આપને માટે બધી સગવડ કરી દીધી છે. અહિં આપને કાંઇ કષ્ટ થાય છે, એવી મને ખબર મળશે કે તુરત હું બરાબર બંદોબસ્ત કરીશ. તો પછી કેમ સાથે આવવા ચાહો છો ? "

મહારાજની સાથે ભવાનીપુર નહિ જવાય એ વાત સાંભળી સ્ત્રીની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. તેણે ગળગળે કંઠે કહ્યું, "મહારાજ! પૂછોછો કે શા માટે સાથે આવવા ધારૂંછું? આપનું આ સ્નેહમય મુખ જોઇ, આપનો આ કરુણાપૂર્ણ સૂર સાંભળી અમે પિતા માતાનો શોક ભૂલી ગયાં છીએ. કેટલાય દિવસ થયાં અમે માબાપનો સાથ તજ્યો છે! આ જીવનમાં અમે કદી પણ તેને મળશું, એ આશા નથીજ. અત્યારે આપ અમારા માબાપરૂપે સામેજ હયાત છો. આપ પણ અમને તજી જશો!"

મહારાજ—કેમ મા! આટલી બધી ગભરાય છે? હું ક્યાં દૂર જાઉં છું? ભવાનીપુરતો આ રહ્યું.

સ્ત્રી—"ગમે તેટલું પાસે હોય, પણ મનને ખાત્રી થતી નથી. જ્યોતિષીએ કહ્યું કે તમારાં માતા પિતા જીવતાં છે, પાસેજ હયાત છે. પરંતુ મહારાજ! ક્યાં છે, તે ક્યાં છે? આટલી બધી ખોળ છતાં ભાઇએ તો તેનો પત્તો નથી મેળવ્યો! દૂર હોકે પાસે હો, હું કશું સમજતી નથી. અમે હવે સમજ્યાં છીએ કે આપજ અમારાં મા બાપ છો. આપ અહીં રહો કે બીજે જાઓ; અમે તમારાથી છૂટાં નહિ પડીએ."

મહારાજ—"મા! મેં ઘણીવાર સમજાવી તારા ભાઇને તો પાછો વાળ્યો; તો પછી તમે કેમ માનતાં નથી?"

સ્ત્રી—ભાઇ સમજ્યા હોય, તો ભલે તે રહે, પરંતુ હું તો તમારી સાથે આવીશજ.

મહારાજ—તમેજ ગભરાયાં છો તો પછી તેમને ક્યાંથી સમજાવો."

સ્ત્રી--કેવળ હુંજ ગભરાઈ નથી. ભાઇને ભાભી પણ ભવાની-

પુર જવાને વ્યસ્ત થઇ રહ્યાં છે. ભાઇ કહે છે કે થોડા દિવસ પણ ભવાનીપુર જવાની ઇચ્છા થાય છે. માટે અમને રજા આપો, અમે સાથે આવીએ.

મહારાજ—અહીં તમને સ્થાયી રાખવા માટે બંદોબસ્ત કર્યો છે. તમારે માટે બધું ખર્ચ પણ નક્કી કરી દીધું છે, તો પછી તમે આટલાં બધાં વ્યાકૂળ કેમ છો ? ”

સ્ત્રી—“ અમારે દોલતનું કામ નથી. આપ અમને ભવાનીપુર લઇ જાઓ. ભાઇ કહે છે કે જિંદગીના છેલ્લા દિવસો આપની કૃપાથી જો માનાં ચરણમાં ગાળી શકીએ તો અમારૂં સારૂં થશે. મારી વિ-નંતિ છે કે આપ ના ન પાડતા અમને સાથે લઇ જાઓ.”

મહારાજ રામકૃષ્ણે કેટલુંય સમજાવ્યું પણ શ્યામા નજ સમજી. પ્રથમ શિવનાથને આશ્રય આપી કેટલીક શોધ બાદ તેમને તારા અને શ્યામાની ભાળ લાગી હતી. તેઓના વસવાટ માટે મહેલની પાસેજ એક ઘર તૈયાર કરાવી દીધું છે. શંભુનાથ પણ આવી મળ્યો છે. કેવળ કૃષ્ણનાથ ને મહામાયાનો કંઈ પત્તો નથી. વારંવાર શોધ ખોળ કરતાં છતાં નિષ્ફળ થઇ એ વૃદ્ધને વૃદ્ધા મરણ પામ્યાં હશે એમ ધારી લેવું પડયું છે.

રૂપનગરના રાય-પરિવારનાં બાકી રહેલાં કેટલાંક પ્રાણી મહારાજ રામકૃષ્ણનો આશ્રય મેળવી જ્યારે આ રીતે જીવન ગાળતાં હતાં, ધીમે ધીમે અતીતની સ્મૃતિના ગર્ભમાં ડૂબી જતી હતી, તેજ વખતે મહારાજ રામકૃષ્ણના ભવાનીપુર જવાના ઉદ્યોગે એ પૂર્વ સ્મૃતિ તેમના મનમાં જાગૃત કરી મૂકી.

તેઓ કોઇ પણ રીતે મહારાજને તજી નાટોરમાં રહેવા ઇચ્છતા નહોતાં તેથી મહારાજે તેમને સાથે રાખવાનો નિશ્ચય કર્યો.

+ + +

રૂપનગરના રાય કુટુંબનાં ઘરનાં તારા અને શ્યામા કેવી રીતે મહારાજ રામકૃષ્ણના આશ્રય નીચે આવી રહ્યાં ? તેઓ કાલાદીધિમાં કુદી પડી મુસલમાન સૈનિકોના હાથમાંથી તો છૂટયાં હતાં, પરંતુ તેથી તેઓની બધી વિપત્તિઓ ટળી નહોતી. કાલાદીધિમાંથી બહાર નીકળી તેઓ લૂટારૂના હાથમાં જઇ પડી. તેઓને ઘેર પહોંચાડવાને નામે એકજણે તેના દાગીના લઇ લીધા, અને મધરાતે ઘોર વનમાં તેમને એકલી મૂકી એ નરાધમ ચાલ્યો ગયો. જોતજોતામાં રાત પૂરી થઇ. ત્યારે તેઓ લક્ષ્યહીન ભાવે પશ્ચિમ તરફ જવા લાગી. ચાલતાં ચાલતાં દિવસ પહોરેક ચઢયો, તે વખત તેઓ ભાગીરથી નદીના કિનારાપર જઇ પહોંચી. ત્યાંથી ગંગાને પેલે પાર એક સુંદર મકાન જણાતું હતું. એ મકાન મહારાણી ભવાનીનું બડનગરમાંનું મુખ્ય ધામ હતું. સામે મહારાણીનો મહેલ જોઇ તેઓને ઘણો આનંદ થયો. ઘાટપર સામે પાર જવા માટે નોકાઓ હતી–તે નોકાપર ચઢતાં પૈસા પણ આપવા પડતા નહિ. અનેક નરનારી એ નૌકાપર સ્વાર થઇ મહારાણી ભવાનીનાં અન્નસત્રમાં જતાં હતાં. એ જોઇ તારા અને શ્યામા પણ નૌકાપર ચઢી સામે પાર ગયાં. અન્નસત્રના અધિકારીએ તેને આશ્રય આપ્યો. તે વખતે મહારાણી ભવાની કેટલાક દિવસને માટે કાશી ગયાં હતાં, આથી તારાને શ્યામાની વિપત્તિની વાત તેના કાનપર ગઇ નહોતી. આ તરફ તેજ વખતે મહારાણીને આશ્રયે રહેલ કેટલીક સ્ત્રીઓને કાશીએ મોકલવાની વ્યવસ્થા થતી હતી. તે સાથે તારા ને શ્યામા પણ કાશી જવા રવાના થઇ. તેમ કરવામાં

તેના બે ઉદ્દેશ હતા. એક તો અન્નપૂર્ણા તથા વિશ્વેશ્વરનાં દર્શન કરવાં અને બીજું પોતાની બધી વાત મહારાણી ભવાનીને જણાવી એ વિપત્તિમાંથી છૂટવા મદદ માગવી. પરંતુ દુર્ભાગ્યે તેઓ જે દિવસે કાશી પહોંચ્યો, તેથી ત્રણ દિવસ પહેલાંજ મહારાણી જૂદાં જૂદાં તીર્થોમાં ફરવા માટે નીકળી પડયો હતો. મહારાણીનો મામાનો પુત્ર નીલમણિ ઠાકુર તે વખતે કાશીમાં મહારાણીના પ્રતિનિધિ રૂપે રહેતો હતો. તારા અને શ્યામાએ કાશીમાં આવી તેમની આગળ પોતાથી બધી કથની કહી. તેઓની વાત સાંભળી નીલમણિ ઠાકુરે રૂપનગરમાં ભાળ કઢાવી. પરંતુ તે વખતે વિપ્લવની વહ્ની ચારે તરફ ફાટી નીકળેલ હોવાથી ખબર આવતાં ઘણો સમય નીકળી ગયો. છેવટે જ્યારે નીલમણિ ઠાકુરને ખબર મળ્યા પણ ત્યારે તો રૂપનગરનું અસ્તિત્વ પણ નહોતું. માટે તારાને શ્યામાને ફરજિયાત કાશીવાસ કરવો પડયો.

થોડો વખત ગયો ત્યાર પછી શિવનાથની માગણીથી મહારાજ રામકૃષ્ણ મુર્શિદાબાદ જવા તૈયાર થયા, તે વખતે બડનગરના મહેલમાં આ બાબતની ચર્ચા થઇ. તે વખતે નીલમણિ ઠાકુર થોડા રોજને માટે બડનગર આવ્યા હતા. આ વાત તેમને કાને આવતાં, તેમણે વાત વાતમાં ચંદ્રનારાયણ ઠાકુરને આ વાત જણાવી. આ પરથી તારાને શ્યામા કાશીમાં હશે, એમ માની ચંદ્રનારાયણ ઠાકુરે નાટોર પત્ર લખ્યો. તે પત્રમાં "તપાસ કરીએ છીએ." એટલું જણાવ્યું હતું; પરંતુ તે પત્રથીજ મહારાજ રામકૃષ્ણ મુર્શિદાબાદ જવા બંધ પડયા હતા; અને ત્યાર પછી થોડાજ દિવસે કાશીમાંથી તારાને શ્યામાને નાટોર લાવવામાં આવી હતી. રાજધાનીમાં શિવનાથ સાથે

તેનો મેળાપ થયો. મહારાજ રામકૃષ્ણે નાટોરમાંજ તેમનું રહેઠાણુ નક્કી કરી દીધું. તેજ સમયે શંભુનાથ પણુ આવી પહોંચ્યો. મહારાજ રામકૃષ્ણુની દયાથી મુગ્ધ થઇ તારાને સ્યામા તેને પિતાની માફક ચાહવા લાગ્યાં. શિવનાથ પણ મહારાજને તજી એક ક્ષણુ પણુ રહી શકતો નહિ.

પારકાં છતાં તેઓ મહારાજ રામકૃષ્ણુને આત્મીય ગણુતાં હતાં. મહારાજે તેઓનો સંસાર વ્યવહાર સુખે ચાલ્યો જાય, તે માટે બંદોબસ્ત કરી આપ્યો હતો. છતાં તેઓ મહારાજની સાથે ભવાનીપુર જવા તૈયાર થયાં, તે કેવળ પ્રબળ પ્રેમને લીધેજ.

——(०)——

દશમ પરિચ્છેદ.

મિલન.

सुखस्यानन्तरे दुःखं दुःखस्यानन्तरं सुखम् ।
न नित्यं लभते दुःखं न नित्यं लभते सुखम् ॥

—महाभारतम् ।

ભવાનીપુરમાં ભવાનીના મંદિરમાં વાસંતીપુજાનો મહોત્સવ છે. પૂજાને સાત દિવસ બાકી હના ત્યારથી યાત્રાળુઓના ટોળાં શહેરમાં આવવા લાગ્યાં છે; પુજા વખતે એક મોટો મેળો ભરાતો હતો. હાલ નવમીને દિવસે તે મેળો પૂર્ણ થતો હતો એ દિવસે ભ-

વાનીપુરમાં લાખો માણસો ભેગાં થતાં. એ દિવસે ચારે તરફ દુકાનોના હઠ મચી રહેતી. નગરીનું સ્વરૂપ ફરી જતું.

એ વખતે નૃત્ય-ગીત-વાદ્ય વગેરેથી આખી પુરી શબ્દાયમાન થઈ રહેતી. ક્યાંક રામલીલા થતી, ક્યાંક ભજનમંડળીઓ જમતી તો ક્યાંક નટ નાચતા. આ રીતે આખી પુરી રંગરાગમાં ડૂબી જતી. વાસંતી પૂજાના ત્રણ દિવસોમાં ત્રણ પાડાનું બલિદાન અપાતું. તે સિવાય બકરાંને ઘેટાંનો તો પારજ રહેતો નહિ.

મહારાજ રામકૃષ્ણે હોમને માટે એક યજ્ઞકુંડ તૈયાર કરાવી દીધો છે. વાસંતી પુજાના દિવસોમાં દરરોજ બે હજાર બિલીપત્રાનો હોમ થતો. ભોજનની વ્યવસ્થા પણ અવનવી હતી. સવારમાં બાલ્યભોગ, બપોરે મિઠાઇ અને રાત્રે જૂદી જૂદી જાતનાં શાકો સાથે ભોજન કાર્ય સમાપ્ત થતું. યાત્રાળુઓને જ્યારે જોઇએ ત્યારે અનાયાસે માતાજીનો પ્રસાદ મળતો.

આ વાસન્તી ઉત્સવ સબબ, રામનવમીના મેળા સબબ, મહારાજ રામકૃષ્ણે રાજધાનીમાંથી ચિરકાળને માટે વિદાય લીધી. ઘણા નોકર ચાકરો તેની સાથે ગયા. ભવાનીપુરમાં એ બધું મંડળ અગાઉથીજ આવી ગયું હતું. કુટુંબમાંનાં થોડાં ઘણાં માણસો પણ મેળો જોવાને બહાને સાથે આવ્યાં હતાં. તારા, શ્યામા, શિવનાથને શંભુનાથ પણ મહારાજની સાથે ભવાનીના ધામમાં આવ્યા હતા.

મહારાજ જે દિવસ ભવાનીપુર આવ્યા, તે દિવસે ભવાનીપુરમાં લોકોનો મેળો ભરાયો હતો. એક તો મેળો, અને તેમાંપણ મહારાજ રામકૃષ્ણ પુરીમાં પધારતા હોવાથી તેમને જોવા માટે લોકો

ટોળાબંધ એકઠાં મળ્યાં હતાં. મહારાજની પાસે ભિક્ષા માગવાના ઉદ્દેશથી પણ ભવાની મંદિરમાં ભિખારીઓની ભીડ થઇ હતી.

બીજે દિવસે પૂજા થવાની હતી બધાં પ્રાતઃસ્નાન કર્યાબાદ ભવાની મંદિરમાં દર્શન કરવા જવા લાગ્યાં. તારા, શ્યામા વગેરે પણ મંદિરમાં પૂજાની ધટા જોવા ગયાં.

દર્શન કરતાં કરતાં, મંદિરની પ્રદક્ષિણા કરતાં કરતાં, મંદિરની પૂર્વ બાજૂએ આવેલાં બીલીનાં ઝાડ નીચે તેની નજર પડી. એ બીલીનાં ઝાડ નીચે જગન્માતાનો દેહ દટાયો હતો. તેથી તે ઝાડ અતિ પવિત્ર મનાતું હતું. એ ઝાડનું મૂળ મહારાણી ભવાનીએ ઇંટો વડે બંધાવી દીધું હતું. વૃક્ષ ચારે તરફ ફેલાઇ રહ્યું હતું. ઘણા સાધુ સંન્યાસીઓએ વૃક્ષ નીચે સર્વદા વાસ કરતા હતા.

એ ઝાડ નીચે દૃષ્ટિ પડતાંજ શ્યામા બૂમ પાડી ઉઠી. શ્યામાની બુમ સાંભળી શિવનાથને તારા બિલીનાં ઝાડ નીચે જોવા લાગ્યાં.

ત્યાં શું દેખાયું? તેમણે જોયું કે શ્યામાસુંદરી ધાંટા પાડતી પાડતી એક વ્યક્તિના ચરણમાં પડી. તે વ્યક્તિ બીજું કોઇ નહિ પણ તેના પિતાજ હતા. તરતજ શિવનાથને તારા પણ શ્યામાની પાછળ દોડયાં. પરંતુ પિતાના ચરણમાં પડતાં પહેલાં તેની નજરે પિતાની પડખે બેઠેલ જનની તરફ પડી. માતાપિતા બંને સંન્યાસવ્રત ધારી હતાં, વૃદ્ધને વૃદ્ધા બંને યોગિ–યોગિનીરૂપે ત્યાંજ રહેતાં હતાં.

શિવનાથને શ્યામા જ્યારે પિતા માતાના પગમાં પડયાં, ત્યારે ઘણીવાર સુધી કોઇના મોંમાંથી શબ્દ સરખો ન નીકળ્યો. અનેક દિ-

વર્ષો વીત્યા બાદ આ મિલન થવાથી બધાં આનંદનાં આંસુ પાડવા લાગ્યાં. આ આનંદ શું ભાષાવડે વ્યક્ત કરી શકાય ખરો ?

યોગ્ય સમયે આ સમાચાર મહારાજ રામકૃષ્ણ પાસે પહોંચ્યા. સમાચાર જતાંજ મહારાજ તે વૃક્ષ નીચે આવ્યા. તેમણે વૃક્ષ નીચે આવી પિતા-માતાનું પુત્રપુત્રી સાથેનું અદ્‌ભુત દૃશ્ય જોયું.

બધાં નવાઇ પામ્યાં. સંસાર ત્યાગી સંન્યાસીને સંન્યાસી આટલા દિવસ બાદ સંસારની માયામાં બંધાયાં, આ દૃશ્ય જોઇ બધાંને નવાઈ લાગી. મહારાજ રામકૃષ્ણે આવતાં વેંત સંન્યાસીને ઓળખ્યો.

તે એજ બ્રહ્મચારી હતો કે જેણે મહારાજ રામકૃષ્ણને પૂછ્યું હતું કે "મહારાજ! આપ આપના રાજ્યમાંથી પાપને દૂર કરી શક્યા છો ?"

મહારાજ રામકૃષ્ણે પૂછ્યું—"ઠાકુર! આપજ શું મારા રાજ્યમાં પાપ છે કે નહિ તે જાણવા આવ્યા હતા ?"

સંન્યાસીએ જવાબ દીધો—હા, હું તેજ બ્રહ્મચારી છું. આપની આજ્ઞા મુજબ હું આ વૃક્ષ નીચે આવી વસ્યો છું."

મહારાજ નવાઈ પામ્યા. તેણે તો તેને ભવાનીપુરમાં વસવાનું કહ્યું નહોતું.

મહારાજને નવાઇ પામેલાં જોઈ સંન્યાસીએ કહ્યું—"મહારાજ! શામાટે નવાઇ પામો છો ? તે સમયે રૂદ્રનારાયણ ઠાકુરે મને શું કહ્યું હતું તે યાદ છે ? તેણે કહ્યું હતું કે "બ્રહ્મચારી! નિષ્પાપ સ્થાન શોધો છો ? જો તેવું સ્થાન મેળવવું હોય તો બિલીનાં ઝાડ નીચે જઇ રહો. મહારાજ! તેમના કહેવા મુજબ હું અહીં બિલ્વ

વૃક્ષ નીચે રહું છું. આના જેવું પવિત્ર સ્થાન દુનિયામાં બીજું કયું છે ? મહારાજ ! સ્થાન માહાત્મ્યનો પ્રત્યક્ષ પુરાવો જૂઓ. મેં મારૂં બધું પાછું મેળવ્યું છે. જૂઓ મારી પાસે મારી સહધર્મિણી છે, મારા ખોળામાં પુત્રીને પુત્રવધૂ છે જેને માટે મેં બધું તજ્યું હતુ તે મહારાજ! સ્થાન માહત્મ્યને લીધે અનાયાસે પ્રાપ્ત થયું છે.

ત્યારબાદ એકબીજાના સુખ દુઃખની વાતો થઇ. જેમ જેમ દુઃખની વાતો થતી ગઈ, તેમ તેમ ભગવાનની દયા સંભાળી ભગવદ્ ભક્તિથી બધાનાં હૃદય પીગળી ગયાં. તેઓની કસોટીની વાતો સાંભળી મહારાજ રામકૃષ્ણ પણ ભગવદ્ ભક્તિમાં લીન થઇ ગયા. મહારાજ રામકૃષ્ણ બોલી ઉઠયા, "મા મંગલમયિ ! મા ! વિશ્વાસ રાખવાની શક્તિ આપ ! અધમ સંતાન તરફ઼જે !"

ત્યારબાદ મહારાજ રામકૃષ્ણે તેઓને નાટોર જવાનું કહ્યું. પરંતુ કોઇએ પાછું જવાનું ન સ્વીકાર્યું. સંન્યાસી વેશ ધારી કૃષ્ણનાથે કહ્યું—"મહારાજ અનેક યંત્રણા સહન કર્યા બાદ હું આ પાપ શૂન્ય સ્થાને આવ્યો છું. હવે શામાટે તે તજવાનું કહો છો ? જીવનના છેલ્લા દિવસો તો આ તીર્થ સ્થાનમાંજ ગુજારવા દો એવી મારી પ્રાર્થના છે.

ત્યારથી રાય પરિવારનાં બધાં માણસોએ મહારાજ રામકૃષ્ણ સાથે તાંત્રિક મત ગ્રહણ કર્યો ત્યારથી ભવાની મંદિરની પાસેજ તેમને રહેવાની વ્યવસ્થા થઇ. ત્યારથી બ્રહ્મચારી મહારાજની ભક્તિનો સાથી બન્યો.

એકાદશ પરિચ્છેદ.

સાધના.

Who never ate with tears his bread,
And through the long-drawn midnight hours
Sat wepping on on his lonely bed.
He knows you not, ye heavenly Powers!
—Robert Burns.

" મા !–મા !–મા ! "

રામકૃષ્ણ ચારે તરફ માનેજ જૂએ છે. પ્રત્યેક પાંદડાંના ફરરરાટમાં પ્રત્યેક વાયુની લહરિમાં, પ્રત્યેક પાંદડાંના પડવામાં સર્વત્ર મા શબ્દનો ધ્વનિ થાય છે. પૃથ્વીપર, આકાશમાં, વાયુમાં, પાણીમાં, અંતરમાંને બહાર સર્વત્ર મા જૂએ છે.

દિગન્તવ્યાપિ સુષમાની છટા વ્યાપી રહી છે. દરેક વૃક્ષનાં શિખરપર, દરેક નવમુંજરિત નવીન પત્રદલમાં, દરેક સરોવરનાં કૃષ્ણ કાદમ્બિની તુલ્ય સ્વચ્છ પાણીમાં,–સદા માનું અનુપમ લાવણ્ય ઉછળી રહ્યું છે. પેલા બાલસૂર્યથી પ્રકાશિત મેઘ મંડળમાં દિવ્ય અલંકારોથી ભૂષિત માતૃમૂર્તિ પ્રત્યક્ષ થઈ રહી છે; પેલી કેતકી, કુમુદાદિને વિષે સ્નેહમયી જનનીની કોમળકાન્તિ પ્રસરી રહી છે; પેલી નિર્ઝરિણીની નવીન ધારા પેલી નવવિકાસિત નલિની, પેલો શારદ શશાંક, શું જનનીના સ્નેહાદિ ગુણોથી ભૂષિત નથી ?

મહારાજ રામકૃષ્ણ માતાના મંત્રમાં તન્મય બની માતૃમૂર્તિનું

નિરીક્ષણ કરે છે, અને મનમાં બોલે છે કે "અહા! મા કેવી અનુપમ સૌન્દર્યશાલિની છે! અહા, મા કેવી જગન્મોહિની છે! અહા! મારી મા કેવી સર્વનું કલ્યાણ કરનારી છે! અહા, મારી મા કેવી વિશ્વબ્રહ્માંડમાં વ્યાપી રહેનારી છે!"

લાલ જબાનાં ફુલને વિષે, રાતાં કમળને વિષે માના રંગિત ચરણો પ્રકટ થાય છે. શારદીય ચંદ્રનાં અજવાળાંમાં માનું મધુર હાસ્ય વિલસી રહ્યું છે; સૂર્ય-ચંદ્ર-નક્ષત્રનાં તેજમાં માના નયનનો સ્નેહ, માધુર્ય અને દીપ્તિ પ્રકટ થાય છે; ઉત્તર પશ્ચિમાદિ દશ દિશામાંના જનમ-મરણ-પાલન-શત્રુક્ષય-જયપ્રદ દશ બાહુ છે. અને પેલાં આકાશમાંના નક્ષત્રમાળા તે માના મણિમુક્ત ખચિત વાસનાચલ સિવાય બીજું શું હોઈ શકે? વિશ્વરૂપિણી બ્રહ્માંડવ્યાત્યનીમા બ્રહ્માંડનાં કેન્દ્રે કેન્દ્રમાં રહેલી છે, વિશ્વ અણુ-પરમાણુમાં વ્યાપેલી છે."

રામકૃષ્ણ કાંતકંઠે બોલવા લાગ્યા—

"एहंवेहि भगवत्यम्बे शत्रुक्षय-जयप्रद ।
आगच्छ मद्हृदे देवि सर्वकल्याण हेतवे ॥"

ઉપલો શ્લોક બોલતાં બોલતાં ધુંટણભેર થઇ હાથ જોડી ભક્તિ પૂર્વક પ્રાર્થના કરવા લાગ્યાઃ—

"ॐ हरपापं हरक्लेशं हरशोकं हरशुभां ।
हरदुःखं हरक्षोभं हरदेवि हरप्रिये ॥"

વળી બબડે છે, મા! એક વખત તમારી મૂર્તિ બતાવો, એ વરાભય પ્રદાયિની, મહિષાસુરમર્દિની, દૈત્ય-માનવદર્પહારિણી શત્રુભય-

ક્ષયકારિણી, સર્વકલ્યાણ-વિધાયિની મૂર્તિ બતાવો ! એ શંખ-ચક્ર-ત્રિશૂલાદિ વિવિધ આયુધ સુશોભિત મૃણાલ સદૃશ દશ બાહુ સમન્વિત મૂર્તિ બતાવો! એ ત્રણ આંખોવાળું, પૂર્ણેન્દુ જેવું, પ્રસન્ન મુખડું અને સર્વ આભરણોથી શોભતું શરીર બતાવો! મા, તમારી ડાબી તરફ સૌભાગ્યરૂપિણી કમલદલ વિહારિણી લક્ષ્મી, જમણીતરફ વિદ્યા આપનારી; શ્વેતરંગવાળી, કમળવાસિની સરસ્વતી બેઠી હોય, તે સાથે સર્વ વિઘ્નો નાશ કરનાર ગણપતિ અને મયૂર પર આરોહણ કરી બળવીર્યના અવતાર સ્વરૂપ દેવ સેનાપતિ તારકારિ કુમાર કાર્તિકેય બેઠા હોય એવી સર્વ કામફળ આપનારી સુંદરમૂર્તિ એક વખત બતાવો મા!"

સાધકના હૃદયમાં માનો આવિર્ભાવ એ કેવો આનંદપ્રદ બનાવ! ભક્ત જ્યારે રાતાં કમળની રાતી પાંખડીઓપર માનું ચરણ મૂકાએલું જૂએ; ઉષા ના રાગથી રંજિત બાલ સૂર્યનાં અવલોકનમાં જનનીના લલાટપરનું સિંદુરબિંદુ પ્રત્યક્ષ કરે; વિણાને ભૂલાવી દે તેવા પંખીઓના સૂરમાં માનો મોહન ધ્વનિ સાંભળે; વાદળાંની ઘટા જામેલી જોઈ જનનીના છૂટા વીખરાયેલા વાળો યાદ લાવે; ત્યારે પછી આનંદની અવધિ રહે કે? ભક્ત, પ્રકૃતિના શ્રેષ્ઠ ગુણોથી વિભૂષિત કરી પોતાના માનસ પટપર માતૃમૂર્તિ આલેખે છે. ભક્તના હૃદયમાં, ભક્તના પ્રાણમાં, વિશ્વરૂપિણી વિશ્વરૂપના આકારમાં મા પ્રકટ થાય છે. રામકૃષ્ણ અત્યારે વિશ્વમય માતૃરૂપ જોઈ રહ્યા છે.

માનું અલૌકિક રૂપ જૂએ છે, આંખોમાંથી આંસુની ધારા વક્ષઃસ્થળ પલાળી ચાલી જાય છે; અને મોઢેથી નીચેના સ્તોત્રની અવાજ નીકળ્યા કરે છે,—

न तातो न माता न बन्धु र्न दाता
न पुत्रो न पुत्री न भृत्यो भर्त्ता ।
न जाया न विद्या निवृत्तिर्ममैव
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानी ॥

भवाब्धिपारे महादुःखभिरौ
पपात प्रकामी प्रलोभी प्रमत्तः ।
मंसार–पाश–प्रबन्धः सदाहं
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानी ॥

न जानामि दानं न च ध्यानयोगम्
न जानामि तन्त्रं न च स्तोत्रमन्त्रम् ।
न जानामि पूजां न च न्यासयोगम्
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानी ॥

न जानामि पूण्यं न जानामितीर्थम्
न जानामि मुक्ति लयं वा कदाचित् ।
न जानामि भक्तिं व्रतं वापि मातर्गतिस्त्वं
गतिस्त्वं त्वमेका भवानी ॥

कुकर्मी कुसंगी कुबुद्धिः कुदासः
कुलाचारहीनः कदाचार लीनः

कुदृष्टिः कुवाक्यप्रबद्धः सदाहम्
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानी ॥
प्रजेशं रमेशं महेशं सुरेशं
दीनेशं निशीथेश्वरं वा कदाचित् ।
न जानामि चान्यत् सदाहं शरण्यं
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानी ॥
विवादे विषादे प्रमादे प्रवासे
जले चानले पर्वते शत्रुमध्ये ।
अरण्ये शरण्ये सदा मां प्रवाहि
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानी ॥
अनाथो दरिद्रो जरारोगयुक्तो
महाक्षीणदीनः सदा जाड्य वक्तृः ।
विपत्तौ प्रविष्टः प्रनष्टः सदाहम्
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानी ॥ "

ભવાનીપુરમાં, ભવાની મંદિરમાં, મા ભવાનીની સામે બેસી ગંભીર રાત્રે મહારાજ રામકૃષ્ણ એક ચિત્તે બોલતા હતા મા! હું ધર્મ જાણતો નથી, કર્મ જાણતો નથી, દાન જાણતો નથી, સ્તવ સ્તુતિ જાણતો નથી, વ્રત જાણતો નથી; ફક્ત એટલુંજ જાણુંછું કે કેવળ તુંજ મારી મુક્તિ છે. હું અનાથ છું, નિર્ધન છું, વૃદ્ધ છું; હું કાતર કંઠે તમને બોલાવું છું. તું મારો ઉપાય કર. "

ઉપલા શબ્દો બોલતાં બોલતા તેણે જોયું કેઃ—

વર્ષાઋતુનો વરસાદ બંધ પડયો છે. અંધકારથી છવાએલી, વિદ્યુતથી ત્રાસ પામેલી ધરણીનાં વિષાદિત વદનપર હાસ્ય જણાવા લાગ્યું છે. શારદ ચંદ્રમાંથી પ્રફુલ ધરણીની મૂર્તિ ધીરેધીરે દેખાવા લાગી છે. ધરણી નવીન, મોહક વેશમાં સજ્જ થઇ છે. શેફાલિકાની સુંદર પાંખડીઓ વિકસી છે, સરોવરમાંનાં ચંદ્રકમળો વિકસી રહ્યાં છે બિંદુ બિંદુ ઝાકળના પડવાથી ધરણી મુક્તાહારથી શોભિત થઇ રહી છે. સુંદર હરિયાળાં ખેતરોમાં ઉભેલા છોડના અગ્રભાગ વાયુથી ફરફરી રહેલ છે.

દિગ્મંડલ આનંદમાં મસ્ત છે. વૃક્ષની શાખાઓપર પંખીઓનો કલરવ સંભળાય છે. ફૂલોપર પતંગદળ ઉડી રહ્યાં છે. શસ્યશ્યામલા ધરણીનું મનમોહનરૂપ જોઇ ખેડુતો ગાયન ગાઇ રહ્યા છે. મહારાજે જોયું કે સર્વતંત્ર આનંદનો ઉત્સવ મચી રહ્યો છે. પ્રકૃતિરાણી આનંદના આવરણથી ધરણીપરના વિષાદને ઢાંકી દેતી હોય એવું જણાય છે. નિર્મળ આકાશ, નિર્મળ સરોવર, નવીન વેલો, નવીન મંજરી, કનક કમલ, કનકકુસુમ, પ્રફુલ્લ થઇ રહ્યાં છે. માનવના પ્રફુલ્લસ્વર, જીવ જંતુનો આનંદકલરવ, વિહગનોકલકંઠ, લલિતપંચમ સૂરે ઝણઝણે છે.

અકસ્માત્ દિવ્ય જ્યોતિઃના પ્રભાવથી મંદિર પ્રકાશિત થઇ રહ્યું. મહારાજે જોયું કેઃ–દિવ્ય અલંકાર ભૂષિત વિવિધ આયુધ પરિવૃતા, વરાભય પ્રદાયિની, આનંદરૂપિણી મા સામે આવી ઉભી છે. મા જાણે કહે છે કે–" વત્સ રામકૃષ્ણ ! તારી આરાધનાથી હું પ્રસન્ન થઇ છું. પરંતુ સિદ્ધિ મળવામાં હજુ ઘણા અંતરાય છે. આ સંસારમાં હું માતૃરૂપે બિરાજમાન છું. અલ્પબુદ્ધિવાળાં માનવો મને જાણી શકતાં નથી; તેથી હું ઘેર ઘેર જનનીરૂપે મૂર્તિમાન થઇ રહી છું.

માની પૂજા કરતાં કરતાં માણસો મારી પૂજાનાં અધિકારી થાય છે. જે માણુસ પોતાની મા તરફ ભક્તિ રાખતો નથી, તે કદી પણ મારી કૃપાને પાત્ર થતો નથી. તું ભકત છતાં એ તત્ત્વ સમજી શક્યો નથી, એ મને નવાઇ જેવું લાગે છે. તું મારો પરમભક્ત છે, તેથી હું તને એ ઉપદેશ આપું છું. જો મારી કૃપા મેળવવા ઇચ્છતો હોય, તો પહેલાં તારી માની પ્રીતિ મેળવ. જેના પ્રતિ જનની ક્રોધિત હોય છે, તે કદી પણ મને મેળવી શકતો નથી. હુંજ મા રૂપે ઘેર ઘેર અધિષ્ઠિત છું! તું માને ભૂલી મને બોલાવે છે? મરુભૂમિના વારિબિન્દુરૂપ તું છે! જો મહાસાગરને મળવા ઇચ્છતો હોય તો તારી સામેજ ખરસ્રોતા તટિની વહે જાય છે; તેમાં લીન થઇ જા;– તેજ તને મહાસમુદ્ર તરફ લઇ જશે!"

રામકૃષ્ણ કાતરકંઠે બોલી ઉઠયા—"મા! આપ શું કહો છો તે હું સમજી શકતો નથી!"

માતાજીનો સિતારના ઝણઝણાટ જેવો સ્વર વળી ઝણુઝણુવા લાગ્યો,—"મૂર્ખ સંતાન! હું અને તારી મા ભવાની એકજ છીએ મા ભવનીને અસંતુષ્ટ રાખી મને પ્રસન્ન કરવા ઇચ્છે છે? તું મૂર્ખ છે! તેથીજ તું એક અંગપર આઘાત કરી બીજાં અંગની સેવા કરવા તત્પર થયો છે! તું મૂર્ખ છે, તેથીજ મૂળ કાપી અગ્રભાગને પાણી પાવા તૈયાર થયો છે! જા–આ રાતમાંજ, અત્યારેજ આ સ્થાન તજી મહારાણી ભવાનીને શરણે જા! તે જ્યાં સુધી તારા પ્રતિ અસંતુષ્ટ રહેશે; ત્યાં સુધી તું ગમે તેવું કઠોર તપ કરે તોપણ નિષ્ફળ જશે. જે દિવસે તારી જનની તારાપર સંતુષ્ટ થશે, તે દિવસે નક્કી જાણજે કે તું મારી કૃપા મેળવી શકશે. તે દિવસથી તને સિદ્ધિ મળશે."

રામકૃષ્ણ વધુવાર જોઇ શકયા નહિ. દેવી ક્ષણવારમાં અદૃશ્ય

થઈ ગયાં. રામકૃષ્ણે બૂમ પાડી, "મા–મા, મા ક્યાં !" નીરવ રાત્રિમાં મંદિરમાં પડઘો પડ્યો,—"મા–મા ! તમે ક્યાં છો !" રાત્રિ સમયના પવનમાં પડઘો પડ્યો,–મા–મા ! તમે ક્યાં છો !" પાંદડાનો અવાજ થવા લાગ્યો–"મા–મા ! તમે ક્યાં છો !"

સામે દેવી ભવાનીની જે મૂર્તિ હતી, તે મૂર્તિ પણ મહારાજના જોવામાં ન આવી. તેને એમ લાગ્યું કે જાણે બધું બડનગરમાંનાં મહારાણી ભવાની સાથે મળી ગયું હોય નહિ

રામકૃષ્ણે વિચાર કર્યો, થોડીવાર બાદ વળી બૂમ પાડી "મા મા–એક વખત આવ મા !—મારાં હૃદયરૂપી સ્મશાનમાં એક વખત આવ મા ! મા–મા તારાં અભાગી સંતાનને એક વખત ચરણમાં શરણ આપ !"

દ્વાદશ પરિચ્છેદ.

છેવટ

"परित्यजति यो दुःखं सुखञ्चा प्युभयं नरः ।
ब्रह्म प्राप्नोति मोहत्यन्तमसंगेन च गच्छति ॥
—व्यास वाक्यम् ।

બીજે દિવસે સવારમાં મંદિરના પૂજારીઓનાં વિસ્મયનો પાર રહ્યો નહિ. ભવાનીપુરના રહેવાશીઓ પણ બીકના માર્યાં કંપવા લાગ્યા.

તે દિવસે સવારમાં ભવાનીમંદિરમાં કોઇપણ મહારાજને જોઈ શકયું નહિ. બારણાપર પહેરગીરનો બંદોબસ્ત હતો; ચારે તરફ પહેરા હતા; આવી સ્થિતમાં મહારાજ રામકૃષ્ણ ક્યાં ગયા ?

ભક્ત ભોળાનાથ મહારાજની સાથેજ રહેતા હતા. કૌતુહલ વશ થઇ જન–સાધારણ ભોળાનાથ પાસે ગયાં. પણ ભોળાનાથ પણ મહારાજ વિષે કંઇ કહી શકયા નહિ. ભોળાનાથે ફક્ત એટલુંજ કહ્યું કે "મહારાજ મંદિરનાં બારણાં વાસી ઉપાસના કરવામાં મગ્ન હતા, હું પણ ઉપાસના કરતો હતો. સવારમાં ધ્યાન ભંગ થયું, તો મેં જોયું કે મહારાજ નથી ! "

બ્રહ્મચારી હમેશાં મહારાજની સાથે રહેતો હતો. તે બોલ્યો, "રાતમાં મંદિરમાં જાણે પ્રબળ વાવાઝોડું થયું હોય, તેવું જણાતું હતું તે વાવાઝોડાં સાથે મને લાગ્યું કે આ ભવાની પોતે મહારાજને ખોળામાં લઇ આકાશમાં ઉડી જાય છે. હું બેબાકળો થઈ આકાશ સામું જોઇ રહ્યો, આકાશમાંથી પાછા આવવા માટે મેં મહારાજને ઘણા વીનવ્યા, પરંતુ મહારાજે તે ન સાંભળ્યું. માના ખોળાપર બેસી મહારાજ હસતા હસતા કહી ગયા છે કે " હવે પાછો ફરીશ નહિ મા ની સાથે જાઉં છું; હવે કદી પાછો ફરીશ નહિ. " ત્યાર પછી મંદિરમાં આવી જોયું તો મહારાજ મંદિરમાં નથી."

વાત ફેલાઈ ગઈ વાત વધી પડી, વખત સાથે વાત પણ ચારે તરફ ફેલાઇ, સાથે અનેક પ્રકારના ગપાટા ઉડવા લાગ્યા; નાના પ્રકારની વાતો સંભળાવા લાગી કોઇએ કહ્યું " એક વૈતાલ આવી મહારાજને લઇ ગયો." કોઇએ કહ્યું "મહારાજ સદેહે સ્વર્ગ ગયા. " કોઇએ કહ્યું "મા ભવાનીએ મંદિરમાંથી મહારાજને ફેંકી દીધા છે." કોઇ તો શોકથી હાહાકાર કરવા લાગ્યાં.

આ તરફ સવારમાં પાકુડિયાના સેતુ પાસે ઠાકુર મહાશયોએ જોયું કે મહારાજ મૂર્છિત અવસ્થામાં ધૂળપર પડયા છે કેવી અવસ્થામાં કઇ રીતે મહારાજ પાકુડિઆના પુલ પાસે આવ્યા, તે જાણવાને માટે લોકો તલસી રહ્યાં. ઠાકુર મહાશયોના પ્રયત્નથી મહારાજની મૂર્છા વળી એટલે મહારાજે કહ્યું—' આપ મને જરા પણ વાર લગાડયા વિના મા ભવાની પાસે લઇ જાવ."

મહારાજને બડનગર લઇ જવાની તૈયારી થઇ પરંતુ તે રાતે થોડીજવારમાં ભવાનીપુરથી પાકુડિયા સુધીનો લાંબો રસ્તો મહારાજે કેવી રીતે વટાવ્યો, તે કોઇ નક્કી કરી શકયું નહિ. મહારાજે પણ એ વાત જાહેર કરી નહિ. વાત જાહેર થઇ કે " મા ભવાનીએ મહારાજને ઉપાડી ભવાનીપુરની દક્ષિણે ફેંકી દીધા હતા; તેથીજ તે પાકુડિઆના પુલ આગળ આવી પડયા હતા."

× × × ×

બડનગરમાં મહારાણી ભવાનીની પાસે આવી મહારાજ તેના ચરણમાં પડયા. આંસુથી છાતી પલળી જવા લાગી. રડતા રડતા બોલ્યા, " મા ! અકૃતિ અધમ સંતાન હું છું. મને ચરણમાં સ્થાન આપ. હું અજ્ઞાની હોવાથી આપને ન ઓળખતા, આપના હુકમનો અનાદર કરી, મહામાયાને શરણે ગયો હતો. પરંતુ આપજ તે મહામાયાના રૂપે બિરાજો છો તે હું આજસુધી સમજી ન શકયો. મા ભવાનીએ મારી આંખ ઉઘાડી નાખી છે. હવે હું સમજ્યો છું કે મા રૂપે મા ભવાની ઘેર ઘેર બિરાજમાન છે જેને મા છે, તે તો પોતાની માની પૂજા કરી મહામાયાની કૃપા મેળવી શકે છે મૃગ ઉદ્‌ભ્રાન્ત થઇ ભટકે છે. તે અજ્ઞાનને લીધે સમજી શકતું નથી કે કસ્તુરી તો તેની નાભિમાંજ છે. મનુષ્ય પણ તે પ્રમાણે દિશા ભૂલી ભટકે છે. તે સમજતાં

નથી કે સુખશાન્તિ તો તેના આત્મામાંજ છે! આટલે દિવસે હું એ તત્વ જાણી શક્યો છું. મા! મને આપ શરણુ આપશો તોજ મારૂં જીવન સફળ થશે.

મહારાણી ભવાનીએ નક્કી કર્યું હતુ કે રામકૃષ્ણ મારૂં ન માનતાં રાજકાર્ય ન સંભારતાં સંન્યાસીની માફક ભટકે છે તો પછી મારે તેનું મ્હોંજ ન જોવું. પરંતુ મહારાજ રામકૃષ્ણ આત્મગ્લાનિથી અભિભૂત થઈ રડતા રડતા તેના ચરણમાં પડયા, ત્યારે અભિમાનનું બંધન તૂટી ગયું, સ્નેહ પારાવાર ઉછળ્યો. મહારાણી ભવાનીએ રામકૃષ્ણનું માથું ખોળામાં લીધું. સાન્ત્વના આપતાં બોલ્યાં. " બેટા! મારો બધો ગુસ્સો ઉતરી ગયો છે. તારા જેવા ભક્તને પુત્રરૂપે મેળવી હું કૃતાર્થ થઇ છું. તું નાટોર રાજવંશનું ગૌરવ છે. હું આશીર્વાદ આપું છું કે તારૂં નામ સ્મરીને ભારતનાં નરનારી પ્રસન્ન થશે. "

ત્રણ રાત ગંગા કિનારે વાસ કર્યાબાદ ગંગાજળમાં માના પગમાં માથું રાખી મહારાજ રામકૃષ્ણ દિવ્ય ધામમાં ચાલ્યા ગયા.

છેવટની વેળાંએ આત્મીય સ્વજનથી વીંટળાઇ મહારાજ જ્યારે ગંગા કિનારે અંતિમ શય્યાપર સુતા હતા, ત્યારે મહામાયાની મૂર્તિનું ધ્યાન ધરતાં ધરતા કાલીનું નામ લેવા લાગ્યા, અને ભજન ગાવા લાગ્યા. ભજન ગાતાં ગાતાં તેમના મનમાં અપૂર્વ ભાવ પ્રકટી નીકળ્યો. એક ગૂઢ તત્વ કથા તેના સ્મૃતિપટપર જાગૃત થયું. તેને સમજાયું કે " ઇષ્ટપ્રતિ મારી દૃષ્ટિ ન વળી તેથીજ મને શંકા થઇ કે " કોણ જાણે અદૃષ્ટમાં શું લખ્યું છે. " તેને મા ભવાની પાસે જે ઇષ્ટમંત્ર લીધો હતો તે યાદ આવ્યો તેને સાંભળ્યું કે દત્તકપુત્ર હોવાથી મા ભવાની પ્રતિ તેને ભક્તિ ન થાય, તે માટેજ મહારાણીના ગુરુદેવ રઘુનાથ તર્ક વાગીશે તેની માતા પાસેજ ઇષ્ટમંત્ર લેવડાવ્યો હતો. "

જેમ જેમ યાદ આવતું ગયું તેમ તેમ સમજાતું ગયું કે—"મા ભવાની મૂર્તિમતી જગત્તારિણી છે!" તેઓ માના ચરણમાં પડી તેના સામું જોવા લાગ્યા-તેને જણાયું કે સાક્ષાત્ જગદંબા મારૂપે સામાં ઉભાં છે. માનું કેવું અપૂર્વ રૂપ! સિંહવાહિની, દનુજદલની, મહિષાસુર મર્દિના, ત્રિભુવન આલોકકારિણી મા હું વારી જાઉં તારા પરથી તારૂં કેવું સુંદર રૂપ, તારા હાથમાંનાં હથિયારો ઝળહળી રહ્યાં છે, તારી આંખોમાં દયા, અને ક્રોધનો યુગપત્ સાક્ષાત્કાર થાય છે, ક્રોધ સાથે હાસ્ય દેખાય છે. કેવું સુંદર મધુર કઠોર ચિત્ર! વારી જાઉં તારા પરથી રક્ષક છતાં ભક્ષક, અન્નપૂર્ણા છતાં મહાકાલી, શાન્તિ રૂપી છતાં સંહારિણી મૂર્તિ! કેવું તારૂં સ્વરૂપ!!

એક વખત દશ ભુજા દુર્ગા તો બીજીવાર કાલભયવારિણી કાલી મૂર્તિ દેખાઇ. તે મૂર્તિમાં પણ કઠોરતામાં કોમલતા તરવરી રહી હતી. કેવી સુંદર અભિવ્યક્તિ! મા પાખંડીને મારવા માટે ખર્પર હાથમાં લઇ ઉભાં છે, સુજનને પાલન કરવા માટે અભય દાન દેતાં ઉભાં છે. તેને સમજાયું કે દેશ મારા જેવા પાખંડીથી ભરપૂર છે; તેથીજ અત્યારે મા બિહામણાં જણાય છે. દેશમાં સુબુદ્ધિવાન થોડા છે, તેથીજ માના એકજ હાથ અભયપ્રદ છે. મૂર્તિજ માનો ભાવ બતાવનારી છે.

વળી ક્ષીણ કંઠમાંથી કાલી કિર્તન નીકળવા લાગ્યું. ગાતાં ગાતાં નેત્ર પલકહીન થયાં, જ્યોતિ વિલીન થઇ ગઇ. મહામાયાની કૃપાથી સજ્ઞાને ભક્તરાજ ગંગા કિનારે પહોંચ્યા.

———(૦)———

ત્રયોદશ પરિચ્છેદ.

ઉપસંહાર.

ઈ. સ. ૧૭૮૫ (બંગાળી સન ૧૨૦૨) માં મહારાજ રામકૃષ્ણ લીલા વિસ્તારી ગયા.

પુત્રનાં મરણબાદ આંખનાં આંસુ લૂછતાં લુછતાં મહારાણી ભવાનીને વળી સંસારનાં બંધનમાં પડવું પડયું. પૌત્ર વિશ્વનાથ ને શિવનાથ પણ તે વખતે નાના હતા. તેથી બંને કુમાર ઉમરે પહોંચે ત્યાં સુધી મહારાણીને કારભાર હાથમાં લેવો પડયો. જો કે બધો કારભાર મંત્રીદ્વારાજ ચાલતો હતો, છતાં કુમારને સંભાળતાં સંભાળતાં મહારાણીને રાજકાર્યમાં વારંવાર હાથ નાખવો પડતો હતો.

પહેલાંજ કહ્યું છે તેમ મહારાજ રામકૃષ્ણનાં મરણ બાદ નાટોર રાજ્યની આવક ઘણી ઓછી થઇ ગઇ હતી. મહારાણી ભવાનીએ ફરીથી કારભાર હાથમાં લીધો છતાં તેનાથી ગયેલ સંપત્તિ પાછી મેળવી શકાઇ નહિ. એટલુંજ નહિ પણ કેટલીક નવીન સંપત્તિ પણ બીજાના હાથમાં ચાલી ગઈ. મહારાજ રામકૃષ્ણની છેવટની જિંદગીમાં મહેસૂલની અવસ્થા એટલી બધી શોચનીય થઇ પડી હતી કે નક્કી કરેલા સમય દરમિઆન કંપનીનું મહેસૂલ ન આપી શકવાથી ઈ. સ. ૧૭૮૩ ના માર્ચ માસમાં થોડા દિવસને માટે તેને ગવર્નમેન્ટની દેખરેખ નીચે નજર–બન્દી રહેવું પડયું હતું. આ બનાવ બન્યા બાદ બે વર્ષે મહારાણી ભવાનીએ ફરીથી કારભાર હાથમાં લીધો. આપરથી જણાશે કે તે વખતે રાજ્યની અવસ્થા કેવી શોચનીય થઇ પડી હતી.

વિશ્વનાથ અને શિવનાથ એ બે પુત્રોને લીધે નાટોરના "નાના" ને " મોટા " એવા બે ભાગો થયા. વિશ્વનાથને જમીનદારી મળી;

શિવનાથ દેવોત્તર સંપત્તિનો અધિકારી થયો. વિશ્વનાથ ત્રણ સ્ત્રી પરણ્યા હતા છતાં સંતાન થયું નહોતું. વિશ્વનાથે શક્તિનો ધર્મ છોડી વૈષ્ણવ ધર્મ ગ્રહણ કર્યો હતો. ત્યારથીજ નાટોરનો મોટો ભાગ વૈષ્ણવધર્મ ઉપાસક થયો. શિવનાથે નવ વિવાહ કર્યા હતા, છતાં તેને પુત્ર થયો નહિ; કેવળ એક કન્યા થઇ. શિવનાથ પરમ શાકત હતા મોટો ભાઇ વૈષ્ણવને નાનો શાક્ત હોવાથી સમયે સમયે પૂજાદિ ક્રિયા કરાવવામાં ભારે હરિફાઇ થતી હતી. મોટા ભાઇ વિશ્વનાથે શાન્તિપુરના ગોસ્વામિનું શિષ્યત્વ ગ્રહણ કર્યું હતું. શ્યામસુંદરની મૂર્તિ સ્થાપી તે તેના ગુણાનુવાદ ગાતો હતો. નાનો ભાઇ શિવનાથ હમેશાં નગારાં ગડગડાવતો જયકાલીના મંદિરમાં બલિદાન આપતો હતો.

વિશ્વનાથના વંશજ મહારાજ જગદિન્દ્રનાથ અત્યારે નાટોર રાજ્યના મહારાજ ગણાય છે. શિવનાથના વંશજ કુમાર વીરેન્દ્રનાથ અત્યારે સગીર ઉમરના છે.

સમાપ્ત.

દેશગીત.

અમ દેશનો ઉદિત દિવાકર છેક મધ્યાન્હે તપો,
દેશોન્નતિના ગાન મધુરાં એક સુરીલાં જપો;
શ્રી ‘ રામકૃષ્ણ ’ સમો સુયશ ‘ મહાત્મા ’ હમારા પામજો,
‘ દેવદત્ત ’ શુભ ભાવના હંમેશ દિલમાં સ્થાપજો.

પરિશિષ્ટ ૧ લું.

એક દસ્તાવેજ.

કુમાર રામકૃષ્ણને ખોળે લીધા સમય મહારાણી ભવાનીએ કુલરિદેવ રાયને કિલાક તાલુકા દાનમાં આપ્યા હતા. એ દાનનો મૂળ દસ્તાવેજ અત્યારે મળી શકતો નથી. તો પણ રાજશાહીની કલેક્ટરની ઑફિસમાં એ દસ્તાવેજ એક વખત દાખલ થયો હતો અને એ પ્રાચીન દસ્તાવેજની એક નકલ પણ અત્યારે ત્યાં હયાત છે. એ દસ્તાવેજમાં જો કે ખોળે લીધાની કંઈ પણ બાબત લખી નથી, પરંતુ દંતકથા ચાલી આવે છે તેથી અને સાધારણ પ્રજામાં એવો વિશ્વાસ પેસી ગયો છે કે એજ ખોળે લીધા બાબતનો દસ્તાવેજ છે તેથી તે નકલ નીચે આપવામાં આવે છે. તે જોઇ.

—(o)—

પરિશિષ્ટ ૨ જું.

કેટલાંક ઐતિહાસિક સત્યો.

૧. આ ગ્રંથના બીજા ખંડનાં છઠ્ઠાં પ્રકરણમાં જણાવેલું છે કે " પરિણામે મણિબેગમના ખજાનામાંથી એક લાખ ચાલીસ હજાર પાઉન્ડ (અત્યારના હિસાબે એકવીશ લાખ રૂપીઆ) બહાર ચાલ્યા ગયા. કાઉન્સિલના મેમ્બરોએ એ રૂપીઆ અંદરોઅંદર વહેંચી લીધા.

સાબીતિ—Letter to the Court from Calcutta Council, September 1765.

૨. આ ગ્રંથના બીજા ખંડનાં ચોથાં પ્રકરણમાં જણાવેલું છે કે મીરજાફરે મુસલમાન છતાં કિરીટેશ્વરીનું ચરણામૃત પીધું હતું.

સાબીતિ—" બંગાળાનો ઇતિહાસ " (નવાબી અમલ) નામક ચોપડીનાં ૪૪૫ મે પૃષ્ટે જૂઓ ત્યાં લખેલું છે કે મીરજાફરે રોગનાં મહોષધ તરીકે કિરીટેશ્વરીનું પાદોદક પીધું હતું. "

૩. આ ગ્રંથના બીજા ખંડનાં છઠ્ઠાં પરિચ્છેદમાં લખ્યું છે કે " ઇસ્ટ ઇંડિઆ કંપનીએ વાર્ષિક ૫૩ લાખનાં પેન્શનના બદલામાં નવાબની બે કરોડ છપ્પનલાખ રૂપીઆની આવકવાળી જમીનદારી લઇ લીધી; અને નવાબ નાજિમ-ઉદ્-દૌલાએ આ બનાવથી ખુશી થઇ ક્લાઇવને ધન્યવાદ આપી જણાવ્યું કે " હવે હું નિશ્ચિંત થયો. હવેથી મારી મરજી મુજબ નર્તકીનાં ડોળાંને અનાયાસે નચાવી શકીશ. "

સાબીતિઃ—

સાબીતિ—"He (Najmuddowla) accepted Clive,s proposal with joy and exclaimed—"I thank you, I shall now have as many dancing girls as I like." Vide The Musnud of Murshidabad (1704-1904) by Purna Chandra Majumder. "

સંપૂર્ણ.